પર્યુષણનો ખાસ અંક.

મુખ્ય લેખક - વા. મો. શાહ



(વિવેચન માટે વાંચો, 'ચિત્ર-પરિચય')

પ્રકાશક -શંભુભાઇ મોતીલાલ શાહ, ૨૫૩, નાગદેવી સ્ટ્રીટ-મુંબઈ

નકલના ૦-૪-૦] વાર્ષિક મૂલ્ય (પોસ્ટેજ સાથે) માત્ર ૦-૮-૦ [પ્રત્યેક અંકની પ્રત ૪૦૦-

जैनोनी हालनी स्थितिनुं चित्र.



વિવેચન માટે જાઓ, પૃષ્ઠ ૧ થી ૧૮ માંનો લેખ

'જૈનહિતેચ્છુ'નું લવાજમ—

'હિતેચ્છુ'નું લવાજમ વર્ષ બેસતાં જ એટલે જાન્યુઆરીમાં લેવાનો ઠરાવ છે, તે ગ્રાહક મહાશયોએ ધ્યાનમાં રાખવું જોઇએ.

ઇ. સ. ૧૯૧૬ ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું લવાજમ જેઓએ હજી સુધી ન મોકલ્યું હોય તેઓએ આ **અંક પહોંચેથી દિવસ ૧૫ ની અંદર ૦-૯-૦ નો મનીઑર્ડર કરવા ભૂલવું નહિ.**

સપ્ટેમ્બરનો અંક, જેઓનું લવાજમ વસુલ નહિ થયુ હોય તેવા સર્વ ગ્રાહકમહાશયોને **વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.** વેલ્યુપેબલ ૦-૧૦-૦ નુ કરવામા આવશે. જેઓને તે સ્વીકારવા ઇચ્છા ન હોય ત્હેમણે કાગળ-પત્ર લખવાની તકલીફ ન લેતાં માર્ચ અને જુનનો ભેગો અંક પહોંચેથી દિવસ ૧૫ ની અંદર (વાંચીને) પાછો પોષ્ટ કરવો, એટલે એમ સ્હમજી લેવામા આવશે કે એ નંબરના ગ્રાહકનુ નામ કમી કરવાનું છે.

મનીઑર્ડર કરનાર ગ્રાહક મહાશયોએ કુપનમાં પોતાનુ પુરૂં નામ–ઠામઠેકાણું–પોષ્ટ વગેરે સાફ અક્ષરથી લખવા કૃપા કરવી અને ગ્રાહકનંબર યાદ હોય તો તે પણ લખવો. આ બાબતમાં ગફલત થવાથી લવાજમની રકમ બળતા જ નામ પર જમા થઇ જાય એ બનવા જોગ છે અને તેમ થાય તે માટે આ ઑફિસ જવાબદાર નથી.

'હિતેચ્છુ'ની ૨૫ પ્રતો ખરીદીને ત્હેનો વિનામૂલ્ય પ્રચાર કરવા ઇચ્છતા મહાશયોને રૂ. ૧૨॥ ને બદલ રૂ. ૧૦) માં મળી શકશે

ગ્રાહક તરીકે કાયમ રહેવાની જે મહાશયોની ઇચ્છા ન હોય ત્હેમને પણ આ ઑફિસને નાહકના વેલ્યુપેબલ ખર્ચમાં ઉતારવાથી કાંઇ લાભ નથી; માટે આ અંક પાછો મોકલી દેવો એ જ એમને માટે સજ્જનાઇ ભરેલું છે.

સઘળો પત્રવ્યવહાર નીચેને શિરનામે કરવો.—

૨૫૩ નાગદેવી સ્ટ્રીટ, મુંબઇ.

શકરાભાઇ મોતીલાલ શાહ.
મેનેજર 'જૈનહિતેચ્છુ'

सांक्षिप्त विषयानुक्रम.

चित्र--परिचय.

આ અંકના મુખપૃષ્ઠ પરનું ચિત્ર 'હિતેચ્છુ' માટે ખાસ બનાવવામાં આવ્યું છે. 'હિતેચ્છુ'ના વિચારોની આજની અને ભવિષ્યની અસર બતાવવા અર્થે તે યોજાયું છે. નીતિ, ધર્મ, શીલસુરી, સમાજ ઇત્યાદિ વિષયોને અંગે 'હિતેચ્છુ' આજે જે વિચારો દર્શાવે છે તે માત્ર સામાન્ય ગણને જ નહિ પણ ઘણાખરા વિદ્વાન મનાતા બન્ધુઓને પણ 'ભડકાવનારા' લાગે છે, પરન્તુ જે વિચારો તેના માલીકની અંદરની 'આગ'ની માત્ર 'ચીણગારી'ઓ રૂપે જ બહાર પડવાથી ભડકાવનારા લાગે છે તે વિચારો, જ્યારે તે પૂરેપૂરી આગના 'ભડકા'નું સ્વરૂપ ધારણ કરશે ત્યારે લો[illegible] ભડકવાને બદલે ઉલટા તે આગના ભડકાની આસપાસ ટોળે વિંટાઇને તાપવા બેસશે અને એમાંથી 'ગરમી' અને 'હુંફ' મેળવવા ઉદ્યુક્ત થશે.

આખી દુનિયાને આજે જે પરિસ્થિતિઓ વચ્ચે પસાર [illegible]વું પડ્યું છે તે પરિસ્થિતિઓ માત્ર દુનિયાની ભૂગોળને જ નહિ પરન્તુ [illegible]-

માના સમાજશાસ્ત્રને, ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયક ભાવનાઓને તથા જીવનપ્રણાલિકાઓને પણ બદલી નાખશે, એ નિઃસંશય છે. જેઓ નિર્બળ ફીલસુફીઓને વળગી રહેશે તેઓનું અસ્તિત્વ ટકવા પામશે નહિ. જે જે પ્રજાઓ ટકવા માગતી હશે તેઓ પોતાના ધર્મો અને સમાજવ્યવસ્થા નવેસરથી રચશે. બાઇબલના પાયા પર ચણાએલી ફિલોસોફીનો આધ્યાત્મિક ફીરકો—જેમનામાં કાંઇક ફેરફાર થવા લાગ્યો છે એવા 'ભાન'પૂર્વક યા તો 'ભાન' વગર—લડાયક જુસ્સામાં 'ધર્મ' જોવા લાગ્યો છે. ક્રિશ્ચિયાનીટી ભલે મુખેથી બોલ્યા કરે કે 'એક ગાલ ઉપર કોઇ તમાચો મારે તો બીજો ગાલ ધરવો', પરન્તુ આજે આખી દુનિયાની ક્રિશ્ચિયન પ્રજાઓ—રે ખુદ ક્રિશ્ચિયન ધર્મગુરૂઓએ પણ યુદ્ધમાં ઝીપલાવીને, હેમનો આત્મા વ્યવહારૂ ધર્મની કઇ વ્યાખ્યાને સ્વીકારે છે તે બતાવી આપ્યું છે. હિંદના બે મુખ્ય ધર્મો. હિંદુઇઝમ અને જૈનીઝમ: પૈકી પહેલામાં તો શ્રી કૃષ્ણની ગીતા 'વ્યવહારૂ ધર્મ'ના સાચા ઉપદેશ માટે પુરતી છે અને પ્રચંડ તત્ત્વજ્ઞાની તિલકે હમણાં હેના પર પ્રકાશ પાડતો ટીકાગ્રંથ બહાર પાડીને એવી તો ઉચ્ચ સમાજસેવા બજાવી છે કે, જહેના મુકાબલામાં હેમની રાજકીય સેવાઓ ઝાંખી પડે, અને જૈનીઝમમાં પણ એ જ આત્મા હોવા છતાં વચલા જમાનાના 'અતિ દયાળુ' ઉપદેશકોને લીધે હેણે નિર્બળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જો કે જૈન શાસ્ત્રોના કેટલાક સિદ્ધાન્તો અને શબ્દોનાં ગૂઢ રહસ્યો શોધવાનો શ્રમ લેવામાં આવે તો એ બલવાન ધર્મનો પુનરૂદ્ધાર ન થઇ શકે એમ નથી. દયા, દાન, ભક્તિ, પુજા ' બધુ ઠીક છે, બધાની 'સમાજ' માટે જરૂર પણ છે; પરન્તુ એ સર્વમા છુપાયલો 'Will to Powor'નો આત્મા માનસશાસ્ત્રની મદદથી શોધીને સમાજ સમક્ષ રજુ કરવાનો અને બલવત્તર નિશ્ચયનયવડે નિર્બલ 'વ્યવહાર'નું ઉચ્ચીકરણ કરવાનો વખત હવે આવી પુગ્યો છે, એમ 'થોડા'ઓએ તો ચેતીને સમજવું જોઇએ છે. મનુષ્યપ્રકૃતિ, માનસશાસ્ત્ર, સાયન્સ અને ઇતિહાસના અભ્યાસપૂર્વક વિચારનારને જણાશે કે, અધ્યાત્મપૂર્ણ જૈન ફીલસુફી વડે દુનિયાને વધારે પવિત્ર, વધારે બલવાન અને વધારે ગૌરવશાલી બનાવી શકાય તેમ છે. ધ્યાનમાં રહે કે, 'ગૌરવ' શબ્દમાં હું માત્ર શારીરિક જુસ્સાનો સમાવેશ નથી માનતો, પણ વીરતા, નિડરતા, સ્વાતંત્ર્યપ્રેમ, પોતાની આધ્યાત્મિક ખાનદાની

માટે ઉંચું માન, અર્જન શક્તિ, સહનશક્તિ,—એને એક જ શબ્દમાં કહું તો Will to Power—નો એમાં સમાવેશ થતો માનું છું. મહાવીર, જૈન, અરિહંત, તીર્થંકર ઇત્યાદિ જૈન શબ્દો જ એ 'Will to Power'ની ભાવનાથી ભરપૂર છે. જૈનોના 'મ્હોટામાં મ્હોટા પુરૂષો,–તીર્થંકરો કર્મના હુમલાને સહન કરવામાં જ જબરા હતા એમ નથી, પરન્તુ જે કર્મો હજારો વર્ષ પછી હલ્લો લાવવાનાં હોય તે સર્વને હુમલાં જ અને એકી સાથે લ્હડી આવવાની 'ચૅલેન્જ' આપી એકી સાથે સર્વનો ચૂરો કરવામાં તેઓની બહાદુરીને લીધે જ—defensive નહિ પણ offensive યુદ્ધમાં ત્હેમની નિપુણતાને લીધે જ—તેઓ 'એક પુરૂષ' મનાયા છે. આવા વીરતાભર્યા ધર્મના અનુયાયીઓને એકપક્ષી દયા, એકપક્ષી નમ્રતા, એકપક્ષી અહિંસા, એકપક્ષી સહનશીલતાને બદલે વીરતા શીખવવી (કે જે વીરતામાંથી સ્વભાવતઃ દયા, નમ્રતા, અહિંસા અને સહનશીલતા જન્મવા પામે) · આ કામ આજે પહેલામાં પહેલી જરૂરીઆત ધરાવે છે. આ મહત્ત્વાકાંક્ષાને કેટલાકો ઘેલછા, કેટલાકો ઉદ્ધતાઇ અને કેટલાકો અધર્મ ઠરાવશે અને ચમકી–ભડકી–હોહા કરી મુકશે, એ મ્હારા સ્હમજવા બહાર નથી; પરન્તુ ભવિષ્યનો મ્હને ભરોંસો છે. મ્હને કોઇ બાબત દુઃખ આપનારી હોય તો તે એ જ કે, આ મહાભારત કાર્ય માટે જોઇતું શરીરબળ, સમય અને અર્થબલ ધરાવવાને હું ભાગ્યશાળી નથી. સઘળાં શાસ્ત્રોને તપાસવાં, માનસશાસ્ત્ર-સાયન્સ-ઇતિહાસ આદિની 'કસોટી'ઓથી એમને કસવાં, દરેક ગુણ–દરેક–'લાગણી'–દરેક ભાવનાનું પ્રથક્કરણ કરવું અને ત્યાર બાદ નૂતન વ્યવહાર અને નૂતન ફીલસુફી રચવી . આહ કેવું મહાભારત, કેવું ગંભીર, કેવું ભયંકર તે કાર્ય છે ! જે ભવિષ્યના 'વિચારકો'થી એ કાર્ય અદા થશે ત્હેમને મ્હારા પ્રણામ હો ! એમની પ્રસ્તાવના માત્ર, એમનો માર્ગ સાફ કરનાર માત્ર, હું બની શકું તોય હું પોતાને ભાગ્યશાળી માનું.

ચિત્ર ૪ થું.

આ અંકના પુંઠાના ચોથા પૃષ્ઠ પરનું ચિત્ર લૌકિક સૃષ્ટિ અને લોકોત્તર સૃષ્ટિ, અથવા સામાન્ય દુનિયા અને 'જૈન'ની દુનિયા વચ્ચેનો તફાવત બતાવવા માટે યોજાવલું છે. ડિઝાઇન મ્હેં યોજેલું છે, પરંતુ તે નવા નીકળવાના 'જૈન સંસાર' નામક હિંદી

આસિક પત્ર માટે તૈયાર કરવામાં આવ્યું છે, જે પત્રના સંપાદકે કૃપયા તે ચિત્ર આ અંકમાં મૂકવા પરવાનગી આપી છે.

ચિત્ર ભાવપૂર્ણ અને બોધદાયક છે. નીચે પૃથ્વીનો ગોળો બતાવ્યો છે, જેમાં ૭ પ્રકારના મનુષ્યો વસતા બતાવ્યા છે. ગોળામાં સૌથી ઉપરનાં બે ચિત્રો પૈકીનું જમણા હાથ તરફનું ચિત્ર આલસ્ય સૂચવે છે. પડ્યાપડ્યા બગાસાં ખાવાં એ સ્વભાવનાં ઘણાં માણસો દુનિયામાં છે. એથી કાંઇક સારા—કાંઇક ઉત્ક્રાન્ત—માણસનું ચિત્ર એની નીચે આપેલું છે, જે ઝાડની ડાળી કાપવાનો 'ઉદ્યમ' કરતા માણસનું છે. તે ઉદ્યમ કરવા જેટલો ડાહ્યો થયો છે, પણ બેસવાની જ ડાળી કાપવા રૂપી ઉદ્યમ સેવે છે અર્થાત્ ત્હેનો ઉદ્યમ બુદ્ધિ-વગરનો છે. તેથી આગળના ચિત્રમાંના મનુષ્યમાં બુદ્ધિ કાંઇક આવેલી છે, પણ તે ગુલામી શિખવા પુરતી જ. ચોથા ચિત્રમાં ગુલામીથી શ્રીમંત બનેલો મનુષ્ય કોચમાં બેઠોબેઠો આયનામાં મ્હોં જોયા કરે છે અને મૂછો મરોડતો મનમા મલકાયાં કરે છે, પાંચમા ચિત્રમા લક્ષ્મી, જમીન કે સુંદરીની પ્રાપ્તિ માટે લડી મરતા બે સુભટો બતાવ્યા છે, જેઓમાં બળ છે ખરૂં, પણ બળ વાપરવાના ન્હેમના આશય અને માર્ગ 'ક્ષુદ્ર' છે. એથી આગળ મથાળાના ડાબા હાથ તરફના ચિત્રમાં, વિદ્વાનનું ચિત્ર છે, કે જે વિદ્વાન પુરાણાં શાસ્ત્રો અને હાલના ગ્રંથો પૈકી કોને સત્ય માનવાં એ બાબતની શંકામાં પડેલો છે, પરન્તુ જે પોતાનો નિશ્ચય પોતે બાંધી શકે એવું સત્ત્વ ધરાવતો નથી. સામાન્ય દુનિયા આ ૭ પ્રકારનાં મનુષ્યોથી ભરેલી છે. પણ લોકોત્તર મનુષ્ય અથવા 'જૈન' એ દુનિયાથી જુદી જ દુનિયામાં વસે છે, એની દુનિયાને હદ નથી. ગરૂડ પર સવાર થઇને અને પોતાના પાળેલા સિંહને ખોળામાં રાખીને તે સામાન્ય દુનિયાથી ઉંચે—જોનારને ચક્કર આવે એટલે ઉંચે—પડે તો ટુકડો પણ હાથ ન લાગે એટલે ઉંચે વિહાર કરે છે. ત્હેની તીવ્ર અને દૂરદર્શી આંખો, રૂઆબદાર અને ભવ્ય ચહેરો, મજબૂત બાહુ, વિશાળ છાતી, અને મસ્તકની આસપાસના સૂક્ષ્મ ભામંડલ (Halo of light)માંથી ઝરતાં 'જય'નાં સૂક્ષ્મ કિરણો: એ સર્વ સાક્ષી પૂરે છે કે તે એક 'વિજેતા' છે—'જૈન' છે. બુદ્ધિ રૂપી ગરૂડ કે જે ત્હેનું તાબેદાર વાહન છે ત્હેના ઉપર સવાર થઇ તે સ્વચ્છન્દ વિહાર કરે છે. શૌર્ય રૂપી સિંહ ત્હેનો પાળેલો શીકારી કૂતરો છે, કે જે ત્હેના

માલેકની ઇચ્છા સિવાય કાંઇ જ કરી શકતો નથી, પણ જ્હેનો ઉપયોગ કરવાની ત્હેના માલેકની ઇચ્છા થતાં ગમે તેવા કામનો પણ શીકાર કરવામાં તે એક્કો છે. નીચેની દુનિયાના લોકો સિંહથી ડરે છે અને ડરને લીધે તેઓ સિંહની ફાડી ખાવાની વૃત્તિને પાપરૂપ માને છે; અને એ વૃત્તિને મારી નાખવામાં ધર્મ માને છે; જ્યારે જુદી જ દુનિયામાં વસતો 'જૈન'— તે 'લોકોત્તર:' પુરૂષ કોઇ વૃત્તિને કે કોઇ ચીજને 'સારી' એ નથી માનતો અને કોઇને 'ખોટી' એ નથી માનતો અને વૃત્તિઓને મારી નાખવામાં નહિ પણ જીવતી રાખી પોતાની તાબેદાર બનાવવામાં ગૌરવ માને છે, અને તે તાબેદારો પાસે પોતાના મહાન આશયોની સફલતાને લગતાં હરેક કામ કરાવે છે. આ 'જૈન'ની દુનિયા જેમ જુદી છે, તેમ ત્હેનાં અને 'લોકો'નાં દૃષ્ટિબિંદુઓ પણ તદ્દન ભિન્ન છે. ત્હેનો માર્ગ એકાકી, ભયંકર અને સહાયની સગવડ વગરનો છે, પરન્તુ એ તત્ત્વો જ ત્હેના પથિકને 'આનંદ' આપનારાં છે. એની મુંઝવણો કોઠાયુદ્ધમાં જોડાયલા અભિમન્યુની મુંઝવણ માફક, એવા પ્રકારની હોય છે કે જે કોઇને કહી શકાય નહિ, શબ્દમાં મૂકી શકાય નહિ, અને કદાચ મૂકી શકાય તો દુનિયાથી તે સમજી શકાય નહિ; તેથી એને દીલાસો કે સહાય કોઇ આપી પણ શકે નહિ; અને તે છતાં ત્હેનું મુખારવિંદ, ચિત્રમાં જણાવ્યા પ્રમાણે, આનંદથી છલકાતું છે. બુદ્ધિ અને શૌર્ય કોને આનંદિત નથી કરતાં?

પવિત્ર અને પુરાણી ખ્યાતિવાળા આર્યાવર્ત્ત! તું ફરીથી 'જૈનો' વડે ક્યારે વસાશે? પ્રમાદ, અજ્ઞાન, દાસત્વ, સુખશીળીઆપણું, હલકા શોખ ખાતર લડી મરવાની વૃત્તિ અને શંકાશીલ વિદ્વત્તાને ઝાડુ મારી બુદ્ધિ અને શૌર્યથી ભરપૂર તાજા આત્માઓને તું ક્યારે જન્મ આપશે?

ચિત્ર ૨ જું.

પહેલા નંબરના ચિત્રની પાછળનું આ ચિત્ર પણ મ્હેં યોજ્યું હતું, જો કે તે 'જૈનહિતૈષી' નામક ઉચ્ચ શ્રેણીના હિંદી પત્ર માટે યોજ્યું હતું. આ ચિત્રનો ખુલાસો આજના અંકના "જૈનોની હાલની સ્થિતિનું ચિત્ર" એ મથાળાના લેખમાં વાંચવામાં આવશે. એ ચિત્રમાં મથાળાની જગા કોરી છે, તેમ જ નીચે જમણા હાથ તરફની જગા પણ કોરી છે. મથાળાની કોરી જગા આજના

અભ્યાસી મુનિઓ પૂર્વના જૈન સમાજના ચિત્ર વડે ભરે એમ હું ઇચ્છું છું; અને નીચેની કોરી જગ્યા ભવિષ્યના જૈનો તે વખતની જૈન સમાજની સ્થિતિના ચિત્રવડે ભરે એમ આશા રાખું છું; આખું ચિત્ર તૈયાર થશે ત્યારે તે જોનારાઓ વીશમી સદીના જૈનો માટે શું કહેશે? શું ધારશે?

ચિત્ર ૩ જુ.

એક 'શ્રેષ્ઠ પુરુષ'—Superman—સઘળી 'લાગણીઓ'થી પર હોય છે તે બતાવનારૂં આ ચિત્ર છે. ભલી કે ભૂંડી કોઇ પણ જાતની લાગણી (emotion) ત્હેને અસર કરી શકતી નથી. શ્રી મહાવીરને કામ પ્રેરવા દેવે મોકલેલી લલનાઓના હાવભાવ, નૃત્ય, પ્રાર્થનાઓ ઇત્યાદિ સર્વ ઓજારો નકામાં જાય છે. આત્મરમણતા વાળો એ પ્રતાપી પુરુષ પોતાના આનંદ માટે પોતાની ખાસ વાટિકાઓ ઉત્પન્ન કરી શકે છે અને ઐમા એકલો જ ખેલી શકે છે, જે ખેલવાની ક્રિયાને લોકોએ 'ધ્યાન' એવું નામ આપ્યું છે.

શ્રી 'જૈનહિતેચ્છુ.'

હરકોઈ સમ્પ્રદાયના જૈનો તેમજ જૈનેતર હિંદમાં
બળવત્તર વિચારો ફેલાવનારૂં પત્ર.

શરૂઆતના બે બોલ.

મોડું થયું છે—ઘણું મોડું થયું છે. સંખ્યાબંધ વાચકો તરફથી 'અંક ક્યારે મળશે?' એવો પ્રશ્ન રૂબરૂમાં તેમજ પોષ્ટ દ્વારા લગભગ દરરોજ કરવામાં આવે છે. જવાબમાં એટલું જ કહી શકું કે, આળસ કે બેદરકારી જેવા કોઇ કારણથી નહિ, પણ 'હિતેચ્છુનું' જે ઉંચું 'ધોરણ' કલ્પ્યું છે તે ધોરણને લાયકની કલ્પનાઓ, ભાવનાઓ અને વિવેચનો 'ઉત્પન્ન કરવા' જેટલી (એ જાતની 'સૃષ્ટિ' રચવા જેટલી) 'શક્તિ' ફુરસદ મળવાની મ્હારે રાહ જોવી પડી છે, એ જ કારણથી મ્હારા વાચકોને આટલો લાંબો વખત રાહ

જોતા રાખવા પડયા છે. જે શક્તિથી સંતાન અથવા મનુષ્યસૃષ્ટિ ઉત્પન્ન થઇ શકે છે તે જ શક્તિથી ભાવના સૃષ્ટિ ઉત્પન્ન થઇ શકે છે,—માત્ર દિશાઓ જૂદી છે. લાંબા વખતથી ચાલ્યા કરતી શારીરિક અશક્તિ, ભાવનાઓની સફલતા માટે કરાતી હીલચાલોને જોઇતું દ્રવ્ય રળવા પાછળ થતી રોકાણુ, અને કેટલીક વખત શક્તિના ભંડોળને વધારવા ખાતર સમર્થ વિચારકોના શબ્દો વાંચવા–વિચારવામાં દિવસોના દિવસો સુધી લાગતી તલ્લીનતા: આ સબબોને લીધે 'હિતેચ્છુ' માટે નિયમિત રીતે લખાણુ લખવાનુ ન બને તો એ માટે હું દીલગીર થાઉં નહિ કે ક્ષમા પણ યાચું નહિ. લોકોને જેમ પારકા પુત્ર વડે પુત્રવંતા થવું ગમતું નથી, તેમ મ્હને પારકા વિચારો અને લેખો વડે અંક બહાર પાડી 'કર્તા' થવાનો ખ્યાલ ગમતો નથી,—અને ખાસ કરીને 'નિયમિત કર્તા' થવાનો ખ્યાલ! ઉભરાઇ જતી શક્તિ પોતે જ જ્યારે 'એક'માંથી અનેક થવાની—'સૃષ્ટિ' રચવાની–'લખવા'–'બોલવા'ની પ્રેરણા કરે, ત્યારે જ લખવું–બોલવું; એ પ્રેરણાનો સમય એ જ ખરો 'ઋતુકાળ' છે—'સૃષ્ટિ' 'રચવા'નો અનુકૂળ સમય છે: એમ મ્હારૂં માનવું છે.

આ કાંઇ રમુજી 'અલંકાર' નથી, પણ કુદરતનું સત્ય છે. સર્જન શક્તિ સેંકડો ભિન્ન ભિન્ન રૂપમાં દેખા દે છે. ભાષણકર્તાના બોલવામાં, લેખકના લખવામાં, ધ્યાનારૂઢ પુરૂષની વિચારણામાં, શિલ્પીના ટાંકણામાં: સર્વમાં સર્જન શક્તિ જ કામ કરી રહી છે. મનુષ્યની અંદર રહેલી સર્જન શક્તિ આ સર્વ કાર્યો દ્વારા બહાર નીકળે છે. કાર્ય કરવાની તીવ્ર ઉત્કંઠા અને જુસ્સો એ કાંઇ સ્થૂલ શરીરના ગુણો નથી, પણ આત્માના ગુણો છે.

'સૃષ્ટિ રચ' એવો અવાજ અંતરના ભોંયરામાંથી જ્યહાં સુધી નીકળે નહિ, સર્જવાની 'તાલાવેલી' અને 'ઝણઝણી' અને 'મસ્તી' જ્યહાં સુધી 'પ્રકટ' થાય નહિ ત્યહાં સુધી ભગવતી લેખિની કે ભગવતી ભામિનીનો સ્પર્શ કરવાનું જેઓ મોકુફ ન રાખી શકે તેઓ તે દેવીઓના દ્રોહી અને વાસનાઓના દાસ છે. જનસંખ્યા કે પુસ્તક સંખ્યા દુનિયામાં થોડી નથી; ઉભરાતી શક્તિના અવાજનો જવાબ વાળવા રૂપે થતી ક્રિયાના પરિણામે એક સંતાન કે એક પુસ્તક ઉત્પન્ન થવા પામે તો તે ભલે થાય; બાકી તો પુસ્તકો અને સંતાનોની સંખ્યા વધવાથી દુનિયાને લાભ નથી. મોડું લખાય કે થોડું લખાય તેથી

દુનિયાને નુકશાન શોખું જ છે; શક્તિ પ્રેરનારો—શક્તિ ગાનારો—શક્તિ ઓળખનારો—શક્તિ પૂજનારો એક શબ્દ પણ કહેનારથી આજની દુનિયાને મળશે ત્હેનું જીવન સફળ છે. જીંદગીના સરવાળે ભગવતી શક્તિ ત્હેને શુભ નાદથી કહેશે :

મ્હેં ત્હને સરજ્યો : ત્હેં મ્હને આળેખી.
મ્હેં ત્હને શણગાર્યો : ત્હેં મને ગાઇ;
મ્હેં ત્હને બળ દીધું : ત્હેં સૃષ્ટિઓ રચી,
હું ત્હારી જનેતા, પણ, તાત ! તુંએ મ્હારો 'ઇશ્વર' !

(૨)

ડિસેમ્બરનો અંક લખી રહ્યા પછી આજ સુધી આ અંક લખાતો જ રહ્યો છે. જૂદાજૂદા લેખો જૂદેજૂદે પ્રસંગે અને જૂદી-જૂદી જગાએ લખવામાં આવ્યા છે, અને જેમ જેમ લેખ લખાતા ગયા તેમ તેમ છપાતા ગયા હતા.

'જૈનોની સ્થિતિનું ચિત્ર' શીર્ષક પહેલો લેખ આ પત્રમાં છપાવા આગાઉ 'જૈનહિતૈષી' નામના હિંદી માસિક પત્રમાં બે ટુકડે છપાયો હતો. આ પત્રનો ડિસેમ્બરનો અંક કે જે જાન્યુઆરીમાં પ્રગટ થયો હતો ત્હેમાં એ લેખનો એક ભાગ છપાઇ ચૂક્યો છે અને આ ચાલુ અંકમાં તે લેખ સમાપ્ત કરવામાં આવ્યો છે. એ લેખને લગતું ચિત્ર પણ પુઠાની બીજી બાજુપર આપેલું જોવામાં આવશે. આ લેખ પ્રથમ 'હિતૈષી'માં પ્રગટ થયો ત્યારથી દિગમ્બર જૈન સમાજમા ભારે ખળભળાટ થયો છે, કે જે હજુ ચાલુ છે અને થોડા જ અરસામાં સમગ્ર જૈન સમાજ એ ખળભળાટની બાથમાં આવી જશે એવું મ્હારૂં અનુમાન છે. એ ખળભળાટની આગમાંથી જૈન ફીનીક્ષ નવા બલવાન દેહ સાથે ફરી ઉઠો એ મ્હારી હાર્દિક પ્રાર્થના છે.

બીજો લેખ 'નગ્ન સત્ય', મહાવીર જયન્તી ઇંદોર ખાતે પહેલ-વહેલી ઉજવવા માટે મુસાફરી કરતા રસ્તામાં લખાયો હતો. જે 'મિશન' માટે મુસાફરી થતી હતી તે મિશનના નાયકનો આત્મા મ્હારા શરીરની રગેરગમાં તે વખતે રમી રહ્યો હતો. રાજનગરીમાં ચતુર્વિધ સંઘ વચ્ચે ઉપદેશ દેતા મહાવીરને નહિ, પણ પહાડો, ખીણો તથા મેદાનોમાં ધ્યાનમસ્ત મહાવીરને મ્હારી આંખો ચાલતી ટ્રેને ઢુંઢતી; અને એ કલ્પનાથી મસ્ત થયેલી બુદ્ધિએ આ અંકમાંના

'નગ્ન સત્ય'ને— યુવતી જેમ નગ્ન બાળકને જન્મ આપે છે તેમ— જન્મ આપ્યો. આખી દુનિયા ભલે તે બાળક'ને કદરૂપું કે કઠોર કહે, જનેતાને મન પોતાના બાળક જેવું સુંદર બાળક બીજી કોઇ માતા જણતી જ નથી!

ત્રીજો લેખ આરોગ્યશાસ્ત્રને લગતાં સત્યો સ્હમજાવનારો છે, તે હજી ચાલુ રહેવાનો છે.

ચોથો લેખ 'અમૃતલાલ શેઠનું અઠવાડીઉં' હિતેચ્છુના અંકમાં શરૂ થયો હતો અને આ અંકમાં પણ—સેંકડો વાચકોની તે તાકીદે પુરો કરવાની આગ્રહયુક્ત માગણી છતાં—સ્થળસંકોચને લીધે અપૂર્ણ રાખવો પડ્યો છે. આ અંકમાંના તે કથાના ભાગમાં એક આદર્શ ઔષધાલય અને આદર્શ ચિકિત્સકનું સ્વરૂપ આળેખવા પુરતું જ કામ બજાવવામાં આવ્યું છે. આદર્શ શ્રીમન્ત અમૃતલાલ પોતાની જીંદગીના બાકીના દિવસો કેવા ઉપયોગી માર્ગે ગુજારે છે છે તે તથા આદર્શ કન્યા લીલાવતી કોને અને કેવી રીતે પરણે છે, તે હવે પછીના અંકમાં વાચવામાં આવશે. હું જાણીને ખુશી થયો છું કે ઘણા ધનવાનો આ લેખથી હિતેચ્છુ તરફ આકર્ષાયા છે અને કેટલાકોએ તો એ કથા પુરી થયેથી એક પુસ્તક રૂપમાં ત્હેની હજારો પ્રતો છપાવી પોતાના ખર્ચે ત્હેનો પ્રચાર કરવાની ઇચ્છા જણાવી છે.

'સમયની ઉદ્ઘોષણા' શીર્ષક ઉર્દૂ કાવ્ય 'લીધેલું' છે, પણ ત્હેના ઉપર વિસ્તૃત ટીકા મ્હેં કીધી છે. આ વિચારોનો પવન આ દેશમા ફેલાવાની બહુ જરૂર છે.

'વિધવાવિવાહ વિચાર' એ મથાળાના લેખમા. એ વિષયની તરફણુ તેમજ વિરૂદ્ધમા હમણાહમણામા બહાર પડેલા લેખોનો સાર અને તે ઉપર મ્હારી આલોચના છે. આ વિષય પર પુષ્કળ ઉહાપોહ થવાની જરૂર છે અને જેમ તે વધારે ચર્ચાશે તેમ સમાજને વધારે લાભ છે. આ વિષયની ચર્ચાને અંગે ધર્મ, નીતિ, સમાજ, તત્વજ્ઞાન આદિ પણ વિષયોની ચર્ચા થાય છે.

"સ્વીકાર અને અવલોકન" શીર્ષક લેખ પરત્વે કાંઇ કહેવાની જરૂર નથી. જે લેખકોને મ્હારૂં 'રિવ્યુ' અપ્રિય લાગે તેઓએ કૃપા કરી હવે પછી અવલોકનાર્થે પુસ્તક મોકલવાનો શ્રમ સેવવો નહિ. મ્હને પણ એ thankless task માં કિંમતી વખત અને શક્તિનો વ્યય થતો અટકવાથી લાભ જ થશે.

"સમયના પ્રવાહમાં" એ લેખ ચાલુ ચર્ચાનો છે. છેલ્લા સાત માસ દરમ્યાન પ્રગટ થવા પામેલા લગભગ તમામ જૈન સામયિક પત્રોના તમામ અંકો તેમજ બીજાં કેટલાંક જાહેર પત્રોના અંકો વાંચ્યા પછી એ લેખ લખાયો છે. એ લેખ લખવામાં સમયનો અને શક્તિનો પુષ્કળ વ્યય કરવો પડયો છે, પણ ચાલુ બનાવોની ચર્ચા દ્વારા તત્ત્વજ્ઞાન અને સમાજશાસ્ત્રને લગતા ઉંચા સિદ્ધાન્તો સમાજના મગજમાં ઘુસાડવાના પ્રયત્નને અંગે અપાતો હરકોઇ ભોગ સફળ જ છે. આ વિષય લખવામાં હું ઘણે સ્થળે સખ્ત,–રે નિર્દય પણ બન્યો દેખાઇશ. કેટલાકોને તો ભાષાના અલંકાર પણ અપમાન રૂપ લાગશે. પણ એ બાબતમાં હું નથી ક્ષમા માંગી શકું તેમ, કે નથી એમના ગુસ્સાથી ગુસ્સે થાઉં તેમ. હા, એટલું તો પ્રમાણિક–પણે કહી શકું કે, જે સમાજ માટે મ્હારૂં હૃદય બળે છે તે સમાજના હિત ખાતર તે સમાજની જોખમદાર વ્યક્તિઓ તરફ 'પ્રશસ્ત' નિર્દયતા વાપરવી એ મ્હારી 'ધર્મ'ની વ્યાખ્યાથી બહાર નથી, બલ્કે એ જ ઉચ્ચ કોટિની 'દયા' છે. શ્વેતામ્બર–દિગમ્બરના ઝગડાપરની 'નોંધ,' લાલા લજપતરાયના જૈન ધર્મ પરના હુમલાથી ઉદ્ભવતા વિચારો, 'પાટણની પ્રભુતા' પુસ્તકમાં રહેલુ જૈનોએ હમણાં જોયું છે તે કરતા જુદી જ જાતનું તત્ત્વ, દશમી શ્વેતામ્બર કૉન્ફરન્સનું અવલોકન ઇત્યાદિ 'નોંધો' તરફ વાચકનું ખાસ લક્ષ ખેંચવુ અયોગ્ય નહિ ગણાય.

કવિવર ટાગોરની 'ગીતાંજલી'ના એક સુંદર કાવ્યનુ અનુકરણ 'પુરુષોત્તમને પ્રાર્થના'માં કરવામાં આવ્યું છે, જે ઉંચા વિચારોથી રસબોળ છે

'જૈનત્વનું દિગ્દર્શન' એ મથાળાનો લાંબો લેખ, જૈન શાસ્ત્રોના અભ્યાસી તરીકે પ્રસિદ્ધ પુરુષો એ ધર્મ અને એ ધર્મના શાસ્ત્રો સમ્બન્ધમાં શું કહી શકે છે તે દુનિયાને જાણવા મળે, એ હેતુથી દાખલ કરવામાં આવ્યો છે. આ લેખમાં ઘણી એવી બાબતો છે કે જે ઉપર મ્હારે બોલવું જ જોઇએ; પરન્તુ લેખ સમાપ્ત થવા પહેલા ટીકા કરવી એ શિષ્ટાચારથી વિરુદ્ધ છે. સામાન્યગણને આ લેખમાંથી ત્હેમની ભક્તિની ભાવનાને પોષક એવી ઘણી બાબતો મળશે.

(૩)

વિષયોને છોડી હવે જરા પ્રકાશક તરફનો થોડો ખુલાસો કરવાની રજા લઇશ. અગાઉ અનેક વખત કહેવામાં આવ્યું છે તેમ, 'હિતેચ્છુ' કોઇ અમુક ટોળકી કે અમુક સંસ્થાનું મુખપત્ર નથી અને નિયમિત

રીતે અમુક તારીખે જ બહાર પડશે એવી ક્બુલાત આપતું નથી; તે જેમ એક 'ધંધા' તરીકે પ્રગટ થતું નથી તેમ પરોપકાર બુદ્ધિથી પણ પ્રગટ થતું નથી, પણ 'શોખ' ખાતર પ્રગટ થાય છે અને તેથી જ પોષ્ટ ખર્ચ સહિત માત્ર આઠ આનામાં વર્ષે ઓછામાં ઓછા ૪૦૦ પૃષ્ઠો આપવાનું કામ ત્હેનાથી ઉમંગથી થાય છે. આ એક જ અંકમાં ૨૭૫ પૃષ્ઠ આપવામાં આવ્યાં છે (અને તે પણ નક્કર વાચનથી ભરેલાં) અર્થાત્ ૭૫ પૃષ્ઠ વધારે આપવામાં આવ્યા છે અને ઉપરથી વળી ચાર ભાવપૂર્ણ ચિત્રો પાછળ લગભગ રૂ. ૧૦૦ નું ખર્ચ કરવામાં આવ્યું છે. વધારાનાં પૃષ્ઠો આપવામાં પણ સુમારે રૂ. ૨૦૦ નું ખર્ચ કરવામાં આવ્યું છે. મતલબ કે બે અંકનાં ૨૦૦ પૃષ્ઠને અંગે જે ખર્ચ કરવું જોઇએ તે ઉપરાંત રૂ. ૩૦૦ વધારે ખર્ચીને આ અંક બહાર પાડયો છે. એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે, ૪૦૦૦ પ્રત પ્રગટ થાય છે, ત્હેમાં જાહેર સંસ્થાઓ વગેરેને અપાતી વિનામૂલ્ય પ્રતો બાદ કરતાં, વધારેમાં વધારે ફક્ત ૨૫૦૦ પ્રતોનું જ મૂલ્ય વસુલ થાય છે. આવું કાંઇ યાદ કરાવવું પડે તે મ્હને પોતાને ગમતું નથી, પણ અંક મોડો થતાં જ્યારે કેટલાકો નિર્માલ્ય આઠ આનાની વાત યાદ કરાવે છે તેથી આ લખવું પડે છે, એટલા માટે કે તેઓ જાણવા પામે કે ત્હેમના આઠ આના સાટે બાર કે ચૌદ આનાનું ખર્ચ કરવું પડે છે અને અમુલ્ય સમય અને શ્રમનો વ્યય તો જૂદો જ ! જેઓ 'હિતેચ્છુ' ને આઠ આનાનું 'સાટું' કે 'સોદો' ગણતા હોય ત્હેમણે તે મંગાવના બંધ થવું એ જ ત્હેમના તથા આ લેખકના હિત માટે ઠીક છે; કારણ કે તેવાઓને આ પત્રના લેખો કાંઇ મજા નહિ આપી શકે

સંતોષનો વિષય છે કે, 'હિતેચ્છુ' પ્રતિદિન તમામ ફીરકા અને કોમોના બુદ્ધિશાળી જનોમાં આદર પામતું જાય છે. લીસ્ટ પર આજે જૂદીજૂદી કોમના ૧૦૦ અમલદારોનાં નામ છે; દિગમ્બર-શ્વેતામ્બર મૂર્તિપૂજક પંથના અનુયાયીઓ પૈકી લગભગ ૧૫૦૦ આ પત્રના ગ્રાહક છે, વૈષ્ણવ-પારસી કબીરપંથી-મુસલમાન-આર્ય-સમાજી વગેરે પૈકી પણ સુમારે ૩૦૦ ગ્રાહકો છે. જો તન્દુરસ્તી યારી આપે અને વ્યાપારની જંજાળથી તદ્દન મુક્ત રહી આ કામ પર સઘળું લક્ષ આપવાનું બની શકે તો 'હિતેચ્છુ'નો ઘણો બહોળો પ્રચાર થઇ શકે, પરન્તુ જે કાંઇ થાય છે તે સારા માટે જ થાય છે; વર્તમાનથી નાખુશ રહેવું ડહાપણભર્યું નથી.

વા. મો. શાહ.

અત્યાર સુધીમાં બહાર નહીં પડેલા અને દરેકે દરેક ગૃહસ્થોએ અને ભંડારોના વ્યવસ્થાપકોએ સંઘરી રાખવા લાયક.

શ્રી ઉદયપ્રભદેવસૂરિ કૃત

શ્રી આરંભસિધિ સટીક.

[જૈન જ્યોતિષનો અપૂર્વ ગ્રંથ]

આ ગ્રંથના કર્તા ઉદયપ્રભદેવસૂરિ વસ્તુપાળ મંત્રીના સમયમાં થયેલા છે. તે સમયમા જ્યોતિષના વિષયમાં ભિન્ન ભિન્ન ગ્રંથો હોવાથી હરકોઇ એક વિષયના મૂહુર્તાદિક જોવા માટે વિદ્વાનોને અનેક ગ્રન્થો જોવા જાણવાની અપેક્ષા રહેતી હતી. તે જોઇને ઉક્ત સૂરીશ્વરે જિજ્ઞાસુઓના ઉપકારને માટે "सर्वं पदं हस्तिपदे निमग्नं" એ ન્યાય પ્રમાણે સર્વ વિષયોનો સંગ્રહ આ એકજ ગ્રન્થમાં કર્યો છે. એટલે કે આ ગ્રન્થમાં-તિથિ ૧, વાર ૨, નક્ષત્ર ૩, યોગ ૪, રાશિ ૫, ગોચર ૬, કાર્ય ૭, ગમન (પ્રયાણ) ૮, વાસ્તુ ૯, વિવાહ ૧૦ અને મિશ્ર ૧૧ આ અગ્યાર દ્વાર [વિષયો] લીધા છે. દરેક વિષય સાંગોપાંગ કહેલા હોવાથી કોઇપણ વિષય માટે ગ્રન્થાન્તરના અવલોકનની જરૂર રહેતી નથી.

આ ગ્રન્થ ઉપર વાચનાચાર્ય શ્રીહેમહંસ ગણિએ ટીકા કરેલી છે. તેમાં મૂળ ગ્રન્થનું સ્પષ્ટ સ્પષ્ટીકરણ કરવા ઉપરાંત તે તે સ્થળે સ્વમત તથા અન્ય મતના પ્રાચીન જ્યોતિષ ગ્રન્થોની સાક્ષી આપી દરેક વિષયો સુદ્રઢ કર્યાં છે. તેમજ મૂળ ગ્રન્થની અપૂર્ણતા પણ સ્વપર ગ્રન્થોના પાઠો લખીને પૂર્ણ કરી છે. અર્થાત આ એકજ ગ્રન્થ ઐહિક તથા પારલૈકિક સર્વ શુભ કાર્યો માટે અતિ ઉપયોગી છે. તેથી અમોએ આ ગ્રન્થ છપાવી પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે

આ ગ્રન્થ છપાઇને પર્યુષણ સુધીમાં પ્રસિદ્ધ થશે, તેથી આગળથી ગ્રાહક થનારે પોતાનું નામ ઠેકાણું વિગેરે રીતસર ભરીને અમારા પર મોકલવું. અગાઉના ગ્રાહકની સંખ્યા જેટલીજ નકલો છપાવવામાં આવે છે. આવા ગ્રન્થો વારંવાર છપાતા નથી, તથા તેની નકલો પણ કાવ્ય ચરિત્રાદિકની જેમ વધારે છપાતી નથી, તેથી જિજ્ઞાસુઓએ પ્રથમથીજ ગ્રાહક થવું શ્રેષ્ઠ છે. આ ગ્રન્થ

લગભગ ૩૦ ફારમનો થશે તેમાં સ્પષ્ટતાને માટે તે તે સ્થળે મૂળ ગ્રન્થમાં લખેલાં યંત્રો પણ લેવામાં આવ્યા છે.

આગળથી ગ્રાહક થનારને આ ગ્રન્થ રૂ. ૩॥ પાછળથી રૂ. ૫ ની કીંમતે મળશે. પોષ્ટ ખર્ચ ભિન્ન સમજવું વધારે ખુલાસા માટે નીચેને સિરનામે પત્ર વ્યવહાર કરવો. ઇતિશમ્.

પુસ્તકો મળવાનું ઠેકાણું:—
શાહ પુરૂષોત્તમદાસ ગીગાભાઈ,
અધિપતિ જૈન શાસન-ભાવનગર.

આઠ હજાર શ્લોકનો પ્રથમ ભાગ બહાર પડી ચુકયો છે.

શ્રી સિદ્ધર્ષિ ગણિ રચિત.

ઉપમિતિ ભવ પ્રપંચા કથા.

(ત્રણ ભાગમાં પત્રાકારે વીશ હજાર શ્લોકનો સાહિત્ય સાગર.)

સાગરમાં અનેક પ્રકારનાં રત્નો હોય છે, તેમ આ મહાન ગ્રંથમા સાહિત્યના અંગોપાગનાં અલંકારો ભરેલા છે. આ ગ્રંથની પ્રશંસા કરવી તે કસ્તુરીની સુગંધ અને સુવર્ણની કાંતિનાં પ્રશંસા પત્રો મેળવવા શ્રમ સેવવાના સરખું છે. અદ્દભૂત કલ્પના કરવાની પ્રતિભા શકિતવાળા આ ગ્રંથના વિદ્વાન કર્તાની શૈલી અને કથાના રૂપમાં અદ્દભૂત કલ્પનાને યોજવાનાં સામર્થ્યથી વકતા અને શ્રોતાઓને અપૂર્વ આનન્દ પ્રકટ થાય છે. આવી અમૂલ્ય વાચનાનો પ્રત્યેક સાહિત્યવિલાસી વિદ્વાન મુનિરાજ અને વિદ્વાનશીલ શ્રોતાઓ સહેલાઇથી લાભ લઇ શકે તેટલા માટે તેને ત્રણ ભાગમા વહેંચી નાંખવામાં આવ્યો છે. પહેલા ભાગમા ત્રણ પ્રસ્તાવ, બીજા ભાગમાં ચારથી ૭ પ્રસ્તાવ, અને ત્રીજા ભાગમા સાતથી આઠ પ્રસ્તાવ સમાવવામા આવ્યા છે. છુટક ભાગા ખરીદ કરનાર પાસેથી પહેલા, બીજા અને ત્રીજા ભાગના રૂ. ૬- -૦, રૂ. ૬-૦-૦, અને રૂ. ૪-૦-૦ લેવામા આવશે અને સંપુર્ણ ગ્રંથ એકી સાથે લેવાથી રૂ. ૧૨-૦-૦ મૂલ્ય પડશે. ગ્રાહકની ઇચ્છા સંપુર્ણ ગ્રંથ લેવાની મરજી હશે તો પ્રથમ ભાગ સાથેજ ત્રણે ભાગનું મૂલ્ય લેવામા આવશે. ઉપરનો ગ્રંથ ખરીદનારને નીચેનાં પુસ્તકો પણ મોકલવામાં આવશે.

ધર્મદેશના (ગુજરાતી) કી. રૂ. ૧-૮-૦ પાંચસો પૃષ્ઠોનુ ધર્મશિક્ષાનું અપૂર્વ પુસ્તક, પ્રાચીન શ્વેતાંબર અને અર્વાચીન દિગંબર કી. રૂ. ૦-૪-૦ શાણી સુલસા (હીંદી) કી. રૂ ૦-૪-૦.

સદરહુ ઓફિસ ઉપરાંત ઉપરના બન્ને ગ્રંથો સાથે ખરીદનાર મુનિમહારાજને ચાતુર્માસના સ્થિરવાસ દરમ્યાન જૈન શાસન પત્ર વિના લવાજમે આપવામાં આવશે.

લખો—ધી વિદ્યા વિજય પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

आपणी आसपास चालतुं साचुं नाटक.

जैनोनी हालनी स्थितिनुं चित्र.

ગયા અંકમાં પ્રકટ થયેલા ભાગનો ટુંક સાર.

આ લેખ કે જે થોડા વખતમાં પુષ્કળ લોકપ્રિય થઇ પડયો છે અને જેનું હિંદી ભાષાન્તર 'જૈનહિતૈષી' પત્રમાં પ્રગટ થતા જ તરફેણ તેમજ વિરૂદ્ધની* ટીકાઓ તત્કાલ થવા લાગી હતી, હેને આ અંકમાં સમાપ્ત કરવામાં આવ્યો છે. આ અંકમાં ગયા 'નાટક' આગળ ચલાવવા પહેલાં નવા ગ્રાહકોની સગવડ ખાતર છપાઈ ચૂકેલા ભાગનો ટુંક સાર આપવો જરૂરનો જણાય છે. આ 'સાચું'

* હું સ્વપ્નમા પણ એવી આશા રાખતો નથી કે મ્હારા વિચારો અને લેખો સર્વત્ર પ્રશંસા જ પામે. એવી આશા કુદરતના નિયમોથી તદ્દન અજ્ઞાન માણસ જ રાખી શકે પરન્તુ મ્હારા લેખો કે વિચારો સમાજમા રજુ થવા સાથે જ સમાજનો મ્હોટો ભાગ—મિત્ર યા શત્રુ રૂપે પણ—હેના તરફ આકર્ષાયછે એ જ મ્હને ખુશ આનંદ આપવા માટે પુરતું છે. મ્હારો અવાજ સમાજના કાનને જ નહિ પણ હૃદયને પણ પહોંચી શકે છે એ જાણવું મ્હને ઓછું આનંદજનક નથી મુંબઈના હિંદી 'જૈન હિતૈષી'પત્રમા મ્હારો આ લેખ છપાઇને બહાર પડયો અને બનારસ પહોંચ્યો તે જ દિવસે ત્યા આગેવાન દિગમ્બર જૈનોએ તે લેખ વાચ્યો અને હેમને તે કેટલી હદ સુધીની અસર કરનાર થઈ પડયો તે એટલા ઉપરથી સહમજી શકાશે કે તેઓએ તે જ રાત્રે જાહેર સભા ભરીને 'હિતૈષી' સ્હામે 'પ્રોટેસ્ટ' ઉઠાવ્યો. આ ખબરને હું ઉંચી 'વધામણી' માનું છું. જૈન આગેવાનો અને હેમા પણ ક્રોડપતિઓ વાચવા—વિચારવાની દરકાર કરતા થયા એ ખબર એક વધામણી નહિ તો બીજું શું ? અને 'પ્રોટેસ્ટ' પણ આટલો જલદી ઉઠાવવો પડે એ એ લેખમાંના લૉજીકની અને ભાષાની 'શક્તિ' અસલ લાગવાનો પુરાવો નહિ તો બીજું શું ?

મ્હારા માનવતા મિત્ર અને 'જૈનમિત્ર'ના ઑનરરી એડિટર બ્રહ્મચારી શીતલપ્રસાદજી આ લેખનું 'રિવ્યુ' લેતા એમાની દલીલો અને ભાષાબળથી અંજાઈ ગયેલા જોવાય છે પણ એ વિચારોથી 'ધર્મને નુકસાન થવાનો' એમને ભય લાગે છે, તેથી વિદ્વાનોને એ વિચારોનું યુક્તિપૂર્વક ખંડન કરવા આમંત્રણ આપે છે, કે જે ખંડન તેઓ પોતાના પત્રમાં પ્રગટ કરવાનું વચન પણ આપે છે. શાસ્ત્રોમાં પારંગત અને અખંડ બ્રહ્-

નાટક ' લખનારને સાથે લઇ ત્હેનો ડૉક્ટરમિત્ર રમણલાલ એક સાંઝના વખતે ફરવા જાય છે અને ' ટગ ઑફ વૉર,' સીનેમેટોગ્રાફ તથા મહાભારતનો ખેલ જુએ છે. ત્યાર બાદ તેઓ છૂટા પડે છે; પણ લખનાર રાત્રે સ્વપ્નમાં ડૉ. રમણલાલને પોતાની સાથે જ ભાળે છે અને સાંઝે જોયેલા દેખાવો જેવા જ દેખાવો જૈન સમાજમાં ખરેખર અને ધોળે દિવસે જોવામાં આવે છે તે તરફ ડાક્ટરનું લક્ષ ખેંચે છે. જૈન મંદીરોની માલેકી માટે શ્વેતામ્બર—દિગમ્બરો વચ્ચે જે ઝગડા ચાલે છે ત્હેને ' ટગ–ઑફ વૉર 'ની રમત સાથે સરખાવે છે. પછી દ્રૌપદીના વસ્ત્ર ખેંચવાના નાટકી દેખાવ સાથે જૈન સ્ત્રીઓની કંગાળ અને દુઃખી સ્થિતિનો દેખાવ સરખાવે છે અને સ્ત્રી વર્ગ બોજારૂપ કે શાપ રૂપ ન થતાં ઉપયોગી અંગ બને તે માટે કેવી જાતનુ સમાજબંધારણ જોઇએ તે સૂચવે છે, તેમજ સમાજને elastic અથવા ભિન્નભિન્ન પ્રકૃતિઓ નભી શકે એવા બંધારણ-વાળી સંસ્થા બનાવવા સલાહ આપે છે તેઓ વચ્ચે આ પ્રમાણે (સ્વપ્નમાં જ) વાતચીત ચાલે છે એટલામાં સ્ત્રીઓનાં

ચર્ચાના પાળનાર-અર્ધસાધુ-પોતે (એક સામાહિક પત્રના સંપાદક હોવા છતાં) ખંડનમાં કાંઈ દલીલ રજુ કરવાની હિમ્મત ન ધરાવે (?) કે અને બીજા વિદ્વાનોને આમંત્રણ આપે એજ મ્હારા વિચારોના વિજયનો એક પુરાવો કે વાવટો છે એમ હું માની લઉં તો મ્હારી એ વાજબી મગરૂરી (કે જેને હું આવશ્યક સદ્ગુણ માનું છું) માટે કોઇએ ખોટું લગાડવું જોઈતું નથી. એ તો ગમે તે હો, હું તરફેણના અવાજ કરતાં વિરૂદ્ધના અવાજથી વધારે ટેવાયલો છું અને મ્હને તે વધારે ઉપયોગી લાગે છે, માટે હું ઇચ્છું છું કે વિદ્વાનો સાચા દીલથી અને પ્રૌઢ વિચાર સાથે બહાર પડે અને આ વિષય કે જે કોઇ એક મનુષ્યનો ઇજારો નથી ત્હેને પુરતા વિવેકથી અને ઉંડાણથી ચર્ચે. જૈનોમાં જો એવું જોર, એવી વિચાર શક્તિ, એટલી જાહેર જીંદગી, એટલું ઉંડાણ, બીજાના વિચારને સહેલાઈથી તાબે ન થતાં પોતાના પગ ઉપર-પોતાના આત્મપ્રકાશપર ઉભા રહેવાની હિમ્મત આવેલી હું જોઉં તો જૈનસમાજને 'સડતુ પાણી' માનતો હું તત્કાળ અટકું અને ' મ્હારો સમાજ જીવતોજાગતો-નાચતોકૂદતો-જીવનમય છે-હજી પણ જીવનમય છે' એ સ્મરણથી હું બેહદ ખુશી થાઉં; અને એટલા જ માટે હું ફરીથી કહું છું કે, બનારસમાં પ્રોટેસ્ટ ઠરાવવા મળેલી સભાને હું અંતઃકરણથી ધન્યવાદ આપું છું અને તેઓ એટલેથી જ અટકી ન જતાં વધારે મક્કમપણે-પણ સાચા દીલથી-આગળ વધે એમ હું ઇચ્છું છું.

એક જંગી ફોજનો સંયુક્ત અવાજ કાને પડવાથી ડૉ. રમણલાલ ચમકે છે અને ત્હેને મૂર્ચ્છા આવે છે. તદવસ્થામાં તે ઘણાં વર્ષોથી રીબાતા સ્ત્રીવર્ગને પુરૂષવર્ગ સ્હામે હુલ્લડ મચાવવા નીકળ્યો ભાળે છે. "રાજાઓ જ્યારે બહુજ સ્વચ્છંદી અને જુલમી થાય છે ત્યારે પ્રજામાં છેવટે અણધાર્યું બળ ઉત્પન્ન થઇ તેઓ હુલ્લડ મચાવે છે અને અમર્યાદિત સત્તાનુ ધુંસરૂં તોડી ફોડી ફેંકી દેછે" એ સિદ્ધાન્તનો સાક્ષાત્કાર થાય છે. ડાકટરની મૂર્ચ્છા દૂર થતાં ત્હેનો મિત્ર ત્હેને ખુશ કરવા માટે એક હસામણો દેખાવ દેખાડે છે. જંગલમાંના એક ભવ્ય ખંડેરના દીવાનખાનામાં ઉંદરો અને ઉધાઇઓની ફોજ શાસ્ત્રગ્રંથો ફેદવામાં મશગુલ બની છે, એ દેખાવ રજુ થાય છે. આ દેખાવનુ વર્ણન* આ ચાલુ અંકમાં—આ નીચે—આપવામાં આવ્યું છે.

(૨)

સ્ત્રીઓની ઉશ્કેરાયલી અને વૈરના ખખારાવાળી ફોજ પર પડદો પડયો. એક જુદી જ જાતનો દેખાવ હવે અમારી સમક્ષ રજુ થયો. એક ભવ્ય પુરાણા મહેલના ખંડેરનુ જીર્ણ દીવાનખાનું અમારી નજરે પડયુ. પ્રાચીન ધર્મશાસ્ત્રોનાં પોથેપોથાં ચોતરફ વેરાયલાં હતાં એ જોઇ મ્હારો ડાકટરમિત્ર બોલ્યો. "ખરેખર અહીં કોઇ જબરજસ્ત વિદ્યા-પ્રેમી મહાશય આવતો હોવો જોઇએ અને ચોતરફ વેરાયલા ગ્રંથો એણે જ પોતાની કોઇ માનીતી શોધખોળ માટે ફેંદવા કહાડેલા હોવા જોઇએ. ચાલો આપણે દીવાનખાનાની અંદર જઇ તે વિદ્યાવિલાસી મહાનુભાવનાં દર્શન કરીએ." અમે તુરત જ તેમ કર્યું; પણ અંદર

*ગયા અંકમા (૧) ધાર્મિક ઝગડા તથા (૨) સ્ત્રીઓની અને સમાજ-વ્યવસ્થાની ખેદજનક દશા એ બે ચિત્રોવડે આધુનિક જૈન સમાજનાં બે અંગનું દર્શન કરાવવામા આવ્યું હતું આ અંકમા (૩) જૈન શાસ્ત્રોની દશા તથા જૈન અભ્યાસીઓનું છીછરાપણુ, અને (૪) જૈન આગેવાનોમાં 'હોરવા'ની 'શક્તિ'નો અભાવ તથા જૈન પ્રજાનું બાડરીઆપણું ચિત્રરૂપે આલેખવામાં આવ્યુ છે; અને (૫) આ સર્વ દયાજનક સ્થિતિઓને જાહો-જલાલીના રૂપમા બદલી નાખવાની 'કળા' બતાવનાર દેવીને રજુ કરવામાં આવી છે એ દેવી કે જેનું નામ 'શક્તિ' છે અને જેનો વાસ સર્વત્ર છે તે આ નાટકનાં બન્ને પાત્રોના મગજમાંથી જ ઉત્પન્ન થતી બતાવવામાં આવી છે અને ત્હેનો સંદેશો જૈનસમાજે બહુ લક્ષપૂર્વક સુણવા જેવો છે.

પેસતાં જ જે જોવામાં આવ્યું, તેથી મ્હારા મિત્રનો ઉત્સાહ નિરાશામાં બદલાઇ ગયો. મ્હેં તે અસર ધોઇ નાખવા ખાતર કહ્યું ' વાહ ડાક્ટર ! તું તો બડો ભાગ્યશાળી જણાય છે ! એક વિદ્યાવિલાસી મહાશયનાં દર્શનની આશા કરતાં ત્હને તો અહીં અનેક બલ્કે અબજો વિદ્યાવિલાસી મહાશયોનાં દર્શનનો લાભ મળ્યો છે ! જો, મહાશય ઉંદરજી કેટલા ઉત્સાહથી પેલા ગ્રંથનાં પાનાં ફેંદી રહ્યા છે ! અને પેલા ખુણામાં મહાશયા ઉધાઇબાઇ પુસ્તકના એક છેડાથી બીજા છેડા સુધી આરપાર ઉતરી જવામાં કેટલાં મસ્ત બન્યા છે ! અરે, પણ આપણો સમાજ કેટલો કમનશીબ કે શાસ્ત્રશોધનમાં લાગેલા આટલા બધા મહાશયો અને મહાશયાઓની ફોજનાં દર્શનથી પણ આજસુધી બેનશીબ છે ! ચાલો આપણે શહેરમાં જઇને શ્રી સંઘને આ વધામણી આપીએ અને આ એકાન્તવાસી, વિદ્યાવિલાસી પવિત્રાત્માઓનાં દર્શન માટે 'સંઘ ક્હાડવા'ની ભલામણ કરીએ."

ડાક્ટર સાહેબ તો ઉલટા ચ્હીડાયા. " આવી તે વળી હાંસી ક્યાંઇ સાંભળી હતી ? આ તે હસવાનુ સ્થળ છે કે રોવાનું ? અરેરે આ 'અમર જીવનનું શાસ્ત્ર' આખુંએ ખવાઇ ગયુ છે; પેલા 'શાન્તિની ચાવી' અને 'શક્તિનુ રહસ્ય' બન્ને ગ્રન્થોની માટી થઇ ગઇ છે; 'નિગોદથી સિદ્ધશીલા' નામના પેલા દળદાર ગ્રંથમાં તો માત્ર એનુ નામ જ મુશ્કેલીથી વાંચી શકાય છે; 'સર્વોત્તમ સિદ્ધિઓ' 'આત્માની વાડીનો માળી' 'ત્રિલોકનુ રાજ્ય' 'આધિ-વ્યાધિ-ઉપાધિ-વિનાશક મહામંત્ર' અને એવા બીજા અગ્યારસો અમૂલ્ય ગ્રંથોનાં તો પાના પણ તણાઇ ગયાં છે કે ખવાઇ ગયાં છે. કેવા સુંદર નામો ! કેટલો કિમતી ખજાનો ! અને ત્હેની આ દશા ? મ્હારા જેવા આજના હજારો ડાક્ટરો અને સાયન્ટીસ્ટો, વિચારકો તથા પંડિતો એકઠા મળીને સૈકાઓ સુધી મનન, પ્રયોગ અને શોધખોળ કરે તો પણ જે 'જીંદગીનો ઝરો'—જે 'અમર જીવન'—જે 'અનંત શક્તિ' શોધી શકીએ નહિ તે ઝરો—તે જીવન અને તે શક્તિને મહામહેનતે શોધી ગ્રંથ રૂપે સાચવી જનારા પૂર્વના મહાન વિચારકો અને યોગીઓને તે વખતે શું એવી શંકા પણ હશે કે ત્હેમના ભવિષ્યના વારસો એ અમૃતથી તદ્દન અજાણ્યા રહેવા પામશે અને માત્ર ઉંદરો તથા ઉધાઇઓ જ ત્હેના પર નિર્વાહ કરશે ? "

'ડૉગ-ઑફ-વૉર'ના તમાસામાં અને દ્રૌપદીના નાટકમાં જે માણસ હસતો હતો અને મ્હને ઉદાસ રહેવા માટે મૂર્ખ કહેતો હતો તે જ માણસ હમણાં ત્હેના વારસાનો વિનાશ થતો જોઇ રડવા જેવો થઇ ગયો. તથાપિ મ્હેં મ્હારૂં હૃદય કઠણ કર્યું અને મજાક ચાલુ રાખી. મે કહ્યું "ડાક્ટર! વારા પછી વારો સૌનો આવે છે! અમે વિચારકો તો હવાઇ ખ્યાલમાં ઉડનારા હોઇ રડીએ પણ ખરા. પણ તું—તું એક ડાક્ટર—તું એક 'દુનિયાનો માણસ'—વ્યવહારકુશળ માણસ—તું હમણાં કેમ અશ્રુ પાડે છે? શું ત્હારો કિંમતી વારસો બીજાઓના હાથમાં જતો જોઈ ત્હને 'ઇર્ષા' આવે છે? બોલો રે બોલો! તું અને ત્હારા સમાજ કરતાં શું આ ઉંદર અને ઉધાઇમાં ઓછી યોગ્યતા છે? કુદરત હમેશ લાયકને લાયક ચીજ ભોગવવા દેછે. આ ઉંદર અને ઉધાઇ ત્હમારા આજના છોકરા અને બાઘળીઆ પંડિતો કરતા વધારે લાયક હોવાથી જ ત્હમારા પૂર્વજોનો વારસો તેઓના હાથમાં આવી પડયો છે. હિંદુસ્તાન ત્હમારા બાપનો છે, તથાપિ ત્હમારા કરતાં વધારે લાયક માણસો—તેઓ સીધા કે આડકતરા વારસ ન હોવા છતાં—શું આજે તે દેશનો ભોગવટો કરાવતા નથી? આ દુનિયામાં બધે એ જ ન્યાય ચાલેછે. હિંદનો ભોગવટો કરનારી વિદેશી પ્રજા કહેછે કે, તે કાંઇ પોતાના સુખ માટે ભોગવટો કરતી નથી પણ આ નિર્માલ્ય દેશના રક્ષણ માટે તેમ કરે છે; જૈનોના મહાન પૂર્વાચાર્યોએ મૂકેલા અમૂલ્ય શાસ્ત્રભંડાર રૂપી વારસાને પણ ઉધાઇઓ અને ઉંદરો પોતાના સુખ માટે ભોગવતા નથી પણ ત્હમે ખરા વારસો નાલાયક બન્યા માટે તેઓને ત્હમારૂં કામ પોતાના શિર લઇ—પરોપકાર ખાતર-ભોગવટો કરવો પડે છે. શું આ વાત ખોટી છે? એ ઉધાઇઓ તરફ નજર કરઃ કોઇ પણ ખાંધલ કર્યો સિવાય ચુપકીથી અને સંપૂર્ણ એકાગ્રતાથી તેઓ ગ્રંથમાં પ્રવેશ કરેછે, પૃષ્ટ પછી પૃષ્ટ આખા ગ્રંથની પાર જાય છે, માત્ર હરફોથી જ સંતોષ ન વાળતા હરફોની પેલી બાજુ ડુબકી મારે છે, તેઓ એક ગ્રંથને પોતાનો 'ઉદ્યમ' બનાવે છે—'રમત' બનાવે છે-નિદ્રાસ્થાન બનાવે છે તેમજ આહાર બનાવે છે, મતલબ કે ત્હેમનું જીવનસર્વસ્વ આ ગ્રંથ બને છે. કહે હવે, છે કોઇ જૈન સાધુ કે ગૃહસ્થ આટલે દરજ્જે વિદ્યાવિલાસી? છે કોઇને આટલી તલ્લીનતા-આટલી 'રતિ'—આટલી ભક્તિ? તો પછી આત્મજ્ઞાનના

ગૂઢ ખજાના આજના જૈનોને ન મળતાં ઉધાઇઓને મળે એમાં કુદરતનો શું દોષ છે? અને પેલા ઉંદરો પણ આ ગ્રંથો ફેંદવામાં કેવો 'આનંદ' માને છે તે પણ જો. એક બાળક જેમ મીઠાઇનો ટુકડો હાથ લાગવાથી નાચેકૂદે છે તેમ આ ઉંદરો આ ગ્રંથોમાં છુપાવેલા કોઇ અકથ્ય મિષ્ટ તત્ત્વને પામતાં નાચતા-કૂદતા ખાવા લાગી જાય છે. એમને એ એકાન્તવાસમાં અને એ ગ્રંથોના સહવાસમાં જેવો 'આનંદ' અને 'ઉલ્લાસ' થાય છે તેવા આનંદ અને ઉલ્લાસથી આજે કેટલા જૈનો પુસ્તકને અડતા હશે?"

"ધન્ય, શિષ્ય! ચીર જીવ!" એકાએક ધણો ધીમો, પણ ગંભીર અવાજ અમારા કાને પડયો. ડાકટરે પોતાના ખીસામાંથી સૂક્ષ્મદર્શક યંત્ર કહાડીને જોયું તો જણાયું કે એ અવાજ એક ઉધાઇ મહાશયાનો હતો, કે જેને હરણ્યાં વાચા થઇ આવી હતી (સ્વપ્નમાં એમ પણ બને, માટે મહએ શંકા લઇ જવી નહિ!) અમો સંસ્કૃત વાતચીત સહમજી શકતા ન હોવાથી તે મહાશયાએ પોતાનું ભાષણ ગુજરાતીમાં જ ચલાવ્યું "જન્મથી મૃત્યુ સુધી રાત્રીદિવસ શાસ્ત્રને જ પોતાનું સર્વસ્વ બનાવનાર અમારા વર્ગની આટલી બધી વકીલાત કરનાર મનુષ્ય! ત્હને ધન્ય છે! તું ખરેખર ન્યાયમૂર્તિ છો અને એટલા માટે ત્હારા જેવાને અમારા કુટુમ્બનો એક સભ્ય બનાવવામાં અમને આનંદ જ થાય. આ બિચારો માટી સુંઘનારો માનવી શાસ્ત્રોને સુંઘવાની મજામાં શું સહમજે? એને ઓછી જ ખબર છે કે અમારાં લોહી માંસ અને રક્તવાહિનીઓ સર્વ શાસ્ત્રતત્ત્વથી બનેલી છે, જ્યહારે આજના મનુષ્યોનાં શરીર કામવાસના, ક્રોધ, લોભ અને અહંકારથી બનેલાં છે. તેઓ શું શાસ્ત્રોના અધિકારી હોઇ શકે? અમને તો આ શાસ્ત્રરમણના આડે તમારી દુનિઆના સ્વાદ, શોખ આદિ કશાની ઇચ્છા સરખી પણ થતી નથી —રે તમારી હવા કે પવનની પણ અમને દરકાર રહી નથી. ગઇ કાલે જ એક મહાન ધર્મમૂર્તિના એક ગ્રંથની આરપાર જતાં મ્હારા વાંચવામાં આ પ્રમાણે આવ્યું હતું. "પંચમકાળના અમારા વારસ વાંકા અને જડ થશે;—વાંકા એટલે આત્મમાર્ગ છોડી લાલસાનો મોહક અને વિનાશક માર્ગ પસંદ કરનારા થશે; અને જડ એટલે બુદ્ધિ વગરના, જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા વગરના, અર્થનો અનર્થ કરનારા, શબ્દો, વાક્યો, વ્યાકરણ, પિંગળ આદિમાં જ અટકી પડી તે સર્વની પેલીપાર

રહેલા તત્ત્વને ગુંગળાવી મારનારા થશે. ધરજંજાળથી દૂર થયેલાઓ પણ પોતાની પાસે એકાન્તસેવન, એકાગ્રતા અને સમયની સમ્પૂર્ણ સગવડ હોવા છતાં આપ્ત વચનોની શોધ કરવા, પ્રાચીન ગ્રંથોને એકઠા કરવા, હેનો અભ્યાસ કરવા, હેના ઉંડાણમાં ઉતરવા અને એ ઉંડાણનું સ્વચ્છ પૌષ્ટિક અમૃત અધિકારીઓમાં વહેંચી આપવાનો શ્રમ લેવા ઉત્સુક જોવામાં આવશે નહિ. તેઓ બહુધા પુસ્તકના દ્વેષી થશે; અને જેઓ તેથી કાંઇક ઉચ્ચ શ્રેણિના હશે તેઓ પુસ્તકો સંગ્રહશે ખરા, પણ તે ઉધાઇઓની માફક 'આરપાર જવા' માટે નહિ પણ લોકોમાં વિદ્યાવિલાસી તરીકે ઓળખાવવા માટે સંગ્રહશે; એથી પણ કાંઇક વધારે ઉચ્ચ શ્રેણિના હશે તેઓ પુસ્તકોમાંના ક્રિયા-કાંડને જ પોતાનું સર્વસ્વ માની હેમાં જ રચ્યાપચ્યા રહેશે તથા પ્રસંગોપાત ક્રિયા સબંધી પોતાના અભ્યાસને ધાર્મિક યુદ્ધોનું ઉત્પાદક કારણ બનાવશે; એથી કાંઇક વધારે ઉચ્ચ શ્રેણિના હશે તેઓ વ્યાકરણ, કાવ્ય, તર્કશાસ્ત્ર અને કોષના જ થોડાક ગ્રંથોથી તૃપ્ત થશે અને એ શાસ્ત્રોના 'નિયમો' ગોખી 'ચર્ચાવાદી' તરીકે પૂજાશે. એવાંએ ઉચ્ચ શ્રેણીના—પણ આંગળીના વેઢે ગણી શકાય એટલી સખ્યા ધરાવતા—પુરુષો વિષયોને અંકુશમાં રાખવાનો, શાસ્ત્રના અર્થો વિચારવાનો તથા કવચિત્ કવચિત્ અધ્યાત્મના ઉપલકીઆ વિચારોમાં પ્રવેશ કરવાનો ઉદ્યમ સેવશે. આત્મા અને જગતની વિચિત્રતાઓ તથા શક્તિઓને અભ્યાસવા તથા અવલોકવા અને 'અનુભવવા'ની દરકાર કે સ્વભાવવાળા કોઇ વિરલા જ થશે. બીજા હાથ પર, ગૃહસ્થ વર્ગ તો પ્રાયઃ ધન રળવામાં જ—અને તે પણ ન્યાયસંપન્ન નહિ જ—આનંદ માનશે, એ ધનવડે તગીઓ વધારવામાં અને વધતી જતી તંગીઓને સંતોષવાનાં 'ફાંફાં'માં જીવન વ્યતીત કરશે. આઠમા 'અનર્થ દંડ વિરમણવ્રત'નો મૂળ આશય અને હેની અનિવાર્યતા તેઓ સ્હમજી શકશે નહિ અને તેથી એમના હાથ પગ, એમની જીભ તેમજ એમનાં મન બુદ્ધિ માત્ર નિષ્ફલ જ નહિ પણ નુકસાનજનક પ્રવૃત્તિઓમાં મશગુલ રહેશે. ધાર્મિક હોવું એ ઉત્તમ ચીજ છે એવો ખ્યાલ દુનિયામાં પ્રચલિત હોવાથી, માણસ જેમ પોતાની કીર્ત્તિ ખાતર સુંદર મકાન કે સુંદર ગાડીઘોડો રાખે છે તેમ, ધર્મનો બાહ્ય દેખાવ પણ ધર્મીષ્ટ કે ઉત્તમપણાની ખ્યાતિ ખાતર રાખશે તથા ધર્મસ્થાનો અને ધર્મગુરૂઓની મુલાકાતો લેશે, પણ તે

વખતે ત્હેમનો આત્મા તો એમના ધનમાં કે ખ્યાતિમાં કે ધન અને ખ્યાતિથી મળતા પદાર્થોમાં જ રમણ કરતો હશે. 'અમે મહાવીરના ખરા વારસો છીએ ' એમ તેઓ અભિમાનથી કહેશે ખરા, પણ મહાવીરના ઉપદેશોના રક્ષણ માટે ત્હેમના ધન કે લાગવગનો ભોગ આપતાં ત્હેમના પગ પાછા પડશે. તેઓ એટલા મૂઢ હશે કે **શરીરનું** જતન કરશે પણ શરીર જ્હેને માટે બન્યું છે એવા **આત્માનો** દ્રોહ કરશે, મ્હોટે ખર્ચે **મકાનો** બનાવશે પણ મકાન જે મનુષ્યો માટે છે તે **મનુષ્યોના** ખરા સુખ તરફ દુર્લક્ષ આપશે, **મંદીરો** ચણાવી 'ધર્મધુરંધર' કે ધર્મરક્ષકનું પદ લેશે, પણ મંદીર જ્હેને માટે બને છે તે **મૂર્ત્તિ**—તે 'દીવ્ય તત્ત્વનું સ્થૂલીકરણ'—તો ત્હેમની એટલી હદ સુધીની અવગણનાનો વિષય બનશે કે ખુદ એ રક્ષક તત્ત્વ સમાજનું અને ભાઇચારાના અમૂલ્ય તત્ત્વનું ભક્ષક બનવા પામશે. વિશેષ શું કહેવું ?—તેઓમાના કેટલાકો પુસ્તકાલયો પણ મ્હોટે ખર્ચે બાંધશે, પણ **સાચાં** પુસ્તકો શોધી લાવવાની ગરજ એમને ઓછી જ હશે. આવી વસ્તુસ્થિતિમાં અમારો મહામહેનતે કરાયલો જ્ઞાનભંડાર અમે અમારા વારસ તરીકે ઓળખાતા ભવિષ્યના જૈનોને નહિ આપતા ઉંદરો અને ઉધાઇઓને જ ત્હેના હક્કદાર ઠરાવીએ છીએ; કારણકે ગ્રંથોમાં 'આરપાર ઉતરવા 'ની, ત્હેને જ પોતાનું સર્વસ્વ બનાવવાની અને ત્હેમાં ' આનંદ ' માનવાની પ્રકૃતિ જો કોઇમાં સવિશેષપણે રહેવા પામશે તો તે ત્હેમનામાં જ. પંચમ કાળના જૈનોને જો અમારો ખજાનો ખરેખર જ જોઇતો હશે તો ત્હેનો એક ઇલાજ છે, જો કે તે ઘણો જ વિકટ છે—અને તે એ છે કે—"…. …

મહાશય ઉધાઇબાઇ એક પ્રાચીન શાસ્ત્રમાંનું ભવિષ્ય કથન પુરૂં પણ કરી રહ્યાં નહિ એટલામાં તો તે જીર્ણ દીવાનખાનાની દીવાલ તૂટી અને ઉધાઇબાઈ ત્હેમાં ક્યાંઇ દટાઇ ગયાં. મ્હને લાગ્યું કે અમે આજના જૈનો એટલા જ્ઞાનરિપુ છીએ કે અમારા કાન સુધી પૂર્વના મહાત્માઓએ સૂચવેલો કિમતી ઇલાજ આવવા જ ન પામ્યો અને અમારાપર ઉપકાર કરવા ખાતર તે ઇલાજ કહી બતાવવાનો ઉદ્યમ કરનારી ઉધાઇ પણ—અરેરે અમારા જ પાપે-નાશ પામી. ધીમે ધીમે દીવાલનો વધારે ને વધારે ભાગ પડવા લાગ્યો; અફસોસ તે નામમાત્ર રહેવા પામેલા ગ્રંથો પણ દટાવા લાગ્યા અને રખેને અમે પોતે પણ દટાઇ જઇશું એ ડરથી અમે બન્ને મિત્રો પણ

ત્યહાંથી મુઠ્ઠી વાળીને નાઠા.

પાઠક ગણને સ્મરણમાં રહે કે આ દેખાવ જંગલ વચ્ચેનો હતો. જીર્ણ સરસ્વતી ભવનથી ઘર તરફ પાછા ફરતાં અમને તૃષા પુષ્કળ લાગવાથી અમે આસપાસમા જળસ્થાન શોધવા લાગ્યા. થોડે દૂર ગયા નહિ એટલામાં એક મ્હોટો ધોધ અમારી નજરે પડયો. અમે તે તરફ ચાલ્યા. રસ્તામા એક ગાડરનું ટોળુ અમારા જોવામાં આવ્યું, કે જે પણ ધોધ તરફ જતું હતું. એક ગાડરની પાછળ પાછળ સુમારે ૨૦૦ ગાડરનું દળ ચાલ્યું જતું હતું. આ ટોળાની સાથે ચાલતા ચાલતા અમે એક ઉંચી અને સીધી ટેકરીના મથાળે આવી પહોંચ્યા, કે જે ટેકરીમાથી એક જબરજસ્ત પાણીનો ધોધ પડતો હતો. ટેકરીપરથી પાણીના પ્રવાહ સુધી ઉતરવાનો રસ્તો એટલો સીધો ,ખડબચડો અને ભયકર હતો કે જરા પગ ખસે તો નીચે પુર જોસથી વહેતા ઝરામાં ખેચાઇ જઇ મરણ પામવા સિવાય છૂટકો જ નહિ. તેથી અમે તે સાહસ પડતું મુકી બીજો નીચાણમાં જતો પણ લાંબો માર્ગ શોધી કહાડયો અને તે રસ્તે પ્રવાહના કીનારે આવી અમારી તૃપા છીપાવી. પછી અમે ઘર ભણી ચાલવાની તૈયારી કરતા હતા એટલામાં ડાક્ટર બોલી ઉઠયો " જો, જો; પેલા ગાડરના ટોળાનો નાયક ગયો—રે જાનથી ગયો ! " હું જોઉં છુ તો તે ગાડરોનો અગ્રેસર ગાડર જરા પગ લપસવા સાથે જ ઉંચી ટેકરીપરથી ગબડી પથ્થરો સાથે ટીચાતો ટીચાતો, જોસબંધ પ્રવાહમાં પડયો અને થોડી સેકડ પાણીમાં તરવાને તરફડીઆ માર્યા પછી મરણશરણ થઇ કેટલેએ દૂર ખેંચાઇ ગયો; એટલુ જ નહિ પણ, અમારા આશ્ચર્ય અને ખેદ વચ્ચે, એ ગાડરોનું આખુંએ ટોળુ તે જ પ્રમાણે ગબડી ગબડીને પ્રવાહમાં તણાવા લાગ્યુ. મ્હારો મિત્ર તો આ જોઇ ઘડીભર સ્તબ્ધ જ થઇ ગયો, પણ ત્હેનો ખેદ ક્ષણમાં હાસ્યના રૂપમાં પલટાઇ ગયો; કારણ કે પાણીમાં તણાતા ગાડરો એકદમ બદલાઇને અર્ધમનુષ્ય બની ગયા (સ્વપ્નની બલીહારી છે!) એમનાં માથાં માણસ જેવાં હતાં, જો કે બાકીનું આખું શરીર ગાડર જેવું રહેવા પામ્યું હતું. ત્હેમનો ચહેરો કાંઇક અંશે માણસને અને કાંઇક અંશે ગાડરને મળતો હોવાથી ડાક્ટરને પુષ્કળ રમુજ થઇ.

આ દેખાવથી મ્હારા મગજમાં લોકસમૂહ અને ગાડર વચ્ચેનું

મળતાપણું એકાએક સાંભરી આવ્યું. હું બોલ્યો: "ગાડરીઆ મનુષ્યોની દશા કેવી ખેદજનક છે? આપણી આંખ આગળ મરતા ગાડરોની માફક આપણો સમાજ પણ ગતાનુગતિક અને આત્મઘાતી હોય એ શું ઓછા ખેદનો વિષય છે? લોકસમૂહને આત્મવિશ્વાસ હોતો નથી તેથી તેઓ પોતાના નાયક તરીકે કોઇ નહિ ને કોઇ મનુષ્યને સ્વીકાર્યા વગર **રહી શકતા** નથી, અને ખરૂં ખોટું પારખવાની હેમની અશક્તિને લીધે તેઓ ઘણેભાગે એમના જેવો જડબુદ્ધિવાળો જ નાયક શોધી લે છે અને હેની પાછળ પાછળ ચાલે છે. પરિણામે નાયક તેમજ અનુચરો સર્વે વિનાશની ખાઇમાં હોમાય છે. એક માણસે કહ્યું કે 'સ્ત્રીએ વિદ્યાભ્યાસ કરવો ન જોઇએ અને જો કરે તો હેને વિધવાપણું પ્રાપ્ત થાય' તો તરત જ સેંકડો—હજારો ગાડરો એ મતને અનુસરવાના! કોઇએ કહ્યું કે 'કન્યાને તેર વરસ બાદ કુંવારી રાખવાથી મહાપાપ થાય છે' તો હજારો મનુષ્યો ૧૨—૧૦ અને ૮ વર્ષની કન્યાઓને પરણાવી દેવા કુદી પડવાના! વિનાશ્રમે લાખો રૂપીઆ મેળવવા પામેલા એક શ્રીમંતે લગ્ન પ્રસંગે વેશ્યાનૃત્ય કરાવી ૨—૫ હજાર રૂપીઆ ઉડાવ્યા કે લાગલો જ એનું અનુકરણ બીજા મધ્યમ સ્થિતિના અને કરજદાર લોકો પણ કરવાના જ! એક માણસે એક મંદીર, વાવ કે ધર્મસ્થાનક બંધાવ્યું કે બીજા સખ્યાબંધ માનભૂખ્યા કે થોડા ખર્ચે સ્વર્ગના મહેલ મેળવવાના લાલચુ શ્રીમંતો એ જ રસ્તે ધન ખર્ચવા દોડવાના! જ્ઞાતિ કે સંઘની સભામા એક માણસે કોઇ મત આપ્યો કે તે મતને 'હાજી હા' નો ટેકો આપનારા ગાડરોની સખ્યા એટલી મ્હોટી થઇ જવાની કે જેથી સ્વતંત્ર વિચાર કરીને જૂદો મત આપનારની વાત પણ કોઇના કાને નહિ પડવાની! એક 'ભીખારી'એ કહ્યું કે પોતાના ફીરકા સિવાયના બીજા ફીરકાના સાધુને અન્નાદિક આપવામાં અને હેમનો વિનય કરવામા 'મહાપાપ' છે, તો જોઇ લ્યો હજારો ગાડરોની ધર્માંધતાની ધમાલ! 'સૂત્રગ્રંથો ગૃહસ્થથી વંચાય જ નહિ,' અગર 'સાધુ ગમે તેવા હોય પણ ઉત્તમોત્તમ ગૃહસ્થથી તો ઉત્તમ જ છે,' અથવા આપણા જમાના પહેલાંના કોઇ પણ સંસ્કૃત કે માગધી ગ્રંથમાંનું દરકોઇ વાક્ય તે આપ્ત વચન—શાસ્ત્રવચન છે અને હેમાં શંકા કરવી એ મહાપાપનુ કામ છે—મિથ્યાત્વ છે' એવાં એવાં વચન એકવાર એક માણસે ગમે તે આશયથી ઉચ્ચાર્યાં કે તુરત એને

'તહત્ વચન' કહી ઝીલી લેનારા હજારો ગાડરો મળી આવવાના અને એકાદ પેઢી પછી તે માન્યતા શાસ્ત્રવચન જેટલી નિર્વિવાદ અને પવિત્ર થઈ પડવાની. આ તો થઈ બીનકેળવાયલાઓની વાત; પરન્તુ 'કેળવાયલા ગાડરો' પણ કાંઈ થોડા નથી. એકે મેટ્રીક પાસ થયા પછી વકીલાતનો રસ્તો લીધો તો બીજા પણ એ જ રસ્તે પળવાના; પણ એ માર્ગ પોતાને અનુકુળ છે કે નહિ, અને એ માર્ગ ચીકાર ભરાઈ ગયો હોય તો એથી વધારે બહોળો માર્ગ બીજો છે કે નહિ, એ બાબતનો વિવેક 'ભણ્યાગણ્યા ગાડરો'થી પણ ભાગ્યે જ થઈ શકે છે. એકે ગ્રેજ્યુએટ થઈને સરકારી નોકરી લીધી તો બીજા બાવીસ ગ્રેજ્યુએટો સારી આશા આપતી પોતાની કારકીર્દીનો અંત 'પેન્શનેબલ ગુલામી'માં લાવવા દોડી પડવાના. એકે સાપ્તાહિક, માસિક કે ત્રિમાસિક પત્ર કહાડયું તો બીજા બાવીસ ગાડર પોતાની યોગ્યતાનો વિચાર કરવા નહિ થોભતાં એડિટરાચાર્ય બની બેસવાના અને નિર્માલ્ય ખબરોનાં લાંબાં ભરતીઆં તથા કલેશવર્ધક નિંદાત્મક પીંજણ વડે સમાજની બુદ્ધિને કલુષિત કરવાના. એક માણસ વક્તા તરીકે ઉભરાશે તો બીજા બાવન ઈહીંગ કે છીંકણ જેટલી જ બુદ્ધિવાળા 'મુદ્દાગાં છીંકણ' ભાષણ આપવા કુદી પડવાનાં! અરે એમ 'ગાડરીઆ ફંદ'નો ચેપ ખુદ સાધુવર્ગને પણ એટલે સુધી લાગ્યો છે કે, એકાદ વિદ્વાન સાધુઓને જાહેર ભાષણ આપતા જોઈ બીજા તદ્દન નિરક્ષર સાધુઓ પાંચપચાસ અભણ લોકોને એકઠા કરી અહીંતહીંના અશુદ્ધ શ્લોકો ગગડી પોતાની ભાષણકલાની પ્રશંસા કરાવવાના અને પછી તે 'મહાભારત ફત્તેહ'નો રિપોર્ટ નવરા પત્રકારોપર મોકલી આપવાના.

"મિત્ર! આ પ્રમાણે આજનો આપણો આખો સમાજ પ્રાયઃ ગતાનુગતિક-ગાડરીઓ-થઈ ગયો છે. કોઈ બાબત સાંભળવા કે વાંચવામાં આવી તો હેની સઘળી બાજુ તપાસવા અને હેમાં આરપાર ઉતરી મનન કરવા જેટલી 'દરકાર' કે 'શક્તિ' આજે પ્રાયઃ થોડાઓ જ ધરાવે છે. ખરું શું અને ખોટું શું, હિત શું અને અહિત શું, સંભવિત શું અને અસંભવિત શું, લાભદાયક ચીજમાં પણ લાભ કરતાં ગેરલાભનું તત્વ વધી તો નથી જતું, ઇત્યાદિ બાબતોનો 'વિવેક' કરવાની શક્તિ થોડાઓ જ ધરાવે છે. સ્થૂલ પરતંત્રતા એટલે દેહ કે પરરાજ્યની તાબેદારી માટે આજે લોકો દીલગીર થાય

છે, પણ એથીએ વધારે સખ્ત બેડી અર્થાત્ માનસિક પરતંત્રતા માટે તો આજના જૈનોને કાંઇ ખેદ થતો નથી. ગુલામો કોઇ દિવસ બહાદુરી કરી શકે જ નહિ, તેમ માનસિક પરતંત્રતામાં ઉછરેલાઓ કોઇ દિવસ અધ્યાત્મ બલ પ્રાપ્ત કરી શકે જ નહિ; અને તેથી જ શાસ્ત્રકારોએ આ કાળમાં કૈવલ્ય પ્રાપ્ત થવું પ્રાયઃ અશક્ય બતાવ્યું છે. જે મનુષ્ય ઉહાપોહ કરતો નથી તે 'વિચારક' બની શકવાનો નહિ, અને જે 'વિચારક' નથી તે 'વિચાર' કે 'બુદ્ધિ'ની પણ પેલી પારની આત્માનુભવની સ્થિતિને સ્પર્શી શકવાનો નહિ. પરન્તુ ઉહાપોહ કરનારે ડગલે ને પગલે શંકા કરવી જ પડે અને શંકાનું નિરાકરણ કરવા પ્રયત્નશીલ પણ થવું પડે; હવે જો શંકા કરવી એ જ 'પાપ' ગણાતું હોય તો પછી ઉહાપોહ થવાની તો આશા જ શી રાખવી? ગમે તે પુસ્તક, ગમે તે લેખ, ગમે તે ભાષણ સાભળીને આજના વિદ્વાનો પણ તે મતમાં 'વટલાઇ' જાય છે, પણ ભાષાની ખુબીની અને વાચાની છટાની અસરમાં-તે હીપ્નોટીઝમમાં-ખેંચાઇ જવાની ના કહી માત્ર ત્હેમના સિદ્ધાંતને જ પકડી લઇ તે સિદ્ધાન્તની ચારે બાજુને નિશ્ચલ અને કોરા કાગળ જેવા (unprejudiced) મગજની તપાસવા જેટલી પ્રૌઢતા આજે કહેવાતા વિદ્વાનો, સાક્ષરો અને આચાર્યોમાં પણ નથી. આ પ્રમાણે આજનો જૈનસમાજ પ્રાયઃ ગાડરસમૂહ બની ગયો છે. 'અનંત જ્ઞાનનો અધિકારી—એક દિવસ ત્રિલોકનો સ્વામી બનવા નિર્માયલો—એવો હું-શું અમુક એક માણસ, અમુક એક જ્ઞાતિ, અમુક એક સંઘ-અમુક એક આચાર્ય કે અમુક એક લેખકના અભિપ્રાયનો ગુલામ બનું? શું મ્હને પણ મગજ અને હૃદય વારસામાં નથી મળ્યાં કે હું બીજાના મગજ કે હૃદયની પાછળ આંધળો થઇને દોરાઇ જાઉં?' આવો પ્રશ્ન જો કોઇ પોતાને જ પૂછે તો એનામાં સ્વમાન—આત્મશ્રદ્ધા બલવાન થાય અને તેથી ક્રમેક્રમે ત્હેની શક્તિઓ ખીલવા લાગે. મિત્ર! ત્હને શું નથી લાગતું કે એક ચક્રવર્તી રાજાને ભિક્ષુક તરીકે રોટલીના ટુકડા માટે યાચના કરતો જોવાથી સહૃદય જોનારને જે દુ:ખ થવું સંભવિત છે તે કરતાં હજારગણું દુ:ખ, 'ભાવી સિદ્ધ અને આજના મનુષ્ય'ને પ્રતિક્ષણ વ્યવહારમાં તેમજ ધર્મમાં બીજાઓના જ અભિપ્રાય કે આજ્ઞાને ચુપચુપ તાબે થઇ ગાડરની માફક નીચે મ્હોડે પાછળ પાછળ ચાલ્યો જતો જોવાથી થવું જોઇએ?

અને શું એ સંભવિત નથી કે જે ગતાનુગતિક સ્વભાવે હમણાં જ આપણી નજર સ્હામે ગાડરોના ટોળાને જળસમાધિ કરાવી તે જ ગતાનુગતિક સ્વભાવ એક દિવસ જૈન સમાજને પણ સમ્પૂર્ણ નિર્માલ્યતા અને વિનાશની ખાઇમાં હોમી દેશે ? અરેરે ' णो लोगस्सेसणं चरे ' અર્થાત્ ગાડર બનવાની ચોકખી ના કહો અને સ્વતંત્ર બુદ્ધિબળ ફોરવો, એવું શાસ્ત્રવચન પણ આજે દબાઈ ગયું છે અને ઉલટા જેઓ રીવાજ કે લોકમાન્યતાથી લેશ માત્ર જૂદા પડવાની હિમત કરવા બહાર પડે ત્હેમના પર અનેક પ્રકારનો જુલમ કરવામાં આવે છે: આવા સમાજને ઉગરવાનો—તરવાનો સંભવ શો ? જે સમાજે ધર્મને તુંબડા તરીકે વા સ્થાન બદલે પત્થરની શીલા તરીકે વાપરવા માંડયો, જે સમાજે સમાજશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્ર વચ્ચેનો ભેદ પીછાનવાની પણ દરકાર છોડી દીધી, જે સમાજ પૂર્વના જ્ઞાનનું રહસ્ય શોધવા ના કહે છે અને નવીન જ્ઞાનથી પણ ભડકે છે, જે સમાજના શબ્દકોષમાં 'સાહસ' 'સ્વાતંત્ર્ય' 'શૌર્ય' 'શક્તિ' એ શબ્દોના પર્યાયવાચક શબ્દ તરીકે 'પાપ' લખાયલું છે, જે સમાજમાં એક તરફથી કૃપણતા અને બીજી તરફથી આંધળા સખાવત ચાલુ છે, જે સમાજમાં શાસ્ત્રોના અભ્યાસીઓ પ્રાય ' વેદીઆ ઢોર ' અને પાશ્ચાત્ય શિક્ષણ પામેલા પ્રાય. ધર્મતત્ત્વની જ દરકા વગરના તથા બાકીનો બધો વર્ગ અંધશ્રદ્ધાલુ છે એવા સમાજના પુનરૂદ્ધારની આશા કેવી રીતે રાખી શકાય ? " એટલું કહેતાં કહેતાંમાં તો મ્હારા ચક્ષુમાંથી અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો અને મ્હારી વાચા કુંઠિત થઇ ગઇ. મ્હારા મિત્રને પણ એથી પ્રબળ અસર થવા પામી ત્હેણે કહ્યું: "ખરેખર, દોસ્ત ! આપણા સમાજની સ્થિતિ અત્યંત ભયંકર છે આપણા ભવ્ય મહેલને ચોતરફથી અને એટલા જોરથી આગ લાગી છે કે જ્હેને બુઝાવવા માટે થતા બેચાર પામર વ્યક્તિઓના પરિશ્રમથી કાંઇ દહાડો વળે તેમ નથી. હવે તો કોઇ સ્વર્ગમાંના દેવો—જો તેઓ ખરેખર જ હયાતી ધરાવતા હોય તો—આપણા વચ્ચે ઉતરી આવે અને આગ બુઝાવે તો જ મહેલ બચવા સંભવ છે."

ડાકટરના મ્હોમાંથી છેલ્લું વાક્ય પુરૂં નીકળ્યું પણ નહિ હોય એટલામાં અમારા બન્નેના મસ્તકના દરેક છીદ્રમાંથી આસમાની રંગનાં વાદળાં નીકળવા લાગ્યાં. એ વાદળાંના ગોટેગોટથી અમારી નજર સ્હામેની ખાલી જગા ભરાઇ ગઇ. થોડી મીનીટમાં એ આસમાની

રંગના અવકાશ વચ્ચે સૂર્યકીરણો જેવાં કીરણો ઉત્પન્ન થયાં અને એમાંથી એક ભવ્યમૂર્ત્તિ દેવી ઉત્પન્ન થતી અમારી નજરે પડી. એના ચહેરાના અપૂર્વ તેજ હતું, જો કે તે તેજ અસહ્ય નહિ પણ ઠંડક આપનારૂં હતું. એમાં અકથ્ય લાલિત્ય રમી રહ્યું હતું, જો કે તે સાથે જ ગંભીરતા પ્રકટી નીકળતી હતી. એમાં અસામ શક્તિ નાચી રહી હતી, જો કે તેથી ભયની લાગણી ઉત્પન્ન થવા પામતી નહોતી. એક જબરજસ્ત તારો (પાણીમાં તરવાની કલાનો ઉસ્તાદ) જેમ પાણીના પટ પર ઉલ્લાસથી ક્રીડા કરવા સાથે તરે છે તેવી જ કોઇ અવર્ણનીય ગતિ તે દેવી આસમાની: વાતાવરણમાં કરી રહી હતી. એનું હલનચલન તરવા કે નાચવા રૂપ હતું, અને જ્યહારે એણે બોલવું શરૂ કર્યું ત્યહારે પ્રથમ તો અમને એમજ લાગ્યું કે કોઇ અપ્સરા દેવી ગાન કરી રહી છે! ત્હેણે અમારી બન્નેની આંખો સાથે પોતાની આંખો સાંધીને સ્મીત હાસ્યથી કહ્યું "દેવોના વહાલાઓ! ત્હમે દેવોની હયાતીમાં શંકા કરો છો? જેનો ઇર્ષા ખુદ દેવો પોતે કરે છે એવો વારસો ધરાવતા મનુષ્યો! શું ત્હમે દેવોની સહાય ઇચ્છો છો? સ્હમજો કે દેવો, દાનવો અને માનવોમા ત્હેમને દેવ, દાનવ અને માનવ તરીકે ઓળખાવનાર જે તત્ત્વ છે તે હમણાં ત્હમારી સમક્ષ ઉપસ્થિત છે. ત્હમે આજના જડવાદના જમાનાના લોકો તે તત્ત્વની હયાતી પર પણ શ્રદ્ધા ધરાવતા નથી—રે ખુદ શ્રદ્ધાળુ અને ધર્માત્મા કહેવાતા ત્હમારા મનુષ્યબંધુઓ પણ મદદ માટે કોઇ દૂરના જ દેવની આશા કરે છે, પણ તેઓ નથી જાણતા કે દેવનું જે તત્ત્વ ત્હેમને મદદ માટે જોઇએ છે તે તત્ત્વ તો ત્હેમની પોતાની જ અંદર છે. એ સત્ય શ્રદ્ધા આજે આ દુનિયામાંથી ઉડી ગયેલી જોઇ ત્હેની ખાત્રી કરાવવા માટે જ મ્હારે આજે ત્હમારી સમક્ષ સ્થૂલ સ્વરૂપમા ઉપસ્થિત થવું પડ્યું છે. મ્હારૂં નામ શક્તિ છે, કોઇ મ્હને શાસન દેવી (Ruling Power; 'Will-to-Power') પણ કહે છે. હું સિદ્ધોમાં રહું છું, દેવોમા રહું છું, માનવમાં પણ રહું છું; મ્હને પોતામાં હોવાનું જેઓને 'ભાન' નથી એઓમાં પણ હું વસું છું. પણ ત્હેમાં હું માત્ર પોઢી રહું છું. જેઓને પોતામા મ્હારી હાજરીનું 'ભાન' છે તેઓમાં હું જાગ્રત્ સ્થિતિમાં રહું છું અને તેથી તેઓને કોઇની મદદની ગરજ કરવી જ પડતી નથી. ત્હમે હમણાં મ્હારા આગમનની રીત પરથી જ જોઇ શક્યા હશો કે હું આકાશ કે પાતાળથી નહિ, પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણથી નહિ, પણ

ત્હમારા પોતાના સ્વરૂપમાંથી જ પ્રકટ થઈ છું. શા માટે દેવોના અસ્તિત્વની ચર્ચા કરો છો ? ઓ શંકાશીલ મનુષ્યો ! દેવોને દેવત્વ બક્ષનાર હું પોતે ત્હમારી પાસે જ છુ—ત્હમારી અંદર જ છુ. ત્હમને ત્હમારા સમાજની દશા દયાજનક હોવાનું સૂચવનાર પણ હું જ છું; કારણ કે હું જ્ઞાનમય છું. એ દયાજનક દશા દૂર કરવા માટે ત્હમારે બ્હાર ક્યાંઇ મદદ ઢુંઢવાની જરૂર નથી—એમ કરવું અર્થસાધક પણ નથી—ત્હમારે ત્હમારા સમાજની જૂદીજૂદી વ્યક્તિઓમાં રહેલી શક્તિઓને પીછાનવા અને તે ભિન્નભિન્ન શક્તિઓમાંથી **સંયુક્ત શક્તિ** ઉત્પન્ન કરવા તરફ જ લક્ષ આપવુ ઘટે છે; અને એથી ત્હમારી સઘળી મુરાદો પાર પડશે એ મ્હારું વચન છે; કારણ કે હું ધનાઢ્યના ધનમા રહું છું, બુદ્ધિશાળીના મગજમા રહું છું, શાસ્ત્રાધ્યાયીના હૃદયમા રહું છું. હુ જ્યહાં જ્યહાં રહુ છું તે દરેક સ્થળ શોધો અને તે દરેક સ્થળમાંથી મ્હારાં જૂદાંજૂદાં અંગો એકઠા કરી આખુ સ્વરૂપ બનાવો તો દેવલોકના તમામ દેવો કરતાં અનેકગુણ વધારે સહાયક તત્વ ત્હમે ઉત્પન્ન કરી શકશો. સિદ્ધિના ઉમેદવારો ! અનંત બળના ઉમેદવારો ! 'હાર્યા દેર' જેવા રોતડ થઇને દેવોની મદદ શું ઇચ્છો છો? શું ત્હમારૂં દેવત્વ એ એક કલ્પના માત્રજ છે? દેવોને પણ ક્ષણભર નમાવનાર ત્હમે મનુષ્ય છો અને તે છતાં ત્હમારી ખાનદાની ભૂલી જઇ હમેશ રોતડ બાળકની પેઠે આંસુ પાડ્યા કરો છો તથા પારકી મદદ માટે જ ફાટેલી તથા ઉંચે ગયેલી આંખો વડે 'પ્રાર્થના' કર્યા કરો છો એથી મ્હને અપમાન આપો છો ઉઠો, જાગો, કમર કસો; ત્હમારા સમાજમાના શ્રીમંતોને શોધો, શાસ્ત્રોના અભ્યાસી પંડિતોને શોધો, તેમજ આધુનિક વિદ્યાના અભ્યાસી વિદ્વાનોને પણ શોધો. ત્હમે જોશો કે એકમા જે શક્તિ છે તે બીજામાં નથી, ત્હેનામાં જૂદી જ જાતની શક્તિ છે, પણ તે સઘળી શક્તિઓને એક સ્થળે એકઠી કરવાથી જ મ્હારૂં સ્વરૂપ ખડું થશે. આધુનિક વિદ્યાના અભ્યાસીઓને શોધીને ત્હેમને કહો કે, ત્હમારા સમાજની આજની સ્થિતિનો બારીકાઇથી અભ્યાસ કરે અને ત્હેની પૂર્વની સ્થિતિ તથા આજના બીજા સમાજોની સ્થિતિ સાથે ત્હેનો મુકાબલો કરી ખુટતા તત્વો શોધી કહાડે; એટલુજ નહિ પણ એ ખુટતાં તત્વો પુરા પાડવા માટે તેઓની બુદ્ધિ શું શુ માર્ગો સૂચવી શકે છે તે પણ ત્હેમની પાસેથી જાણી લ્યો. પછી ત્હમારા સમાજ-

માંના ધર્મશાસ્ત્રાભ્યાસીઓને શોધીને ત્હેમને પણ એવી જ રીતે અભ્યાસ અને શોધન કરવા કહો અને તેઓ જે જે માર્ગો સૂચવી શકે તે ત્હેમની પાસેથી પણ જાણી લ્યો. તે પછી એ બન્ને વર્ગોની સલાહો પર ગંભીરતાથી પણ પૂર છૂટથી ચર્ચા-ઉહાપોહ-કરો અને સમાજસુધારણા તથા ધર્મરક્ષાની યોજના મુકરર કરો. એ યોજના અમલમાં મુકવાનું કામ શ્રીમંતોની શ્રી વડે જ બની શકશે, માટે હવે એમને પકડો અને ત્હમારી પાસે જે કાંઇ વક્તૃત્વ-શક્તિ, ભાષાબળ, સ્હમજાવવાની શક્તિ, ઇચ્છાશક્તિ તેમજ લાગવગની શક્તિ મોજુદ હોય તે સર્વનો ઉપયોગ કરીને ત્હેમની પાસેથી જેટલું ધન કઢાવી શકાય તેટલું કઢાવો. એ ધન વડે સમાજસુધારણા અને ધર્મરક્ષાની સઘળી યોજનાઓ અમલમાં મુકો. આ સઘળી ક્રિયા--સઘળી ભિન્નભિન્ન પ્રવૃત્તિ એ બીજું કાંઇ નહિ પણ 'શક્તિ'નો 'વ્યવહાર' છે—શક્તિનું પ્રકટીકરણ કે સ્થૂલીકરણ છે. માત્ર પ્રાર્થના કે રૂદનથી ત્હમારા સમાજ રૂપી મહેલને લાગેલી આગ બુઝાવાની નથી. કોરી ઇચ્છા કરવાથી કાંઇ આગ બુઝાવાની નથી; ભાષણો અને લેખોના બકબકાટ માત્રથી પણ કાંઇ વળવાનું નથી; શ્રીમંતોના કરોડો રૂપીઆના દાનો માત્રથી પણ કાંઇ કાર્યસિદ્ધિ થવાની નથી. કાર્યસિદ્ધિ માટે ધોરણસર યોજના થવી જોઇએ અને યોજના કરનારાઓનાં હૃદય સમાજસેવા માટે તલસી રહેલા હોવાં જોઇએ. યોજના લાંબા વિચારથી અને સાચા જીગરથી ઘડાવી જોઇએ, એ પહેલામાં પહેલી જરૂરીઆત છે, અને બીજી જરૂરીઆત એ યોજનાને વળગી રહી એને અમલમા મૂકવાના નિશ્ચયની છે. નિશ્ચય વગર ઇચ્છાબલ હોઇ શકે નહિ અને ઇચ્છાબલ (will-power) વગર કાર્યસિદ્ધિ સંભવે જ નહિ ઇચ્છાબલના મૂળમાંથી કાર્યસિદ્ધિના માર્ગો આપોઆપ ડાળી રૂપે ફુટી આવે છે અને એના ઉપર પરિણામરૂપી સુંદર ફળો પણ સ્વભાવત પ્રકટી નીકળે છે. શ્રીમંતો પાસેથી નાણાં મેળવવાનું જે કામ આજે ત્હમને મુશ્કેલ લાગે છે તે કામ વસ્તુતઃ—સ્વભાવતઃ—તો મુદ્દલ મુશ્કેલ નથી, પણ ત્હમારા ઇચ્છાબલના ફણગા તરીકે તે આપોઆપ થઇ આવવાનું. જે ઇચ્છાબલ ઇન્દ્રના વજ્રને તોડી શકે તે ઇચ્છાબલ આગળ બીચારા શ્રીમંતોનાં હૃદય શું વીસાતમાં છે? જાગો, જીવનપ્રવાહમાં નાચો; કર્ત્તવ્યક્ષેત્રમાં ઇચ્છાબલની તરવાર સાથે ઘુમો; પ્રહારને 'યોદ્ધાની શોભા' માની

આલ્હાદ પામો; વિજયોને માટે વાજબી મગરૂરી લેતાં ખોટી શરમ ન રાખો. ત્હમે વાજબી મગરૂરીના હકદાર છો એ સત્યમાં શ્રદ્ધા રાખો, કારણ કે ત્હમે વીરના નહિ પણ મહાવીરના તનુજો છો અને શક્તિનો નિવાસસ્થાન છો. જાઓ ત્હમારી દુનિયામાં અને ત્હમારા સમાજમાં, જાઓ અને ત્હેની દરેકેદરેક વ્યક્તિને ઉદ્‌ઘોષણ કરીને વાકેફ કરો કે સઘળા દેવોની અધિષ્ઠાતા દેવી પોતે ત્હમારા ઉદ્ધાર માટે સદા તૈયાર છેઃ એને પીછાનો, એનામાં શ્રદ્ધા રાખો, એને ત્હમારા જીગરમાં જાગ્રત્ કરો અને ત્હમારા ઉદ્ધાર અને સુખનો રસ્તો સાફ કરવા દો ! જાઓ એકેએક સાધુને–સાધ્વીને–શ્રાવકને–શ્રાવિકાને ત્હેમના બળતા મહેલનું ભાન કરાવો અને એ બળતા મહેલને બચાવવા માટે ત્હેમની પાસે જે થોડાંઘણી ‘માટી’ હોય ત્હેને એ આગમાં હોમવા કહો. જાઓ અને ત્હમારા ગળાના જેટલું જોર હોય તે સઘળું એકઠું કરીને ત્હેમને કહો કે, કિંમત ભર્યા વગર કોઇ ચીજ મળી શકે જ નહિ અને ભોગ આપ્યા સિવાય ઉદ્ધાર સંભવે જ નહિ. જાઓ, આકાશ ફાટી જાય એવા અવાજથી જાહેર કરો કે ઉદય થશે–જૈનસમાજનો ઉદય થશે જ–પણ તે લોભીઆઓથી નહિ જ, નહિ કાયરોથી; ના નહિ વાતોડીઆઓથી કે ટીકા અને સલાહો સ્હામે દાંતીઆં કરનારા મુડદાઓથી; પણ ઉદય થશે–અને જરૂર થશે–માત્ર ‘વિચારકો’થી–વસ્તુસ્થિતિને ધીરજથી અભ્યાસનારા અને હિંમતથી જાહેર કરનારા ઉંડા વિચારકોથી તથા વિચારકોમાં શ્રદ્ધા રાખી ત્હેમની સૂચના પાછળ ધનનો અને સમયનો ભોગ આપનાર સાચા ભક્તોથી અને આ દેવવાણી–આ ભવિષ્ય કથન–ઘેરેઘેર સંભળાવી દો કે **જૈનસમાજનો ઉદ્ધાર થશે અધ્યાત્મરસિકો, વિદ્યાપ્રેમીઓ અને શ્રીમંતોના સંયુક્ત બળથી.**”

આ શબ્દો હું સાંભળું છું તેટલામાં બીછાનામાં સૂતેલા મ્હારા સ્થૂલ શરીરને એક શ્રીમંત દોસ્તે આવી જગાડ્યું અને મ્હારા અમૂલ્ય સ્વપ્નનો અંત આણ્યો. આહ, કેવો અદ્ભુત આનંદમય દેખાવ ! કેવા અમૃતમય શબ્દો ! કેવું શક્તિપ્રેરક વાતાવરણ ! એ સ્વર્ગમાંથી એક ક્ષણમાં આ શુષ્ક—લુખ્ખી દુનિયામાં મ્હને ખેંચી લાવનાર મિત્ર તરફ પ્રથમ તો મ્હને ઘણો ક્રોધ ચ્હડ્યો; પણ તુરત જ ભગવતી શક્તિનું વચન યાદ આવ્યું કે શ્રીમંતોમાં પણ તે દેવી

શક્તિરૂપે રહેલી હોવાથી મ્હને ત્હેનાથી છેડાવું પાલવવું જોઇએ નહિ. તેથી મ્હેં ક્રોધને હાંકી કહાડયો અને આશા બાંધી કે એક દિવસ એ શ્રીમંત મિત્રની લાખોની મિલ્કત મ્હારા માનીતા 'જૈન મહેલ'ના રક્ષણ માટે મેળવી શકાશે. હા, મ્હને એવી શ્રદ્ધા હતી,—અને શ્રદ્ધા કેમ ન હોય? ખુદ મ્હારી અધિષ્ઠાતા દેવીએ મ્હને વચન આપ્યું હતું કે શ્રીમંતો, માસ્તર લોકો અને આધ્યાત્મિક પંડિતોના સંયુક્ત બળથી જૈન સમાજની વસંત ઋતુ પુનઃ ખીલશે ખીલો, બહુ ખીલો, ચીરકાલ સુધી ખીલો મહાવીરશાસનની વસત ઋતુ!

વાડીલાલ મોતીલાલ શાહ.

'વ્યવહાર' ના પડદા પાછળ ડોકીયા = સ્વાનુભવો તથા એકાંતની પ્રેરણાઓ.	**નગ્ન સત્ય.** (માત્ર વિચારકો માટે)	" My Truth is *my* truth. I will follow *that* only, and at *any* cost. Oh the *joy* of being *my* own Creator&Destroyer "

(૨)

દુનિયા કોની ઈર્ષા કરે છે? 'શક્તિ'ની. જે 'આનંદ'મય શક્તિ દુનિયાના સામાન્ય ગણના નસીબમાં નથી તે જ્યારે કોઈ મનુષ્યમાં જોવામાં આવે છે ત્યારે 'દુનીઆ'થી–'જડ'થી–'મૃત્યુ'થી–'નબળાઈ'થી–'ગુલામી'થી બંધાયલી વ્યક્તિઓ ભીતરમાં 'ઈર્ષાનો આગ' અનુભવે છે,—રે તે આનંદી શક્તિ ધરાવતા મનુષ્યના સગાઓ અને સંબંધીઓ પણ ઈર્ષાગ્નિમાં બળવા લાગે છે અને પેલા સુખી–આનંદી–બળવાન મનુષ્યને ત્હેના 'સ્વર્ગ'માંથી ખેંચી પોતાના 'નરક'માં ઉતારવાના તમામ પ્રયત્નો અજમાવે છે. તેઓ ત્હેની હાંસી કરે છે, ત્હેના ઉમદામાં ઉમદા શબ્દ કે આશય કે કૃત્ય ઉપર ક્ષુદ્રતાનો રંગ ચ્હડાવે છે (અર્થાત 'આરોપ' મુકે છે), અને ત્હેના માર્ગમાં કાંટા અને પથરા તથા બળતા કોલસા નાખે છે.... . બહાદુર પુરૂષ! એ કસોટી ત્હારે પસાર કરવી જ પડશે, કે જેથી તું 'પોતા' ઉપર આધાર રાખતાં અને 'પોતા'માં સઘળી ઈચ્છાઓનાં સુખ અને સાધન શોધતાં શિખે. વંટોળીઆ વચ્ચે પહાડની માફક ઉભો રહે, વીર! અને જગતના વંટોળીઆ ઉપર ઉંડે કલેજે હાસ્ય કર. ઉત્તમ 'તાલીમ' પામેલું લશ્કર જેમ દુશ્મનોનાં તીરો કે ગોળાઓના વર્ષાદ વચ્ચે પણ સ્થીર ઉભું રહે છે કે પોતાના સિરદારની આજ્ઞા હોય તો ફરમાવેલી દિશાએ જ—જાણે કાંઈ પણ પ્રતિરોધ નથી એમ માની–ચાલ્યા કરે છે, તેમ આત્મબળ અને આત્મવાદથી ઉત્પન્ન

---

* 'નગ્ન સત્ય'નો લેખ ગયા સપ્ટેમ્બરના અંકમાં શરૂ કર્યો હતો અને તે પછી આ અંકમાં જ આગળ ચલાવ્યો છે. પાછલા અંક સિવાય પણ આ અંકનો લેખ સમજી શકાય તેમ છે; કારણ કે તે કોઈ એક વિષયની ચર્ચા કે કથા રૂપે લખાતો લેખ નથી, પણ પ્રાસંગિક વિચારો અને અનુભવોનો સંગ્રહ છે. તથાપિ કોઈ 'વિચારક'ને પાછલો અંક જોઈએ તો તુરતમાં મંગાવવાથી મળી શકશે. માત્ર ૨૫ નકલો શીલીકમાં છે.

થતી શક્તિઓથી ડરવાના 'સ્વભાવ' વાળી દુનિયા જ્યારે ત્હારા ઉપર પોતાનાં સઘળાં અસ્ત્રશસ્ત્ર સંયુક્ત બળથી ફેંકવા લાગે ત્યારે ત્હારા આત્મા રૂપી શિરદારની **પ્રથમથી મળેલી** આજ્ઞા અનુસાર ત્હારી ગતિ-જાણે દુનિયા હયાત જ નથી એમ શ્રદ્ધા રાખી-ચાલુ રાખજે. પ્રત્યેક વિચાર, પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક કાર્ય 'સામાયિક વ્રત' સાથે—સમતોલ વૃત્તિ સાથે—ત્હારી પોતાની અંદરના આત્માની 'શક્તિ, અમરતા અને આનંદ'માં અડોલ શ્રદ્ધા સાથે—કરજે. આ પોતાના બળની, પોતાની ઉંચી ખાનદાનીની, પોતાના સર્વોપરીપણાની શ્રદ્ધામાં જો ડગ્યો તો દુનીઆનાં ભૂતડાં ત્હને ઉંચે શિખરેથી પાતાળમાં પછાડશે અને ગીધ પક્ષીની તૃપાથી ત્હારાં લોહી-માંસ ચુસી લેશે. ભૂલતો ના, ક્ષણભર પણ વિસરતો ના, કે તું સામાન્ય ગણુ-ગાડરાઓ-ગુલામોની 'જ્ઞાતિ'માં જન્મેલો નથી, તું પહાડી શિખર છે, તુ પોતે રચેલી 'વાડીનો' એકલો 'લાલ' છે. 'વાડા'ઓનાં ગાડરાની ગંદકી નહિ પણ વિકસિત પુષ્પોની 'વાડી'ના પરાગનો તુ હક્કદાર છે, કે જે હક્ક—જે જન્મહક્ક—જે વારસો ત્હારી પાસેથી ખુચવવા કોઇ 'ગાડર' સમર્થ નથી

* * * * *

ઉંચો વિચાર કે સત્યનુ કોઇ સ્વરૂપ દૃષ્ટિગોચર થવામાં અનેક નડતર છે. શરીર અને મનની અમુક સ્થિતિઓ હરકતરૂપ થાય છે, અગર અમુક પ્રવૃત્તિઓ ઉંચા વિચારને અવકાશ જ મળવા દેતી નથી; સમાજે માની લીધેલા ખ્યાલો, કે વ્યક્તિએ પોતે આગળથી બાંધી રાખેલા વિચારો, કે વારસામાં મળેલી અમુક પ્રકૃતિ પણ નડતરરૂપ થાય છે, કોઇ બાબત, કોઇ બનાવ, કોઈ અમુક જાતના પુસ્તકનુ વાંચન પણ વખતે વિઘ્નરૂપ થાય છે. આટલી બધી દીવાલોને ચીરીને સત્યના એકાદ સ્વરૂપના 'ઝાંખા' થવી એ શુ ઓછુ મુશ્કેલ કામ છે? . . ...અને . અને આટલી બધી મુશ્કેલીઓ વટાવ્યા **પછી** હાથ લાગતું સત્ય જે આજ સુધી 'અંતીમ સ્થાન' હતું તે હવે માત્ર 'વિશ્રાન્તિ સ્થાન' જ હોવાનું ભાન થાય છે અને એથીએ વધારે દૂરના સત્યનો લોભ લાગે છે!.. કોણ કહી શકશે કે સત્ય અમુક જ **સ્થળે** છે?—**સ્થિર** છે?— **નિશ્ચિત** છે?

* * * * *

ઉંચો વિચાર **થવામાં** અનેક મુશ્કેલીઓ અને અનેક નડતર છે, પણ થોડા વખતને માટે થયેલો ઉંચો વિચાર **બન્યો રહે**-આંખ આગળ **પ્રતિક્ષણ ઉપસ્થિત** રહે એમ બનવું એ વળી

એથી પણ વધારે મુશ્કેલ છે. એ મુશ્કેલીનું જાણપણું એક દેખીતા વિરોધાભાસનો ખુલાસો પુરો પાડે છે અધ્યાત્મની વાતો કરનારાઓ પ્રાયઃ નબળા, રોતડ, નિશ્ચય વગરના કે 'દુઃખીઆરા' દેખાય છે ત્હારે કેટલાકો કહે છે કે તેઓ ખરેખર અધ્યાત્મ સ્હમજતા જ હોત તો આવા હોત નહિ; પણ એમ નથી,-સ્હમજવું એ એક વાત છે અને 'સ્હમજ'ને સ્વાનુભવો વડે, દુખો વડે, અંતરના વલોણાના પ્રસંગો વડે વધારે ને વધારે મજબૂત બનાવી 'જીવતી શ્રદ્ધા' (living faith) બનાવવી એ વળી બીજી વાત છે. સત્યના કોઇ અંગનો 'ચમકારો' જોવા એટલે કે કોઈ મહાન વિચાર ઉદ્‌ભવવો એ ખરેખર સદ્‌ભાગ્ય જ છે, પણ એ ચમકારો-એ વિજળી પડછાવાની માફક થોડા વખતમાં અદૃશ્ય પણ થાય. એ ચમકારાને પકડી રાખવામા આવે-એને ચળકતા પદાર્થ તરીકે પુગી રાખવામાં આવે તો નો અંધાઈ કે રોતડપણું કે દુઃખીઆરાપણું હોય જ નહિ. આ દશા ઉંચી છે; અને ને, ચમકારાની પ્રાથમિક દશામાંથી જ ઉદ્‌ભવે છે. આહા તે પુરૂષો કેવા ભાગ્યશાળી છે કે જેઓ પોતાના મગજમાં ઝબકી ઉઠતા એક ઉચ્ચ વિચારને બીજી બાહ્ય પ્રવૃત્તિઓમા પડી ગુમાવી ન નાખતા એ વિચારને વધારે ને વધારે સ્થીર, દૃઢ, સ્થૂલ બનાવવા માટે જોઇતું 'ધ્યાન' કરવાની ફુરસદ મેળવી શકે છે'

* * * * *

આહો વિચિત્રતા! અહો 'નીતિ'! અહો 'ધર્મ'!.... શક્તિનુ 'ભાન' હોવુ કે એ 'ભાન' જણાવવુ એને 'ધર્મિષ્ટ' (!) દુનિયા ગર્વ-અનીતિ-પાપ ઠરાવે છે અને લોકોને એથી ભડકાવે છે. ભડકવું એ જ જેનો 'સ્વભાવ' બન્યો છે એવા મનુષ્યો આ પ્રમાણે હમેશ શક્તિથી દૂર અને વધુ દૂર હઠતા જાય છે. અરેરે નરક અને મોક્ષ વચ્ચેનું અંતર પ્રતિદિન ઘટવાને બદલે ઉલટું પ્રતિદિન—નહિ પ્રતિક્ષણ-વધ્યે જાય છે'...રાજમાર્ગી, તું દુનિયાના માર્ગ જોઇ શંકાશીલ થતો ના; ત્હારો અને ત્હેનો માર્ગ બરાબર એક જ લીટીમાં પણ તદ્દન ઉલટી દિશામાં છે અને ત્હારા 'જીવન'ની પ્રતિક્ષણ ત્હને 'ગુલામમાર્ગી'ના જીવનથી વધારે ને વધારે દૂર જ ખેંચી જવા બંધાયલી છે. એ પરિણામ નિર્માયલુ જ છે વિશ્વના અટલ કાયદામાં એ કલમ વજ્રના હરફથી લખાઇ ચૂકેલી છે. માટે ચિંતા ના કર, દરકાર ના કર, તું પણ 'વજ્રનો હરફ' થા!

* * * *

PEOPLE WILL TALK.

You may get through the world, but 'twill be very slow
If you listen to all that is said as you go;
You'll be worried and fretted and kept in stew,
For meddlesome tongues must have something to do—
And people will talk.

If quiet and modest, you'll have it presumed
That your humble position is only assumed.
You're a wolf in sheep's clothing, or else you're a fool,
But don't get excited, keep perfectly cool—
For people will talk.

And then if you show the least boldness of heart,
Or a slight inclination to take your own part,
They will call you an upstart, conceited, and vain,
But keep straight ahead—don't stop to explain—
For people will talk.

If threadbare your dress and old-fashioned your hat—
Someone will surely take notice of that,
And hint rather strong that you can't pay your way
But don't get excited, whatever they say—
For people will talk

If your dress is in fashion, don't think to escape—
For they criticize then in a different shape—
You're ahead of your means, or your tailor's unpaid,
But mind your own business, there's naught to be made—
For people will talk

Now the best way to do is to *do as you please*,
For your mind, if you have one, will then be at ease
Of course, you will meet with all sorts of abuse,
But *don't think to stop them*—it's not any use—
For people will talk

* * * * *

બે કુટુમ્બીઓ વચ્ચે એકદા વિવાદ થયો. એકનું નામ હતું હીરો, બીજાનું, કોલસો. પદાર્થવિજ્ઞાન (સાયન્સ)ના ઉસ્તાદો આ બન્નેને એક જ કૂળના સંતાન જણાવે છે.

કોલસો:—" બન્ધુ હીરા ! તું આટલો બધો કઠણ કેમ બન્યા ? શું ત્હારે આપણે એક જ કૂળમાં જન્મ્યા છીએ એ વાત ખોટી કરી?"

હીરો:—"બન્ધુ કાલીદાસ! હું હને પૂછું છું: તું આટલો બધો પોચો કેમ? હારી કિંમત શું? અને મ્હારી? એ તફાવત શાને આભારી છે તે તું હજી પણ સમજી શકે છે? પ્રકાશવું, ગમે તેવી કઠણ ચીજને પણ મ્હારા વડે કાપી-બે ભાગ કરી મ્હારી સર્વોત્તમ કઠણાશનો વિજયધ્વજ ફરકાવવો અને કોઇથી કપાવું નહિ. એ જ મ્હારા બહુમૂલ્યનું રહસ્ય છે. વળી ત્રાંબા, પીતળ, ચાંદી તેમજ સોનાની કિંમત તો લગભગ સ્થિર—ચોકસ—હોય છે, પણ મ્હારી કોઇ ચોકસ કિંમત હોઇ શકતી નથી, તેમજ મ્હારી કિંમત પણ થોડાઓ જ આંકી શકે છે. અસાધારણનું બધું અસાધારણ! પોચાભાઇ! હારી અને મ્હારી દિશાઓ અને પ્રકૃતિઓ તદ્દન ભિન્ન છે અને સદાને માટે તેમજ રહેશે; માટે વિવાદ છોડી દઇ પેલી મજુરણના ચૂલામાં જા, તે બિચારી હને ગરમ કરવાની રાહ જુએ છે! અને હું પણ આ ચાલ્યો— દુનિયાના બજારની સ્હેલ કરવા અને ભલભલાઓની અક્કલ અને તીજોરીઓનું માપ કરવા!"

* * * *

"ઓ પ્રભો! હું પાપીને તું બચાવ, ક્ષમા કર, સહાય કર!" . . . કેટલા થોડા માણસો છાતી ઠોકીને કહી શકશે કે તેઓએ આ શબ્દો એકથી વધારે વખત ઉચ્ચાર્યા નથી? દુનિયાના ધર્મો અને ધર્મીઓ આને ભક્તિપરાયણતા—પવિત્રતા—નમ્રતા—આસ્તિકતા કહે છે બિચારા ભ્રમણાના રમકડાઓ! લાગણી (emotion) અને અંધકાર (અજ્ઞાન)ના બાળકો! તેઓ ઓછા જ જાણે છે કે સૃષ્ટિકર્તા ખરેખર હોય તો પણ તે એવો ખુશામતપ્રેમી અને અનિયમિત ન હોઇ શકે કે પોતાના કાનુનોને કોઇ ગુન્હેગારની ખાતર શિથીલ કરી દે. કુદરત ક્ષમા કરી શકે જ નહિ, કોઇ ઇશ્વર સહાય કરી શકે જ નહિ. ઇશ્વર ખરેખર જ હયાતી ધરાવતો હોય તો પણ તે માત્ર કાનુન ઘડીને અને જગતમાં તથા જગજ્જીવોમાં અમુક 'શક્તિ' મૂકીને દૂર રહે, કે જે શક્તિનો ઉપયોગ કરવાનું અને પરિણામ ઉપજાવવાનું તે જગતને સોંપતો હોવો જોઇએ આમ આજના આગળ વધેલા 'આસ્તિકો' પોતે જાહેર કરે છે. ઇશ્વર હો વા ન હો, મનુષ્યે પોતાને 'પાપી' માની 'શક્તિ' ગુમાવવી જોઇતી નથી અને ન્હાના બાળક માફક ક્ષમા અને સહાય પર પોતાના અસ્તિત્વને લટકતું રાખવું જોઇતું નથી. હું અમર છું, હું જ્ઞાનમય છું, હું આનંદરૂપ છું: એ 'શ્રદ્ધા (નહિ કે માત્ર 'માન્યતા') મનુષ્યને ઇશ્વર જેવો સમર્થ—'શક્તિ'વાન બનાવે છે. ***

To maintain a cheerful attitude of mind—in the midst of a gloomy and exceedingly responsible task (or adverse circumstances) is no slight *artistic feat*. And yet, what could be more *necessary* than cheerfulness? Nothing ever succeeds which *exuberant spirits* have not helped to produce. *Surplus* power, *alone*, is the proof of Power.—A *transvaluation of all values*,—this note of interrogation which is so black, so huge, that it casts a shadow *even upon him* who affixes it,—is a task of such fatal import, that he who undertakes it is compelled every now and then to rush out into the *sunlight* in order to shake himself free from an earnestness that becomes crushing, *far too crushing*. *This* end justifies every means, every event on the road to it is a windfall. Above all *war*. War has always been the great policy of all spirits who have penetrated too far *into themselves* or who have grown too *deep*; a wound stimulates the recuperative powers. "—F. N.

* * * * *

અસાધારણ કર્મવીર જુલીઅસ સીઝર પોતાને બીમારીથી દૂર રાખવા માટે નીચેનાં સાધનોનો ઉપયોગ કરતો લાંબી કુચ, સાદામાં સાદું જીવન, નિરંતર સંકટો. અસાધારણ પુરુષોના યંત્રને જાળવવા માટે આથી વધારે સારા ઇલાજ બીજા ભાગ્યે જ હશે.

* * * * *

હિન્દુસમાજ લાંબો વખત ટક્યો હેતું મુખ્ય કારણ "Unity in Diversity is the Law of Social Life" એટલે "વિવિધતામાં એકતા' એ સામાજિક જીવનનો કાનુન છે" એ સિદ્ધાંત હિન્દુશાસ્ત્રકારો સારી રીતે સમજતા હતા. અને એ સિદ્ધાન્ત ભૂલવાથી જ આજનો હિન્દુસમાજ છિન્નભિન્ન, દુખી અને પરતંત્ર છે. આજે વિવિધતાઓને જોડનારી સાંકળ રહી નથી એ જ દુર્બળતાનું કારણ છે.

* * *

'શક્તિ'થી 'આજના લોકો' બાપડા ભડકે છે કેમ ભલા? શું શક્તિવાળા મનુષ્યોમાં ઉદારતા નથી હોતી? શું તેઓ સભ્યતાના શત્રુ હોય છે? શું તેઓ ભલા નથી હોતા કે રસિક નથી હોતા? અગર શું તેઓ દેખાવથી જ રાક્ષસ જેવા હોય છે?......આ રહ્યો હાલના જ એક 'શક્તિ'માન પુરૂષનો દાખલો! આધુનિક હિંદી ભાષાના પિતા તુલ્ય સાક્ષર હરિશ્ચન્દ્ર કે જેણે આખી ઉમર અને લાખોની પોતાની મિલ્કત સાહિત્યસેવામાં અને તરંગી સખાવતોમાં ખર્ચી નાખી હતી ત્હેના પોતાના શબ્દો મનન કરવા યોગ્ય છે:

सेवक गुणीजनके, चाकर चतुरके हैं,
कविनके मीतवर, हित गुणगानीके;
[1]सीधन सों सीधे, महा बांकन हम बांकन सों,
[2]हरिचन्द नगद दमाद अभिमानीके;
[3]चाहवेकी चाह महा, काहूकी न परवाह,
नेही नेहके, दिवाने सदा सूरत निवानीके;[4]
सर्बस रसिकके, सुदास दास प्रेमिनके,
सखा प्यारे कृष्णके, गुलाम राधारानीके![5]

ક્યહાં છે એ ટેક? ક્યહાં એ મહત્વાકાંક્ષા? ક્યહાં એ બેદરકારી? ક્યહાં એ આત્મશ્રદ્ધા? ક્યહાં એ લાખોની મુડીને ભોજની પેઠે સખાવતોમાં ખર્ચી નાખી ભિક્ષુક દશાને આનંદથી ભેટનાર ફુલાપણું? આજનું બિચારૂં 'આધુનિક'પણું એ માત્ર નિર્બળતા અને જડપરાયણતાના સ્થુલીકરણ સિવાય બીજું શું છે?

---

૧ સીધાથી સીધો અને વાંકાથી મહાવાંકો, ૨ અભિમાની જનોનો હું 'નગદ દમાદ' અથવા રોકડીઓ જમાઇ છું! ૩ મ્હને ચાહે ત્હેને ચાહું અર્થાત્ જેઓને મ્હારી પ્રકૃતિ અનુકૂળ જણાય ત્હેમના તરફ જ મ્હારી ચાહના ખેંચાય; અને તે પણ સ્વાભાવિક રીતે જ—નહિ કે યત્નથી; બાકી બીજા કોઇની પરવા હું રાખતો નથી. ૪ સ્વાભાવિક લાવણ્ય પાછળ દીવાનો છું. દીવાનો જેમ બુદ્ધિબાદથી નહિ પણ Instinct થી દોરાય છે, તેમ હું પણ લાવણ્યને Instinctથી જોઇ શકું છુ અને ત્હેની પાછળ દીવાના માફક લાગ્યો રહું છું લાવણ્ય (Beauty) જોવાને અને ત્હેની કદર કરવાને મ્હને આંખો અને હૃદય બન્ને છે ૫ પ્યારા કૃષ્ણનો—પરમાત્માનો—હું 'સેવક' નહિ પણ 'મિત્ર' છું; પણ રાધાજીનો તો ગુલામ—આજ્ઞાધારી છું રાધા એટલે કૃષ્ણ અથવા પરમાત્મામાં રહેલી શક્તિ, ઐશ્વર્ય.

*   *   *   *   *

કવિતાના (ઉજળી 'માયા'ના) શોખીન ગોલ્ડસ્મીથે*જગાએજગાએ વાંચ્યુ હતું કે "મિત્રતા એ એક દૈવી આશિર્વાદ છે"; પણ અનુભવો મળતાં પોતેજ કવિતા કરવી પડી કે "દોસ્તી એ નામ સિવાય બીજું શું છે? હૈયાફુટાને અપાતું ફેફી પાણું નહિ તો બીજું શુ છે? લક્ષ્મી અને આબરૂની પાછળ ચાલતો પડછાયો નહિ તો બીજું શુ છે?" ઓહ, દુનિયાની કરોડો ભ્રમણાઓમાંની જબરામા જબરી ભ્રમણા -મિત્રતા! દરેક મનુષ્ય ત્હારા 'યાર' હોવાનુ કહે છે, પણ કોઇ ત્હારા ચહેરાનું વર્ણન આપી શકતું નથી! ક્યહાં છે -કલ્પનાના આકાશમાં જ કે બીજે ક્યહાંઇ—ઓ ઠગારી મોહિની? 'લાગણી' (emotion)ના ગર્ભમાંથી જન્મતી અબળા 'દોસ્તી'! બધી અબળાઓની મ્હોટામા મ્હોટી શક્તિ 'મ્હો વાળવા'માં છે અને ત્હારી મ્હોટામાં મ્હોટી શક્તિ 'મ્હોં વળાવવા'મા છે! 'એક સ્ત્રી પાછળ હું ખુવાર થયો?' : એ વિચાર મનુષ્યને દિવાનો કરી મૂકે છે, તેમ 'દોસ્તીના આકાશકુસુમવત્ રંગથી હુ અંજાઇ ગયો?'. એ વિચાર માણસને આપઘાત કરાવવાને પુરતો છે. દોસ્તી એટલે? પ્રથમ તો, આત્મશ્લાઘા, **બહારથી** હુંફ મેળવવાની ખોટી લાલસાનો પુરાવો, દુનિયાને કલ્પિત રૂપ આપવાનો ભ્રમ, હૃદયની નબળાઇ, મનુષ્યને— અને તે પણ જેને 'પોતાનો' કહે છે હેને જ—ભ્રમમા નાખવાનો 'ઇરાદો' : એમ તો નહિ હોય? બોલ, બાવાની દેવી 'દોસ્તી'! ત્હારૂં ખરૂ સ્વરૂપ તું જ ખોલ, કારણ કે ત્હારા સિવાય તે બીજું કોઈ ખોલી શકે તેમ જ નથી. અગર પૂર્વજન્મની લેણુ-દેણુનું છુપું સ્થૂલીકરણ તે તો તું નહિ હો?

***

ઉચ્ચ શ્રેણિના જીવાત્માઓ—'રાજ'માર્ગીઓ—કાંઈ પણ વિનામૂલ્ય લેવા ઇચ્છતા નથી અને ખાસ કરીને જીવન......

---

* જેઓ પર ગોલ્ડસ્મીથે ઉપકાર કર્યા હતા—અને ખરેખર ગોલ્ડસ્મીથ સ્વભાવથી જ પરોપકારી હતો—તેઓએ પોતે હેની મુશ્કેલી વખતે આંખ-મીંચામણા કર્યા હતાં. એણે આવા પ્રસંગોનુ વર્ણન કલ્પિત પત્રોના રૂપમાં પ્રકટ પણ કર્યું છે. પ્રકૃતિના ઉંડા અભ્યાસી શેક્સપીઅરે પણ, મિત્રોની પાછળ લાખોની મિલ્કત બરબાદ કરનાર અમીરને એક કોડી આપવાના અખાડા કર્યા પછી તે જ અમીરના મીજબાનીના ટેબલપર હાજરી આપવા બેઠેલા સ્વાર્થી મિત્રોનું ચિત્ર, નાટક રૂપે આલેખ્યું છે.

જીવનની મઝાઓ ત્હેમને જ સ્પર્શી શકે છે, કે જેઓ જીવનના કાંટાને ઉલ્લાસથી સ્પર્શી શકે છે.

* * *

મઝા અને નિર્દોષતા નામની બે શરમાળ કુમારિકાઓની પાછળ પડનાર પુરૂષ ત્હેમને મેળવી શકતો નથી. સાહસિક, બહાદૂર પુરૂષના શરીરમાં ત્હેના જન્મની સાથે જ તે ઘુસી જાય છે અને ત્હાં તે શરમાળ સુન્દરીઓ એટલી ગુપચુપ પડી રહે છે કે કોઇ જોઈ પણ શકે નહિ કે આ પુરૂષને મઝા અને નિર્દોષતા વરી છે. (are in him as *instincts.*)

* * *

"ત્હારા એક ગાલ ઉપર કોઇ તમાચો મારે તો બીજો ગાલ ધરજે" પણ ગુસ્સો કરતો નહિ, એવું એક ધાર્મિક ફરમાન છે; અને હરકોઇ ભોગે સ્વમાન અને સ્વકીય હકકો જાળવવાનું પણ નૈતિક ફરમાન સાંભળવામાં આવે છે. બેમાંથી કયું ખરૂં માનવું? ...સત્ય હમેશ એક જ રૂપમાં અને સાદુ હોવાની આશા રાખનારા મનુષ્યો આવા બે પરસ્પરવિરોધી ઉપદેશથી ગભરાઇ જાય છે... ...ગભરાવા દો, પારકી બુદ્ધિએ ચાલનારને ગભરામણ સિવાય બીજું શું મળી શકે? નિર્બળ, જીંદગી માત્ર સુખ માટે જ છે એમ માનનારા અને દુઃખના નામ માત્રથી ડરનારા માણસો તમાચો ખાઇ લેવામાં જ પોતાનું રક્ષણ માને એ સ્વાભાવિક છે, કારણ કે મ્હામા થવા જાય તો પોતામાં દમ ન હોવાથી બીજો તમાચો ખાવો પડે અને તમાચો ખાવો એ તો એવાને મન મૃત્યુ સમાન હોવાથી તેઓએ સહનશીલતા જ પસંદ કરવી પડે અને એને જ 'નીતિ' કે 'ધર્મ' તરીકે ઠરાવવી પડે. અથવા, કોઇ યુક્તિબાજ માણસ કોઇ દેશને કે સમાજને પોતાના તાબામાં રાખવા માગતો હોય તો પોતે ઉપર કહેલો સિદ્ધાંત ન માનતો હોવા છતાં પણ 'ઘેટાં'ઓ ઉપર સત્તા જમાવવા ખાતર તેઓને એ સિદ્ધાંત શિખવે. બીજા હાથ ઉપર, સુખ કે દુઃખ પરથી જીવનની કિંમત નહિ આંકનારો વીરાત્મા ગમે તે ભોગે પણ સ્વમાન અને સ્વકીય હકકનું રક્ષણ કરવાના 'પ્રયત્ન'માં 'આનંદ' જ માનવાનો અને ત્હેને જ 'ધર્મ' કહેવાનો. બન્ને સિદ્ધાન્તો સાંભળનારા મનુષ્યે બેમાંથી પોતાની પ્રકૃતિ (instinct) ને અનુસાર પસંદગી કરવાની છે. 'નબળા'ઓ બીજા નંબરનો સિદ્ધાંત ધર્મ તરીકે

સ્વીકારે તો ઉલટા દુઃખી થાય; 'સબળા'ઓ પહેલા નંબરનો સિદ્ધાંત ધર્મ તરીકે સ્વીકારે તો—અરે પણ તેઓ તો તે સિદ્ધાંત સ્વીકારી કે સાંભળી પણ શકે જ નહિ! *

દુનીઆ આજકાલ બહુ 'પરગજુ' થઇ ગઇ છે! 'પોતે મરીને પણ બીજાને બચાવવા, પોતે દુખી થઇને પણ બીજાને સુખી કરવા': આમ આજે દરેક સાધુ, ગૃહસ્થ અને કસાઇ પણ બોલતો સંભળાય છે; પારકાની આટલી બધી ચિંતામાં પડેલો આજનો માણસ પોતાને તદ્દન ભૂલી ગયો છે! એ જ આ દુનીઆનો મ્હોટો રોગ છે. આજે આખું ચક્કર ઉંધું ફરવા લાગ્યું છે! પ્રથમ પરદયા અને પછી સ્વદયા (અને તે પણ યાદ આવે તો!): એ ધખારાને આજે લોકો પવિત્રતા (!) માને છે. પણ સ્વદયા વગર પરદયા હોઇ શકે જ નહિ—સંભવે જ નહિ—એ મૂળ વાત સાંભળવા કોને દરકાર છે? "ફલાણાએ ગેરવાજબી રીતે મ્હારૂં નુકસાન તો કર્યું છે, પણ જો હું એના ઉપર વૈર લઉં અગર ગુસ્સો કરૂં તો હેને દુખ થશે": આ દલીલમા ન્યાયશાસ્ત્રની ગંધ પણ નથી; ખરી વાત તો એ છે કે, જે ગુસ્સો કરવાથી મ્હારૂં મગજ બગડે કે બુદ્ધિ બંધાઇ જાય તે ગુસ્સો મ્હને પોતાને જ નુકસાન કરનારો હોઇ એ તો બીજા ઉપર વૈર લેવાને બદલે મ્હારા જ ઉપર વૈર લેવા બરાબર થાય છે, માટે મ્હારે ગુસ્સો કરવાની પણ **ખરી રીત** શોધી કહાડવી જોઇએ છે. એ રીત અમલમા મૂકતાં હેણે 'આનંદ' અનુભવવો જોઇએ, સુખદુઃખ આવે હેને એ રીતના 'ફળ' ગણવાં ન જોઇએ. આવી આત્મસ્થીરતા ન હોય હેમને માટે સહનશીલતા જ ઠીક છે, પણ તેટલા માટે 'સહનશીલતા એ **સર્વદા અને સર્વથા** સર્વોત્તમ સદ્‌ગુણ અને ધર્મ છે' એમ કહેવું વાજબી ગણાશે નહિ. સુખ અને દુઃખને **પરિણામ** કે દૃષ્ટિબિંદુ માનીને જે કાંઇ થાય છે તે સર્વ ભ્રમજાળ છે—એ 'નબળાઇ' છે.

* * *

"બોલો થોડું, ગાઓ, ગાઓ થોડું, નાચો." જીવનસ્રોતમાં વહેતા જીવાત્માઓ 'નાચવા' સાથે તરવાનું ક્યારે શિખશે?

* * *

* વીરાત્માઓ તુચ્છ આત્માઓ ઉપર વૈર લેવાને પ્રવૃત્ત થતા નથી, કારણ કે હેમા તેઓ લઘુતા માને છે (નહિ કે 'પાપ.')

બુદ્ધિ એ પણ કાંઇ સમ્પૂર્ણ વિશ્વાસપાત્ર-નિર્દોષ-સહીસલામત સાધન નથી. મનુષ્યના જન્મ **પહેલાં** ત્હેની બુદ્ધિ સાથે કાંઇકાંઇ રંગો ભળ્યા હોય છે અને જન્મ **પછી** પણ ભળતા રહે છે. માત્ર પારકી બુદ્ધિ પર લટકી રહેવાની ટેવ છોડી એટલું જ બસ નથી, પણ એક દિવસ પોતાની બુદ્ધિનો પણ અવિશ્વાસ પોતાની અંદરના 'છૂપા તત્વ'ને થવા લાગે એ સ્થિતિનો લોભ કરવો જોઇએ... ...આ 'અનુભવ' એક આધુનિક પાશ્ચાત્ય ફીલસુફે જાહેર કર્યો છે. ...અને જૈન શાસ્ત્રો તો હજારો વર્ષથી કહેતા આવ્યાં છે કે ઇચ્છા-શરીર તેમજ બુદ્ધિશરીર (તેજસ અને કાર્મણ દેહ) એ બન્નેથી આત્માને છૂટો--એકાકી—કોઇ પણ જાતના 'શરીર'ના પીંજરા વગર-નો-બનાવે ત્હેનું નામ સિદ્ધાત્મા. એઓ ઉંચામા ઉંચા 'શિખર' પર રહે છે અને સુખ તેમજ દુઃખ નામની લાગણી જે શરીર વડે આપણને થાય છે તે શરીર જ ત્હેમને હોતા નથી. સુખ દુઃખ એ કોઈ 'વસ્તુ' નથી; પણ સમાજ, કાનુન, નીતિ, રીવાજ વગેરેની માફક તે પણ આપણી જ કલ્પેલી 'કલ્પના' છે એ વાત કોઇ 'રાજ-માર્ગી'ને શિખવવી પડતી નથી.

* * *

સત્ય તે છે કે જે, સત્યને ઓળંગી આગળ વધે છે....કેવી ગુંચવાડાભરી વ્યાખ્યા !......માણસો સત્યની વ્યાખ્યા આપે તે તદ્દન સાચાં કે સમ્પૂર્ણ જ હોય એમ માની શકાય નહિ, કારણકે માણસ **પોતાની પાસેના** અનુભવો પરથી અને **પોતાની પાસેના** શબ્દો વડે સત્યનુ સ્વરૂપ આળેખે છે.

* * *

તે છતા માણસે એક 'ખીંટીને' વળગવુ તો પડશે જ. શ્રદ્ધા માણસનું આગળ વધવાનું એકનુ એક સાધન છે. સત્યની એક કલ્પિત ખીંટી સાથે પોતાની બુદ્ધિને શ્રદ્ધાની લાંબી દોરીથી બાંધવી જોઇએ અને જ્યહારે વધતાં વધતાં તે ખીંટી સુધી જઈ પહોંચાય ત્યહારે શ્રદ્ધાની દોરીને તે ખીંટીથી છુટી કરી બીજી દૂરની ખીંટી પર ફેંકવી જોઇએ.

* * *

સુખ એ દુઃખની બીજી બાજુ છે......સુખીઆ દુઃખ વગરના કદાપિ હોઇ શકે નહિ......આનંદ, સુખદુઃખને પીછાનતો નથી.

* * *

સત્યસુંદરી એ ગર્વિષ્ટ, મુશ્કેલીએ મનાય તેવી, આશકોને પજવવામાં જ આનંદ માનનારી કુમારિકા છે. મ્હારો અનુભવ કહે છે કે, જેમ જેમ હું તેણીની પાછળ પડુંછું અને મ્હને તેણીના એકાદ અંગની ઝાંખી થવા લાગે છે તેમ તેમ તે વધારે ક્રોધાતુર બને છે અને જાણે કે ત્હેની તરફ છૂપી નજર કરવાના 'સાહસ'નું વૈર લેવા માગતી ન હોય તેમ મ્હારા ઉપર બાહ્ય અને આંતરિક સંકટો વર્ષાવે છે. કોઇ વખત શંકાની આગ મ્હારામાં સળગાવે છે, કોઇ વખત મ્હારૂં નિશ્ચયબળ ઢંડું કરી દઇ મ્હને પ્રવાહમાં તણાતું મુડદું બનાવી દે છે, કોઇ વખત આછા પોશાક સાથે દેખા દઇ આકાશમા ઉડવા લાગે છે અને મ્હને સહેલાઇથી તેણીના સમ્પૂર્ણ દર્શન થવાની આશા પ્રેરી ઉંચે અને અતિ ઉંચે ખેંચી જાય છે, જ્યહાં પહોંચ્યા પછી મ્હારી એકાદ પાંખને કાપી નાખી મ્હને 'જમીન' પર પટકી દે છે. કેટલીક વાર તેણીના અસ્તિત્વમાં જ મ્હને અશ્રદ્ધા ઉત્પન્ન કરાવી એ 'કલ્પિત ઓળા' પાછળ ભટકવાના મ્હારા પ્રયત્નો માટે પસ્તાવો કરાવે છે, કોઇ વાર મ્હારી આંખોને અને કોઇવાર બુદ્ધિને અવિશ્વાસપાત્ર ઠરાવી મ્હારી આશાઓ ઉપર ઠંડું પાણી રેડે છે, કોઇ વાર બાહ્ય દુનિયાને મ્હારી સ્હામે ઉશ્કેરી મૂકી મ્હને એકલો-હુંફની ગરજવાળો અને તે છતાં હુંફની સગવડ વગરનો-ભીતરના ખૂણે બેસી લોહી ટપકતા ઘા ઉપર અશ્રુ વહેવડાવતો બાળક બનાવી દે છે......
...પણ બીજી જ પળે તે મનવલ્લભા એ દુઃખમાં જ 'આનંદ' બતાવે છે ! 'પ્રાણપ્યારીને મેળવવા ખાતર સહવા પડતાં દુઃખનાં સ્મરણ એ મ્હોટામાં મ્હોટું સુખ છે' એમ મ્હારા કાનમાં ફુંક મારી મ્હને બેહોશ કરે છે ! ગમે તેટલી તો પણ મ્હારી મનવલ્લભા ! મ્હારી તે મ્હારી જ—બીજાઓ એમાં શું સ્હમજે ?

* * *

મ્હારા આખા શરીરમાંથી એક વખત ઝણઝણાટીવાળો અવાજ થયો (એ જ તો 'આત્મા'નો 'નાદ' નહિ હોય ?) કે "મ્હારે વિશ્વ પર રાજ કરવું છે." પણ મ્હારાં હાથ-પગ-છાતી અને મગજે કહ્યું: "ના રે ભાઇ ! એ અમને પાલવશે નહિ; રાજ તું કરે અને ઘસાઇ મરવું પડે અમારે!" આત્મા સ્હમજ્યો કે હજી ત્હેની પ્રજા જ ત્હેની આજ્ઞા ઉઠાવવાને તૈયાર થઇ નથી, તો બીજાઓ આજ્ઞા કેવી રીતે

ઉઠાવશે ? તે સ્હમજ્યો કે, જ્હેના વડે રાજ્ય કરવાનું છે તે તો હજી નિર્બલ છે અને તેથીજ ગજા ઉપરાંતના કામ માટે આનાકાની કરે છે, માટે પ્રથમ તો પોતાની સમ્પૂર્ણ સત્તા પોતાની પ્રજા પર જ જમાવવી જોઇશે અને તે પ્રજાને આજ્ઞાકારી જ માત્ર નહિ પણ વજ્ર જેવી બલવાન બનાવવી જોઇશે,—તો જ બીજી તમામ દુનિયા પર 'રાજ કરવા'નું બની શકશે.

***

કોઇ સમાજની તમામ વ્યક્તિઓ રાજા બને કે તમામ પ્રજા બને, તો તે સમાજનો અંત સમીપ આવ્યો સ્હમજો. બીજાઓના શરીર, ઇચ્છા અને બુદ્ધિ પર સત્તા ચલાવવાની કુદરતી યોગ્યતા ધરાવનારા 'રાજા'માર્ગીઓ કાયદા બાંધશે જ અને ઓછી શક્તિવાળાઓએ તે કાયદાના બંધનમાં રહેવું પડશે જ. 'સમજુને માટે સાન અને મૂર્ખને માટે દંડ' એ કુદરતી કાનુન છે; બડબડવું એ મૂર્ખાઇ છે.

***

એક ચીજની હયાતીથી જેટલો લાભ થવો શક્ય છે તે કરતાં જો તે ચીજને જાળવવાનું ખર્ચ વધારે હોય તો, જાળવવાનો શ્રમ સેવવો એ મૂર્ખતા છે. કોઇ કોઇ સમાજ એવા છે કે એમને મરતા અટકાવવાનો શ્રમ સેવવો એ ઉપર કહેલી મૂર્ખતા જેવીજ મૂર્ખતા છે.. ...સમાજ મરશે એ ખ્યાલથી ખેદ પામવો એ પણ અજ્ઞાનતા છે. પાનખર ઋતુમાં ઝાડનાં પાંદડા ખરી પડે છે તે શું ખેદનો વિષય છે ? એ જ ઝાડને નવપલ્લવ જોયા પછી કહો કે પાનખર ઋતુ એ દુખનું કારણ ગણાય કે સુખનું ?......અને અમુક પાંદડાં સાથે જ કોઇ વૃક્ષનું જીવન બંધાયલું નથી, તેમ અમુક મનુષ્યો સાથે જ કોઇ સમાજ કે દેશ કે ધર્મ બંધાયલો નથી. ઝાડ પર પાંદડાંનો એક જથ્થો જન્મે, વૃદ્ધ થાય અને ખરી પડે એમાં જ તે ઝાડનું આરોગ્ય અને સૌંદર્ય સમાયલું છે. પાંદડાંના અમુક જથ્થા માટે ઝાડ નથી, ઝાડ માટે પાંદડાંનો અમુક જથ્થો છે. આપણા જેવા થોડા સો કે થોડા હજાર માણસો મરે કે જીવે ત્હેની અનાદિ વિશ્વને ઓછી જ પરવા છે.

***

વાડાઓ, ગચ્છો, પંથો એ વગેરે શું છે? સત્યનાં અનેક સ્વરૂપો પૈકી અકેક સ્વરૂપ છે, અમર્યાદિત તત્ત્વને મર્યાદામાં લાવવાના યથામતિ

થતા પ્રયત્ન છે. આ જાણ્યા પછી મતપંથની મારામારી કરવી કોને પાલવશે ? કેવા સુંદર શબ્દોમાં હરિભદ્ર સૂરિ એકરાર કરે છે કેઃ—

आग्रही बत निनीषति युक्तिं
यत्र तत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्ति—
र्यत्र तत्र मतिरेति निवेशम् ॥

આગ્રહી જીવ પોતાની યુક્તિઓ (દલીલો)ને તે તરફ 'ખેંચી' જાય છે કે જ્યહાં હેની મતિ પ્રથમથી જ નિર્વિષ્ટ હોય છે; બીજા હાથ પર, પક્ષપાતરહિત જીવ પોતાની મતિને ત્યહાં સ્થાપે છે કે જ્યહાં યુક્તિ હેને લઇ જાય છે. ભાવાર્થ કે, સત્યશોધકો કાંઇ 'માની લેતા' નથી, પણ યુક્તિ અથવા દલીલ અર્થાત્ વિચાર શક્તિ હેમને જ્યહાં દોરી જાય છે ત્યહા પોતાની માન્યતાને વિશ્રામ આપે છે. ત્યહાં વિશ્રામ લેતી હેમની માન્યતા, વળી, તેથી પણ વધારે ઉત્તમ વિશ્રામ સ્થાનની શોધમા રહે છે. અને આગ્રહી લોકો પ્રથમ જ એક વાતને સત્ય માની લઇ હેને બીજાની દૃષ્ટિએ સત્ય ઠરાવવા દરેક યુક્તિ વાપરે છે. આગ્રહીની બુદ્ધિ બંધાયલા જળ જેવી છે; સત્યશોધકની બુદ્ધિ વહેતા જળ જેવી છે. આગ્રહી બાપના કૂવામા બુડી મરવાનુ પસંદ કરે છે; સત્યશોધક હમેશ વ ારે અને વધારે તનદુરસ્ત તત્ત્વ ધરાવતું જળ શોધતો રહે છે. એ શોધ પોતે ઉત્સાહભરી હોઇ આનંદદાયક પણ છે.

***

મ્હારા સાહસપ્રેમી 'ગરૂડ' ! ગાડરસમૂહે બગાડી દીધેલી હવા-વાળા આ ક્ષુદ્ર પ્રદેશમા તું કેમ સ્થીર થઇ ઉભો છે ? એકાકી ઉ-ડવાના શોખને તું ક્યહાં ધરાશે મૂકી આવ્યો છે ? ટટાર, દોસ્ત, ટટાર ! ઉંચે—ઉંચે—ઘણે ઉંચે...અને પછી ત્યહાંથી સીધા...ભૂત-કાળના મેદાનમાં–ઘણા દૂરના ભૂતકાળના મેદાનમાં ઉડવા પાંખો ફફડાવ...ત્યહાં જઈ 'ઉંચે'થી 'નીચે' જો !...જો, કે 'સમાજ' આ-વના ક્યહારે અને કેવી રીતે જન્મ પામી, 'પાપ'–'ગુન્હો'–'દંડ'–'નીતિ' એ 'વિચારો'—એ ભાવનાઓ—મનુષ્ય નામના છોડમાં કેવી રીતે અને કયા ક્રમથી ઉત્પન્ન થઇ ?

आरोग्य. | खंड

जींदगीनो भोमीओ.

[૧૯૧૫ના માર્ચથી અનુસંધાન.*]

ખરા સુખની જેને ગરજ હોય, ખરું સુખ પોતાના દેશમાં અને દુનીઆમાં ફેલાય એવી જેની ઈચ્છા હોય, ત્હેણે કુદરતના શાસ્ત્રનો અભ્યાસ અને પ્રચાર કરવામાં પોતાથી બને તેટલો ફાળો આપવો જોઇએ. સમાજને એ શાસ્ત્રનું સાફ રહસ્ય વિદ્યાર્થી અવસ્થાથી જ શિખવવા પ્રયત્ન કરવો જોઇએ. આપણે જોઈ ગયા કે એ શાસ્ત્રે ત્રણ દવાઓ મુખ્ય બતાવી છે, કે જેનાં નામ હવા, જલ અને વ્યાયામ અથવા કસરત છે. આમાંની હવા સબંધમાં જાણવા જેવી મુખ્ય બાબતો પ્રથમ વર્ણવી ચૂક્યો છું. હવે આપણે બીજી દવા—જલ—ઉપર આવીશું.

સાયન્સ કહે છે કે, હાડકાં સિવાય શરીરના બીજા ભાગો પાણીથી જ બનેલા છે. શરીરનો લગભગ પોણો ભાગ પાણીથી બનેલો છે—કહો કે પાણી જ છે. મતલબ કે, પાણી વડે અંગો બનતાં હોવાથી પાણીની સ્વચ્છતા પર શરીરના આરોગ્યનો આધાર મ્હોટે ભાગે રહેતો હોય એ અસંભવિત નથી. કેટલીક જગાનાં પાણી એવા હોય છે કે જે અમુક દરદો ઉત્પન્ન કરે છે, કેટલીક જગાનાં પાણી પીવાથી અનેકગુણો ફાયદો કરનારાં હોય છે. વધતા જતા સુધારા અને ધાંધળના આ જમાનામાં ગામડાંઓ ભાંગી મ્હોટાં શહેરો વધવા પામ્યાં છે તેથી પાણી સંબંધી બૂમ ઘણી વધી પડી છે. શહેરોમાં વસતા લોકો જેટલી દરકાર દવા ખાવાની કરે છે તેથી દશમા હિસ્સાની દરકાર સ્વચ્છ જળ મેળવવા માટે કરતા હોય તો એમનું ઘણુંખરું નકામું ખર્ચ અને દુઃખ બચી જવા પામે. કોઇ પણ ભોગે, જેમાંથી હમેશ જળ ખેંચાતું હોય એવા અને જેનું

* આ લેખ સમાપ્ત થયા પછી આખો લેખ અલાયદા પુસ્તક રૂપે બહાર પાડવામાં આવશે. પાછલો અંક નહિ વાંચવા પામેલાને પણ આ અંક વાંચવાથી સમજવામાં કાંઈ અડચણ પડે તેમ નથી. આવતા અંકમાં આ વિષય ચાલુ રાખવામાં આવશે.

પાણી પાચનશક્તિને મદદ કરનારૂં જણાયું હોય એવા કુવાનું પાણી મેળવવા તજવીજ કરવી જોઇએ. અને જ્યહાં કુવાનું કે નદીનું કે નળનું પાણી જોઇએ તેવું સારૂં હોવા સંબંધે શંકા હોય ત્યહાં (અને નળના પાણીની બાબતમાં તો હમેશાં) પાણીને પુષ્કળ ઉકાળીને ઠાર્યા પછી જ પીવાનો રીવાજ રખાય એ ઇચ્છવા યોગ્ય છે. જેઓને મ્હોટાં શહેરોમાં હમેશ રહેવું પડતું હોય તેમણે બનતાં સુધી વર્ષમાં એકાદ મહીનો, જે ગામનું પાણી વખણાતું હોય એવા કોઇ ગામડામાં રહેવાનો રીવાજ રાખવો એ મ્હોટા લાભનું કારણ છે. આ મુદ્દાપર જેટલું બોલાય તેટલું થોડું છે. વર્ષો સુધી ખવાયલી હજારો રૂપિયાની દવાથી જે નહિ બને તે, શાન્ત અને સુખાકારીભર્યા ગ્રામ્ય આવાસમાં એક માસ ગુજારવાથી, બને છે.

દરરોજનું કેટલું પાણી શરીરમાં જવું જોઇએ એ બાબતનો ચોક્કસ નિયમ કહી શકાય નહિ, પણ એટલું તો ખરૂં કે તરશ ન લાગે એ સારૂં ચિન્હ નથી. મગજમારીના કામમાં ગુંથાયલા મનુષ્યોને સાધારણ રીતે તરશ ઓછી લાગે છે. પણ તેવાઓએ સ્હવારમાં ઉઠતા વેંત મ્હોં સાફ કરી તુરત જ એક પ્યાલો સ્વચ્છ જળ પી લેવું એ ફાયદાકારક છે. બહારથી આવીને તુરત કે કસરત કરીને તુરત પાણી પીવું એ ઘણું નુકસાનકારક છે. જમતાં જમતાં વારવાર કે વધુ પાણી પીવાથી જઠરાગ્નિ મંદ પડે છે. એક નજરથી કરાતાં કામો વખતે, વખતો વખત થોડી મીનીટ બચાવી આંખોમાં ઠંડું જળ છાંટવું એ આંખોને તાજગી બક્ષે છે; તેમજ મગજનું કામ કરનારને માટે માથા ઉપર ઠંડું જળ છાંટવું એ પણ એટલું જ ફાયદાકારક છે.

પાણી પીવાની ક્રિયા આસ્તે આસ્તે થવી જોઇએ. ટચક ટચક પીવું નુકશાનકારક છે; અને એકી વખતે ઘણું પાણી પણ ન પીવું જોઇએ. અતિ ઠંડાં પીણાં (જેવાં કે આઇસ વૉટર) તેમજ અતિ ગરમ પીણાંથી પરહેજ રહેવું જોઇએ. સામાન્ય રીતે શુદ્ધ જળ સિવાયનાં બીજાં દરેક પીણાંથી દૂર રહેવું એ વધારે સહીસલામત છે. ચ્હા, કૉફી, એરેટેડ વૉટર્સ વગેરેમાં અમુક નુકસાન સાથે અમુક ગુણ પણ છે, તથાપિ સહીસલામત રસ્તો એ છે કે સ્વચ્છ જળ સિવાયનાં સર્વ પીણાંથી જેમ બને તેમ વેગળા રહેવું. માદક પ્રવાહીઓથી તો છેક જ દૂર રહેવું.

એ આરોગ્ય શાસ્ત્રનો પહેલો સિદ્ધાંત છે. ભોજન દરમ્યાન અને ભોજન પછી એક કલાક સુધીમાં જેમ બને તેમ થોડું જળ પીવાની કાળજી રાખનારને અજીર્ણ અને મંદાગ્નિની ફર્યાદ કરવી પડશે નહિ.

પાણી પોતે સ્વચ્છ છે એટલી જ ખાત્રી કરવાથી આપણું કામ પુરૂં થતું નથી. સ્વચ્છ જળને રાખવાનાં વાસણો કેવાં છે તે બાબતની પણ પુરેપુરી કાળજી રાખવી જોઇએ. ને વાસણો દરરોજ અંદરથી ઘસી ઘસીને ધોવાવાં જોઇએ; વળી બનતાં સુધી એકના પીધેલા પાણીનો શેષ ભાગ બીજાઓએ ન પીવો જોઇએ; કારણ કે તેથી ચેપી રોગનો સ્પર્શ થવાની ધાસ્તી છે. પાણીનાં વાસણો અને પાણી પીવાના પ્યાલા વગેરે ખુલ્લા ન રહે તેની પણ દરકાર રાખવી જોઇએ. પાણી ગળવાનાં વસ્ત્ર વખતોવખત ધોવા જોઇએ.

ઉન્હાળામા પાણી ઉપરાત બીજુ એક પીણું ભલામણ કરવા યોગ્ય છે અને તે 'છાસ' છે. છાસના ગુણો એક જીભથી વર્ણવી ન શકાય એમ જ્યારે હું કહીશ ત્યારે કેટલાક મ્હને હસી કહાડશે; કારણ કે છાસ બિચારી સોડા-લેમન કે ચ્હા-કૉફી જેટલી મોંઘી અને ફેશનેબલ ચીજ નથી! તથાપિ છાસ જેવી તૃષા છીપાવનારી, ઠંડક આપનારી, પાચનશક્તિને મદદ કરનારી, રૂચિ ઉત્પન્ન કરનારી અને આતરડાંના ભયંકર દરદોને વગર દવાએ મટાડનારી બીજી કોઇ ચીજ દુનીઆમાં હયાતી ધરાવતી નથી. દૂધ જેવુ પૌષ્ટિક પીણુ પણ છાસના ગુણો આગળ પાણી ભરે છે! ખરૂં કહું તો છાસ એ ગરીબોનું અમૃત છે, કે જેની શ્રીમંતો અને સુધરેલાઓએ ઇર્ષા કરવી જોઇએ છે! માત્ર છાસ ઉપર રહી મહીનાઓ સુધી ઉપવાસ કરવાનો રીવાજ મારવાડી જૈન સાધુઓમાં પ્રચલિત છે. જાણીતા તબીબોના અખતરા પરથી એટલુ તો સાબીત થઇ ચૂક્યું છે કે અપચાના દરદીઓને છાસ ઉપર ૨-૪-૮ કે ૧૦ ઉપવાસ કરવાથી જે લાભ થાય છે તેવો કોઇ દવાથી ભાગ્યે જ થાય છે. (ઉપવાસનું 'સાયન્સ' ખાસ શિખવા જેવું છે; આ પત્રના ઇ. સ. ૧૯૧૪ ના પર્યુષણના ખાસ અંકમાં તેમજ ઇ. સ. ૧૯૧૫ ના છેલ્લા અંકમાં આ 'સાયન્સ' વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે.)

જળનો ઉપયોગ અંદર તેમજ બહાર બન્ને રીતે જરૂરનો છે, માટે સ્નાનની બાબતમાં પણ કેટલુંક કહેવું જોઇએ. શરીરનો કચરો

ત્વચા વાટે બહાર નીકળે છે માટે ત્વચાનાં છિદ્રો વારંવાર પાણીથી સાફ કરવાં એ, કચરો વધારે પ્રમાણમાં દૂર કરવાના કામને મદદ કરવા બરાબર છે. માટે દરરોજ ન્હાવું એ શરીર સુખાકારીને માટે જરૂરનું છે. ઠંડા જળનું સ્નાન શરીરને સાફ કરવા ઉપરાંત તાજગી અને ઉત્સાહ આપનાર છે, લોહીને સરખી ગતિ આપનાર છે અને ઉશ્કેરાયલી વૃત્તિઓને શાન્ત કરનાર છે. જેનાથી બની શકે ત્હેણે નદી, સમુદ્ર કે સરોવરમાં તરવાનો રીવાજ રાખવો, કે જેથી શરીરના દરેક અંગને કસરત મળવા સાથે ત્વચાનાં છિદ્રો સાફ થશે અને શરીરમાં સ્ફુર્તિ પણ પુષ્કળ આવશે. તરવાની કળાના લાભથી ઘણાખરા લોકો હજી અજાણ્યા છે એ ખેદનો વિષય છે. શરીરને તેમજ મગજને તાજગી બક્ષનાર એ હુન્નરનાં જેટલાં વખાણ થાય તેટલાં થોડાં છે. જેઓના શરીરમાં ચરબી વધતી જણાતી હોય (અને ત્હેનું સ્વાભાવિક પરિણામ મંદતા અને ફેફસાના એકાએક બંધ પડવા સાથે મૃત્યુ નીપજવામાં આવે છે) ત્હેમને માટે તરવાની ચાલુ કસરત જેવો એક પણ રામબાણ ઇલાજ નથી. બેડોળ શરીરને, તરવાની કળાનું લાંબી મુદત સુધી કરાયલું સેવન ઘાટીલું બનાવે છે. સ્નાયુઓને મજબુત કરે છે, પગમાં ઝડપ આપે છે, નિરૂત્સાહ અને ડરપોકપણાને દૂર કરેછે, લોહીના ફરવાને મદદ કરેછે અને સૌથી વિશેષ તો ફેફસાંને વિકસાવે છે તથા મજબુત બનાવે છે (કારણે દીર્ઘ શ્વાસની કસરત તરવાની સાથે સામેલ હોય છે.) માટે દરેક શહેરમાં તરવાની કળા શિખવનારી 'ક્લાસો' ખુલવાની બહુ જરૂર છે.

ન્હાવું એટલે શરીર પર પાણી રેડવું, એમ નથી. શરીરના દરેક અંગને ખુબ ચોળવા જોઇએ અને દીલ લૂછતી વખતે પણ શરીર લાલચોળ થાય એટલે સુધી ઘસવું જોઇએ. નબળા માણસોએ ગરમ અથવા કોકરવરણા જળથી બંધ બારણે સ્નાન કરવું. પથારી વશ પડેલા માણસને ગરમ પાણીમાં બોળેલો ટુવાલ આસ્તે આસ્તે ઘસી ઘસીને એ રીતે સ્નાન કરાવવું. દરીઆના પાણીમાં ન્હાવું એ સૌથી વધારે તાકાત આપનાર છે. સમુદ્રસ્નાન કે નદીસ્નાનમાં જળ-સ્નાન ઉપરાંત 'હવાસ્નાન' અને 'સૂર્યપ્રકાશસ્નાન' નો પણ લાભ સમાયલો હોવાથી તે તેવડું લાભકારી સ્નાન છે. દરરોજ સ્નાન કર-

નારને સાબુની કાંઇ જરૂર રહેતી નથી અને સાબુ વાપરવો જ હોય તો સાવચેતી રાખવી કે આલ્કલીવાળા સાબુ કદી ન વાપરવા.

ગરમ પાણીનું સ્નાન એ સાધા છૂટા કરવાને ઉપયોગી છે. પણ ઘણું ગરમ પાણી કે ગરમ પાણીનો વધારે જથ્થો વાપરવાથી તો નુકશાન જ છે. તનદુરસ્ત માણસને કોકરવરણું પાણી સ્નાન માટે નકામું છે; એને તો ઠંડું જળ જ શ્રેષ્ઠ છે. જમ્યા પછી ન્હાવું એ પાચન-શક્તિને ઇજા કરનારૂં છે.

સ્નાન રોજ કરવામાં આવે પણ પરસેવાવાળાં કપડાં પાછાં પહેરવામાં આવે તો કર્યુંકારવ્યું ધૂળ મેળવવા બરાબર છે. ચામડી પર પહેરાતું પહેલું કપડું તો દરરોજ બદલવું જોઇએ અને દિવસ તથા રાત્રીના પોશાક જૂદા જ રાખવા જોઇએ

જેમને રાત્રે નિદ્રા આવતી ન હોય અગર મનમાં અનેક તર્ક વિતર્ક થયા કરતા હોય હેમને સૂવા પહેલાં ઠંડા જળનું (અને નબળાઇ હોય તો ખમાય તેવા ગરમ જળનું) સ્નાન બહુ લાભ કરે છે.

સ્નાન દરરોજ કરવું કે અમુક દિવસે કરવું એ માટે કાંઇ ચોક્કસ ધોરણ બાંધી શકાય નહિ. ઠંડા દેશને અને ગરમ દેશને, નબળા બાંધાવાળાને અને મજબુત બાંધાવાળાને, આછાં તથા ખુલ્લાં કપડાં પહેરનારને અને ઘણાં તથા ઘાટાં કપડાં પહેરનારને, ઓછી મહેનત કરનારને અને સખ્ત મહેનત કરનારને-સૌને--એકસરખો લાગુ પડે એવો નિયમ કર્યો શકાય જ નહિ. પરન્તુ આ સવાલ જ્યહારે ચર્ચાય છે ત્હારે જૈન સાધુઓના સ્નાનનો સવાલ છેક જ પડતો મૂકવો ઠીક લાગતો નથી. શાસ્ત્રમાં હેમને સ્નાનની મના કરવામાં આવી છે એ વાત ખરી છે, પરન્તુ હેના કારણો વિચારવાના છે. પ્રથમ તો હેમને વસ્ત્રાદિના જે નિયમો ફરમાવવામાં આવ્યા છે તે જોતાં અને જે સ્થળોમાં રહેવા ફરમાવ્યું છે તે જોતાં હેમને 'હવાસ્નાન' અને અને 'સૂર્યપ્રકાશસ્નાન' પુષ્કળ મળે એ દેખીતું છે; તેથી હેમનો કેટલોક મેલ તો તે દ્વારા જ દૂર થઇ જાય. ત્યાર બાદ અમુક પ્રસંગે હેમને ઉકાળેલા પાણીમાં બોળેલા વસ્ત્રથી શરીર લૂછવાનું પણ કહેવામાં આવ્યું છે. વળી પૂર્વે યોગવિદ્યાનું જ્ઞાન હેમને દરદો ઉપર વિજય મેળવવાનું પ્રબલ હથિઆર થઇ પડતું, કે જે યોગવિદ્યા આજે કોઇક જ જાણતો હશે અસલના વખતમાં તેઓ હમેશ વસતિ બહાર ઉદ્યાનોમાં જ રહેતા, તેથી પણ હેમને જળસ્નાનની જરૂર થોડી

જ રહેતી. વળી આત્મલીનતા એજ હેમનો 'શોખ' હોઇ શારીરિક બધી જરૂરીઆતો તરફ લક્ષ આપવાનું હેમને ન પાલવે એ પણ દેખીતું છે. પરન્તુ વસ્તુસ્થિતિ હવે બદલાઇ ગઇ છે. હવે મો તેઓ શહેરો અને ગામોમાં જ રહે છે; વસ્ત્ર તથા આહાર આદિ બાબતોમાં શાસ્ત્રોનાં ફરમાનોને ચુસ્તપણે અમલમાં મૂકતા નથી. તેવા સંજોગોમાં ભીંજાવેલા કપડાથી લગભગ દરરોજ શરીરને સાફ કરવાનો રિવાજ દાખલ થાય એ ઇચ્છવા યોગ્ય છે. આ સૂચના કેટલાક રૂઢિના ગુલામોને અથવા શાસ્ત્રના રહસ્યને નહિ પણ શબ્દોને ચુસ્તપણે વળગી રહેવાની ટેવવાળા બંધુઓને અણગમો ઉત્પન્ન કરશે એ હું જાણું છું; પણ મ્હને શાસ્ત્રવચનનું રહસ્ય જેટલું પ્રિય છે તેટલું રૂઢિ તરફ હેત નથી અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચારે બાબત પર વિચાર કરીને વર્તન થાય એ જ વ્યવહારૂ ધર્મ જણાય છે, માટે આટલો ઇસારો અત્રે કર્યો છે. શારીરિક અશુચિ એ જે દેશ-કાળમાં હીણપતભરી ગણાતી હોય તે દેશ-કાળમાં રૂઢિ ખાતર સ્નાનનો સર્વથા નિષેધ કરવો એ, જૈન ધર્મની વધારે અગત્યની ફીલસુફી ઉપર જનસમાજનો પ્રેમ થતો અટકાવવા સરખું કામ છે, એ ભુલવું જોઇતું નથી. જેઓ આ દલીલ ન સ્વીકારે હેમને પૂછવું જોઇએ કે, તમે શું આત્મિક શુદ્ધિ બરાબર જાળવો છો? ત્યાં દરરોજ એક બે નહિ પણ અનેક અપવાદ શું નથી સેવતા? પ્રમાદ નથી સેવતા? ઇર્ષા નથી સેવતા? અહંભાવ નથી સેવતા? ક્રોધ નથી સેવતા? અને જો એવા ભયંકર આત્મિક દોષો કરતી વખતે ભગવાનના વચનનું ઉલ્લંઘન થવામાં હરકત નથી લેતા તો યત્નાપૂર્વક ગરમ જળમાં કપડું ભીંજવીને દરરોજ શરીર સાફ કરવાનો 'વ્યવહાર' સેવવામાં તમને કેમ આટલો બધો વાંધો લેવાનું સૂઝે છે? હું કહીશ કે આવું સ્નાન કાંઇ શરીરની શોભા કરવા ખાતર કે અલંકાર તરીકે કરવાનું સૂચવવામાં આવતું નથી, પણ જરૂરીઆત તરીકે સૂચવવામાં આવે છે, અને જમાનાને નહિ અનુસરવાથી થતી ધર્મહેલનાને અટકાવવા માટે સૂચવવામાં આવે છે. તે છતાં જ્હેમને આવી સૂચના ઘણી જ ભયંકર—મહાદોષવાળી અને ધર્મનું સત્યાનાશ કહાડવાવાળી જણાતી હોય હેમને પોતાને મનમાન્યે રસ્તે વર્તતા કોઇ અટકાવતું નથી. આ કાળમાં, આ દેશમાં, ધર્મનું છુટાપણું અથવા મનમાન્યો ધર્મ પાળવાની સર્વને છૂટ છે. કોઇ જુલ-

મથી સ્નાન કરાવવા નવરૂં નથી' તેમ છતાં જેઓ 'અવધૂ' હોય-પરમતત્વ સાથે એકતાર હોય-તેવાઓ માટે સ્નાન કે વગર સ્નાન કશાની સૂચનાની જરૂર રહેતી નથી. અવધુને શરીર છેદાઇ જાય ત્હેની પણ પરવા હોઇ શકે નહિ. પણ જ્યહાં સુધી એવું 'ઉચ્ચ ભાન' થયું નથી, જ્યહાં સુધી દુનીયાની વચ્ચે-વસતિની વચ્ચે-રહેવું છે, જ્યહા સુધી દુનીઆના લોકોની માફક ખાવુ-પીવુ છે અને ત્હેમની માફક દરદી થવું છે તથા દવા પણ લેવી છે, અમર હઠથી કે કીર્તિ વધારવા ખાતર દવા ન લેવા છતાં શારીરિક વ્યાધિથી દબાઇ જઇ 'હાય-વૉય' ઉચ્ચાર્યા કરવામાં આવે છે અને માનસિક તથા આત્મિક શક્તિઓને ટટ્ટાર રાખવાનુ બની શકતું નથી,—જ્યહાં સુધી આવી સ્થિતિ છે ત્યહાં સુધી તો શરીરશુદ્ધિના મુખ્ય નિયમો એક અથવા બીજા રૂપે પાળવા જ જોઇશે, તથા મનુષ્યોએ માનેલી સુઘડતાની મર્યાદા પોતા માટે નહિ તો મનુષ્યોની લાગણીઓ ન દુખાય તે ખાતર પણ જાળવવી જ જોઇશે. કા તો ખરા અવધૂ પુરૂષને જ સાધુપદ આપો અને ત્હેમને પહેલાંની માફક મ્હોટે ભાગે પહાડો અને ઉદ્યાનોમાં કે વાડીઓમા રહેવા દો; અને જે હાલ ચાલે છે એ રૂઢિએ જ સાધુ કરવા હોય તો એમને આવા અગત્યના શિષ્ટાચાર પાળવા દો. આ બન્ને રસ્તા સહીસલામત છે. હાલ ચાલતી રૂઢિ તો ધર્મ તેમજ વ્યવહાર બન્નેની દૃષ્ટિએ અનાદરણીય છે.

હવે આપણે કુદરત માતાની ત્રીજી દવા કે જેનું નામ 'કસરત' છે તે તરફ ફરવુ પડશે. પરન્તુ તેમ કરવા પહેલાં બીજા નંબરની દવાથી સબંધ ધરાવનાર તત્ત્વ "ખોરાક" વિષે કેટલોક વિચાર કરી જવો જોઇએ, અને એ બાબત પર વિચાર કરતા આપણે જોઇશું કે અહીં ધર્મશાસ્ત્ર આપણને કેવુ કિમતી શિક્ષણ આપે છે.

[અપૂર્ણ.]

"અધ્યાત્મના ઘોર જંગલમાં ઘણા આગળ વધવામાટે જોઇતી જોગવાઇઓમાં વજ્ર જેવું શરીર અને કૂદકા મારતી તનદુરસ્તી પ્રથમ દરજ્જો ધરાવે છે, એ મ્હારી અંગત અને ઉંડી માન્યતા છે."

વા. મો. શાહ.

अमृतलाल शेठनुं अठवाडीउं.

संक्षिप्त पुनरावर्त्तन.

સર્વત્ર લોકપ્રિય થઇ પડેલી આ કથા ૧૯૧૫ ના જુનના અંકમાં શરૂ કરવામાં આવી હતી અને સપ્ટેમ્બરના અંકમાં ચાલુ રાખવામાં આવી હતી. ત્યાર પછી ડિસેમ્બરના અંકમાં તે કથા નહિ આવવાથી સંખ્યાબંધ વાચકો અધીરા બની માગણી કરવા લાગ્યા હતા, જેથી આ અંકમાં પુષ્કળ પૃષ્ઠ રોકી ઉક્ત કથા સમાપ્ત કરવાની જરૂર જોઇ છે. પહેલો ભાગ લાંબા વખત ઉપર પ્રગટ થયેલો હોવાથી, કથા આગળ ચલાવવા પહેલાં પાછળનાં બધાં પ્રકરણોનો ટુંક સાર અત્રે આપવો જરૂરનો છે. અમૃતલાલ અમદાવાદના એક ક્રોડપતિ જૈન અને મીલમાલેક છે. નીતિમાન, દુર્વ્યસન અને દગા-પટકાથી દૂર રહી 'પોતાના ધંધામાં જ મશગુલ રહેનાર, સુશિક્ષિત અને આધેડ ગૃહસ્થ તરીકે ત્હેમને કલ્પ્યા છે. એમની ખામીમાં ખામી —કે જે આ ધાંધળમય જડવાદી દુનિયામાં 'ખામી' ગણાતી જ નથી —એ બતાવી છે કે, દ્રવ્યપ્રાપ્તિના ઉદ્યમમાં તે એટલા બધા ગુંથાયલા રહે છે કે પોતાની પ્રેમાળ પત્ની અને કુમળી વયનાં બાળકોને પોતાની સોબત આપવા જેટલું પણ તેઓથી બનતું નથી. પરિણામે પત્ની સુશીલાનું જીવન લુખ્ખું-નિરસ બને છે અને મ્હોટો પુત્ર રમણ-લાલ ઘરની બહાર સોબત શોધવાની સ્થિતિમાં મકાઇ જુગારી-દારૂડીઆ લોકોના પંજામાં પડે છે પુત્રી લીલાવતી કે જે પૂર્વકાળની આર્ય સતીનો નમુનો છે તે પોતાની પ્રકૃતિને અનુકૂળ એવા એક પવિત્ર યુવાન તરફ નિર્મળ પ્રેમથી આકર્ષાય છે, કે જે યુવાન (ચન્દ્રશંકર) ક્ષત્રિય કોમનો હોઇ તથા ત્હેણે સારી આમદાનીવાળો બૅરીસ્ટરનો ધંધો છોડી સામાન્ય પ્રોફેસર અને લેખક તરીકેનું જીવન અંગીકાર કરેલું હોવાથી અમૃતલાલ તે બન્ને વચ્ચે મુલાકાતો થવા દેવા ખુશી નથી. લીલાવતી અને રમણલાલ ઉપરાંત અમૃતલાલને એક ૪-૫ વર્ષનું ત્રીજું પણ સંતાન છે, કે જ્હેને બાબુ કહીને બોલાવવામાં આવે છે

એક દિવસ અમૃતલાલની મીલમાં રવિવારની રજા ન પાળતાં કામ ચાલુ રાખવામાં આવ્યુ હતું અને એકાએક અકસ્માત થવાથી સંખ્યાબંધ મીલમજુરો ઘવાયા હતા, જેમાંનો એક સખારામ હતો, કે જેણે અગાઉ પોતાના પ્રાણ જોખમમાં નાખીને અમૃતલાલની જીંદગી બચાવી હતી અને બદલો પણ સ્વીકાર્યો નહતો. હેણે પોતાના મરણ પ્રસંગે પોતાના માલેકને મળવા અને પોતાના નિરાધાર કુટુંબની ભલામણ કરવા ઇચ્છયું. શેઠને પ્રથમ તો અસર થતી નથી, તેથી દયાળુ શેઠાણી સુશીલા પતિને વિનયપૂર્વક પરન્તુ મક્કમ શબ્દોમાં ઠપકો દેછે. આઘાત પામેલા શેઠને તન્દ્રા આવે છે અને તે સ્થિતિમા તે ઘણાએક અસરકારક દશ્યો જોવા પામે છે. પ્રથમ હેની દૃષ્ટિ સમક્ષ શ્રીમંતોના મોજશોખ અને ગરીબોની વિપત્તિઓના દેખાવ ખડા થાય છે. પછી શાન્તિસાગર નામના એક ઉચ્ચ કોટિના સંત પુરૂષની સ્હામે હાથ જોડીને એક કિમતી શાલ અર્પણ કરતો એક મીલમાલેક હેની દૃષ્ટિએ પડે છે. શાન્તિસાગર તે ભેટ ન સ્વીકારતાં ટાઢથી મરતા નવસ્ત્રા ગરીબોને ઢાંકવાની સલાહ આપે છે અને મીલમજુરોને સુખી 'શહેરી' બનાવવાની કાળજી રાખવાનો ઉપદેશ કરે છે. (આ પ્રસંગની વાતચીત અત્યંત અસરકારક અને ઉપદેશી છે, જે લક્ષપૂર્વક વાંચવા દરેક મીલમાલેકને નમ્ર વિનંતિ છે.) ત્યાર પછી અમૃતલાલની નજર આગળ એક જુગારખાનામાં હેમના પુત્ર રમણલાલ પર પ્રહાર કરતા બદમાશોની ટોળી ખડી થાય છે. કટોકટીને વખતે રમણની બૂમ સાંભળી ચન્દ્રશેખર આવી ચ્હડે છે અને હેને બચાવી લે છે. રમણ પકડાઇ જવાથી શરમાય છે, પશ્ચાત્તાપ કરે છે અને ચન્દ્રશેખરની સોબત તથા ઉપદેશ માટે વિનંતિ કરે છે. વળી પાછો 'સીન' બદલાય છે. ચન્દ્રશેખરના દીવાનખાનામાં તે, હેનો સૉલીસીટર મિત્ર દફતરી તથા લીલા ઘણી જ ચિત્તાકર્ષક વાતચીતમા રોકાયલાં નજરે પડે છે. પ્રેમ, સુધારો, જ્ઞાતિ વગેરે બાબતમાં થોડા પરન્તુ મુદ્દાના શબ્દોમા થતી આ પ્રસંગની ચર્ચા અવશ્ય વાંચવા જેવી છે. છેલ્લો દેખાવ જે અમૃતલાલની નજરે પડે છે તે જીંદગી સુધી ન ભુલાય તેવો હતો. તમામ આકાશને રોકી રહેલું માથું જોવામાં આવે છે, જેમાંથી અવાજ નીકળે છે. "ઓ દુનિયાના કીડા! ડર નહિ, દોડ નહિ, સ્થિર થઇ સાંભળ! જે જમાએથી ત્હારે અત્યાર પહેલાં 'નાશી છૂટવું' જોઇતુ હતું હેને તો તું જોની

માફક 'વળગી રહે છે'—પચાસ વર્ષ સુધી હેને વળગી રહ્યો અને હજી—જો કે માત્ર એક જ અઠવાડીઉં હારે જોવાનું બાકી છે તો પણ—હજી તું તે જ જગા તરફ દોડે છે. હા, હારે માટે તે દુનિયાની હવા ખાવાનું એક જ અઠવાડીઉં બાકી રહ્યું છે. ૫૦ વર્ષનો ઉપયોગ ત્હેં કેવી રીતે કર્યો છે તે વિચારવાનું કામ હારૂં પોતાનું છે. જનસેવા અને પ્રેમ કે જેના ઉપર દુનિયાનો આધાર છે તે તત્ત્વોને ખીલવવા ત્હેં કશી દરકાર કરી નથી. જડ પદાર્થોની પ્રાપ્તિ અને વૃદ્ધિ એને જ ત્હે હારા મનુષ્યજીવનની સફલતા માની છે. હારા હાથ તળે મુકાયલા આત્માઓ—હારી પત્ની અને પુત્ર–પુત્રીઓ—એમને પણ મદદ કરવાનુ હારાથી બન્યુ નથી. વૈભવ અને દુનીઆઇ કીર્તિથી તુ ધરાયો નથી. અનંત પૂર્વજન્મોનુ સારૂં વાળવા માટે હને અપાયલો મનુષ્ય જન્મ, તનદુરસ્તી, ઉચ્ચ કુળ, આગેવાની, લક્ષ્મી, વિદ્યા વગેરે સર્વ સાધનોનો ત્હેં માત્ર પૈસા એકઠા કરવામાં અને વાહવાહ ખાટવામા જ ઉપયોગ કર્યો છે. સેતાન ઉપર જય મેળવવા માટે હને સેતાનના રાજ્યમાં મોકલવામાં આવ્યો હતો, તું તે સેતાનનો જ 'આશ્રિત' બની ગયો. જડવાદને હાંકી કહાડવા માટે હને બુદ્ધિનું શસ્ત્ર આપવામા આવ્યુ હતું; તું હેને જ જડવાદના રક્ષણ અને પુષ્ટિમા વાપરવા લાગ્યો. ઉચ્ચતમ પ્રેમને પીછાનવા માટે જ પત્ની અને પુત્ર–પુત્રી હને આપવામાં આવ્યા હતા; તું હેમનો અનાદર કરી માત્ર 'હું'પદનો જ પુજારી બન્યો. લોકોને સીધે માર્ગે વાળવા માટે હને સત્તા અને ધન આપવામા આવ્યુ હતું; ત્હેં હેનો લોકોએ માનેલી ખોટી મ્હોટાઇમાં જ ઉપયોગ કર્યો. ઓ તળાવ કિનારે તરસ્યા મરનાર માનવ! ઓ 'ભૂલા પડેલા' નાશવંત કીડા! ડર નહિ, શાન્ત થા, હિમત ધર અને હજી સાત દિવસ હારી જીંદગીના લખતમાં બાકી રહ્યા છે તેટલામાં હારાથી બને તેવી રીતે બગડેલી બાજી સુધારવા કોશીશ કર."

દેખાવ અદૃશ્ય થાય છે અને તન્દ્રા પણ દૂર થાય છે, છતાં અમૃતલાલ 'હું સાત દિવસમાં મરવાનો છું' એવું ભાન ભૂલી શકતો નથી. સુશીલા હિંમત આપે છે. સાત દિવસનો સારામાંસારો ઉપયોગ કરવાની શક્તિ મળે એવી પ્રાર્થના અમૃતલાલ એકાંતમા કરે છે. (આ પ્રાર્થનાની શૈલી હરકોઇ દેવને માનનારને તેમજ કોઇ પણ દેવને નહિ માનનારને એકસરખી રીતે પવિત્રતા અને બલ

ધીરે એવી છે; ખરેખર વાંચવા યોગ્ય છે.) બીજે દિવસે સ્હવારે–સોમવાર સ્હવારે–પ્રાર્થના બાદ કુટુંબ સાથે ચહા પીધા પછી અમૃતલાલ મીલમાં જવા નીકળે છે. કૉમ્પાઉન્ડમાં મજુરોનું હુલ્લડ જોવામાં આવે છે. બદલાયલા અમૃતલાલ પોતે ઉશ્કેરાયલા મજુરોના શિરદાર બની ત્હેમનામાં સ્વમાન ઉત્પન્ન થાય એવો ઉપદેશ કરે છે અને હિંમતસિંહ અને મગન મીસ્ત્રી નામના બે મજુરોને પોતાની સાથે મસલત કરવા લઈ તથા તાકીદે મજુરવર્ગની સઘળી અગવડો દૂર કરવાનુ વચન આપી, સખારામ નામના પોતાનો પ્રાણ બચાવનાર ઘવાયલા મજુરની ખબર કહાડવા જાય છે. હુલ્લડખોર મજુરો સમક્ષ અમૃતલાલ શેઠે આપેલુ ભાષણ જેટલુ સુંદર છે તેટલુ જ હૃદયદ્રાવક મરણપથારીપરથી સખારામે આપેલુ ભાષણ છે. સ્વાર્થી શ્રીમંતોપર અર્થસૂચક શબ્દોમા તિરસ્કાર કરતા કરતાં ગરીબ સખારામ બૈરીછોકરાંને નિરાધાર છોડી બીજી દુનિયામાં ચાલ્યો જાય છે. અમૃતલાલ તે નિરાધાર જીવોને પોતાનાં કુટુમ્બી તરીકે પોતાના ઘેર મોકલી આપે છે અને અકસ્માતના ભોગ થઈ પડેલા બીજા મજુરોને ડાકટરી મદદ આપવા જાતે દોડે છે. સાંજે ઘેર આવતાં લીલાં એક રમુજી દેખાવ રજુ કરી પિતાને ખુશી કરવા મથે છે, એટલામાં આનંદ સ્ટેશનથી એક તાર આવે છે, જે અમૃતલાલની બીમાર બ્હેન ધનલક્ષ્મીની તબીયત બાબતનો હોઇ રાત્રીની ટ્રેનમાં અમૃતલાલ, લીલાં અને બાબુ આનંદ તરફ ઉપડી જાય છે. આનંદથી થોડે દૂર ટ્રેન આવતા બીજી ટ્રેન સાથે અથડાઅથડી થાય છે, જહેને પરિણામે સંખ્યાબંધ ઉતારૂઓ ઘવાય છે. અમૃતલાલ, લીલા અને બાબુ ત્રણેને ઓછીવધતી ઇજા થાય છે, પણ ઘવાયલાઓની સારવાર પોતાની ઇચ્છાથી કરવામાં રોકાયલા ચન્દ્રશંકરવડે પિતાપુત્ર બચી જવા પામે છે અને મ્હોં છુંદાવાથી બેભાન થયેલી લીલાંને માટે ચન્દ્રશંકર અંધારી રાત્રે આનંદ જઈ પોતાના એક ડાકટરમિત્રને બોલાવી લાવે છે. ડાકટર પુરતી સારવાર કરે છે પણ ભય જણાવે છે કે, તેણી કદાપિ બચવા પામશે તો પણ જોવાની, સાંભળવાની અને બોલવાની ઇન્દ્રિયો નકામી થઇ પડશે. ઉપકારના બોજા તળે આવેલા અમૃતલાલ હવે ચન્દ્રશંકરનો આભાર માનતાં જણાવે છે કે, લીલાં જો આબાદ બચી જવા પામે તો તે તેણીને ચન્દ્રશંકર સાથે પરણાવીને કરજમુક્ત થવા ઇન્તેજાર છે. ચન્દ્રશંકરનો જવાબ, કે જે

સપ્ટેમ્બરના અંકમાંની કથાનો છેલ્લામાં છેલ્લો ભાગ છે તે, ખરેખર એક ઉચ્ચ કોટિના જીવાત્માની દીવ્ય વાણી છે. તે જવાબ આ પ્રમાણે છે:

" નહિ, સાહેબ ! આ વિષયની ચર્ચા અત્યારે કરવી એ મ્હને ઉચિત નથી; તથાપિ આપના સાન્ત્વન અર્થે મ્હારે ખુલાસો કરવો જોઇએ છે કે, આંધળી, બહેરી અને મુંગી લીલાવતીની અંદરના ઉચ્ચ ગુણો—કે જે કોઇ આંધળા બહેરા કે મુંગા નથી—તે ગુણોને હું ચાહતો કદાપિ બંધ થઇ શકું નહિ, અને અત્યાર સુધી તે ગુણો ખાતર જ જો હું એને મ્હારી બનાવવા ઇચ્છતો હતો તો હવે તો ત્હેની અસક્ત થઇ પડેલી જીંદગીને મ્હારા પ્રેમ અને આશ્વાસનવડે સબળ અને સુખી બનાવવા ખાતર મ્હારે ત્હેને પોતાની બનાવવાનું હમેશ કરતાં પણ વધારે દ્રઢતાથી ઇચ્છવું જોઇએ. તે જેમ મ્હારી યુવાનીને કે ડીગ્રીને ચાહતી નથી, તેમ હું પણ તેણીની સુંદરતાને કે પૈસાને ચાહતો નથી; અમો એકબીજાના ગુણો અને સ્વભાવને જ ચાહતાં શિખ્યા છીએ અને તેથી આ સંકટ અમારા પ્રેમમાં વિઘ્ન રૂપ ન થતાં ઉલટું અમને વધારે મજબૂતાઇથી જોડનાર થઇ પડવું જોઇએ. આ અકસ્માતથી ત્હેને જીંદગી અકારી થઇ પડશે, એવે વખતે હું મ્હારા તે પ્રેમપાત્રને એકલું દુઃખ ભોગવતું જોઇ શકું નહિ મ્હારે ત્હેના દુઃખમાં તો ખાસ કરીને ભાગ પડાવવો જોઇએ, —અને એક સ્ત્રીના દુઃખમાં ભાગ પડાવવાનું એક પતિથી જેટલા હદે બની શકે તેટલું બીજા કોઇથી ભાગ્યે જ બની શકે. અને તેટલા જ ખાતર, હું કે જે આજ સુધી લીલાંના હાથની માગણી કરનારા રૂપે પણ કરવા આપની સમક્ષ કદાપિ આવ્યો નહતો તે જ હું આજે તો આપને ખાસ વિનંતિ કરૂં છું કે, જો લીલાં ચક્ષુ આદિ ગુમાવી ન બેસે તો આપની ખુશીમાં આવે તેની ત્હેની વ્યવસ્થા કરજો, પણ કમનશીબે ડાક્ટરનો ભય ખરો પડે તો તો એની દુઃખીયારી જીંદગીના ભાગીદાર બનવાનું સદ્ભાગ્ય મ્હને જ આપજો । "

[અહીંથી વાર્તા અધુરી રહી છે, જે આ નીચે આપવામાં આવે છે. ઉપર જે સાર આપવામાં આવ્યો છે તે, અનુસંધાન વાચનારની સગવડ પુરતો છે; પરન્તુ ખરેખરો રસ ચાખવાની ઇચ્છા હોય ત્હેમણે તો પાછલા બન્ને અંકો અક્ષરસઃ વાંચવા અગર આ

આખી વાર્તાનું અલાયદું પુસ્તક* છપાવું શરૂ થયું છે તે વાંચવું.]

પ્રકરણ ૩ જું,—સોમવાર.

"ચન્દ્રશંકર ! ચન્દ્રશંકર ! હુ બહુ ઠગાયો છું." ઉંડા નિશ્વાસ સાથે અમૃતલાલે કહ્યું "દ્રવ્યોપાર્જનમાં હુ એટલો મશગુલ રહ્યો કે મનુષ્યોની—રે મ્હારી સ્ત્રી અને સંતાનોની પણ—કિંમત આંકવા નવરો થઇ શક્યો નહિ. સ્વર્ગ તેમજ નરક મ્હારા પોતાના આવાસમાં છે તે હુ વર્ષો સુધી જોઇ શક્યો નહિ, તો પછી ત્હમારા આવા ઉમદા ગુણો જોવાને તો ક્યહાંથી જ ફુરસદ પામુ ? હવે મ્હને સ્હમજાય છે કે ત્હમારા જેવો શુદ્ધ હૃદયનો માણસ બૅરીસ્ટરના ધંધા કરતાં લેખક અને પ્રોફેસર તરીકેનુ કામ વધારે પસંદ કરે એ તદ્દન સંભવિત અને વાજબી છે. ત્હમારી બુદ્ધિની કિંમત આંકવાની મ્હારી રીત ખોટી હતી, મ્હારા કાટલાં જૂઠાં હતા, મ્હારી વિવેકબુદ્ધિ અપંગ હતી, એમ હુ હમણાં સ્પષ્ટ જોઇ શકું છું. મ્હારી લીલાં આ અકસ્માતમાંથી સહિસલામત ઉઠે અગર ન ઉઠે, પણ આજથી ત્હમારામાં મ્હને એક કિંમતી મિત્રરત્ન મળ્યુ છે એ એક જ ખ્યાલ મ્હને આશ્વાસન રૂપ થઇ પડશે."

ચન્દ્રશંકર બોલવા જતો હતો એટલામાં કૉમ્પાઉન્ડર ધસી આવ્યો અને લીલા શુદ્ધિમા આવવા લાગી હતી એવા ખબર આપ્યા. ડાક્ટરને ગયાને બે કલાક થઇ ગયા હતા અને ત્હેની 'ટ્રીટમેન્ટ' ધારવા કરતા પણ વધારે ઝડપથી અસર કરનાર થઇ પડી હતી. અમૃતલાલ અને ચન્દ્રશંકર તેણીના બીછાના પાસે ગયા. તેણીએ આસ્તેથી જરા પાસુ બદલ્યુ અને દરદની વેદ-

*અલાયદા પુસ્તકનું નામ "અમૃતલાલ શેઠનું અડવાડીઉ" અથવા "મૃત્યુના મ્હોંમાં" એવું રાખવામાં આવ્યું છે. ઉંચા કાગળ, સુંદર છાપ અને મનહર પુઠાવાળું એ પુસ્તક એક માસમા બહાર પડશે. ૧ પ્રતનુ મુલ્ય ૦—૪—૦. મળવાનુ ઠેકાણું, 'જૈનહિતેચ્છુ' ઑફિસ, ૨૫૩ નાગદેવી સ્ટ્રીટ. મુંબઇ. લોકહિતાર્થે વિનામૂલ્ય લ્હાણી કરવા ઇચ્છનાર ગૃહસ્થે આ કથા પોતાની મેળે ન છપાવી લેતાં 'જૈનહિતેચ્છુ' ઑફિસને લખવાથી સામટી નકલો કીફાયતે છપાવી આપવાની ગોઠવણ કરવામા આવશે.

નાનો અરેકાર આસ્તેથી કર્યો, જો કે આંખો તો હજી બંધ જ હતી.

કૉમ્પાઉન્ડર આ ખબર ડાકટરને પહોંચાડવા તુરત જ તૈયાર થયો, પણ હેની હાજરીની જરૂર વિશેષ હોવાથી હેને અટકાવી ચન્દ્રશંકર ગાડીમાં ચ્હડી બેઠો અને ૦॥ કલાકમાં ડાકટરને લઇને પાછો હાજર થયો. આ વખતે સ્હવારના પાંચ વાગ્યા હતા. પ્રાતઃકાળની જીવનપ્રેરક હવા મંદ મંદ ચાલી રહી હતી. એ હવાએ પણ ડાકટરની દવાને ઉત્તેજના આપી અને ૭ વાગતામાં તો લીલાવતી પોતાની વેદનાની ફર્યાદ વાચા દ્વારા કરવા શક્તિમાન થઇ. ડાકટરે હવે જણાવ્યું કે વાચાશક્તિ બચી જવા પામી છે તો આંખ અને કાન માટે પણ નિરાશ થવા જેવું કાંઇ નથી.

પ્રકરણ ૪ થું,—મંગલવાર.

સ્હવારના ૭ વાગે લીલાવતીની સુધરતી જતી સ્થિતિના સંતોષ સાથે જેવા ડાકટર તંબુ બહાર નીકળવા જતા હતા તેવા જ અમૃતલાલ બોલી ઉઠ્યાઃ "ડાકટર સાહેબ! જે અકસ્માત મ્હને નડયો છે તે જ અકસ્માતમાં બીજા પણ ઘણા મનુષ્યો ફસાયા છે. આપને પરિશ્રમ તો પડશે, પણ કૃપા કરી મ્હારી સાથે ચાલો તો જેઓને કાંઇ મદદ કરી શકાય તેમ હોય ત્હેમને મદદ કરી આવીએ. રેલ્વે કમ્પનીના ડાકટરને ઓછી જ ગરજ પડી છે કે તે આટલો વહેલો દોડી આવવા તૈયાર હોય દરમ્યાનમા આપની મદદ બહુ કારગત થઇ પડશે."

"મી. અમૃતલાલ!" ડાકટરે હસીને કહ્યું "આપની એ સૂચના થવા પહેલાં જ હું જરૂરની સામગ્રીઓ લેતો આવ્યો છું, જે પરથી મ્હારા ઇરાદાનો આપ ખ્યાલ કરી શકશો. રેલ્વે કંપની જો પોતાની ફરજ સમજતી હોત તો અકસ્માતના ખબર આનંદ અને અમદાવાદ સ્ટેશને પહોંચતા વેંત જ બન્ને સ્થળેથી સ્પેશ્યલ ટ્રેનો દોડાવી ઘવાયલાઓની સારવાર માટે પુરતી સંખ્યામાં ડૉકટરો અને કૉમ્પાઉન્ડરો મોકલી ઘણાઓને બચાવી શકી હોત પણ માણસાઇ કે ફરજનો ખ્યાલ આજના સ્વાર્થી અને ધાંધલમય જમાનામાં ક્હાં રહેવા પામ્યો છે? આજે દરેક ધંધામાં મનુષ્ય દ્રવ્યપ્રાપ્તિને જ લક્ષબિંદુ માની બેઠો છે; જોખમદારીઓ અને ફરજોના ભાનની હેને

કાંઇ ગરજ નથી. આજના દૈનિક પત્રોમાં ત્હમે જોઈ શકશો કે રેલ્વેવાળાઓ અકસ્માતથી મરણ પામેલા અને ઇજા પામેલાઓની સંખ્યા પણ છેક જ ઓછી જાહેર કરશે અને અકસ્માત વખતે અમુક અમલદારોએ સ્તુતિપાત્ર સેવા બજાવી હતી એવા બ્યુગલ ફુંકવામાં પણ બાકી નહિ રાખે. ચાલો, આપણે જઇને જોઇએ કે રેલ્વે કમ્પનીનો કોઈ ડાક્ટર આવી પહોંચ્યો છે કે કેમ ?"

ડાક્ટર અને અમૃતલાલ અકસ્માતવાળી જગાએ ગયા સૂર્યપ્રકાશથી, ઘવાયલાઓનો દેખાવ હવે સ્પષ્ટ જણાતો હતો. કોઇનો હાથ તો કોઇનો પગ ભાગ્યો હતો, કોઇને છાતીમાં તો કોઇને બરડામાં ચોટ લાગી હતી, કોઇ મર્મસ્થળે વાગવાથી બેભાન દશામાં પડયા હતા અને કોઇ ભુલાઈ મરણ પામ્યા હતા. દેખાવ ખરેખર ત્રાસદાયક હતો. બચવા પામેલાઓ પૈકીના કેટલાક પગે ચાલી તે જ વખતે ગામભેગા થઇ ગયા હતા, કેટલાક ત્યહાં પોતાના સાથીની સારવાર કરવા રોકાયા હતા, અને કેટલાક અમદાવાદથી આવેલી સ્પેશ્યલ ટ્રેનમા મધ્ય રાત્રીએ રવાના થયા હતા.

બરાબર બે કલાક સુધી બની શકે તેટલા પૅસેન્જરોની સારવાર આ બન્ને પરોપકારી પુરૂષોએ કરી એટલામાં રેલ્વે કંપનીનો ડાક્ટર પણ આવી પહોચવાથી બાકીનુ કામ ત્હેને સોંપી તે બન્ને પોતાના તંબુ તરફ પાછા ફર્યા.

રેલ્વે અકસ્માતથી ઘવાયલાઓનો કમકમાટીભરેલો દેખાવ જોવાથી હમણાં અમૃતલાલને પોતાની મીલમા થયેલો અકસ્માત અને સખારામનુ મૃત્યુ વગેરે બનાવોનું સ્મરણ થઇ આવ્યું, એટલું જ નહિ પણ મીલમજુરોના હુલ્લડવાળો બનાવ અને ત્હેમની સઘળી ફર્યાદોનો ફડચો કરવાનુ પોતે આપેલું વચન તેમજ હિમ્મતસિંહ અને મમનમીઆં નામના બે મજુરોને એ વચન અદા કરવામાં સલાહકાર તરીકે ચુંટયા હતા એ સઘળી હકીકત ત્હેની આંખ આગળ તરી રહી; તેથી તેણે લીલાવતીને ડાક્ટરને ઘેર મૂકી તથા ચન્દ્રશંકરને ત્હેની સારવારમાં રાખી તુરતજ અમદાવાદ જવાનો નિશ્ચય કર્યો; કારણ કે 'તમામ આકાશને રોકી રહેલો પ્રકાશિત ચહેરો' ત્હેની આંખ આગળથી ક્ષણભર પણ ખસતો ન હતો અને તે ચહેરાએ 'આપેલી ત્હારે માટે આ દુનિયાની હવા ખાવાનું એક

જ અંધારીઉં બાકી રહ્યું છે ' એવી ચેતવણી હેના મગજમાંથી જરા પણ ભુંસાવા પામી નહતી. હેને મન એક મીનીટ એક યુગ જેટલી કીમતી હતી. તેથી તંબુમાં પેસતાં જ પોતાનો નિશ્ચય હેણે ડાક્ટર તથા ચન્દ્રશંકરને સંક્ષેપમાં જણાવી દીધો; અને ડાક્ટરે કહ્યું. " હું નથી ધારતો કે હવે હમારી હાજરીની અહીં વધારે વાર જરૂર હોય. દરદીને લઇને આપણે સઘળા મ્હારી દવાશાળામાં પહોંચીએ, પછી આપ મ્હારી સાથે ભોજન કરીને ખુશીથી અમદાવાદ જઇ શકશો. "

સઘળી આવશ્યક કાળજી સાથે લીલાવતીને એક ખાટલામાં નાખી મજુરોને માથે ઉપડાવવામાં આવી અને ચન્દ્રશંકર તથા કોમ્પાઉન્ડર તેઓની સાથે પગે ચાલતા નીકળ્યા; ડાક્ટર અને અમૃતલાલ ગાડીમાં બેસી દવાશાળામાં જઇ પહોંચ્યા

ડૉક્ટર ધર્મચન્દ્ર (એ એનુ નામ હતુ) નું દવાખાનુ દેશી અને અંગ્રેજી ઢબના સઘળા આ દેશનાં દવાખાનાં કરતાં જૂદી જ જાતનું હતું. આ દવાખાનાએ આનન્દ શહેરની બહાર એક ખુલ્લા મેદાનનો મ્હોટો ભાગ રોકયો હતો અને હેની આસપાસ લિંબડાના ઝાડની ગાઢી ઝાડી હતી તથા વચ્ચેવચ્ચે ફૂલઝાડોના કયારા હતા. દરદીઓ અને સલાહ લેવા આવનારાઓની પ્રથમ મુલાકાત માટે એક મ્હોટું દીવાનખાનુ, દાખલ થવાના દરવાજાથી પચાસેક કદમ દૂર આવેલુ હતું આ દીવાનખાનામા સ્ત્રી અને પુરૂષોને બેસવાની અલાયદી ગોઠવણો કરવામા આવી હતી. એમા દવાના બાટલાઓ કે વાઢકાપનાં ઓજારો કે એવી કોઇ પણ ચીજ રાખવામાં આવી નહતી. તે એક ગૃહસ્થના 'ડ્રૉઇંગ રૂમ' જેવો ઓરડો હતો, પણ ડ્રૉઇંગ રૂમની દીવાલો ઉપર ટાંગવામાં આવતાં નકામા કે વિષયજનક ચિત્રોને બદલે આ દીવાનખાનાની દીવાલો ઉપર તનદુરસ્તી અને શક્તિની ભાવનાને પુષ્ટિ આપે એવાં ચિત્રો અને તનદુરસ્તી સાચવી રાખવાના તથા ગુમાવેલી તનદુરસ્તી પાછી મેળવવાના કામમાં મદદ કરે એવાં ઉપદેશવાકયો ટાંગેલાં હતાં. ભયંકર નાગને વશ કરતા કૃષ્ણનું, હાથમાં આખો પર્વત ઉપાડી સમુદ્ર ઓળંગી જતા હનુમાનનું, રાક્ષસોનો સંહાર કરતા બલવાન રામનું, વિદેશી લુટારાઓને હઠાવવા માટે પહાડોમાંથી પવનવેગે અશ્વ દોડાવતા

જુમાનાની શીવાજી મહારાજનું, આખા યુરપને હચમચાવી મુકનારા કર્મવીર નેપોલીઅનનુ, દુશ્મનોએ પ્રપંચથી આપેલા હલાહલ વિષની અસર શરૂ થવા છતાં ભયને તાબે થવાની ના કહેનારા અસાધારણ વીર સીઝરનું, પહાડોમા એકાકી વિચરતા પશુપતિ (સિંહ) નું, આકાશમાં એકાકી ઉડતા ગરૂડપક્ષીનું, સમુદ્રપટ પર તરવા સાથે કુસ્તી કરનારા પહેલવાનોનું, એવાં એવાં અનેક પ્રકારનાં—શક્તિની ભાવના પ્રેરનારાં—નિર્બળતા અને માંદગીના ખ્યાલને ભૂલાવી દેનારાં--ચિત્રો આ દીવાનખાનાની દીવાલો પર લટકાવેલા હતાં. " માણુસ પોતે પોતાનો કર્તા-હર્તા છે," "બીમાર થવું તેમજ બલવાન થવું ત્હમારા પોતાના હાથમા છે," "મોક્ષ તે સ્થિતિનું નામ છે કે જેમા 'શક્તિ' ઉભરાઇ જતી હોય," "નબળાઇને પુષ્ટિ આપનારા ધર્મો, રીવાજો, આદતો, શોખો અને વિચારો એ જ ત્હમારા મ્હોટામા મ્હોટા શત્રુ છે," "આરોગ્ય અને બળની પ્રાપ્તિ ઇચ્છનારે સ્વાદના ગુલામ ન બનતાં સ્વાદ પર વિજય મેળવવો જોઇએ," "જેઓ વિષય અને સ્વાદના ગુલામ હોય તેઓને, જ્યહા સુધી તેઓ તે ગુલામી છોડવાનો પાકો નિશ્ચય ન કરે ત્યહા સુધી, આ વ્યાયામશાળામાં આશ્રય આપવામા આવશે નહિ. કારણ કે આ કાંઇ 'ગુલામો' ની 'પાંજરાપોળ' નથી," "જેઓ શરીરને પુરતો શ્રમ આપવાને ખુશી નથી ત્હેમની પાસે જવાનો શ્રમ લેવાને શક્તિ દેવી પોતે પણ ખુશી નથી," "અહીં 'મડદા'ઓને સંઘરવામાં આવતાં નથી, 'જીવતા'--અને જીવવાને રાજી હોય એવા જ મનુષ્યોને મદદ કરવાનુ આ સ્થાન છે," "જીવનના પ્રવાહમા તરો-ખેલો-હસો અને નાચો, મડદા માફક તળીએ બેસો નહિ તેમજ ખેંચાઇ જાઓ નહિ," "હજાર શાસ્ત્રો, હજાર ગુરૂઓ, હજાર નીતિઓ, હજાર આજ્ઞાઓ અને હજાર સલાહોમાં મુઝાઇ ન જતા શક્તિ વધારનારા એક જ જીવનશાસ્ત્રને અનુસરો," "જેઓ પોતાની ઇચ્છાઓ ઉપર વિજય ન મેળવી શકે તેઓ વસ્તુઓ બનાવો અને મનુષ્યો ઉપર કદાપિ વિજય ન મેળવી શકે અને સમ્પૂર્ણ આરોગ્ય તથા બળનો સ્વાદ કદાપિ ન ચાખી શકે" ઇત્યાદિ અનેક પ્રકારનાં વચનામૃતો ચોતરફ મ્હોટા તખતાઓમાં સોનેરી હરફથી લખેલાં હતાં. એટલું જ નહિ પણ, એક મ્હોટા લાકડાના ચોકઠામાં જૂદાંજૂદાં વિજ્ઞાપન પત્રો ચ્હોડેલા હતાં, જેમાં અજીર્ણના દરદીઓ,

ક્ષયના દરદીઓ, વાતપિત્તકફના પ્રકોપથી ઉત્પન્ન થતાં વિવિધ દરદોથી પીડાતા દરદીઓ વગેરેને માટે પથ્યના નિયમો તથા દિનચર્યા અને રાત્રીચર્યાના નિયમો લખેલા હતા. આ દીવાનખાનામાં સુમારે ૨૦૦ માણસો બેસી શકે એવી સગવડ હતી. બે તબીબો તો ખાસ આ દીવાનખાનામા ગામ-પરગામથી આવતા સેંકડો દરદીઓને તપાસવા માટે જ રોકાતા હતા. તેઓ એક મિત્ર માફક દરદીને સઘળો ઇતિહાસ શાન્તિથી પૂછતા, હેની પ્રકૃતિ, આદતો, ખાનપાન, ધંધો, કામ કરવાની રીત, વિચારો, આર્થિક સ્થિતિ, માનસિક સ્થિતિ, રહેવાના મકાનની પરિસ્થિતિઓ, ઇત્યાદિ અનેક મુદ્દાઓની પૂછપરછ કરતા અને આ સઘળી પરિસ્થિતિઓ પરથી દરદનું મૂળ કારણ શોધી કહાડતા તથા બીજાં ચિન્હોને છોડી મૂળ કારણને નાબુદ કરવા તરફ જ ધ્યાન આપતા. આ બારીક તપાસને પરિણામે ઘણાખરા દરદીઓ તો કલ્પિત દરદથી જ પીડાતા જણાતા, જેમને એ વહેમથી મુક્ત થવાના માનસિક ઇલાજો સૂચવવામા આવતા કેટલાકને માટે માત્ર ખાનપાનાદિમાં ફેરફાર કરવાની સલાહ બસ માનવામાં આવતી હતી, કેટલાકને મકાન સુધારવાની કે બદલવાની સલાહ પુરતી થઇ પડતી, ઘણાખરા દરદીઓ બ્રહ્મચર્યખંડનનુ જ પ્રાયશ્ચિત કરતા જણાવાથી હેમને માટે શારીરિક તેમજ માનસિક બ્રહ્મચર્યપાલનનું 'પ્રિસ્ક્રિપ્શન' લખી આપવામાં આવતુ અને એ ચેપી વિચારોથી છૂટવા માટે મગજને અન્યત્ર રોકી રાખવાના રસ્તા સૂચવવામા આવતા તથા જંગલમાં ફરવાની અને જળમાં તરવાની સલાહ આપવામા આવતી, તેમજ તે સાથે તાત્કાલિક ટેકા તરીકે અમુક અમુક દવાઓ પણ કેટલાક દરદીઓને આપવામાં આવતી.

દવાઓ અનેક પ્રકારની રાખવામા આવતી, જેમા પ્રાધાન્ય બાયોકેમીક' દવાઓ (જીવનરસાયણ ઔષધિઓ) ને આપવામાં આવતું. શરીર જે જે ક્ષારોથી બનેલું છે હેમાંના અમુક ક્ષારની ન્યૂનતા થવાને પરિણામે શરીર ઉપર જે 'અસર થાય છે હેને 'દરદ' કહેવામા આવે છે અને તે દરદ તે અમુક ક્ષારની ખોટ પુરવાથી અદૃશ્ય થાય છે, એવો એ બાયોકેમીક શાસ્ત્રનો સિદ્ધાંત હોવાથી, તે શાસ્ત્ર અનુસાર થતા ઉપચાર દરદને **જડમૂળથી** ઉખેડી નાંખે છે. જર્મનીના વિશ્વવિખ્યાત શોધક ડૉકટર શ્યુસ્લરે આ અદ્દ્ભુત શોધથી દુનિયા ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે. એ દવાઓ સંખ્યામાં થોડી, માત્રામાં

તો વળી બહુજ થોડી અને સ્વાદરહિત તેમજ સસ્તી હોવાથી દુનિઆને આશિર્વાદ રૂપ થઈ પડી છે. ડૉક્ટર ધર્મચન્દ્રના દવાખાનામાં, એટલા જ માટે, આ દવાઓનો એક ખાસ ' ડિસ્પેન્સીંગ રૂમ ' હતો, જેનો ઉપયોગ ઘણાખરા દરદીઓ માટે કરવામાં આવતો હતો. આ ઉપરાંત બીજા એક ' ડિસ્પેન્સીંગ રૂમ ' માં આયુર્વેદ અનુસાર બનાવેલી દેશી દવાઓનો જથો પણ રાખવામાં આવતો, ત્રીજા એક ખંડમાં આ દેશને અનુકૂળ થઇ પડે એવી થોડીએક વિલાયતી (એલોપથીક) દવાઓનો પણ ન્હાનોસરખો જથો રાખવામાં આવતો. આ બધી ' ડિસ્પેન્સીંગ રૂમ્સ ' થી આગળ જતાં કાચના છાપરાવાળા કેટલાક ખંડ હતા, જેમાના એકમાં વાઢકાપ (શસ્ત્રક્રિયા) ની સગવડ રાખવામાં આવી હતી, એકમાં વિજળીક પ્રયોગોથી દરદ મટાડવાને લગતા સાધનો હતાં, એકમાં દરદીના શરીર ઉપર સૂર્યપ્રકાશ પાડવાની ગોઠવણ હતી. બાષ્પસ્નાન અને શાસ્ત્રીય પદ્ધતિથી કરાતી ચંપી માટે પણ એક કોટડી અલાયદી રાખવામા આવી હતી. આ બધી ઓરડીઓ અને ઓરડા છોડી આગળ જતા એક સુંદર ન્હાનો બગીચો જોવામા આવતો, જેને છેડે પચીશેક 'તપસ્વી'ઓને રાખવાની સગવડવાળા ૩ ખંડ હતા. વૈષ્ણવો અને જૈનોના ' તપસ્વી 'ઓ કરતા ડૉક્ટર ધર્મચન્દ્રના ઔષધાલયના 'તપસ્વી'ઓ અલબત જૂદી જાતના હતા. લાંબી મુદ-તના દરદથી રીબાતા દર્દીઓને આ સ્થળે રાખી કોઇને દરરોજ એક જ વખત શુષ્ક અને થોડો આહાર આપવાની વિધિ અજમાવવામાં આવતી, કોઇને એક સમ્પૂર્ણ ઉપવાસ કરાવવામાં આવતો, કોઇને બે-ત્રણ-ચાર-આઠ કે ૫ દર દિવસનો પણ 'તપ' કરાવવામા આવતો; પરન્તુ આ સઘળા તપસ્વીઓને પથારીમા પડી રહેવાની મના હતી, તેઓ પાસે ત્હેમના શરીરબંધારણ મુજબ મજલ કરાવવામાં આવતી, સ્નાન કરાવવામાં આવતું, ત્હેમને લાયક કામકાજ કરાવવામાં આવતું, અને જેઓ ભણેલા હોય ત્હેમને વીરરસના કાવ્યો, ઇતિહાસનાં પુ-સ્તકો, optimism અથવા જીંદગીને આનંદ રૂપે જોવાની ફીલસુ-ફીના પુસ્તકો, શરીરશાસ્ત્રને લગતાં કે ઉપવાસ વિદ્યાને લગતાં પુસ્તકો કે બાયોકેમીને લગતાં પુસ્તકો વાંચવા આપવામાં આવતાં. કૃષ્ણની 'ગીતા' અને વિશ્વવિખ્યાત મહાભારત—રામાયણનાં વીરરસ કાવ્યો આ તપસ્વી-આશ્રમમાં બહુ લોકપ્રિય થઇ પડયાં હતાં. જૈનભાઇઓને રીસ ન ચ્હડે તો, આ આશ્રમ એક નમુનારૂપ ' પોષધશાળા ' હતી

અને હેના 'તપસ્વી'ઓ માત્ર ઉપવાસ જ નહિ પણ તે સાથે 'પૌષધ' વ્રતનુ પણ પાલન કરતા હતા.

આ 'તપસ્વી આશ્રમ'થી થોડે દૂર બે લાંબી ચાલીઓ હતી, જેમાં સુમારે ૫૦ દરદીઓના ખાટલા હતા. શસ્ત્રક્રિયા માટે કે ભયંકર દરદોની સારવાર માટે આવતા દરદીઓને 'ઇન-ડૉર પેશન્ટ' તરીકે અહીં રાખવામાં આવતા. આમની સારવાર—તેઓ ગરીબ હો યા શ્રીમંત હો, બ્રાહ્મણ હો વા ભંગી હો—એકસરખી કાળજી અને પ્રેમથી કરવામા આવતી. ડૉ. ધર્મચન્દ્ર અને હેના બીજા બે સહકારી ડાકટરોની પત્નીઓ શુશ્રૂષા શાસ્ત્ર (Nursing) શીખીને આ 'વોર્ડ'મા કામ કરતી હતી અને દરદીઓને માટે દેવદૂતની ગરજ સારતી હતી. આ સન્નારીઓ તેમજ બીજી પગારદાર નર્સોને કામકાજ સૂચવવાની અને હેમના ઉપર દેખરેખ રાખવાની ફરજ ડૉ. ધર્મચન્દ્રની એકની એક પુત્રી સીતાગૌરીને શિર નાખવામા આવી હતી, કે જેણે ડૉ. ધર્મચન્દ્રની માફક જર્મની જઇને નર્સીંગને લગતુ વ્યવહારૂ જ્ઞાન સમ્પૂર્ણત મેળવ્યા બાદ એ જ્ઞાન વડે દુ:ખી દુનિયાની સેવા કરવાની પ્રબળ ઇચ્છાથી આખી જીંદગી અવિવાહિત સ્થિતિમા ગુજારવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. સીતાગૌરીને દરદીઓ 'સીતામૈયા' કહીને બોલાવતા હતા; પરન્તુ ડૉ. ધર્મચન્દ્રની જ્ઞાતિના લોકો તો એક કુમારિકાને પુરૂષ વર્ગમાં ભળતી જોઇ અનેક શંકાઓ લઇ જતા અને પાયા વગરની શંકાઓ ઉપર ખોટાં આરોપોના ઇમારત રચવાને પણ ચૂકતા નહિ. પરન્તુ સઘળા પ્રબળ આત્માઓની માફક સીતા કે સીતાના પરોપકારકુશળ પિતા લોકવાયકાના પટપટારાની મુદ્દલ દરકાર કરતા નહિ.

ડૉ. ધર્મચન્દ્રના આ ઔષધાલયમા ઉપર વર્ણવેલા ગૃહો ઉપરાન્ત સૂતીકા ગૃહ, ડાકટરો-કૉમ્પાઉન્ડરો અને નર્સોને રહેવાનાં મકાનો, તથા 'ઇન-ડૉર', દરદીઓ માટે ભોજનશાળા, નોકરોને રહેવાની ઓરડીઓ, તરવાની કસરત માટે એક મ્હોટો હોજ, ફૂટ-બૉલ વગેરે રમતો માટે એક વિશાળ ખુલ્લુ ચોગાન, સ્ત્રી-પુરૂષોને સાંજે વિશ્રાન્તિ મળે એટલા માટે કરાયલા બે અલાયદા બગીચા, વગેરે વગેરે અનેક પ્રકારની સગવડ હતી.

અમૃતલાલ શેઠ આ સઘળું ઘણા જ આનંદ અને આશ્ચર્યથી

જોયું અને પછી ડૉ. ધર્મચન્દ્રની સાથે તે જમવા ગયા. બાજરીનો રોટલો, દૂધ અને તાંદળજાની ભાજી સિવાય બીજો કોઇ પદાર્થ પીરસવામાં આવ્યો નહોતો, પરન્તુ વિશાળ કમ્પાઉન્ડમાં પુષ્કળ ફરવાને લીધે ખરેખરી ભૂખ લાગવાથી આ સાદો ખોરાક પણ આ ક્રોડપતિ અમૃતલાલને અમૃત જેવો મિષ્ટ લાગ્યો. જમતાં જમતાં અમૃતલાલે પૂછ્યું : " ડાક્ટર સાહેબ ! ત્હમારા આ આશ્ચર્યજનક ઔષધાલયના બહોળા ખર્ચને પહોંચી વળવા માટે ત્હમારે ફી ઘણી ભારે રાખવી પડતી હશે ? "

ડાક્ટરે મૂછમાં જ હસીને કહ્યું " બીલકુલ નહિ, બલ્કે એમ કહું તો ચાલશે કે અમે ફી જ લેતા નથી ! ઘણાખરા દરદીઓ તો માત્ર સલાહ આપીને જ વિદાય કરવા જેવા જણાવાથી ત્હેમની પાસેથી કાંઇ ફી લેવાની જરૂર જ રહેતી નથી, કેટલાકોને દવા આપવાની જરૂર જણાય છે પણ ઘણેભાગે દવાઓની પડતર કિંમત ત્હમે ધારો છો એટલી ભારે હોતી નથી. પ્રાઇવેટ પ્રૅક્ટીસ કરતા ડાક્ટરો દરરોજના ચાર આના લે છે ત્હેમાં દવાનું સરેરાસ ખર્ચ એક બે પૈસા જેટલું જ હોય છે. અમારો રીવાજ એ છે કે, દરદીને ત્હેની પાછળ થતા દવાના ખરા ખર્ચનો આંકડો આપવામા આવે છે અને કહેવામાં આવે છે કે જો તે એટલું પણ ખર્ચ કરવા અશક્ત હોય તો હાલ તુરતમા મુદ્દલ પૈસા ન આપતા જ્યહારે તે આરોગ્યવાન અને રળવાને શક્તિમાન થાય ત્યહારે આ ઔષધાલયમા મુકાયલી ' ધર્માદા પેટી'માં પોતાની મરજી મુજબ રકમ તેણે નાખવી. મ્હને યાદ છે કે પાચ રૂપીઆની દવા લઇ ગયેલા દરદીઓ પાછળથી રળવાને શક્તિમાન થતા દસ રૂપીઆ આ પેટીમા ખુશીથી નાખે છે,—એમના ભલા માટે અમે જે કાળજી રાખીએ છીએ ત્હેની અસર એમના ઉપર એટલી બધી પડે છે કે તેઓ ગુણચોર થઇ શકતા જ નથી. અને શ્રીમંતો તો અમારા અસાધારણ સસ્તા બીલને જોઇ હસી જ પડે છે અને કહે છે: ' બીજા કોઇ ડાક્ટર કે વૈદ્યને હાથ પડયા હોત તો અમારા સેંકડો રૂપીઆ બરબાદ થવા ઉપરાંત મહીનાઓ સુધી અમે બીછાનાથી છૂટી શકત નહિ. માટે ત્હમારાથી થયેલા અમારા નાણાંના, સમયના અને પીડાના બચાવ તરફ જ દૃષ્ટિ રાખીને બદલો આપવા માગીએ તો જે કાંઇ આપીએ તેટલું થોડું છે,' એમ કહી તેઓ શક્તિ અને ઇચ્છા મુજબ પચાસ–સો–પાંચસો કે કવચિત્

વધારે રકમ પણ આપી જાય છે. આ સઘળી આવકથી અમે આ સંસ્થાનો નિર્વાહ ઘણી જ કરકસરથી કરીએ છીએ. અલબત અમો ત્રણે ડાકટરોના કુટુંબનિર્વાહનો આધાર પણ આ આવક ઉપર જ છે; પણ અમારો માસિક ખર્ચ બહુજ અલ્પ છે, કારણ કે અમે ઘણું સાદું જીવન નિર્વહીએ છીએ અને શોખીક કરવાની લેશ પણ ઇચ્છા રાખતા નથી. અલબત આટલી કરકસર છતાં આ સંસ્થાનુ એકંદર ખર્ચ આમદાનીથી વધી પડે છે, પણ પાંચ વર્ષ સુધી એ ખોટને પહોંચી વળાય એવી ગોઠવણ અમે સંસ્થાના જન્મ પહેલાં જ કરી રાખી છે. એ પાંચ વર્ષની મુદ્દતને ખલાસ થવાને હજી છ માસ બાકી છે; પરન્તુ અમને તે બાબતમાં કશી ચિંતા થતી જ નથી, કારણ કે દુનિયામા જે કામો જરૂરનાં છે તે કામોના નિભાવ માટે કુદરત પોતે ચિંતા કરે છે."

અમૃતલાલ શેઠ તો આ હકીકત સાંભળી ચકીત જ થઇ ગયા અને ડાકટરના મ્હોં તરફ એકી ટસે જોઇ રહ્યા. તેઓ મનમા જ બોલ્યા "શું આ સાચુ હશે? શું આ હળાહળ કળિયુગમાં પણ આટલી હદના સ્વાર્થત્યાગીઓ હોવાનો સંભવ છે?" પણ જેમ જેમ ડાકટરની પ્રકાશિત આંખો અને પવિત્ર વદન ઉપર ત્હેમની આંખો વધારે ને વધારે ઠરતી ગઇ તેમ તેમ ત્હેનુ જાદુ ત્હેના હૃદય ઉપર થવા લાગ્યુ અને તેણે મનમા જ કહ્યું "કેવી દુષ્ટ શંકા! હું ત્હેનાં પવિત્ર કામો હમણાં જ જોઇ ચૂક્યો અને ને છતા આ શંકા? ખરેખર સ્વાર્થીજનો દુનિયામાં સર્વત્ર સ્વાર્થ જ ભાળે છે; કમળાની આંખવાળાને સ્વભાવતઃ જ બધુ પીળું જણાય છે. મ્હેં દુનીઆનું ભલુ કરવાનું તો દૂર રહ્યું પણ મ્હારી પોતાની સ્ત્રી, પુત્ર-પુત્રીઓ અને અન્ય કુટુંબીજનોના પણ હિતનો વિચાર કદાપિ કર્યો નથી, તેથી એ સ્વાર્થસાધુ હૃદયથી આ પરમપરમાર્થી ડાકટરની કદર થવી કેમ સંભવે?"

શંકાપર બુદ્ધિનો વિજય થતાં અમૃતલાલે પૂછ્યું "પરન્તુ, ડ્રાકટર સાહેબ! આવું મ્હોટું ખાતું સ્થાપવા પુરતો પૈસો ત્હમને કેવી રીતે મળ્યો? શું ત્હમે ગર્ભશ્રીમંત છો? શુ પિતાએ વારસામાં આપેલા પૈસાથી આ મહાન પરોપકારી કાર્ય આરંભ્યું હતું?"

"એ પ્રશ્નનો ઉત્તર ઘણો લાંબો થશે" ડાકટરે કહ્યું "એના જવાબમાં મ્હારૂં આખું જીવનચરિત્ર કહેવું પડે તેમ છે. ભોજન પુરૂં

થયા બાદ આપણે એક કલાક બેસીને એ વાત ચર્ચીશું; પરન્તુ હું ભૂલતો ન હોઉં તો ત્હમને ત્હમારી મીલમાં જવાની ઘણી તાકીદ છે એમ હમણાં જ ત્હમે કહ્યું હતું."

"હા, મ્હને જવાની ઘણી જ તાકીદ છે" ડાક્ટરે કહ્યું "કોઇ પણ માણસ ખ્યાલ કરી શકે તે કરતાં પણ ઘણી જ તાકીદ. મ્હારો 'પટો' lease of life–ઘણો ટુંકો છે અને મ્હારી એકેક મીનીટ અમૂલ્ય છે. પરન્તુ ત્હમારી વાતમાંથી મ્હને એવું કાંઇ પ્રાપ્ત થયું છે, જેની પણ કિંમત થઇ શકે તેમ નથી. મ્હારી લીલાને અકસ્માત થવામાં, હું ધારૂં છું કે, દૈવનો જ હાથ હોવો જોઇએ, એવી મતલબથી કે, હું ત્હમારા જેવા ઉત્ક્રાન્ત આત્માની મુલાકાત પામી શકું અને એ દ્વારા મ્હારા અતિ ટુંક જીવનને કાંઇક ઉત્ક્રાન્ત અને સફલ બનાવી શકું. ત્હમારૂં આત્મકથન સાભળવામા ખર્ચાતો એક કલાક સારામાં સારા નફાના જીવનવ્યાપારમાં ખર્ચાશે એ બાબતમાં મ્હને લેશ માત્ર શંકા નથી; માટે કૃપા કરી તે મ્હને જરૂર સભળાવશો."

ભોજન સમાપ્ત થયું. તેઓ બન્ને બાજુના ન્હાના બગીચાની અંદર ગોઠવાયલી આરામ ખુરસીઓમા આડા થયા એટલે અમૃતલાલના આગ્રહથી ડાકટરે પોતાનું આત્મકથન શરૂ કર્યું.

"અમૃતલાલભાઇ! ત્હમારી સ્હામે હમણાં જે માણસને ત્હમે જુઓ છો ત્હેને જન્મથી સદ્‌ગુણી કે સદાચરણી માણસ હોવાનુ જો ત્હમે ધારતા હશો તો એ ધારણાને મ્હારી કબુલાતો જૂઠી પાડશે. કુદરતની લીલાઓ વિચિત્ર છે; 'ભલા'માંથી 'બુરૂં' અને 'બુરા' માંથી 'ભલું' કેવી રીતે ઉપજે છે ત્હેનો ક્રમ બરાબર તપાસીએ તો છેવટે એ જ સિદ્ધાંતપર આવવુ પડે છે કે 'ભલુ' અને 'બુરૂં' એવુ કાંઇ છે જ નહિ; એ 'વસ્તુ' નથી, માત્ર 'શબ્દો' છે અને એક સ્થિતિની અપેક્ષાએ બીજીને અપાતાં વિશેષણો માત્ર છે, અગર તો, એક જ વસ્તુની ભિન્ન ભિન્ન સ્થિતિઓ વચ્ચેના તફાવતોને ઓળખાવવા ખાતર યોજેલા 'શબ્દો' છે. અને આ અનુભવ જ્હારે મનુષ્યને થાય છે ત્હારે તે ગમે તેવી વ્યક્તિના પણ સુધારા માટે નાસીપાસ થતો નથી. મ્હારો પોતાનો ઇતિહાસ આ સત્યને વધારે સારી રીતે પુરવાર કરશે.

"હું કાઠિયાવાડના એક ગામડામા એક ગરીબ જૈન કુટુંબમાં જન્મ્યો હતો. જન્મથી હું તોફાની, કજીઆખોર અને મતલબી હતો.

નીતિના કટ્ટ શત્રુ તરીકે હું મશહુર હતો. એક વખત એક બોર્ડીંગ કે જેમાં હું રહેતો હતો ત્હેના વિદ્યાર્થીઓએ 'કન્યાવિક્રય'ના વિષયપર વિવાદ ચલાવ્યો અને સઘળાએ અનેક દ્રષ્ટિબિંદુથી કન્યાવિક્રયને સખ્તમાં સખ્ત તિરસ્કાર આપ્યો, ત્યારે મ્હેં સૌથી જૂદા પડી કન્યાવિક્રયનો બચાવ કર્યો અને પોતે ઉત્પન્ન કરેલી ચીજની પોતાની ઇચ્છા મુજબ વ્યવસ્થા કરવાનો મનુષ્યને હક્ક છે એમ પ્રતિપાદન કર્યું, એટલું જ નહિ પણ, એ પણ એક જાતનો 'વ્યાપાર' છે અને વ્યાપારની બાબતમાં ધર્મ-અધર્મનો વિચાર કરવો એ મૂર્ખતા છે એમ પણ જણાવ્યું. આ એક જ બનાવપરથી મ્હારા સંસ્કારનો ત્હમને ખ્યાલ થઇ શકશે. અંગ્રેજી સાતમું ધોરણ ભણતો હતો એવામા એક જૈન ન્યુસપેપરમાં મ્હેં એક જાહેરખબર વાંચી કે મદ્રાસમાં વસતા જૈનોનાં બાળકોને પ્રાથમિક ધર્મશિક્ષણ આપવા માટે એક શિક્ષકની જરૂર છે. હું તુરત જ ત્યહા ઉપડી ગયો અને નોકરી મેળવવામા ફાવ્યો. લોકો ભદ્રિક હતા; વ્યવહારમા ધર્મને ભેળવવાને તેઓ ખુશી નહતા, જો કે ધર્મક્રિયા અને શાસ્ત્રવચનના રૂઢ અર્થોમાં એટલા શ્રદ્ધાળુ હતા કે એ બેના ઓથા તળે ત્હેમને ઠગવા એ બહુ જ સહેલુ કામ હતું. મ્હેં એક ચુસ્ત જૈન તરીકેનો દેખાવ ઘણી ખૂબીથી કર્યો અને છેવટે સાધુદીક્ષા લેવાની ઉત્કંઠા બતાવી. ભોળા જૈનો મ્હારી આ ઉત્કંઠા જોઇ ઘણા ખુશી થયા અને મ્હને 'શાતા ઉપજાવવા' પોતાથી બનતુ કરવા લાગ્યા. છેવટે મ્હેં ત્હેમને જણાવ્યું કે, મ્હારા વૃદ્ધ મા-બાપનો એકનો એક પુત્ર હું હોવાથી મ્હારી ગેરહાજરીમાં તેઓને ગુજરાન સબંધી બારે મુશ્કેલી પડશે, માટે ત્હેમને માટે કાંઇક સાધન મુકી જવાય તો ઠીક. આ ઉપરથી કોઇએ સો, કોઇએ પચાશ, અને કોઇએ પચીસ રૂપીઆ કહાડીને મ્હને રૂ. ૧૫૦૦) ની રકમ કરી આપી. ને પછી એ રકમ માબાપને સોંપવાના અને દીક્ષા માટે ત્હેમની પરવાનગી લેવાના બ્હાનાથી હુ દેશમા ગયો, પણ એ રકમને સસાર છોડવાની જરૂરીઆતમાં ખર્ચવાને બદલે એ વડે હું સસાર માંડી બેઠો અર્થાત્ બૈરી પરણ્યો ! હવે મ્હારાથી મદ્રાસ તો જવાય તેમ રહ્યું નહતું, પણ મદ્રાસમા એક ડાકટર પાસેથી બાયોકેમીક દવાઓ સબંધી થોડુ જ્ઞાન મેળવ્યું હતું, જેનો ઉપયોગ ધંધા તરીકે કરવા હવે મ્હને ઇચ્છા થઇ. એક ન્હાનુ સરખું દવાખાનું દેશમાં જ ખોલ્યુ, પણ મ્હારૂં ગાડું ચાલી શકયું નહિ. પાસેની છેલ્લી પાઇ પણ ખવાઇ ગઇ.

અને થોડુંક દેવું પણ કરવું પડયું. ધીમેધીમે એવો વખત આવી લાગ્યો કે ઉધાર માલ આપનાર કે પાચ રૂપિયા ઉછીના આપનાર પણ કોઇ મળ્યું નહિ. આ સ્થિતિએ મ્હને મરણીઓ બનાવ્યો. કેટલાકો જ્યારે વગર મહેનતે લાખો રૂપિયા રળે છે અને અમનચમન કરે છે ત્યારે હું મહેનત કરવાની ઇચ્છા તેમજ શક્તિ છતાં પેટનો ખાડો પૂરવા જેટલુ પણ પામતો નથી, એવો કુદરતનો પક્ષપાત હું વધારે વખત સહન કરી શકુ તેમ ન હતું. મ્હેં હવે વિચાર્યું કે 'દુનિયામાં સૌ જીવવા માગે છે—કોઇ મરવા ઇચ્છતું નથી અને જીવવાનો હક્ક દરેક માણસને છે' અને મ્હે એ હક્ક હરકોઇ રીતે જાળવવાનો નિશ્ચય કર્યો. એક છાપાવાળાની ભલામણથી એક જૈન સભાનો ટ્રેઝરર (ખજાનચી) બનવા મ્હે કોશીશ કરી અને નશીબજોગે ત્હેમાં હુ ફાવ્યો મ્હારો ઉપરી એક પુરો મારવાડી હતો, તેથી રૂ. ૨૫) નો પગાર પણ મુશ્કલીથી આપે તેમ હતુ 'લોભીઆ વસતા હોય ત્યહા ધુતાગ ભૂખે મરે જ નહિ' એ કહેવત હુ બરાબર જાણતો હોવાથી મ્હેં મ્હારા ઉપરીને કહ્યુ કે 'ધર્માદાનુ કામ છે, માટે હુ પગાર મુદ્દલ નહિ લઉ અને મ્હારૂં ગુજરાન વૈદકના ધધાથી ચલાવી શકીશ.' 'મારવાડી' શેઠને આ વાત પસંદ પડી અને મ્હારી નીમણુક થઇ. ધીમેધીમે મ્હે તે હૈયાફુટા શ્રીમંતને મ્હારા પઝામા પુરોપુરો લીધો ત્હેના કુટુબની દવાદારૂ હું મફત કરતો, ત્હેની પેઢીને લગતું અંગ્રેજી પત્રવ્યવહારાદિ કામકાજ પણ હું જ કરી આપતો અને એક ધર્મસભાના માનદ પ્રમુખ તરીકે શેઠ બહુ ભોગ આપે છે એમ કહી ખુશામતથી પણ ત્હેને પ્રસન્ન કરવાની તક લેવાનું ચુકતો નહિ. પરિણામે શેઠે સભાની સઘળી સત્તા મ્હને આપી. પછી તો પૂછવુ જ શુ? ધર્મનું ખાતુ હોઇ ગામોગામથી સખ્યાબધ દાન આવ્યા કરતાં, જેમાના કેટલાક દાન તો એવા લોકો તરફથી આવતાં કે જેઓ 'પહોચ' તે શુ હશે એટલુ પણ જાણતા નહિ. વળી મ્હે વાર્ષિક હિસાબ બહાર પાડવાનુ પણ, કામનો બહુ જ બોજો હોવાના બહાના તળે, મુલ્તવી રાખ્યું હતુ અને નામાનુ કામ મ્હારા જ ખાસ માણસને સોંપવાની આગમચેતી રાખી હતી. એકાદ વર્ષમાં તો હું એક સારીસરખી રકમ બચાવવા શક્તિમાન થયો. બીજે વર્ષે મ્હે એક કારખાનું ખોલ્યું અને સભાની વગરપગારની—પણ ચારગુણી આવકવાળી—નોકરી પણ ચાલુ રાખી. પૈસો પૈસાને ખેચી

આવે છે,' એ નિયમ પ્રમાણે-પાંચેક વર્ષમાં મ્હારી પાસે વીશેક હજારની શીલીક થવા પામી. આ પાચ વર્ષ દરમ્યાન હું છેક નિશ્ચિંત જ હતો એમ માની લેવાનું નથી. મ્હારા ખાઉકણુપણાનો વ્હેમ કોમના કેટલાક બુદ્ધિશાળી પુરૂષોને આવવા લાગ્યો; પરંતુ તેઓમાંના ઘણાખરા તો જાહેર હિમત વગરના અને પારકી પંચાતથી દૂર રહી ઘર સાચવી બેસનારા હોઇ મ્હારી વિરૂદ્ધમા કાંઇ કોલાહલ થવાનો વખત આવવા પામ્યો નહતો. પરન્તુ પાંચમા વર્ષની આખરે સભા પોતે મરવા જેવી દશામાં આવી પડતા લોકો પુરેપુરા વ્હેમાયા અને ચોપડા તપાસવાનું તથા ખુલાસા પૂછવાનું જોર બતાવવા લાગ્યા. પ્રથમ તો મ્હે ત્હેમને મ્હારા હાથમાના વાનરજી અર્થાત્ શેઠ મારફત ઉડાવનારા અને ડરાવનારા જવાબ અપાવ્યા, પરન્તુ આખરે બે હિમતવાળા શ્રીમતોએ ધર્માદા ખાતાનો હિસાબ તપાસવા સરકારમા અરજી કરી અને ચોપડા સરકારમાં મોપાવ્યા. બહારથી ગમે તેવું સિંહનું રૂપ કરવા છતા અંદરથી તો હું ઘેટાની પેઠે ડરતો હોવાથી, હવે મ્હારૂં શું થશે એ વિચારવાયુને પરિણામે મ્હને હીસ્ટીરીઆ જેવુ દરદ લાગુ પડયુ અને અધુરામાં પુરૂં મ્હારી બીજી વખતની સ્ત્રી (દીક્ષા માટેના પૈસાથી ખરીદેલી તે) પણ મરણ પામી. હવે વિશેષ લાચારી અને ઝઝુમી રહેલુ સંકટ બન્નેથી બચવા માટે મ્હેં ન્હાસી છુટવાનો ઠરાવ કર્યો. જર્મનીમાં મ્હારૂ દર્દ મટાડનારા ખાસ તબીબ ઘણા છે એમ હું જાણતો હોવાથી અને મ્હારી પાસે પુરતા પૈસા હોવાથી છેવટે જર્મની ઉપડી જવાનુ જ નક્કી કર્યું અને સારા મૂહુર્ત્તે હુ ઉપડી ગયો. 'સારૂં મૂહુર્ત્ત' કહેવાનું કારણ એ છે કે મ્હારી જીંદગી બદલી નાખનારો-મ્હને નવી જીવનનું પીછાન કરાવનારો એ જ કલાક હતો, કે જેમા હું હિંદને સલામ કરી પશ્ચિમપ્રયાણ કરવા ઉપડયો. ડૉ. શ્યુશલરના એક ચેલાને હુ મળ્યો અને મ્હારા દરદની વાત કહી. તે પરોપકારી પુરૂષે કાંઇપણ ફી લીધા સિવાય મ્હને થોડા દિવસમાં નિરોગી બનાવ્યો અને મ્હને બાયોકેમીક દવાનુ પ્રાથમિક જ્ઞાન ધરાવતો જાણી ઘણી પ્રસન્નતાથી સુચવ્યુ કે મ્હારે ત્હેની સાથે બે વર્ષ રહી એ વિદ્યાનો અનુભવયુક્ત અને સમ્પૂર્ણ અભ્યાસ કરવો. મ્હેં તે સૂચના ઘણા આભાર અને માનની લાગણી સાથે સ્વીકારી. હું પોતે માનસિક શક્તિ તો સારી ધરાવતો હતો અને વળી મ્હારો વિદ્યાગુરૂ શિખવવામાં ઘણો હોંસીલો હતો, તેથી બે વર્ષમાં તો હું એ

વિદ્યાનો પારગત બન્યો. હવે દુનિયાના કોઈપણ ભાગમાં રહીને મ્હારો નિભાવ કરવાનું કામ મ્હારે માટે અતિ સરળ થઇ પડયું. પરન્તુ મ્હોટો લાભ તો અર્થપ્રાપ્તિનું સાધન મળ્યું તે નહિ, પણ તેથીએ કાંઇ જુદી જ પ્રાપ્તિના રૂપમાં હતો. મ્હારો ગુરૂ અસત્યની સામે યુદ્ધ કરવા માટે જ જન્મેલો એક અસાધારણ 'યોદ્ધો' હતો. ડાકટરોવડે લોકોના લોહી માંસ અને દ્રવ્ય ચુસાતાં જોઇ ત્હેનાથી ચુપ બેસી શકાતું નહિ, તેથી તે પ્રચલિત ઔષધિશાસ્ત્ર અને ડાકટરોનાં લોપાળાં ખુલ્લાં કરતો, લોકોને કુદરતના કાનુનો સ્હમજાવી આરોગ્ય જાળવવાના રસ્તા બતાવતો અને દરદોને પીડા સમાન માનવાને બદલે શરીરમાં જે જાતના તત્વની ખોટ પડી હોય તે તે જાતના તત્વની માગણી કરનારા અવાજ તરીકે માનવાનું શિખવી સહેલાઇથી અને નજીવા ખર્ચે તે માગણી પૂરવાના રસ્તા બતાવતો. સખ્યાબંધ પેપરો મારફત તે પોતના પરોપકારી વિચારો ઘેરેઘેર ફેલાવતો, આખી દુનિયામા ફરીફરીને ભાષણો આપી લોકોને જગાડતો, પોતે નિર્ધન છતાં ધનની તૃષ્ણા ન રાખતા સાધનહીન દરદીઓને વગર ફીએ સાજા કરતો. આ મનુષ્ય રૂપમાં અવતરેલા દેવની બે વર્ષની સોબતે મ્હારામાં, હું પણ ન જાણવા પામુ એવી રીતે, અસાધારણ ફેરફાર કરી નાખ્યો. હવે તો હું પણ એના 'મિશન' મા જોડાયો. મ્હારી પાસે જે શીલીક હતી તે મ્હે ત્હેના હાથમા મુકી અને અમે બન્નેએ નવું નવુ જ્ઞાન મેળવવા સંયુક્ત પ્રયત્ન આદર્યો. બેચાર શ્રીમત દરદીઓ પાસેથી મળતી ફી અમારૂં બન્નેનું ગુજરાન ચલાવવાને બસ હતી, અને મ્હારી શીલીક મુસાફરી ખર્ચ તથા વિશેષ જ્ઞાન અને અનુભવનાં સાધનો પાછળ ખર્ચાતી. મનુષ્યશરીરને લગતી તમામ પ્રકારની ઔષધી વિદ્યા અમે શિખ્યા, કાઇ કાઇ જાતનાં વિચિત્ર દરદોની ચિકિત્સા કરવાના પ્રસંગો અમને મળ્યા, અને છેવટે મહાન સત્યની એક બાજુનો પડદો ઉંચો થઇ દેખાયુ કે સઘળા સ્થૂલ ઉપાયોની પેલીપાર—બુદ્ધિની પેલીપાર—પ્રયોગોની પેલીપાર—'કાંઈક' છે ખરૂં, કે જે ગમે તેવા ભયંકર દરદને સહજમાં મટાડી શકે. તે 'કાંઇક' ને આર્યો યોગવિદ્યા કહે છે, કે જે આત્માની સાથે સબધ ધરાવે છે. આ વિચાર સુઝતાં અમે અધ્યાત્મવિદ્યા (spiritualty) તરફ અમારૂં લક્ષ દોરવ્યું. મ્હને લાગ્યું કે એ માટે સારામાં સારૂં ક્ષેત્ર આર્યાવર્ત્ત છે, કે જ્યહાં હજારો વર્ષથી અધ્યાત્મવિદ્યાનો ઝરો વહ્યાં કરે છે અને વહેતો

વહેતો અન્ય પ્રદેશોને પણ ફલદ્રુપ કરે છે. પરન્તુ મ્હને ભય એ હતો કે, આજના પરતંત્ર, દાસત્વભાવનાને પૂજનારા, અને તેથી દાંભિક બનેલા આર્યાવર્ત્તમાં સાચા અધ્યાત્મીને શોધી કહાડવામાં ઘણી મુશ્કેલી પડશે. મ્હારી આ ચિંતા જાણીને મ્હારા મિત્રે કહ્યું કે, યદ્યપિ એ વિદ્યાનો મ્હોટો ખજાનો તો આર્યાવર્ત્ત સિવાય બીજે ક્યાંઇ મળવો મુશ્કેલ છે, તથાપિ એ ખજાનાની પીછાન કરાવવા પુરતું જ્ઞાન તો જર્મનીમાંથી મળી શકશે. પૂર્વના સઘળા ધર્મો અને શીલસૂરીઓને લગતા પવિત્ર ગ્રંથોનું સૌથી પ્રથમ ભાષાંતર કરનારા બધા જર્મનો જ હતા, ખુદ યુરપમાં ધર્મ સમ્બન્ધી મ્હોટા ફેરફાર (revolutions) કરનારા પણ જર્મનો જ હતા અને એમની સમાજરચના અને જીવનમાં વેદાન્તના સંસ્કારો એક અથવા બીજા રૂપમાં ઘૂસાડવામાં આવ્યા છે. બ્રહ્મર્ષિ અને રાજર્ષિની ભાવના ત્હાં નવી જન્મી છે, વસતિથી ઘણે દૂર ઝાડની ટોચપર નગ્નાવસ્થામાં એકાન્ત જીવન ગુજારનારા 'અબધૂ' પણ ત્યાં છે, કે જેઓનું ઉંડું જ્ઞાન 'સંસારની' 'રમતડી' ઉપર મુંગુંહાસ્ય કરે છે અને જહેમના ગરૂડ' અને 'સિંહ' માનસિક દૃષ્ટિમાં અપ્રતિબદ્ધ 'વિહાર' કરવામાં 'મજા' માને છે. આ સાંભળતાં મ્હને તેવા 'અબધૂ'ની મુલાકાત કરવાની તીવ્ર ઉત્કંઠા થઇ આવી મ્હારા મિત્રની મદદથી હું કેટલેક દિવસે એવા એક 'નાગા' અને 'દુનિયાથી આઘા' પુરૂષનો પત્તો મેળવી શક્યો, પરન્તુ તે વજ્રના દીલવાળો અબધ મ્હારી કથા અને આજીજી ચૂપકીથી સાંભળી જ રહ્યા અને પછી એક હરણની ઝડપથી દોડી કોણ જાણે ક્હાંએ ઝાડીમાં ભગાઇ ગયો. એના મ્હોં પરના ભાવો એમ સૂચવતા હતા કે, મ્હારા જેવો બાલજીવ એના જેવા ઉત્કાન્ત આત્માના વિચારો સાંભળવાને 'અધિકારી' ન હતો. પરન્તુ આટલેથી હું કંટાળી જાઉં તેમ ન હતું. મ્હેં વિચાર્યું કે, દુનિયામાં અધ્યાત્મ જ્ઞાન અને જ્ઞાનીઓનો કોઇ કાળે વિચ્છેદ સંભવે જ નહિ, પણ જ્ઞાન અને જ્ઞાનીને પીછાનવાની વિવેકબુદ્ધિ અને આત્મસંયમ હોવો એજ મ્હોટી વાત છે અને એ શક્તિ જગસેવામાં તલ્લીનતાપૂર્વક લાગ્યા સિવાય આવવી મુશ્કેલ છે, માટે મ્હારે હિંદમાં જઇ લોકોમાં આરોગ્ય અને શક્તિની વૃદ્ધિ કરવા માટે નિસ્વાર્થ પ્રયત્ન આદરવો. સંભવ છે કે, એવા પ્રયત્નને પરિણામે જે શક્તિ મ્હારામાં ઉત્પન્ન થશે તે વડે કોઇ ખરા અધ્યાત્મીનો સંજોગ મળી રહેશે. પ્રથમ સેવાધર્મ, પછી અધ્યાત્મપ્રેમ અને પછી આધ્યાત્મિક જીવન: એ સ્વાભાવિક ક્રમમાં મ્હને દૃઢ શ્રદ્ધા થઇ અને એ ક્રમને અનુસરવાનો મ્હેં દૃઢ સંકલ્પ કર્યો.

"હવે હું હિંદ તરફ પાછો ફર્યો. મ્હારી પાસે સારી સરખી રકમ તે વખતે શીલીકમાં હતી, ને વડે મ્હેં આનંદ ગામબહાર એક ઔષધાલય ખોલવાનું ઠરાવ્યું, હાથમાંની રકમ વડે મ્હેં આ સંસ્થા ઉભી કરી ખરી, પરન્તુ ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે કાંઇક ચાલુ મદદની જરૂર જોવામાં આવી. એટલામાં તમારી લીલાંના મિત્ર અને આશક ચન્દ્રશંકરની મ્હને પીછાન થઇ. ચન્દ્રશંકર તે વખતે અમદાવાદમાં પ્રસિદ્ધ બૅરીસ્ટર હતા અને ઘણી સારી આમદાની કરતા હતા. અમારા પરિચયે થોડા જ દિવસમાં દૃઢ મૈત્રીનું રૂપ ધારણ કર્યું અને એના પરિણામે ચન્દ્રશંકરના વિચારો મ્હારા જેવા જ થઇ ગયા. એમણે પોતાની આમદાનીનો પોણો ભાગ આ સંસ્થા ખાતે આપવા માંડયો, જેથી બે વર્ષમાં પચીશેક હજારની શીલીક થવા પામી. તે પછી ત્હેમણે બૅરીસ્ટરનો ધંધો છોડી પ્રોફેસર અને લેખક તરીકેનો ધંધો, એમાં ઘણી જ થોડી આવક હોવા છતાં, એથી નવીન ભારતમાં શક્તિપ્રેરક ભાવનાઓ ફેલાવી શકાશે એ જ હેતુથી સ્વીકાર્યો. આ ધંધામાં ત્હેમની આવક ઘણી થોડી હોવા છતા ત્હેનો અરધો હિસ્સો તેઓ આ સંસ્થાને આપ્યા કરે છે, અને ખુબી તો એ છે કે ત્હેમનો આ આત્મભોગ અમારા બે સિવાય બીજું કોઇ જાણતું નથી. અને—"

"અને હવે મ્હેં ત્રીજાએ તમારી એ ખાનગી ટોળીની ખાનગી હકીકત જાણી છે, માટે મ્હારે પણ તે ટોળીના સભાસદ થવું જ જોઇએ. હું અને તમો બન્ને સ્વદેશસેવકો હસ્તક રૂપિયા વીસ લાખની રકમ મુકવા માગું છું, અને તે પણ એ જ શરતે કે તમારે મ્હારૂં નામ કોઇને જાહેર કરવું નહિ. તમો જે સ્વર્ગીય આનંદ અનુભવો છો તે માટે મ્હને તમારી ઇર્ષ્યા આવે છે, અને એ આનંદમાં ભાગ પડાવવાની હમણાં મ્હને ઘણી ગરજ છે ચન્દ્રશંકર અને તમે એ રકમના ઉપયોગ માટે કોઇ યોજના વિચારજો, એટલામાં હું મીસ સજ્જુરોને આપેલા વચન મુજબ એમને મળી આવું છું અને મીસ-વ્યવસ્થાના રસ્તા મુકરર કરી આવું છું. તમારી જીવનકથાએ મ્હારા મન પર જબરી અસર કરી છે, તેથી મ્હારે તમારી સાથે ઘણી વાતો કરવાની છે, ઘણી સલાહો પૂછવાની છે અને મ્હારી લીલાં અને ચન્દ્રશંકર વચ્ચેના લગ્નનો માર્ગ શોધવા બાબતમાં કેટલીક મુશ્કેલીઓ કરવાની છે. માટે કાલે હું તમને મળીશ; દરમ્યાનમાં 'વન્દેમાતરમ્'!"

☞ આ કથાનો ખરેખરો રસિક ભાગ, આ અંકનાં પાનાં વધી પડવાના સબબથી, આવતા અંક માટે મુલતવી રાખવો પડયો છે.

समयकी घोषणा.*

लेखक, लाला शम्भुदयाल 'दानिश'—झालरापाटन.

ज़मानेको देखो, वो है किसका रहबर[1] ?
वो क्या कह रहा है, सुनो कान धर :—
नहीं मैं अकेले दुकेलेका साथी[2]
नहीं मैं जले तन मिज़ाजोंका हामी[3]

---

* જમાનો શુ માગી રહ્યો છે? ૧ માર્ગદર્શક, ભોમીઓ, Guide. ૨ 'હુ એકલદોકલનો સાથી એટલે સોબતી, પક્ષકાર કર્તા બનતો નથી.' (સમય અપરનામ જમાનો કહે છે કે, હુ હમેશ તે લોકોના જ પક્ષમા રહુ છુ કે જ્યહા ઐક્ય—સપનું ન તૂટે તેવું જામેલુ બળ હોય છે. આબાદ વખત ચાહનાર સમાજે સૌથી પ્રથમ પોતપોતામાં સંપ વધારવો જોઇએ.) ૩ 'હુ જલદી પીગળી જાય એવા સ્વભાવના મનુષ્યનો પણ મદદગાર નથી.' જમાનાની આ શિક્ષા ખરેખર સર્વોપરી અગત્ય ધરાવે છે, મનુષ્યની 'નિર્બળતા'નુ ખરૂ—માનસશાસ્ત્રાનુસાર—કારણ તે શોધી આપે છે : તે કહે છે કે, લાગણી (emotion) સ્હામે ટક્કર ઝીલવાને બદલે સહજસહજમાં 'લાગણી'ના તાબે થવાથી મનુષ્યમા જાતજાતની—'કાળી' અને 'ધોળી'—ભ્રષ્ટતા દાખલ થવા લાગે છે. થોડાક દાખલાઓ વિચારીએ એક માણસ પરમ તત્ત્વ સાથે એકતા સાધવાના આશયથી સમાધિમા બેઠા છે, એ વખતે કોઇ અપ્સરા પોતાના સૌંદર્યથી કે કોઇ દેવ પોતાના અખુટ ભંડારની લાલચથી કે કોઇ રાક્ષસ પોતાના બળથી તે સમાધિસ્થ મનુષ્યમા કામ, લોભ કે ક્રોધના રૂપમા જે 'લાગણી' (emotion) ઉત્પન્ન કરવામાં આવે છે તે 'લાગણી'થી ત્હેની સમાધિ ફાટી જાય છે; તે નથી રહેતો 'ઘરનો' કે નથી રહેતો 'ઘાટનો'! તેવીજ રીતે તે સમાધિષ્ઠ મનુષ્ય આગળ કોઇ અત્યંત દુઃખી મનુષ્યનો વેશ લઇને આવે અને દયાજનક અપીલો ગુજારે અને ત્હેને પરિણામે જો તે સમાધિસ્થ મનુષ્યમાં દયાની 'લાગણી'નો સળવળાટ

न लँगड़ोंसे यारी[४] न लूलोंसे उल्फत[५]
न मूर्खोंसे नंगोंसे मुझको मुहब्बत[६]
'दया' मुझको आती नहीं बेकसों[७] पर
तरस मुझको आता नहीं बेबसों[८] पर.

થયો તો જાણો કે હેનાં સઘળી આજ સુધીની મહેનત-હેની સમાધિ-હેની એકાગ્રતા-અલોપ થઇ ! સઘળું બળ 'એકાગ્રતા'માં વસે છે અને એકાગ્રતા માત્ર એક લક્ષબિંદુ (goal-ideal) સિવાય બીજા કશાને-કોઇને ઓળખતી નથી. તે લક્ષ્યબિંદુને પહોંચવા માટે મુસાફરી કરતી એકાગ્રતાનું શીલ લૂટવા માટે રસ્તામાં કામદેવ, ક્રોધરાક્ષસ, પ્રમાદપીશાચ, પ્રેમદૈત્ય, દયા નામની દલાલીએણ: વગેરે આવી મળે છે, જે સઘળાઓની તરફ બહેરા કાન કરી આગળ ને આગળ ધસનાર એકાગ્રતા આખરે પોતાના લક્ષબિંદુને જઇ મળે છે. જેમ આધ્યાત્મિક બાબતમાં તેમજ રાજપ્રકરણી અને સામાજિક બાબતમાં પણ સ્હમજવું. માણસો જે કાંઇ લક્ષબિંદુ કલ્પે (ચાહે તે મોક્ષ હો, સ્વરાજ્ય હો, સામાજિક સુધારણા હો, ગમે તે હો), પરન્તુ તે એક લક્ષબિંદુને નજર સ્હામે અહોનિશ સ્થાપવું જોઇએ અને હાલમાં હેના તરફની એકાગ્રતા સિવાય બીજા કોઇ ખ્યાલને—ખોટી તો શું પણ સારીએ 'લાગણી'ને—દાખલ થવા દેવી ન જોઇએ. મોક્ષના દૃષ્ટિબિંદુવાળા શિષ્યને, સ્વરાજ્યના દૃષ્ટિબિંદુવાળા રાજદ્વારીને અને સમાજસુધારકને પોતાનું કામ બજાવતાં ક્રોધના પ્રસંગો, ઉશ્કેરાઇ જવાના પ્રસંગો, દયા ખાવાના પ્રસંગો, હૃદયની કમજોરીના પ્રસંગો વગેરે પ્રસંગો અનેક રૂપમાં આવવાના જ, પરન્તુ 'બુરી' તેમજ 'ભલી' લાગણીઓ પર પગ મૂકીને હેણે એકાગ્રતાથી આગળ ને આગળ—પોતાના લક્ષબિંદુની દિશામાં—દોડયા જ કરવું જોઇશે. ખાસ કરીને, આવા મહત્વાકાંક્ષાવાળા મનુષ્યને તો, 'બુંડી' લાગણીઓ કરતાં 'ભલી' લાગણીઓથી વધારે ચેતવાનું રહે છે. અર્જૂન જેવાને એ 'ભલી લાગણીઓ'ની ચુડેલનો 'વળગાટ' લાગ્યો હતો, તે માત્ર પૂર્ણાવતાર કૃષ્ણ (Superman)-થી જ દૂર થઇ શકયો હતો.

૪ દોસ્તી. ૫ પ્રેમ. ૬ મોહોબત, દોસ્તી. ૭ અકિંચન, ધન વગરનો. ૮ પરાધીન.

न मूनिस[९] न हमदर्द[१०] में अहमकोंका[११]
न हमदम[१२] न ग़मख्वार[१३] में जाहिलोंका[१४]
मैं उस शख्सका हुं मददगारोहामी
न होगी किसी तरह की जिसमें ख्वामी.
उसी कौमके मैं मुवाफ़िक रहूंगा[१५]
उसीको मैं दुनियामें ज़िन्दा[१६] रखूंगा
वही जिन्दगीके मजे[१७] ले सकेगी
वही शानोशोकत[१८] से कायम रहेगी.
तरफ़दारियां[१९] मैं उसीकी करूंगा
वो जो कुछ भी चाहेगी मैं उसको दूंगा
इनाने हुकूमत[२०] उसीको मिलेगी
उसीकी ये दुनियां गुलामी करेगी,—
जो इल्मोंके[२१] ज़ेवरसे[२२] आरास्ता[२३] है
फ़रासतसे[२४] दानिशसे[२५] पैरास्ता[२६] है.

* * *

૯ ચાહનાર. ૧૦ Sympathiser બીજાની લાગણીમા ભાગીદાર થનાર ૧૧ બેવકુફો. ૧૨ સોબતી. ૧૩ હમદર્દ, sympathiser, બીજાની લાગણીમા ભાગીદાર થનાર ૧૪ અજ્ઞાનીઓ

૧૫ જે સમાજ ખામી વગરનો-બલવાન હશે હેને જ અનુકુળ હું રહીશ; હેની જ પક્ષધારી કરીશ ૧૬ જીવતો. ૧૭ તે જ કોમ-તે જ સમાજ જીંદગીની-જીવનની મઝાઓ લઇ શકશે. જીવન માત્ર બલવાનોને જ આનંદ રૂપ લાગશે, નબળાઓને જીવન બોજા રૂપ, બલા રૂપ, પાપ રૂપ લાગશે. ૧૮ દબદબો, રૂઆબ, Majesty, greatness.

૧૯ પક્ષ. ૨૦ રાજ કરવાની મહત્તા. ૨૧ વિદ્યાકલા. ૨૨ આભૂષણથી. ૨૩ અલંકૃત ૨૪ યોગ્યતાથી. ૨૫ બુદ્ધિથી. ૨૬ ભરપુર.

न मानेगा गर [27]कोइ अहकाम[28] मेरे
सुनेगा न गर कोई पैग़ाम[29] मेरे—
तो वो नेस्तोनाबूद हो कर रहेगा[30]
वजूद[31] अपना दुनियांसे खो कर रहेगा;
करेगा न उसकी कोई दस्तगीरी[32]
किसी काममें चल सकेगी न पीरी[33]
करेगी न कुछ भी मदद दस्तकारी[34]
न देगी कमा कर उसे काश्तकारी[35]
न होगी गुलामीसे[36] मतलब—बरारी[37]
करेगी तिजारत[38] न उल्फत—शआरी[39]
न काम आयेगी खान्दानी शराफत[40]
न ज़ाती—तबीअत[41] न मसनूई आदत[42]
न आबाये—दौलतको[43] कायम रखेगा
न इज़्ज़तको अपनी संभाले रहेगा
न याराना[44] यारोंसे उसका निभेगा[45]
न दुश्मनकी चालाकियोंसे बचेगा.

---

૨૭ અગર જો, યદિ. ૨૮ આજ્ઞાઓ (Commandments of Father Time). ૨૯ સંદેશો, ઇશ્વરના ઘેરથી આવેલો સંદેશો. ૩૦ 'હતો ન હતો' થઇ જશે. ૩૧ અસ્તિત્વ, હયાતી, ગૌરવ.

૩૨ હાથ પકડવો તે. ૩૩ ઉસ્તાદી. ૩૪ હાથના હુન્નર. ૩૫ ખેતી. (હાથના હુન્નરથી અને ખેતીથી કાંઇ હવે દુનિયાની પ્રબળ હરીફાઇ સ્હામે ટકી શકાવાનું નથી.)

૩૬ પરતંત્રતાથી, નોકરીથી. ૩૭ અર્થસાધના ૩૮ વ્યાપાર ૩૯ અનુકુળતા, યારી. (નિર્બળોને વ્યાપાર પણ યારી આપશે નહિ). ૪૦ વંશપરંપરાથી ચાલી આવતી 'ખાનદાની' અથવા 'સજ્જનતા.' ૪૧ ખુદ પોતે મેળવેલી 'ખાનદાની.' ૪૨ બાહ્ય નમ્રતા. ૪૩ ખજાનો.

૪૪ મિત્રતા. ૪૫ મ્હારી આજ્ઞા પ્રમાણે નહિ વર્તતાં જે માણસ

न उसको सचाइका समरा[४६] मिलेगा
न ईमानदारीका बदला मिलेगा.
हरएक काममें है समझकी[४७] जुरूरत,
हरएक बातको चाहिये काबलीयत.*

વંશપરંપરાની 'ભલમનસાઇ' વડે કે પોતે શિખેલી 'ભલમનસાઇ' વડે પોતાનો વ્યવહાર ચલાવશે તે માણસ પોતાના મિત્રોની મૈત્રી પણ નીભાવી શકશે નહિ. મિત્રની સેવા પણ તે જ માણસ બજાવી શકે કે જહેનામાં દૈવત હોય; 'ભલા આદમી' પોતાનું હિત ન કરી શકે તે મિત્રોનું શું ધોળી શકે? અને એવા માણસોથી મૈત્રી કોણ જોડે?

૪૬ બદલો. ૪૭ સમજ=જ્ઞાન, વિવિધ 'નય'થી વિચારવાની શક્તિ. (કામ પોતે એકાંતે ભલુ કે બુરૂં નથી, જે દૃષ્ટિએ જુઓ તેવું તે લાગે છે. 'સત્યકથન' અને 'અહિંસા' જેવા મુખ્ય સદ્ગુણ માટે પ્રાચિન જૈનાચાર્યો શું કહે છે તે જાણવા માટે વાંચો આ અંકમાનો લેખ.

*ફ્રેડરીક નિત્શેના આ શબ્દો વિચારો :-"The beast of prey and the man of prey (for instance, Cæsar Borgia) are fundamentally misunderstood, so long as one seeks a 'morbidness' in the constitution of all 'tropical' monsters and growths, or even an innate 'hell' in them -as almost all 'moralists' have done hitherto. Does it not seem that there is a hatred of the 'virgin forest' and of the 'tropics' among 'moralists'? And that the 'tropical man' must be discredited at all costs, whether as disease and deterioration of mankind, or as his own hell and self-torture? And why? In favour of the 'temperate zones'? In favour of the temperate men? the 'moral'? the mediocre?"...... ..."To refrain mutually from injury, from violence, from exploitation, and put one's will on a par with that of others : this may result in a certain rough sense in good conduct among individuals when the necessary conditions are given (namely, the *actual similarity of the individuals in amount of force* and *degree of worth*, and *their correlation with one organisation*. As soon, *however*, as one

दुआएं[48] शबोरोज[49] मांगा करे वो—
परस्तिश[50] किसीकी भी करता फिरे वो—

wished to take this principle more generally, and if possible even as the *fundamental principle of society*, it would immediately disclose what it really is, namely, a Will to the *denial* of life, a principle of dissolution and decay. Here one must think profoundly to the very basis and *resist all sentimental weakness* life itself is *essentially* appropriation, injury, conquest of the strange and weak, suppression, severity, obtrusion of peculiar forms, incorporation, and at the least, putting it mildest, exploitation,—but why should one for ever use *precisely* these words on which for ages a disparaging purpose has been stamped? Even the organisation within which, as was previously supposed, the individuals treat eachother as equal-it takes place in every healthy aristocracy-must itself if it be a living and not a dying organisation, do all that towards other bodies, which the individuals within it refrain from doing to each other *it will have to be the incarnated Will to Power* it will endeavour to grow, to gain ground, attract to itself and acquire ascendency -*not owing to any 'morality' or 'immorality,'* but because it *lives*, and because life *is* precisely Will to Power. On no point however, is the ordinary consciousness of the modern men more unwilling to be corrected than on this matter, people now rave everywhere, even under the guise of science, about coming conditions of society in which 'the exploiting character' is to be absent—that sounds to my ears as if they promised to invent a mode of life which should refrain from all organic functions. 'Exploitation' does *not* belong to a depraved, or imperfect and primitive society: it belongs to the *nature* of the living being

૪૮ પ્રાર્થના, આરઝુ. ૪૯ રાત્રિદિવસ. ૫૦ સેવાપૂજા.

करे औलियाओंकी[51] खिदमतगुज़ारी—
अमीरों रईसोंकी[52] दरबारदारी—
मगर मैं कहीं पैश चलने न दूंगा[53]
मैं उसकी कहीं दाल गलने न दूंगा ![54]

पत्र-पेटी.

એક ખુલાસો:—પ્રોફેસર ખુશાલ ટી. શાહ બી. એ., બી. એસ. સી., બાર એટ-લૉ નીચેનો ખુલાસો પ્રગટ કરવા ફરમાવે કરે છે:—"અધિપતિ મહાશય, હિતેચ્છુના ગયા અંકમાં ભારતજૈનમહામંડળના મુંબઇમાં મળેલા છેલ્લા વાર્ષિક મેળાવડાના પ્રમુખ તરીકેના મારા ભાષણ સંબંધી ચર્ચા આવી છે, તે વિષે મારે એકાદ બે બાબતોનો ખુલાસો આપવો જરૂરનો જણાયાથી નીચલી વિગત લખી છે અને આશા છે કે તે ચાલુ અંકમાં દાખલ કરી મને આભારી કરશો. (૧) ગુજરાતી વર્તમાનપત્રોમાં છપાયલા ભાષણમાં સાધુ સંબંધી જે બોલો જોવામાં આવતા હતા તે પાછા ખેંચી લેવાનું મેં કોઇને વચન આપ્યું જ નહોતું. એકજ ગ્રહસ્થે તે સંબંધી મારા પાસે ખુલાસો માગ્યો હતો. અને તે એ કે છાપામાં આવેલા શબ્દો તમારા પોતાનાજ છે? તેના જવાબમાં મેં જણાવ્યું હતું કે છપાયલું ભાષણ અને સભામાં અપાયલા ભાષણ વચ્ચે ઘણો ફેર જોવામાં આવશે. મારી સાથે આ વિષય સંબંધી આટલીજ વાત થઇ છે અને ઉપર જણાવેલા વાક્ય ઉપરાંત એ વિષયમાં સભામાં હાજર થવા પછી તે ભાષણ શરૂ થતા સુધી મેં બીજો કોઇ પણ ખુલાસો કે વચન કોઇને આપ્યું નથી. (૨) ભાષણ અંગ્રેજીમાં મૂળ લખાયલું અને અપાયલું પણ અંગ્રેજીમાં. તેમાં એટલે કે મૂળ ભાષણમાં—સાધુ વર્ગ માટે Priesthood બોલ વપરાયલો છે, તેનો તરજુમો 'સાધુમાત્ર' એટલે કે 'દરેક સાધુ' એમ કરી શકાય નહિ. એ શબ્દનો તરજુમો 'સાધુવર્ગ' થી

as a primary organic function, it is a consequence of the intrinsic Will to Power, which is precisely the Will to Life.—Granting that as a *theory* this is a *novelty*—as a *reality* it is the *fundamental fact* of all *history*: let us be so far 'honest' towards ourselves.

૫૧ ઓલીઆ, ફકીર, સાધુઓ, દેવતાઓ ૫૨ જમીનદારો. ૫૩ એનું કાંઇ પણ ચાલવા નહિ દઉં. ૫૪ એની દાળ ગળવા નહિ દઉં.

થાય, પણ તેથી નિરપવાદ ટીકા કરી છે એવું કહેવાય નહિ. But I am sorry to say the priesthood as it exists today is entirely incompetent for such a task. It hardly knows our own philosophy and history, it has no sense of comparision and proportion, it has no knowledge of the language, the religion, the philosophy and the institutions of other peoples "આ એકજ વાક્યથી મારી સાધુવર્ગ સંબંધી આખી ટીકાનો સાર જણાઇ આવશે. પણ તે નિરપવાદ હોય એમ આ બોલો ઉપરથી કોઇ કહી શકશે નહિ એમ હું માનુ છું. (૩) સભાના કાર્યને અંતે, બોલતી વેળા વધારે પડતા શબ્દો બોલાયા હોય તેને માટે મેં દલગીરી જણાવી હતી. "સાધુમાંના ઘણાક (some of the priests) આપણા જોડા ઉઠાવવાને પણ લાયક નથી" એવું મારાથી આવેશમાં કહેવાયું હતું, અને તેને માટે મ્હારી બુદ્ધિએજ—મ્હારી પોતાની સભ્યતા ખાતર—મને દિલગીર બનાવ્યો હતો. અને મેં તે દિલગીરી તક મળતાં પ્રદર્શિત કરી હતી. (૪) અર્જુનલાલ શેઠી સબંધમાં 'હિતેચ્છુ'ની ટીકા માટે મારે એટલુ લખવું જોઇએ કે જ્યારે પ્રમુખ તરીકેની મ્હારી ચુંટણી કરવામાં આવી ત્યારે હુ સરકારી નોકર નહોતો અને ત્યાર બાદ એટલે કે તા. ૨૩મી ડિસેમ્બર ૧૯૧૫માં મ્હારી સરકારી નોકરીમા નીમણુક થવાથી એ સવાલ હુ લઇ શકયો નહિ."

* * આ અપ્રિયચર્ચાને અહીં સમાપ્ત કરવામાં આવેછે. સમ્પાદક જૈ. હિ.

ઇંદોર ખાતે તિલોકચંદ જૈન હાઇસ્કુલ સ્થાપનાર શ્રીયુત કલ્યાણમલજી સાહેબ તા. ૨૯-૪-૧૬ના પત્રથી જાહેર કરવા ચ્હાછે છે કે, અંગ્રેજી 'જૈન ગેઝેટ' નં. ૧૩૨ મા ઉક્ત સ્કુલ સંબંધમાં કેટલીક ટીકાઓ કરવામા આવી છે, તે શુભાશયથી કરાયલી હોય તો પણ સત્યથી વેગળી હોવાથી કેટલોક ખુલાસો કરવાની મ્હને જરૂર પડે છે. પ્રથમ કરતા હાલમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જ જાય છે. વ્યવસ્થાની બાબતમાં જાહેર જૈન પ્રજા જાણીને ખુશ થશે કે, આ સ્ટેટના વિદ્યાધિકારીઓએ સ્કુલ તપાસીને વિઝીટર્સ બુકમા સંતોષ દર્શાવ્યો છે. બ્રહ્મચારી શિતલપ્રસાદજીએ પણ સ્કુલ તપાસીને ઉંચો અભિપ્રાય જાહેર કર્યો છે. યુનિવર્સિટીની મંજુરી નહિ મળી શકવાનુ ખાસ કારણ છે, કે જે હું અત્રે પ્રકાશિત કરવા ચાહતો નથી. એટલું કહીશ કે, એ બાબતમાં પ્રયાસ ચાલુજ છે અને થોડા વખતમાં સફળતા મળવાની આશા છે. આ સંસ્થા અગર હરકોઇ જાહેર સંસ્થા પર ટીકા કરનારા હિતેચ્છુ મહાશયો જો ખરી હકીકતો મેળવવાની કાળજી રાખતા રહેશે તો ઉપકાર થશે.

विधवाविवाहनी विचारणा.

Thoughts on Widow-remarriage.

લગ્ન અને પુનર્લગ્નના સમ્બન્ધમાં મ્હેં વિવિધ દૃષ્ટિએ જે પ્રકાશ પાડ્યો હતો તેથી લગભગ તમામ જૈન પત્રોમાં અવાજ ઉઠવા પામ્યો છે. કેટલાકને મ્હારા વિચારોને પુષ્ટિ આપવાની પ્રેરણા થઇ આવી છે, કેટલાક ત્હેની વિરૂદ્ધ બોલવા ઉશ્કેરાયા છે. સમાજને અને મ્હને માત્ર એ 'પ્રેરણા' અને 'ઉશ્કેરણી'ની—એ જીવતા સળસળાટનીજ જરૂર હતી. આ અંકમાં હું, જૂદાજૂદા લેખકોએ બીજાં પેપરોમાં બહાર પાડેલી દલીલો, અભિપ્રાયો, હકીકતો, આંકડા વગેરેનું તારણ આપવા ધારૂંછું. વિરૂદ્ધ પક્ષની દલીલોનો યથામતિ ઉત્તર આપવા પણ ધાર્યું છું.

(૧)

વિધવાવિવાહનો મહાન હિમાયતીઃ—વસ્તીપત્રક!

વિધવાવિવાહ જેવા ગંભીર વિષય ઉપર માત્ર 'લાગણી'થી કોઇએ મન બાંધવું વાજબી નથી, પરન્તુ હકીકતો અને આંકડા (facts and figures) પર ન્યાય તોળવાની જરૂર છે, એમ વિચારી, એક સુશિક્ષિત જૈન મહાશય—શ્રીયુત બાબુ નિહાલકરણજી શેઠી એમ. એસ.-સી. જૈન સેન્સસ (વસ્તીપત્રક) ના આંકડા રજુ કરે છે અને એ ઉપરથી કેટલીક સૂચનાઓ કરે છે. સરકારી વસ્તીપત્રક પરથી એકઠા કરેલા નીચેના આંકડા પર તેઓ સમાજનું લક્ષ ખેંચે છે.

સાથેના કોઠા પરથી જણાશે કે, **સંતાનોત્પત્તિ માટેની ઉમર** એટલે ૧૫ થી ૪૫ વર્ષ સુધીની ઉમરના શ્રાવકોની સંખ્યા ૩,૨૨,૦૧૧ છે, જેમાંના લગભગ **એક લાખ** શ્રાવકો કુંવારા જ મરે છે (લગભગ ત્રીજા ભાગના મરદો કુંવારા રહી જાય છે), અને એજ ઉમરની લગભગ **પોણો લાખ** સ્ત્રીઓ રંડાયલી છે (એટલે કે સ્ત્રીની એકંદર સંખ્યાનો **ત્રીજો ભાગ** રંડાયેલ છે). જો યુવાન વયની વિધવાઓને ફરી પરણવા દેવામાં આવે તો **પોણો લાખ** સ્ત્રીઓ કે જે ગર્ભધારણ માટે પરિપકવ છે તેઓ નકામી ન થાય અને એમનાથી ઓછામાં ઓછી બે સંતતી થવાની આશા રાખીએ તો પણ **દોઢ લાખ જૈન સંખ્યા** વધવા સંભવ રહે, કે જે વૃદ્ધિ

વિધવાલગ્નને બલાત્કારથી રોકવાને લીધે, થઈ શકતી નથી. એક તરફથી વિધવાઓને નહિ પરણાવવાને પરિણામે જૈન વસ્તી વધતી અટકે છે, અને બીજી તરફથી સ્ત્રી પુરૂષ મળીને એકંદરે ૧૨ લાખની જૈન વસ્તીમાં દોઢ લાખ જેવી મ્હોટી સંખ્યા વિધવાઓની હોવાથી સમાજ પર એમનો બોજો વધી પડે છે. ધ્યાનમાં રાખવું જોઇએ છે કે, જૈન સમાજમાં ૧૫ થી ૪૫ જેટલી ઉમરના મરદો સવા ત્રણ લાખ માત્ર છે, જેમાં રળવાની શક્તિવાળા તો (વધારેમાં વધારે) એક લાખ પણ નહિ હોય. આ લાખ માણસો ઉપર દોઢ લાખ તો વિધવાઓનો બોજો છે, અને તે ઉપરાંત બીજો બોજો જૂદો ! કહેવાની મતલબ કે, દેશની આર્થિક સ્થિતિના દૃષ્ટિબિંદુથી પણ, જે સમાજમાં વિધવાઓની સંખ્યા વધી પડી હોય તે સમાજમાં વિધવાલગ્નની પ્રણાલિકા દાખલ કરવી જરૂરની છે. જૈનસમાજની પોતાની નબળી પડતી આર્થિક સ્થિતિ તેમજ ઘટતું જતું સંખ્યાબળ વિચારતાં પણ એ સમાજ માટે તો આ રીવાજઘણો આવશ્યક છે.

ઉમર	એકંદર જનસંખ્યા.		પરણેલ.		નહિ પરણેલ.		રંડાએલ.	
	પુરૂષો.	સ્ત્રીઓ	પુરૂષો	સ્ત્રીઓ	પુરૂષો	સ્ત્રીઓ	પુરૂષો	સ્ત્રીઓ
૫ની અંદર	૭૫,૩૧૬	૭૬,૨૧૨	૪૨૫	૯૪૮	૭૪,૭૨૩	૭૫,૧૭૨	૧૬૮	૯૨
૫ થી ૧૫	૧,૪૧,૨૨૭	૧,૨૬,૩૧૩	૬,૭૯૦	૨૫,૩૪૯	૧,૩૪,૦૧૧	૯૯,૭૯૭	૫૦૬	૧,૧૬૭
૧૫ થી ૪૫	૩,૨૨,૦૧૧	૨,૯૮,૩૨૮	૧,૯૮,૭૯૬	૨,૧૭,૬૮૨	૯૯,૫૦૧	૬,૨૦૭	૨૩,૫૦૮	૭૪,૪૩૯
૪૫થી ઉપર	૧,૦૪,૯૯૯	૧,૦૩,૧૭૬	૬૩,૦૦૭	૨૫,૬૮૮	૮,૯૫૬	૫૨૯	૩૩,૦૩૬	૬૭,૫૯૯
કુલ	૬,૪૩,૫૪૩	૬,૦૪,૬૨૯	૨,૬૮,૯૩૮	૨,૬૯,૬૨૭	૩,૧૭,૧૯૫	૧,૮૧,૧૦૫	૫૭,૪૧૮	૧૪૩૨૯૫

૧૫ થી ૪૫ વચ્ચેની યુવાન વયમાં રંડિલા પુરૂષોની સંખ્યા માત્ર ૨૭૦૦૦ છે, જ્યહારે એ જ ઉમરમાં રંડાયલી સ્ત્રીઓની સંખ્યા પોણો લાખ (ત્રણ ગુણાથી પણ વધારે) છે! પુરૂષો રંડાઇને ફરી પરણે છે એટલે ફક્ત ન મળવાથી રહી જાય એઓ જ માત્ર 'રાંડેલા'ના લીસ્ટમાં નોંધાય છે; અને સ્ત્રી તો રંડાઇ તે રંડાઇ જ, એટલે વિધવા સ્ત્રીની સંખ્યા ઘણી મ્હોટી નોંધાય છે.

૪૫ થી વધારે ઉમરવાળી એવી કુલ્લે ૧ લાખ સ્ત્રીઓમાં ૭૭૦૦૦ સ્ત્રીઓ રંડાયલી છે! દર ચાર સ્ત્રીએ ત્રણ સ્ત્રીઓ રંડાયલી! પરતંત્ર કે સાધન વગરના! ઓછો જુલમ છે?

૫ વર્ષથી પણ ઓછી ઉમરની ૯૪૮ છોકરીઓને પરણાવી દીધી છે! અને શરમથી મરવા જેવી વાત છે કે, એ પૈકીની ૯૨ વિધવા બની છે! પાંચ વર્ષની અંદરની ઉમરવાળી ૯૨ વિધવાઓ! જૈન કોમ, આ જ ત્હારો દયા ધર્મ છે કે? જીભ કરડીને મરવા જેવી આ હીણપદનું પ્રાયશ્ચિત જૈન સમાજે જરૂર જરૂર લેવું પડશે. આ પાપને પરિણામે એક દિવસ જૈન સમાજ નિર્મૂળ જાય તો એ માટે આશ્ચર્ય પામવા જેવું નથી.

૫ થી ૧૫ વર્ષની અંદરમા, ૧૧૬૭ છોકરીઓ વિધવા બનેલી છે. આ ગુન્હો તે અજ્ઞાન છોકરીઓનો કે ત્હેમના મૂર્ખ માબાપનો? અને ૬૬ છોકરીએ શા માટે ભરવો—અને તે પણ આખી જીંદગી સુધી ભર્યા કરવા જેવો દંડ?!

આ પત્રક પર ટીકા કરતાં શ્રીયુત શેઠી ખરૂજ લખે છે કે "પરન્તુ માત્ર આ વાતોથી જ કામ ચાલશે નહિ. જ્યહારે સ્ત્રીઓની એકંદર સંખ્યામાં ચોથો હિસ્સો વિધવા સ્ત્રીઓનો છે ત્યહારે માત્ર બાલલગ્નનિષેધથી જ કામ કેમ ચાલે? વિધવાવિવાહનો પ્રચાર કર્યા સિવાય જૈન જાતિ જીવતી રહેવી કઠીન છે. ૨૫ વર્ષથી ઓછી ઉમરવાળી ૧૧,૩૦૪ વિધવાઓ ઉપર સમાજના નેતાઓને દયા આવવી જોઇએ છે, ૧૫ વર્ષથી પણ ઓછી ઉમરવાળી ૧,૨૫૯ વિધવાઓને જોઇને તો નેતાઓને અશ્રુપાત થવો જોઇએ છે; અને ૫ વર્ષથી ન્હાની ૯૨ વિધવાઓની તોતડી ભાષા સાભળીને તો, જો નેતાઓ ખરેખરા નેતા હોય તો, ત્હેમણે પ્રચલિત રીવાજો તરફ અને ત્હેને પકડી રાખવાની સલાહ આપનારા લોકો તરફ ક્રોધાયમાન થવું જોઇએ છે."

(૨)

આ કાળમાં પણ વિધવાલગ્ન કરનારી જૈન જાતિ મોજુદ છે !

શ્રીયુત ઉદયલાલ કાશલીવાલ (દિગમ્બર જૈન) દક્ષિણ કનાડા પ્રાંતોમાં મુસાફરી કરીને ત્યહાંના જૈનોની સ્થિતિ, રીતરીવાજ ઇત્યાદિનું વર્ણન કરતાં ('જૈનહિતૈષી' પત્રમાં) લખે છે કેઃ—

"અહીં વિધવાવિવાહની રીતિ પણ પ્રચલિત છે. આ પ્રથા ક્યારથી શરૂ થઇ અને ત્હેની આવશ્યકતા કેવી રીતે જણાઇ, ત્હેનો કાંઇ પત્તો મળતો નથી. સાંભળવામાં આવે છે કે, **કોઇ ભટ્ટારકે આ રીતિ દાખલ કરી હતી.** તપાસ કરવાથી જણાયુ કે, ઉત્તર પ્રાન્તની માફક અહી કાંઇ વિધવાવિવાહ કરનારાઓને જાતિબહાર કરવામા આવતા નથી. અહી તો તેઓ સાથે જાતિ એકસરખો વ્યવહાર રાખે છે અને સહભોજન કરે છે. આ પ્રાન્તના જૈનોની આવી ઉદારતા જોઇ ખરેખર આશ્ચર્ય થાય છે. ઉત્તર પ્રાન્તમાં જો કોઇ આવી ઉદારતા કરવા જાય તો ત્હેને મહાપાપી માનવામા આવે છે અને આખી જીંદગી સુધી ફરીથી ત્હેને જાતિમાં દાખલ થવાનુ સૌભાગ્ય મળતું નથી. કેટલાક લોકો કહે છે કે 'વિધવાવિવાહ પ્રચલિત થવાથી સ્ત્રીઓ અધિક પાપી અને સ્વેચ્છાચારી થઇ જશે અને પરિણામે ભયંકરમા ભયંકર પાપ કરતા ડરવાની નહિ; ત્હેની આશા-તૃષ્ણા વધતી જ જવાની અને પરિણામે એક પછી બીજો, પછી ત્રીજો, વળી ચોથો એમ પતિ ઉપર પતિ કર્યા જ જવાની ' વિધવાવિવાહથી શુ ખરેખર આવું ભયંકર પરિણામ આવતું હશે એ જાણવાની આ લેખકને ઘણી જીજ્ઞાસા હતી; પરન્તુ અહી વિધવાવિવાહને ઉચિત માનનારી જાતિને નજરે જોવાથી અને એ જાતિમાની પુનર્વિવાહ કરેલી વિધવાઓમાં, પુનર્લગ્નના વિરોધીઓ જે ભયંકર પાપ અને અપ્રાકૃતિક કલ્પનાઓ બતાવે છે તેવું કાંઇ નહિ જોવામા આવવાથી, લેખકને જણાયુ કે વિરોધીઓની કલ્પનાઓ અસ્વાભાવિક અને વ્યર્થ છે, એમા તથ્ય નથી. કોઇ અમુક સ્ત્રી દુરાચરણ કરે એટલા ઉપરથી પુનર્લગ્ન કરનારી સર્વ વિધવાઓને ત્હેના જેવી માનવાનો અન્યાય કરનારાઓએ ધ્યાનમા રાખવુ જોઇએ, કે એવી દુરાચરણી વ્યક્તિ તો પુરૂષવર્ગમાં તેમજ જહેનો પતિ હયાત છે એવી સ્ત્રીઓમા પણ મળી આવે છે. માટે અમુક વ્યક્તિના આચરણપરથી આખા વર્ગને માથે દોષ

દેવો અને તિરસ્કાર કરવો એ વાજબી નથી. માટે, આ દલીલ છોડીને બીજી કોઇ પ્રબળ દલીલ વિધવાવિવાહના વિરોધીઓએ શોધી કહાડવી જોઇએ છે."

***

વિધવાવિવાહ જૈનોમા અમુક લેખકો નવો ઘુસાડવા માગે છે એમ બડબડનારાઓએ દક્ષિણ કાનાડાના જૈનો વચ્ચે થોડો વખત વસવાટ કરવા કૃપાવાન થવું અને લાંબા વખતથી ચાલ્યા આવતા તથા આજે પણ નિર્દોષ મનાતા એ રીવાજને ત્હો વિદ્યમાન જોયા પછી, સુધારકો આ નવી બલા ઘુસાડવા માગે છે તે રૂઢિ અને શાસ્ત્રવિરૂદ્ધ છે' એવો આરોપ વગર તપાસે મુકવાના 'ગુન્હા'નું પ્રાયશ્ચિત લેવુ!

વળી, વિધવાને ફરી પરણવાની છૂટ આપવાથી માઠા પરિણામ આવશે એવી 'કલ્પના'મા વધારે વખત નહિ રમતા, જ્યહાં હાલ તેવી છૂટ છે તે સ્થળના જૈનોના ગૃહસંસાર, સમાજસ્થિતિ તથા ધર્મભાવના પર આ છૂટના પરિણામ તરીકે કાંઇ પણ ખરાબ અસર ખરેખર થવા પામી છે કે કેમ તે તપાસો. જો ભૂતકાળમા એ છૂટથી જૈનોને નુકશાન થયું ન હોય, જો વર્તમાનમા એથી બીગાડો થતો ન હોય, તો પછી ભવિષ્યનો ડર રાખવો એ માત્ર મૂર્ખાઇ છે.

(૩)

વિધવા વહુ અને સધવા સાસુ—એક હૃદયભેદક મુકાબલો.

હિન્દીના પ્રસિદ્ધ કવિવર પંડિત ગિરિધર શર્મા એક ચિત્ર અને એક ન્હાના કાવ્ય દ્વારા વિધવાઓની મુગી હીમાયત કરવા બહાર પડયા છે. ત્હેમના અર્થસૂચક ચિત્ર અને કાવ્યનો સાર નીચે મુજબ છે:—

ઓ પ્રભો! હું આ શું જોઉં છું? તરૂણ વહુ વિધવા થઇ ખુણામાં બેઠી છે, અને વૃદ્ધ સાસુ શણગાર કરીને ગામમા ફરે છે!

બાળ વહુ માથું મુડાવીને ઘરકામની મજુરી કરે છે, અને સાસુ દર્પણમાં ટીકીટીકીને ચોટલો ઓળાવી ઓળતી હરખાય છે!

જુવાનીના મધ્યાન્હમાં આવેલી વહુના હૈયામાં જીંદગી પર્યંતના રંડાપાની આગ અને બહાર ચુલ્હાની આગ ત્હેને નિરંતર

સેકમાં કરે છે; નિશ્ચિત વૃદ્ધ સાસુ ચુલો અને ચિંતાનો ભંડારો વહુને સોંપી માથામાં જબાકુસુમ તેલની ઠંડક કરી મજા ઉડાવે છે!

પારકો જણ્યો મરવાથી વહુને જીંદગીભર ફરજ્યાત દુ:ખ સહવું પડે છે; અને પોતાનો જણ્યો મરવા છતા સાસુ જીંદગીભર અ-મનચમન કરી શકે છે!

***

ધન્ય છે, હિન્દુ સમાજ, ત્હારા ન્યાયને! સાબાશ છે ત્હારી જ દયા અને માણુસાઇની ભાવનાને!

ચુલામાં પડો ત્હારી 'કર્મની વિચિત્રતા'ની દલીલ! કર્મ રંડાપો આપે, પણ કર્મ ફરજ્યાત વૈધવ્ય પળાવતું નથી! કર્મ ધનવાનને ભીખારી બનાવી શકે, પણ કર્મ એને હમેશને માટે ભીખારી રહેવાની નીતિને ધર્મ્ય માનવાની ફરજ પાડી શકે નહિ. કર્મ એક જીવજાન દોસ્તનો વિયોગ કરાવી શકે; પણ કર્મ બીજો જીવજાન મિત્ર મેળવવાના કોશીશને 'પાપ' ઠરાવવા જેટલી નિર્દયતા શિખ્યું નથી,—એ નિર્દયતા તો એણે હિન્દુ સમાજ માટે જ 'રિઝર્વ્ડ' રાખી છે!

ઓ મૂર્ખ હિન્દુઓ! પરીક્ષામા એક વાર ત્હમે નાપાસ થાઓ તો ખબરદાર ફરી બીજી વખત પરીક્ષામાં બેસતા નહિ, કારણ કે **બીજી વારની ઉમેદવારી** એ (ત્હમારે માટે) 'અધર્મ' છે!

પરાઇ કન્યાને જીંદગીભરને માટે ગુલામ બનાવી 'ખુણામાં' રાખનાર ઓ નિષ્ઠુર હિન્દુઓ! મુસલમાનોએ ત્હમને અને ત્હમારા દેવોને ઠીક જ ખુણે બેસાડ્યા હતા અને આજે જ્યહારે પોલેંડ અને આયર્લેંડને સ્વરાજ્ય રૂપી મુક્તિ મળે છે ત્હારે ત્હમને મુક્તિ તો દૂર રહી પણ વર્ષોવર્ષ સખ્ત કાયદાની બેડી પડતી જાય છે અને ખુણાનાએ ખુણાના હડસેલવામાં આવે છે—એ ઠીક જ ન્યાય તોળાય છે! દુનિયાનો જો કોઇ પણ દેવ હોવા સંભવિત હોય તો ત્હમે કદાપિ સ્વાતંત્ર્ય અને સુખ પામી શકો નહિ. કુદરતમા જો 'કર્મનો સિદ્ધાન્ત' એવી કોઇ ચીજ ખરેખર હયાતી ધરાવતી હોય તો રક્ષણના વચનથી લીધેલી પારકી પુત્રીને ફરજ્યાત અને હમેશની ગુલામગીરીમાં હડસેલનાર ત્હમો કોઇ દિવસ પરતન્ત્રતામાંથી મુક્ત થઇ શકો જ નહિ.

અમને હથીઆર રાખવા દો, અમને સ્વરાજ્ય આપો, ઇત્યાદિ ભીખ માગનારા ઓ 'ગુલામો'! ભીખ કદાપિ પેટ ભરતી નથી; દયા

કરવા કોઇ જન્મ્યું નથી. 'અમને જુવાનીનો કુદરતી લ્હાવો ભોગવવા દો'' એવી ભીખ માગનારી યુવાન વહુને શુ ત્હમે હડશી ક્હાડતા નથી? શુ એને વંઠેલી, પાપિની કહેતા નથી?

વિધવાઓ! શું કરવા અરજ કરો છો? શુ કરવા ભીખ માગો છો? બળ જીતે છે, નહિ કે આજીજી; શક્તિ રાજ કરે છે દુનિયાપર, નહિ કે દયા. નોંતરો ત્હમારી સજાતીય સખીને ત્હમારી મદદે, જોતરો ત્હમારા શરીર ત્હેની ધુંસરીએ. યાદ રાખો કે પુરૂષ-રામને નહિ પણ સ્ત્રી—સીતાને લોકો પ્રથમ પૂજે છે, કૃષ્ણને નહિ પણ રાધાને સૌ પ્રથમ મસ્તક નમાવે છે, અને સીતા તથા રાધા એ માત્ર બલવાન રામ અને કૃષ્ણના અંતરમાની દૈવી 'શક્તિ' ઓ સિવાય બીજુ શુ છે?

(૪)

દિગમ્બર પ્રાન્તિક કૉન્ફરન્સે મ્હારો આ વિષયનો લેખ પ્રકટ કરનાર દિગમ્બર પત્ર 'જૈનહિતૈષી'ને વિધવાવિવાહની હીમાયત કરનાર માની લઇ આ બાબત તરફ અણગમો બતાવનાર એક ખાસ ઠરાવ પાસ કરવો પડયો છે, અને એ લેખનુ ખંડન 'જૈનમિત્ર' નામના એ સંસ્થાના મુખપત્રદ્વારા કરવા સર્વ જૈન લેખકોને અરજ કરવી પડી છે. પરંતુ ખુદ એ સંસ્થાના મુખપત્ર 'જૈનમિત્ર'ના ઑનરરી વિદ્વાન એડિટર બ્રહ્મચારી શીતલપ્રસાદજી (કે જે ઘણી બાબતમા પુરાણપ્રેમી છે) પોતે 'જૈનહિતૈષી'માના મ્હારા લેખ પર લખ્યું નીચેના શબ્દોમા લખે છે—

'શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહે જૈનોની વર્તમાન દશાનું ચિત્ર એ મથાળાનો લેખ હિંદી ભાષામા લખ્યો છે અને તે હજી અપૂર્ણ છે. આ લેખમા લેખક નિડર થઇને પોતાના સ્વતંત્ર વિચારો પ્રગટ કર્યા છે. કોઇ પોતાના વિચારો દાબી રાખે ત્હેના કરતા વિચારો પ્રગટ કરવા તે, જગતને તે વિચારો પર પોતાની પસંદગી વા ગેર-પસંદગી કારણ સહિત બતાવવાની તક આપવા બરાબર છે. આ લેખ પર પણ જૈન વિદ્વાનોએ એવોજ વર્તાવ કરવો જોઇએ છે. કટુક વાક્યપ્રણાલીને છોડી, માત્ર હેતુ સહિત સમાજને અહિતકર અને ધર્મથી વિરૂદ્ધ એવા આ વિષયનુ ખંડન કરવુ જોઇએ. આ લેખમા, વિવાહ ધાર્મિક નથી પણ માત્ર વ્યવહારિક છે એમ કહ્યુ છે, તે બરાબર નથી, કારણ કે ગૃહસ્થોનો કોઇ પણ વ્યવહાર

ધર્મની અપેક્ષા વગર નથી હોતો. આ લગ્નક્રિયાનું—ગૃહસ્થના એક 'સંસ્કાર'-નું શ્રી જીનસેનાચાર્યે આદિપુરાણમાં વર્ણન કર્યું છે. **પરંતુ એ સર્વ 'વ્યવહારધર્મ' છે,** 'નિશ્ચયધર્મ' તો આત્મસમાધિ છે—નિશ્ચય રત્નત્રય છે. **સમાજના સઘળા નિયમ સમયને અનુકુળ બનાવી શકાય છે; પરંતુ તે સર્વ, ધર્મને અનુકૂળ હોવા જોઇએ.** લેખકે ખાસ વાતો આ બતાવી છે; (૧) શ્રેષ્ઠ પદ તે સ્ત્રીઓને અને પુરૂષોને દેવું કે જે આજન્મ બ્રહ્મચારી રહે, (૨) વિવાહ પુષ્ટ અવસ્થામાં કરવા દેવો, એવાં સ્ત્રી પુરૂષ બીજા વર્ગમાં રહે, (૩) કોઇ સ્ત્રી કે પુરૂષ ત્હેના પતિ કે પત્નીના મરણ બાદ બીજી વાર લગ્ન કરવા ચાહે તો સમાજે ત્હેની પરિસ્થિતિઓનો વિચાર કરીને આજ્ઞા દેવી યોગ્ય લાગે તો દેવી, પરંતુ ત્હેને ત્રીજા વર્ગમાં ગણાય. (૪) વિધવાઓ નિસ્વાર્થ સેવિકાનું કામ કરે, એટલા માટે વિધવાશ્રમ ખોલવા જોઇએ. આ ચારે ઉપાયોમાંના **ત્રીજા ઉપાયમાંના થોડા ભાગ સિવાય** બાજા સર્વમાં **સર્વ બુદ્ધિમાનો સહમત છે. પુરૂષ ઇચ્છાનુસાર દ્વિતિયવિવાહ કરી શકે, પણ સ્ત્રી નહિ, એ વિવાદાસ્પદ ચર્ચા છે.** લેખકે બાલવિધવાઓની દશા બતાવતા બાલવિધવાલગ્નની પુષ્ટિ પણ કરી છે. અમે અમારી સમાજના વિદ્વાનોનુ ધ્યાન આ વિષય તરફ ખેંચીએ છીએ કે, આ વિચારોના ખંડનમાં યુક્તિપૂર્ણ લેખ લખીને અમને મોકલવામાં આવે; અમે તે 'જૈનમિત્ર'માં છાપીશુ. પરન્તુ લેખ લખવા **પહેલાં** તેઓને ઘટે છે કે તેઓ **આ લેખને એકવાર અવશ્ય વાંચી જાય."**

**

અવલોકનનું અવલોકન:—વિદ્વાન બ્રહ્મચારીજી એક ધર્મગુરૂ હોવા છતા આ વિષયની ચર્ચા ખુલ્લા દીલથી થવાની **જરૂર સ્વીકારે છે** એ જ મ્હોટી ખુશાલીનો વિષય છે. ખંડન કરનારે શત્રુભાવ અને ગાલીપ્રદાનથી વેગળા રહી યુક્તિ અથવા દલીલો સાથે પેશ આવવુ એવી એમની સલાહ પણ પ્રશસનીય છે. 'ગૃહસ્થના કોઇ વ્યવહાર, ધર્મની અપેક્ષા વગર નથી હોતો' એ સિદ્ધાન્તમા, **ત્હેમની મ્હારા લેખ વિરૂદ્ધની** સઘળી દલીલનો સમાવેશ થઇ જાય **છે. પરન્તુ મ્હને લાગે છે કે તેઓએ 'હિતેચ્છુ'ના ગયા ડિસેમ્બર અંકનો મ્હારો 'જૈન દૃષ્ટિએ લગ્ન અને પુનર્લગ્ન' શીર્ષક લેખ વાંચ્યો નહિ હોય. પૃષ્ટ ૩૯૦–૩૯૧ માં મ્હે સ્પષ્ટ સ્હમજાવ્યું છે**

કે, "અને એ જરૂરે પોતે મનુષ્યને 'સમાજ' રચતાં શિખવ્યું. સમાજમાં ઘણી વ્યક્તિઓ હોવાથી, અને પ્રત્યેક વ્યક્તિની પ્રકૃતિ ભિન્ન હોવાથી એકનું સુખ બીજાના ભોગે સાધવા જતાં થવી સંભવતી ગેરવ્યવસ્થા અને અંધાધુધી અટકાવવા માટે સમાજના શ્રેષ્ટ પુરૂષોને 'કાયદા' રચવા પડયા કે જે કાયાદા 'નીતિ'ના નામથી ઓળખાય છે. શબ્દોનાં બારીક ચુંથણામાં રસ નહિ લેનારા મધ્યમ લોકો એ 'કાયદા'ને 'ધર્મ' તરીકે પણ ઓળખે છે." [પુરાણપ્રેમીઓ જહેને 'વ્યવહારધર્મ' કહે છે તે આ જ કે બીજું કાઇ ?]........" મધ્યમ મનુષ્ય માટે ત્હેની પ્રકૃતિએ 'લગ્ન' માગ્યું અર્થાત સ્ત્રીસોબતી માગ્યો; અને સમાજે તે માગણી સ્વીકારી સ્ત્રીપુરૂષના સંબંધને સર્વાનુમતે 'ધર્મ'કાર્ય 'ઠરાવ્યું'–'કલ્પ્યું,' —જો કે તે પણ સમાજની બીજી અનેક બુદ્ધિશાળી આત્મઠગાઇઓ જેવી એક ઠગાઇ જ છે–જનહિતાર્થે કરાતી નિર્દોષ ઠગાઈ છે." આગળ જતા બ્રાહ્મણોએ કેવી રીતે લગ્નમા ઇશ્વરને હાજર રાખીને તેને 'પવિત્ર સંસ્કાર' ઠરાવ્યો તે બતાવ્યુ છે અને જૈનોએ કેવી રીતે લગ્નવિધિ યોજી તે પણ બતાવ્યુ છે. 'લગ્ન'ને કે કોઇ પણ ક્રિયાને 'વ્યવહાર ધર્મ' નુ નામ આપવા સ્હામે મ્હારો મુદ્દલ વાંધો નથી, 'વ્યવહાર ધર્મ' એ એક 'art'—'કલા' છે અને મનુષ્યને જેથી ટકાવી શકાય અને બલવાન બનાવી શકાય એવી હરેક 'કલા' ઇષ્ટ છે. મનુષ્યનુ આત્મબલ વધારવા માટે હરકોઇ ક્રિયાને આધ્યાત્મિક સ્વરૂપ (spiritualisation) આપી શકાય છે; રે ખુદ કામક્રિડાને પણ વેદાન્તીઓએ spiritualise કરી છે, આધ્યાત્મિક સ્વરૂપ આપ્યું છે. પતિ અને પત્નીએ ઘણા દીવસોના અંતરે 'શારીરિક સંયોગ દ્વારા આત્મિક એકતા અનુભવીએ છીએ' એવી ભાવનાપૂર્વક, વિકારની અગ્નિને પ્રજ્વલિત ન થવા દેવાની કાળજીપૂર્વક, સંયોગ કરવો અને તે ક્રિયા કલાકો સુધી ચાલુ રાખવી, જહેને પરિણામે સ્ત્રી પુરૂષ બંનેની શારીરિક, માનસિક અને આત્મિક શક્તિઓ ખીલવા પામે અને ઇચ્છામુજબ સ્ખલન રોકવામાં આવે તો સંતતી થવા પામે નહિ અને ન રોકવાની જરૂર જણાય તો બલબુદ્ધિમાન સંતતી થાય: એવા સિદ્ધાન્તનુ પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એવી જ રીતે ક્ષત્રિઓએ લડાયક જુસ્સો કાયમ રહે એટલા ખાતર, તરવારની પૂજા કરવી, યુદ્ધક્ષેત્રમાં મરનારને અપ્સરા વરે છે એમ માનવું ઇત્યાદિ

ક્રિયાઓ અને માન્યતાઓને ધર્મના અંગ તરીકે ઠરાવી *; કહો કે એ એમનો 'વ્યવહાર ધર્મ' છે. પણ તેથી તે 'સત્ય' ઠરે નહિ. તત્ત્વ વિચારી શકનારા તો એ સર્વને 'સમર્થ' પુરૂષો'ની એક 'કલા' માત્ર જ માનશે, અને એવી રીતે 'કલા'ની બીજી બનાવટો—નૂતન 'વ્યવહાર ધર્મો' ઉત્પન્ન કરવાનો પોતાનો સ્વભાવસિદ્ધ હક્ક કદી છોડશે નહિ.

બ્રહ્મચારીજી વિધવાલગ્નને 'સમાજને અહિતકાર' કહે છે, તે કયાં પ્રમાણોથી કહે છે તે ત્હેમણે જણાવવું જોઇએ. સ્ત્રી કે પુરૂષનાં બીજીવારનાં લગ્ન, અમુક સંજોગોમાં જ, થવા દેવાં, એમ મ્હેં પ્રતિપાદન કર્યું છે અને ત્હેના અનેક કારણો રજુ કર્યાં છે. મ્હેં ઉદારતાપૂર્વક એટલે સુધી સ્વીકાર્યું છે કે, "કોઇ પણ સુધારો—કોઇ પણ બંધારણ—કોઇ પણ કાનુન દુનિયામા એવો થયો નથી, છે નહિ, અને થઇ શકશે નહિ, કે જે માત્ર લાભ જ કરે અને કોઇ જાતનો પરોક્ષ ગેરલાભ પણ એથી ન જ થવા પામે; આ સત્ય ધ્યાનમાં રાખીને અમુક સંજોગોમા ઉભી થયેલી જરૂરીઆતો પુરવા ખાતર જે 'સુધારો' રચાય તે કદાચિત્ અમુક ફાયદા સાથે અમુક પરોક્ષ નુકશાન પણ કરી બેસે તો તે અનિવાર્ય—સ્વાભાવિક—હોઇ તેથી ડરવું ન જોઇએ. જીંદગી એ એક નિરંતર ચાલતું યુદ્ધ છે, યુદ્ધમા વિજય મેળવનાર પક્ષ પણ પ્રહાર ખાધા વગર તો વિજય

* જૈનોએ પણ તેમ જ કર્યું છે વાંચો પ્રાચિન દિગમ્બરાચાર્ય કૃત 'પાત્રકેશરી' સ્તોત્રનો ૩૭ મો શ્લોક, જે નીચે મુજબ છે —

विमोक्षसुखचैत्यदानपरिपूजनाद्यात्मिकाः
क्रियाबहुविधासुभृन्मरणपीडनाहेतवः ।
त्वया ज्वलितकेवलेन नहि देशिताः किंतु ता—
स्त्वयि प्रसृतभक्तिभिः स्वयमनुष्ठिताः श्रावकैः ॥

અર્થઃ—મોક્ષ સુખને માટે (કરાતી) ચૈત્ય, દાન, પૂજા ઇત્યાદિ અનેક પ્રકારની જે ક્રિયાઓ છે તે પ્રાણીઓના મરણ અને પીડનના હેતુ રૂપ છે. જહેનામા કેવળજ્ઞાન પ્રજ્વલિત છે એવા 'હે' એ ક્રિયાઓ ઉપદેશી નથી; પરન્તુ તે તો ત્હારી અંદર ભક્તિ રાખનારા શ્રાવકોએ પોતે જ રચેલી છે.

બીજા શબ્દોમા કહીએ તો, આ સર્વ ક્રિયાઓ 'જ્ઞાની' ઓએ ઉપદેશી નથી, પણ સમાજરક્ષા અને સમાજવૃદ્ધિ માટે સમાજનેતાઓએ 'ઉત્પન્ન કરી' ને 'કલા' નું નામ છુપાવી 'વ્યવહારધર્મ'નું કૃત્રિમ નામ આપ્યું છે.

નથી જ મેળવતો." વિધવાઓની સંખ્યા થોડીઘણી હોત તો વિધવાલગ્નનો સવાલ અત્યારે ઉઠત જ નહિ, વળી શ્રીમંત બુઢ્ઢાઓની કામતૃષ્ણા બહુ પ્રજ્વલિત ન દેખાતી હોત તો પણ આ સવાલ અત્યારે ઉઠત નહિ, તેમજ સમાજમાં એટલું 'બળ' હોત કે બાળલગ્ન અને વૃદ્ધલગ્નને રોકે, તો પણ આ સવાલ ઉઠવા પામત નહિ; કારણ કે હું વિકારની ગુલામીને ધિક્કારૂં છું અને તેથી સ્ત્રી કે પુરૂષના બીજીવારનાં લગ્નને નાપસંદ કરૂં એમાં તો આશ્ચર્ય જ શું, પણ **પ્રથમ** 'લગ્નથી જોડાયલા દંપતીમા અનિયંત્રિત વિષયસેવન જોતા પણ મ્હને ઘૃણા ઉપજ થાય છે. પરન્તુ આજે સમય એવો દેખાય છે કે, સમાજ અને સમાજનેતાઓ ભયંકર બદીઓને રોકવા તૈયાર નથી, એમનામાં એ કામ માટે જોઇતું ઇચ્છાબલ તથા આત્મભોગનો જુસ્સો નથી, અને લોકોમાં ઉચ્ચ ભાવનાઓ (પરરાજ્યની તાબેદારીને લીધે) નષ્ટ થઇને સુખશીળીઆપણું અને તજ્જન્ય વિષયલોલપીપણું પ્રબલ સ્વરૂપમાં ફિભરી આવ્યુ છે. એવા સમયમા, એ વિષયલોલપીપણાને અમુક હદમા મર્યાદિત કરવા માટે ફરી લગ્ન કરવાની છૂટ આપ્યા વગર બીજો રસ્તો જ નથી; નહિ તો તે વકરેલો કામ—તે ધુંધવાતો અગ્નિ—વધારે ભયંકર પરિણામો ઉપજાવશે ફરી પરણતી સ્ત્રીઓ નીચ બનશે એવો જે 'હાઉ' કેટલાકો બતાવે છે તે માત્ર અજ્ઞાન લોકોને ઠગવાની રીત છે, મનુષ્યપ્રકૃતિનો અભ્યાસ, ઇતિહાસ, અને સમાજશાસ્ત્ર એ વાધાને જૂઠ્ઠો પાડે છે.

પચીસ પગથીઆવાળા સીઢીની ટોચથી પડતા મનુષ્યને જોનારો માણસ એમ વિચારે કે 'તે પડયો છે, તો હવે પૂરો પડવાદો; એને પાંચમા પગથીઆથી આગળ જતો અટકાવવો નહિ', તો તે શુ મૂર્ખતા નથી ? વિધવાને કામવિકાર ન જ થવો જોઇએ, એમ આપણે દલીલ ખાતર માની લઇએ (!) અને એને સીઢીની ટોચની સ્થિતિ માનીએ, તો શું તે વિધવાને એ ટોચથી પડતી અર્થાત્ કામતૃપ્તિની ઇચ્છા કરતી જોવા છતા, ગમે તેવા નીચ પુરૂષ સાથે કુકર્મ કરી ગર્ભપાત કે બાલવધ જેવાં નીચ કામો રૂપ છેલ્લા પગથીઆ સુધી ઢળી પડવા દેવી, એ ઇષ્ટ છે, કે પચ્ચીસમાંના દશ કે પદરમા પગથીઆ આગળ લાકડાનું પાટીઉં મૂકી આગળ વધતી અટકાવવી એ ઇષ્ટ છે ? આ પાટીઉં એ જ વિધવાવિવાહ છે. જે વિધવા ઉચ્ચ શિખર પર ટકી રહેવા પોતાને સમર્થ માને છે તેને પાટીયા તરફ દૃષ્ટિ

કરવાનું પણ મન નહિ થાય; પણ જે વિકારની ઇચ્છા રૂપી થોડું પતન પામી ચુકી છે અને એટલેથી નહિ અટકતા જેહેનું પતન આગળ ને આગળ વધી વ્યભિચારાદિ દોષોમાં પરિણમવાનો સંભવ ખડો થયો છે, ત્હેમને માટે શું મધ્યના કોઇ પગથીએ અટકાવવાની રીતિ–પુનર્લગ્નની રીતિ–ઇષ્ટ નથી?–અને ધ્યાનમાં રહે કે, દરેક કાળના સમાજનેતાઓએ જે જે ત્હેમને 'ઇષ્ટ' હતું ત્હેને ત્હેને 'વ્યવહાર ધર્મ' ની છાપ આપી છે. લગ્ન પોતે જ 'ધર્મ' નથી પણ **'વ્યવહાર ધર્મ'** માનવો પડયો છે, તેમ **અમુક સંજોગોમાં** પુનર્લગ્નને પણ—તે 'ધર્મ' ન હોવા છતાં, પસંદ પણ ન હોવા છતા, 'વ્યવહાર ધર્મ' ની ગણનામા લેવાની જરૂર પડશે જ.

હુ ઇચ્છુ છુ કે 'જૈનોની હાલની સ્થિતિનું ચિત્ર' તથા 'જૈન દૃષ્ટિએ લગ્ન અને પુનર્લગ્ન' એ મથાળાના મ્હારા લેખો દરેક ચર્ચાવાદી **મનનપૂર્વક** વાંચે, એમાના દરેક શબ્દનો, દરેક દલીલનો આશય ઉંડા ઉતરીને વિચારે,–પછી ભાગ્યે જ શંકા રહેવા પામશે.

(૫)

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વર્ગના 'જૈનશાસન' પત્રના તા. ૭ જુન ૧૯૧૬ ના 'અગ્રલેખ' મા સમ્પાદક લખે છે કે.— "**જૈનોમાં વિધવાઓનુ પ્રમાણ ઘણું મોટું** છે અને ઘણી બાળવિધવાઓ યુવાનીના મદમા મન સયમ રાખવા અશક્ત નીવડે છે અને તેને લઇને અધમ કર્મમા ફસાઇ જાય છે. તેઓમાં ગર્ભપાત પણ થાય છે. **આમાં તેઓનો શું દોષ?** પુરૂષ કે જે સ્ત્રી કરતાં દરેક વિષયમા બુદ્ધિવાન અને સમજુ મનાય છે અને જે આખો વખત પ્રવૃત્તિમય જ હોય છે, તે જ્યારે વિકારોને દબાવી નથી શકતો તો પછી અજ્ઞાન અને ગૃહકાર્ય સિવાયનો સઘળો સમય કુથલીમા, આળસમાં અને વિચારોમાં ગાળનારી સ્ત્રી **કઈ રીતે દબાવી શકે?** તેઓની આસપાસનુ વાતાવરણ સૌભાગ્યવતી સ્ત્રીઓના પતિસુખ અને વિલાસથી ભરપૂર હોય છે અને જ્યારે બીજી સ્ત્રીઓને પોતાના પતિ સાથે વિનોદ કરતી જુવે અને પોતાને તેથી હીણભાગી જુવે ત્યારે તેનુ મન આકુળવ્યાકુળ થાય **તેમાં શું નવાઇ છે?** આનો ઉપાય, અત્યારના સંજોગે ધ્યાનમાં લેતાં, શું યોજી શકાય? પુનર્લગ્નની **હીમાયત** માટે **ક્ષેત્ર** નથી—અત્યારે તો તેનાં કાર-

ગ્રે જ નાબુદ કરવા યોગ્ય ગણાશે. વિધવા સ્ત્રીઓની આસપાસ વાતાવરણ બહુ શુદ્ધ, નીતિમય અને નિર્વિકારી હોય તો તેઓને બગડવાનો સંભવ ઓછો થાય "

* * *

અવલોકન—યુવાન વિધવાઓને આકુળવ્યાકુળતા થાય જ એવી હાલની સમાજસ્થિતિ છે એમ આ સમ્પાદક કબુલ કરે છે. પુનર્લગ્ન એ **એક માર્ગ** છે એમ તેઓ પોતાના **મન સાથે** બોલે છે, પણ જાહેરમાં કહે છે કે પુનર્લગ્નની **હિમાયત** કરવા જેવો હજી વખત પરિપક્વ થયો નથી 'ક્ષેત્ર નથી' એટલે કે શ્વેતામ્બર જૈનો કોલાહલ કરી મૂકે ત્હેની સ્હામે ટક્કર ઝીલી શકે એવા સુધારકો ઉત્પન્ન થયા નથી, **એટલા જ માટે**, પુનર્લગ્નની હિમાયત મુલતવી રાખીને, વિધવાઓની આસપાસનુ વાતાવરણ નિર્વિકારી કરવાની હિમાયત કરી તેઓ સંતોષ માને છે. પણ હું પૂછીશ કે, દુનિયા નિર્વિકારી બની **શકવાની** છે? સ્ત્રી–પુરૂષોનાં જોડકા આ કમભાગ્ય વિધવાની 'દયા ખાતર' પોતાનો વિનોદ અને 'ચટકા'ને દાબી રાખવા નવરા છે?

જૈનો ગામોગામ વિધવાશ્રમ સ્થાપવા જેટલા ઉદાર અને બાળલગ્ન તથા વૃદ્ધવિવાહ અટકાવવા જેટલા **હિંમતવાન** કદી થવાના છે? ત્હારે પછી 'બેટા, મ્હોટો થા એટલે પરણાવીશુ' એવા ખોટા વાયદા કરી સમાજને ફોસલાવવાથી શુ લાભ? આ પણ યાદ રાખવા જેવુ છે કે, "આખી જમીનને સાફ કરી શકાશે નહિ, પગને જોડાથી રક્ષવા એ જ ડહાપણ છે." બીજા લોકો વિષયી કૃત્યો અને વિચારો વડે વિધવાઓનુ વાતાવરણ બગાડે છે અને તેથી વિધવાઓ આકુળવ્યાકુળ થાય છે, એમ કહેનારે ધ્યાનમા રાખવુ ઘટે છે કે બીજા લોકો સુધરવાના નથી અને ત્હમારે જો વિધવાઓને બગડવા ન દેવી હોય તો બગડવા જેવી વિધવાને ફરી પરણવા દેવી એ જ એકનોએક માર્ગ છે, અને એ માર્ગ બતાવતા ડરવુ તથા 'ક્ષેત્ર તૈયાર નથી' એવા બહાનાથી **ભળતા જ માર્ગ** બતાવવા, એ સમાજને માટ હિતાવહ નથી,તેમજ 'પ્રમાણિક' પણ નથી.

(૬)

શ્વેતામ્બર **સ્થાનકવાસી** જૈન કોન્ફરન્સના મુખપત્ર '**પ્રકાશ**'ના તા ૨૫ **જુન** ૧૯૧૬ ના 'અગ્રલેખ'મા સમ્પાદક ખુલ્લી રીતે વિધવાવિવાહને પુષ્ટિ આપે છે. તે લેખ આ પ્રમાણે છે:—

"जैन समाज में विधवाविवाह का निषेध तथा बालविवाह और वृद्धविवाह का प्राबल्य होने के कारण विधवाओं की संख्या बेहद बढ गई है और दिनौंदिन बढती जा रही है। समस्त जैन समाज के आठवें हिस्से में और समस्त जैन स्त्रियों के चोथे हिस्से में विधवाओं इस समय विद्यमान हैं। उन विधवाओं की दुरवस्था का उल्लेख करते हुए हमारे कुछ विद्वान् लोग मुशलधार अश्रुवर्षण कररहे हैं। और उनके दुःखमोचन के लिये विधवाविवाह की आवश्यकता वे लोग बतला रहे हैं। जब दूसरी ओर विधवाविवाह को बडी भारी हानिकारक प्रथा कहकर उस प्रथा से जैन समाज को दूर रखने की कोशीश भी जोरशोर से हो रही है। सारांश कि विधवाविवाह यह बडा भारी विवादग्रस्त प्रश्न होरहा है। और वास्तव में यह प्रश्न है ही बडा विकट। क्योंकि विधवाविवाह की रुकावट से जैन समाज की संख्या बढ नहीं सकती है। कन्याओं की कमी रहने से कन्याविक्रय को उत्तेजन मिलता है। विधवाओं में व्यभिचार व कुकर्म का प्रमाण बढता जाता है, जिससे गर्भपात व बालहत्याएं बहुत होती हैं। और हजारों विधवाओं को महनत मजूरी करने पर भी पूरा अन्न नहीं मिल सकता है। आदि २ मुसीबतें विधवाविवाह की रुकावट से उपस्थित हैं। × × × × × विधवा विवाह को कोई भी जैन अच्छा तो नहीं कहेगा। इसके जो पक्षकार हैं वे भी इस बातका तो स्वीकार करते हैं कि जो विधवा धर्मपरायण होकर आजन्म ब्रह्मचर्य व्रत का पालन कर अपना जीवन सफल करना चाहे उनको तो अनेकानेक धन्यवाद देना चाहिये और उनका अनुकरण करने के लिये दूसरी स्त्रियों को भी सतत उपदेश देते रहना चाहिये। मगर जो स्त्रियें वैधव्य

की पीड़ा सहन नहीं कर सकती हैं, और गुप्त रीत्या अनेक पुरुषों के साथ कामक्रीड़ा करती हैं और मौके पर गर्भपात कर मनुष्यहत्या के महापाप की भागी बनती है उन स्त्रियों के लिये जाहिर में पुनर्विवाह के द्वारा एक ही पति कर लेना अच्छा है। उनको ऐसा करने में समाज की ओरसे रुकावट होना न चाहिए, ऐसा उन लोगों का कथन है.

" हमारे खयाल से उन लोगों के इस कथन में कुछ न्याय है। यदि पुरुषवर्ग स्वार्थांध होकर उस न्याय को अन्याय मान ले और अपनी सत्ता के जोर से विधवाओं को पवित्र रक्खें तो उसको हम बूरा नहीं कहेंगे, क्योंकि हम तो यही चाहते हैं कि किसी भी युक्ति या बलसे ब्रह्मचर्यरूप परम धर्म का पालन होना सदैव हितकर है ।

" अतएव विधवाविवाह के रोकने से यदि विधवा स्त्रियों में मैथुन का अभाव होजाता, तो बहुत ही अच्छा था। मगर विधवाओं का उद्धार करने के प्रबलतर अभिलाषी पुरुष वर्ग में इतना तो सामर्थ्य है ही नहीं कि वे विधवाओं में प्रचलित अनाचार को रोक सकें। कई दफा यह हाल मालूम भी हो जाता है कि अमुक विधवा दुराचारिणी है, तो भी उनको उचित दंड देनेकी या समाज में से उनको बहिस्कार करने की तो किसी की शक्ति नहीं है। यदि अपन गुप्तरीति से होते हुए अत्याचार को रोक न सके तो खैर, मगर जब हमको यह बात मालूम होजावे कि इन २ कारणों से विधवाओं में दुराचार फैलता है तब हमारा यह कर्तव्य नहीं है क्या कि हम दुराचार के पोषक उन सब कारणों को नाबुद कर दें ? जब हम जानते हैं कि हमारी विधवा बहिनों को खाने के लिये

दाने नहीं मिलते हैं, और भूख का दुःख सहन करने की उनमें शक्ति नहीं है, तब हमारा यह कर्तव्य है कि हम उन विधवाओं के भरण पोषण के लिये उचित व्यवस्था करें। यदि हम ऐसी व्यवस्था न करें और उनकी जाहिर रीतिसे ऐसी व्यवस्था कर लेने में बाधा डाले तो उसका नतीजा, सिवाय अनाचार के, और क्या हो सकता है ?।

" इसके अतिरिक्त दश बारह वर्षकी एक छोटीसी बालिकाका विवाह जब साठसत्तर वर्ष के बुड्ढे के साथ होता है तब हम इस महा अनर्थकारी कार्य को नहीं रोक सकते हैं। और थोडेही समय के बाद जब उस निर्दोष अज्ञान बालिका को वैधव्यकी प्राप्ति होती तब उनको पुनर्लग्न करनेसे बलात्कार रोकते हैं यह हमारा घोर अन्याय नहीं तो और क्या है ?"

એ જ પત્ર વળી તા. ૯ જુલાઇ ૧૯૧૬ ના અંકની એડીટોરીઅલ્સમાં 'मोरीके टीनमें बच्चा' એ મથાળા નળે લખે છે કે, " પાઠક મહાશયો ! અમે આપને એક એવી વાતની ખબર સંભળાવીશું કે જે અમોએ પોતાની આંખોએ જોયેલી છે અને જે સાંભળવાથી આપની આંખોમાં પાણી ભરાઈ આવશે, ગળું રૂંધાઈ જશે અને મ્હોંથી એવા શબ્દ નીકળી પડશે કે 'હાય ! આવા અનર્થ પણ સંસારમાં થઇ રહ્યા છે ?' ગયા રવિવારે અજમેરમાં ઢોલીદડા નામના મોહોલ્લામાં કોઇ વિધવાએ ગંદા પાણી માટેની એક ટીનમાં તુરતના જન્મેલા બાળકને નાખ્યું હતું, એમ સમજીને કે મ્હેનું કુકર્મ કોઇ ન જાણવા પામે. પરન્તુ પાપનો ઘડો કદીએ ફુટયા વગર રહ્યો છે ? ભંગણ જ્યારે ટીન સાફ કરવા આવી ત્યારે તેમાં બાળક જોઇને ગભરાઇ અને શોરબકોર કરી મૂક્યો. લોકો ભેગા થયા, પોલીસ પણ આવી. અમોએ પણ ત્યહાં જઇને સઘળું જોયું, જેથી અમારા દીલમાં ઘણું દુખ થયું. આવા દેખાવોનો ફોટો લઇને લોકો સમક્ષ મૂકવો જોઇએ એ ખ્યાલથી અમે ફોટો પણ તુરત જ લીધો, જે ખાસ અંકમાં છાપવામાં આવશે. આવી જ ઘટના ૨-૪ રોજ અગાડિ લાખનકોટડીમાં પણ થઇ હતી. આ પ્રમાણે કેટલી બાલહત્યાઓ થતી હશે એનો ખ્યાલ વાચકો જ કરી લેશે." આટલું વર્ણન આપ્યા પછી સમ્પાદક લખે

છે કે, બાળવિવાહ, વૃદ્ધવિવાહ અને બલાત્કારે પળાવવામાં આવતું વૈધવ્ય એ જ આ અનર્થનાં કારણો છે. આગળ જતાં લખે છેઃ " બલાત્કારે વૈધવ્ય પળાવવાની પ્રથાનો પણ નાશ કરવો જોઇએ છે. "

(૭)

જીવદયા અને અહિંસાધર્મની હિમાયત કરવામાં આખા હિંદમાં જેની બરાબરી કરી શકે તેવો કોઇ નથી તે, બન્ધુ લાભશંકર લક્ષ્મીદાસ હમણાં જાહેર પેપરોમાં વિધવાલગ્નની હીમાયત કરવા લાગ્યા છે, એટલું જ નહિ પણ ત્હેમણે ના. ગાયકવાડ સરકાર જોગ અરજ ગુજારી છે, જેમાં વિધવાઓથી થતી બાળહત્યાના દૃષ્ટાન્તો આપી દયાની લાગણી પ્રેરવા કોશીશ કરી છે. મતલબ કે, 'દયા' એ જ જો ધર્મનું standard 'પ્રમાણ' માનવાનુ હોય તો તો, વિધવાઓને પુનર્લગ્નની છૂટ બક્ષવી એ, એમને ફરજ્યાત વિધવાપણું પળાવવા કરતા–મુકાબલે–વધારે સારૂ ધર્મપાલન છે.

* * *

એક ખબર—ચંદ્રવા નામની એક હિંદુ વિધવાએ નાતના ડરથી પોતાના તુરતના જન્મેલા બાળકનું ખુન કર્યું હતું તે માટે મુબઇની હાઇકોર્ટે ત્હેણીને જન્મદેશનીકાલની સજા કરી હતી. આ કમનશીબ બાઇ પ્રત્યે દયા બતાવવા જીવદયાના જાણીતા હીમાયતી મી. લાભશંકર લક્ષ્મીદાસે નામદાર ગવર્નરને અરજી કરવાથી તે નામદારે તેણીની સજામા ઘટાડો કરી બે વરસ સખ્ત કેદની સજા કરી છે. વિધવાવિવાહના વિરોધીઓને આ ખબર અર્પણ કરતા પૂછીશુ કે એ બિચારી બાઇ ઉપર 'દયા' બતાવવાનો 'ધર્મ' વિધવાવિવાહના વિરોધીઓએ બજાવ્યો કે હિમાયતીએ ?

(૮)

'દિગમ્બર જૈન' માસિક પત્રના સમ્પાદક અગાઉ મ્હારા ચુસ્ત પ્રશંસક હતા; મ્હારા લેખોની, મ્હારા વિચારોની અને મ્હારા કાર્યોની પણ અનેક વખત ત્હેમણે મુક્તકંઠે તારીફ એ પત્રમા કરી હતી; પરન્તુ ત્હેમણે પ્રસિદ્ધ કરેલા ' શ્રીપાલચરિત્ર ' ના નાયક 'ચરમશરીરી' શ્રીપાલે પોતાને પ્રાણદાન અને ગજ્યદાન આપનાર ધર્મપત્ની ઉપર એક–બે નહિ પણ હજારો સહપત્નિઓ ઉપરાઉપરી અંગીકાર કરી, એ મહાન અનીતિના કાર્ય વિરૂદ્ધ જ્યહારથી મ્હેં ટીકા કરી ત્યહારથી તેઓ મ્હારાથી છેડાઇ પડયા છે ! મ્હારા વિચારોની સચ્ચાઇ કાઇ

ત્હેમની 'કસોટી' પર આધાર રાખતી નથી, એટલે હું નિશ્ચિંત છું; પરન્તુ મ્હને આશ્ચર્ય એ થાય છે કે, જે સમ્પાદક એક ચરમશરીરીને ઉપરાઉપરી હજારો સ્ત્રીઓ પરણાવવા ખુશી છે અને એ કાર્યનો બચાવ કરવા બહાર પડે છે, તે જ સમ્પાદક એક નિરાધાર, અજ્ઞાન, બાળકીને દુષ્ટ માબાપ કે મૂર્ખ સમાજના ગુન્હાથી રંડાયા પછી ફરી પરણવાની જરૂર પડતાં ત્હેને પરણતી અટકાવવા અધર્મના 'હાઉ' સાથે બહાર પડે છે! એક પુરુષ થોડીને ઘણી હજારો સ્ત્રીઓને પરણવામાં જ જીંદગી ગુજારે અને ત્હેમના હાવભાવમાં અને વિષયસુખોમાં રમતો રહે તે તે જ ભવે મોક્ષ જઇ શકે, અને એક સ્ત્રી અજ્ઞાનાવસ્થામાં રંડાઇને સમજુ અવસ્થામાં ફરી લગ્ન કરી મનના ઘોડાને કાબુમા રાખે તો પણ તે નરકની જ ભાગી બને, આ ન્યાય તો ગજબ પ્રકારનો ભાઇ!

સમ્પાદક મહાશયે પોતાના પત્રના ભાદ્રપદ, ૧૯૬૯ ના અંકમાં લખ્યુ હતું કે'—

"૯ વર્ષની વિધવા—જૈપુરમા આ વર્ષે બે વૃદ્ધલગ્નો થયા હતાં. જેમાંના એક બુઢા વરરાજા લગ્ન પછી ૩ માસમા સ્વધામ પહોચી જવાથી માત્ર ૯ વર્ષની છોકરી વિધવા થઇ છે' ધિક્કાર છે પૈસા લઇને આવાં લગ્ન કરનાર માબાપોને!"

અને હું ઉમેરવાની ફરજ સમજીશ કે, માબાપને થોડા 'ધિક્કાર' માત્રથી ક્ષમા કરનાર અને હજારો રૂપિયાનો લાભ આરામથી લેવા દેનાર, પરન્તુ માબાપના ગુન્હાનો દંડ નિર્દોષ બાળકી પાસેથી 'બલાત્કાર વૈધવ્ય'ના રૂપમાં લેનાર સમાજ ઉપર એથીએ વધારે ધિક્કાર હો! અને આટઆટલો ગજબ નજરે જોવા છતા 'ધર્મની પુંછડી' તરીકેનો ઘમંડ ચાલુ રાખવા ખાતર જે જે લેખકો, વક્તાઓ અને ઉપદેશકો વિધવાવિવાહની વિરૂદ્ધ પોક મૂકે છે અને એ રીતે દુઃખમા બળીજળી રહેલી બિચારી બાળવિધવાઓના રક્ષણ માટે બીજાઓથી થતા પ્રયત્નોને પણ તોડી નાખવાનો નિર્દય-સ્વાર્થી અને અજ્ઞાનમય પ્રયત્ન સેવે છે, એમના ઉપર વળી એથીએ વધારે ધિક્કાર હો!

એ જ સમ્પાદકે ૧૯૭૦ ના ચૈત્રના પોતાના માસિકના અંકમાં "ભારત દિગમ્બર જૈન મહિલા પરિષદ" ના પ્રમુખ સૌ૦ રતનબાઇનું ભાષણ છાપ્યુ છે તે મહાશયા જૈન વિધવાઓની દયા આ

પ્રમાણે વર્ણવે છે : " આપણામાં વિધવા બ્હેનોની સ્થિતિ **ઘણી શોચનીય** થઇ છે. ઘરમા **નાની ઉમરની** વિધવા હોય છે તેની સાથે ઘરનાં પુરૂષો તેમજ સધવા સ્ત્રીઓ **સારો વર્તાવ કરતા નથી.** તેમને જ વધારે કામ સોંપવું, તેમનાં તરફ **વધારે તિરસ્કારયુક્ત** દૃષ્ટિ રાખવી, તેને લીધે વિધવા સ્ત્રીઓની સ્થિતિ ઘણી બગડે છે અને તે **શીલ સાચવી શકતી નથી**......આપણી દક્ષિણ દેશની **સેતવાલ** બ્હેનોની દશા એવી **નીચ થઇ** છે કે તેમને પેટને માટે બીજાને ઘેર વાસણ માંજવા, લુગડાં ધોવાની નોકરી કરવી પડે છે. ......તેમજ દક્ષિણ દેશના ગુજરાતી હુમડ નાતની વિધવા બ્હેનોની સ્થિતિ વિચિત્ર થઇ પડી છે લગ્નોના દિવસ આવ્યા કે સગાવ્હાલાને ઘેર કામ કરવા જવુ પડે ત્યારે **વિધવા બ્હેનોને પ્રથમ** મોકલવામા આવે છે. આવા લગ્ન પ્રસગોમા વિધવાઓની ઘણી નુકશાની થાય છે. **તેમનુ શીલ** બગડે છે... .. ".

પુનર્લગ્નમા એકાન્ત **પાપ** માનનારી ધર્મમૂર્તિઓએ—આટઆટલા જૈન પત્રકારો, શ્રાવકો અને ઉપદેશકોએ—આ વિધવાઓના શીલનુ રક્ષણ નહિ કર્યું હોય ?' **પોતાના** ઘરની વિધવાને પણ પારકા ઘેર શીલ ગુમાવવા મોકલનારાઓ હવે **પારકી** છોકરીઓના શીલને પુનર્લગ્ન વડે લુટાઇ જતુ અટકાવવા માટે ધમપછાડા કરી મૂકે છે ' સેંકડો વિધવાઓને ઉદરનિર્વાહ માટે પારકે ઘેર ગુલામી કરવા જવુ પડે છે તે જોઇ રહેનારા જૈનો હવે ગામોગામ વિધવાશ્રમો ખોલવાની ઉદારતા કરવાના હતા ? ' અરે ભલામાણસો ' આટઆટલો લાંબો વખત ભટકવાનુ છોડી ખુલ્લુ જ બોલી દો કે, **વધારે** ભયકર અનર્થોમાંથી બચવા માટે **થોડું** ભયકર પુનર્લગ્ન ઇષ્ટ છે.

(")

બાબુ **ઋષભદાસ જૈન** (મેરઠ) એઓએ પણ '**જૈનમિત્ર**' દ્વારા વિધવાવિવાહની બાબતમા પોતાના વિચારો જાહેર કર્યા છે. '**જૈન**-પ્રભાત' અને '**સત્યવાદી**' નામના દિગમ્બર માસિકોમા પણ ચર્ચા ચાલી છે. '**જૈનતત્વપ્રકાશક**' પત્રે તો પુનર્લગ્નનો ઝંડો ફરકાવીને પુરાણપ્રેમીઓની ગાળો ખાવાનો પ્રસંગ જ લીધો જણાય છે ' '**જૈનહિતેચ્છુ**'એ પુનર્લગ્નની તરફેણનો મ્હારો લેખ છાપ્યા પછી એ વિષયમા મ્હારાથી ભિન્ન મત ધરાવતા સ્વ૦ **મણિલાલ નભુભાઇ દ્વિવેદી** જેવા એક વિદ્વાન **થીઓસોફીસ્ટ**નો જૂનો લેખ પણ પ્રકટ **કર્યો** છે

આ પ્રમાણે આ ગહન પ્રશ્નની તરફેણ તેમજ વિરૂદ્ધમાં, મ્હેં પ્રથમ લેખ લખ્યો ત્યાર પછી, ચોતરફથી પુષ્કળ બોલાવા-લખાવા લાગ્યું છે. આ પૈકી ઘણાખરાનો સાર અને તે પર મ્હારી ટીકા કે જવાબ આ અંકમાં આપી ચૂકયો છું. બાકીઓના વિચારનો સાર અને તે પર અવલોકન, સ્થળસંકોચને લીધે, આવતા અંક માટે મુલતવી રાખીશ.

એક ચીણગારી ! માત્ર એક લેખની ચીણગારી ! પણ તે કેટલી ઝડપથી અને જોશથી આગના ભભુકામાં ફેરવાઈ ગઇ ! આજના અંકના મુખપૃષ્ઠનું ચિત્ર બોલે છે તેમ, આજે તો લોકો એ આગથી ભડકીને નાસભાગ કરવાના એ હું આગળથી જ જાણતો હતો; પરન્તુ એક દિવસ એવો આવશે–જરૂર આવશે-હું તે મ્હારી નજર મ્હામે જોઉં છું, કે જ્યહારે એ આગથી ડરવાને બદલે લોકો એના ઉપર 'તાપવા'–એની ગરમી ઝીલીને પોતાની ટાઢ ઉડાડવા એની આસપાસ ટોળું થઇને બેસશે.

ગયા લંડનને આગ લાગી ત્યારે જ આજનું ભવ્ય લંડન બનવા પામ્યું ! ફીનીક્ષ પક્ષી 'વૃદ્ધ–'કદરૂપો' થઇ જાય છે ત્યારે આગમાં ઝંપાપાત કરે છે, જેહેમાંથી તે દિવ્યશક્તિવાળા યુવાન સ્વરૂપ સાથે 'ફરી ઉઠે છે' ! અરે કોઇ જૈનોમાં 'આગ' ફેલાવો, કોઇ એમને ભડકાવો, રૂઢીઆ વાળીને અંધારી કોટડીમાં ભરાઇ રહેલા એ બીમારોના સાંધા છૂટા થઇ જાય એવો 'ભય' કોઇ ઉત્પન્ન કરો, 'પાપ'ના બનાવટી ઓઠા તળે 'નિષ્ક્રિય' થઇ ભરાઇ પેઠેલા જૈનોને– 'જ્ઞાન'યોગને ખોટી રીતે સ્હમજેલા જૈનોને—'કર્મ' યોગમાં વાત્ર ભરાઇ રહેલો માનનારા જૈનોને—અરે એ શુષ્ક 'જ્ઞાની'ઓને અને 'દયાના જીવડાં'ઓને કોઇ ચગકાવો–ભડકાવો–તપાવો–કર્મયોગની આગ પર તાપતા બનાવો !

કારણ,.. જ્યહાં ચૈતન્ય છે ત્યહાં ધર્મ છે,...જ્યહાં શૌર્ય છે ત્યહાં ધર્મ છે,...જ્યહાં હિંમત અને આગળ વધવાની શક્તિ તથા સાહસ છે ત્યહાં ધર્મ છે.

*
*

ના કહો કે હા કહો, કરનારા કરશે જ !:—ગઇ તા. ૧૪ મી એ ના રોજ મુંબઇમાં ધ્રાંગધ્રાના દશા શ્રીમાળીની ૨૧ વર્ષની વિધવાપુત્રીએ એ જ જ્ઞાતિના વિરમગામના ૨૫ વર્ષના યુવાન સાથે **વિધવા લગ્ન ક...ર્યું...છે...**

* * *

એક વધામણી:—આ લેખ છાપવામાં મૂકાયા પછી અને મશીનમાં જવા પહેલાં 'સત્યવાદી' માસિકનો ચૈત્રનો અંક પ્રાપ્ત થયો, જેમાંની વધામણી, વિધવાલગ્નની હીમાયતના કહા શત્રુ તરફથી તે જાહેર થતી હોવાથી, અત્રે ટાંકવાની લાલચને હું રોકી શકતો નથી.

'સત્યવાદી' પ્રતિપક્ષનું ઝેર વધતું જતું જોઇ બળતા હૃદયના ઉભરા કહાડે છે અને તેમ કરતા કેટલીક એવી વાતો જાહેરમાં લાવે છે કે જે હેના પ્રતિપક્ષીઓના આનંદમાં ઓર વધારો કરનાર થઇ પડે. ખૂબ ખૂબી વાપરીને ખૂબચંદજી લિયા જણાવે છે કે, "ગજપથા મુકામે દિગમ્બર જૈન પ્રાન્તિક સભાના અધિવેશન પ્રસંગે જે દિવસે વિધવાવિવાહ સ્હામે વિરોધ બતાવનારો ઠરાવ સબજેક્ટસ કમીટીમા મૂકવામાં આવ્યો તે દિવસે શોલાપુરનિવાસી શેઠ હીરાચંદજી હાજર નહોતા. બીજે દિવસે જ્યહારે તેઓ શોલાપુરથી પધાર્યા અને સાંભળ્યું કે ગઇ રાત્રે સબજેક્ટસ કમીટીમાં વિધવાવિવાહની વિરૂદ્ધમાં એક પ્રસ્તાવ પાસ થયો છે અને આજે તે પ્રસ્તાવ જનરલ સભામાં રજુ થવાનો છે, ત્યહારે ત્હેમણે સબજેક્ટસ કમીટીએ નક્કી કરેલા ઠરાવોની યાદી જોવા લીધી અને કોઇને પૂછ્યાગાછ્યા સિવાય વિધવાવિવાહને લગતા ઠરાવ પર કલમ ફેરવી દીધી (તે ઠરાવ છેકી નાખ્યો), અને સાંભળતા મેળે ત્હેમણે સભાપતિ મહોદયને પણ જનરલ સભામા આ ઠરાવ ન કરવાનુ કહ્યું હતું. આ કાર્ય ન્યાયસંગત ન હતું. તેવીજ રીતે વળી, બ્રહ્મચારી શીતલપ્રસાદજીએ પણ કહ્યું હતું કે, વિધવાવિવાહના હિમાયતીઓની યુક્તિઓ (અથવા દલીલો) ઘણીજ પ્રબલ છે, હું ત્હેમનું ખંડન નથી કરી શકતો. આ વાતોથી માલમ પડે છે કે ઉક્ત શેઠજી તથા બ્રહ્મચારીજી પણ, જરૂર, ખુલ્લા નહિ તો છુપા પણ, વિધવાવિવાહના પોષક છે."

હમારા દલમાં બ્ર. શીતલપ્રસાદજી જેવા શાસ્ત્રરસિક સાધુપુરૂષ અને શેઠ હીરાચંદજી જેવા પ્રસિદ્ધ અગ્રેસર પણ સામેલ છે એમ અત્યાર સુધી અમારા જાણવામા નહોતું; માટે આ વધામણી આપનાર 'સત્યવાદી'નો અમે ઉપકાર માનવાને બંધાયલા છીએ; અને એ ઉપકારની લાગણીને લીધેજ, 'સત્યવાદી'ના દયાપાત્ર બકબકાટની આલોચના જેવી સખ્ત ભાષામાં કરવી જોઇતી હતી તેવી સખ્ત ભાષામાં નહિ કરતાં મધ્યમસરની ભાષામાંજ કરવાનું ઠરાવવું પડયું છે. (તે આલોચના આવતા અંકમાં આવશે.)

શેઠ હીરાચંદજી અને બ્ર. શીતલપ્રસાદજી જેવા પ્રસિદ્ધ જૈન નેતાઓ મ્હારા વિચારોની તરફેણમાં હોય એ બીના મ્હને આનંદદાયક હોવા છતાં હું એ આનંદ ખોટી રીતે લેવા ખુશી નથી. 'સત્યવાદી' કહે છે તેમ શેઠજીએ ઠરાવ પર છેકો ખરેખર જ માર્યો હતો કે કેમ એ બાબતમાં હું કાંઇ જાણતો નથી અને માત્ર 'સત્યવાદી'ના કે કોઇ એક વ્યક્તિના કથન પરથી હું તે વાત માની શકું નહિ. છેકો માર્યો પણ હોય તો પણ એમાં કાંઇ જૂદો જ આશય હોય, કે જે આશય ત્હેમના પોતા તરફથી જાણવા પામ્યા સિવાય હું એમને 'સત્યવાદી'ની માફક 'વિધવાવિવાહના પોષક' માની લઉં નહિ. એક માણસ વિધવાવિવાહનો પોષક ન પણ હોય અને તે છતાં, જ્યહારે ત્હેને લાગે કે એક માસિકપત્રે સમાજને એક ગંભીર પ્રશ્નનો ઉહાપોહ કરવા માટે સૂચવેલા વિચારો ખાતર તે પત્ર સ્હામે કોન્ફરન્સ જેવી સંસ્થાએ ગરબડ મચાવવાની કાંઇ જરૂર નથી, ત્યહારે તે માણસ એવા ઠરાવ સ્હામે અણગમો બતાવે પણ ખરો, અને તે છતાં તે માણસ વિધવાવિવાહનો પોષક જ છે એમ કહી શકાય નહિ. તેવીજ રીતે બ્રહ્મચારીજી વિધવાવિવાહના હીમાયતીઓની દલીલો સ્હામે પ્રબલ દલીલો રજુ કરવાની પોતાની અશક્તિ જાહેર કરવાની પ્રમાણિકતા બતાવે તેથી પણ કાંઇ તે વિધવાવિવાહના પોષક ઠરતા નથી. 'સત્યવાદી' બાવાનુ લૉજીક કાંઇ અવનવું જ છે; ત્હેમના હિસાબે તો જેઓ આંખો મીંચીને ત્હેમને મદદ કરવા અને ત્હેમના માની લીધેલા શત્રુઓ ઉપર કુહાડ ચલાવવા તૈયાર ન હોય તે બધા એમના 'પ્રતિપક્ષી' ! સારે નશીબે આ પ્રસંગમાં 'સત્યવાદી'ના નવા બે 'પ્રતિપક્ષી'ઓ સમાજમાં એટલી ઉંચી સ્થિતિ ધરાવનારા મહાશયો છે કે જ્હેમના પર ગુસ્સે થવા છતાં 'સત્યવાદી'થી કટુ શબ્દપ્રયોગ કરવાની હિમત ચાલી નથી! 'જૈનહિતૈષી'ના સમ્પાદક શ્રીયુત નાથુરામ પ્રેમીએ બીજાના ખુલ્લા નામથી લખાયલો લેખ પ્રકટ કર્યો તેટલામાં તો ત્હેના ઉપર અનેક તીવ્ર બાણોની વર્ષા કરી મૂકી, અને શેઠજી તથા પંડિતજી તો પોતે જ વિધવાવિવાહના પોષક બને છે એવું 'સત્યવાદી'ને લાગ્યું તો પણ એમના ઉપર એક પણ કટાક્ષ કરવાની હિમત ચાલી નહિ. આ છે જૈન સમાજનું ગૌરવ જાળવવાનો ઇજારો લઇ બેઠેલા હિમતે બહાદૂર—સત્યનાં પૂતળાઓ—ની હિમત અને સત્યનો નમુનો!

શ્રીયુત પ્રેમી પર જે ચિત્ર અને લેખના બ્હાને ગુપ્ત પ્રહાર

'સત્યવાદી'એ કર્યો છે ત્હેનો ખરો જવાબ આપવામાં જો હું વિલંબ કરૂં તો ખરેખર હું મહાપાપનો ભાગી બનું; કારણ કે એ લેખ અને એ ચિત્ર બન્નેમાં શ્રીયુત પ્રેમીનો કાંઇ પણ હાથ નથી અને એ સર્વ મ્હારી પોતાની જ કૃતિ છે. નવા વર્ષમાં 'હિતૈષી'નું નવું અને મ્હોટું સ્વરૂપ કરવાની ઇચ્છા ત્હેમણે મ્હને જણાવી અને ટાઇટલ પેજ માટે કોઇ અર્થપૂર્ણ ચિત્રનું 'ડીઝાઇન' કરી આપવા કહ્યું ત્યારે, તેમજ મ્હેં 'ડીઝાઇન' કરીને ત્હેમને સોંપ્યું ત્યારે પણ, એમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે એ 'ડીઝાઇન'માંનું દુઃખી સ્ત્રીનું ચિત્ર વિધવાવિવાહની હીમાયત માટે કલ્પેલું છે, અને એ ચિત્ર જોઇને કોઇ પણ એમ નહિ કહી શકે કે તે વિધવાવિવાહની હીમાયત માટે જ કરાયું હશે. ચિત્ર જોયા પછી ત્હેમણે તે ચિત્રનો હેતુ મ્હમજાવનારો એક લેખ લખવા મ્હને સૂચવ્યું તે વખતે મ્હેં ત્હેમનાથી શરત કરી કે, હું હમેશા મ્હારા જીગરને પૂછીને જ લખનારો હોવાથી ત્હમને મ્હારો લેખ પ્રસિદ્ધ કરવો પાલવશે નહિ અને ત્હમારા વિરૂદ્ધ ખળભળાટ થવા પામશે એમ મ્હને ખાત્રી હોવા છતાં હું ત્હમારા ખાતર પણ મ્હારા વિચારોને 'નરમ' બનાવી શકીશ નહિ માટે જો, જે કાંઇ હું લખું તે, જેમનું તેમ, મ્હારી જોખમદારીથી, પ્રકટ કરવાની ત્હમારી હિમ્મત ચાલતી હોય તો જ હું મ્હારા કિંમતી વખતનો ભોગ આપી શકું. અલબત સમાજ પ્રત્યેની મ્હારી જોખમદારીઓ હું જાણું છું, અને પ્રેમીજી મ્હારી ધર્મનિષ્ઠા અને સામાન્ય સમજણ (common sense) મા શ્રદ્ધા ધરાવતા હતા, જે બે કારણોથી, બીજાઓ જે શરત મંજુર કરતા અચકાય એવી સખ્ત શરત પણ ત્હેમણે સ્વીકારી. પરિણામે મ્હેં લેખ લખ્યો. સમ્પાદક મહાશયે તે પ્રસિદ્ધ કર્યો; અને તેવી જ રીતે મ્હારા તે લેખમાંના અનેક મુદ્દાઓમાંના એક પુનર્લગ્નના મુદ્દા વિરૂદ્ધ એક પ્રસિદ્ધ વેદાન્તી સ્વર્ગસ્થ મણિલાલ નભુભાઇ દ્વિવેદી બી. એ. ના વિચારો એમના લેખસંગ્રહમાંથી શોધીને મ્હેં તે પ્રેમીજીને છાપવા સૂચવ્યું, એવા ઇરાદાથી કે આ સવાલની બન્ને બાજુ જૈનો જોવા પામે અને પોતાનો સ્વતંત્ર મત બાંધવાની સ્થિતિમાં મૂકાય. મ્હારો તેમજ પ્રેમીજીનો આશય કે આશા એવા નહતી કે આ લેખથી એકાએક જૈનો વિધવાવિવાહ કરવા લાગી જાય, પરન્તુ સમાજને એ પ્રશ્ન પર ચોતરફથી વિચાર* કરવાની પ્રેરણા કરવી એ જ આશય હતો. 'પુનર્લગ્ન'ને તો શું પણ કોઇ

પણ એકાન્તસિદ્ધાન્તને અમો પરણી બેઠેલા નથી. સિદ્ધાન્ત સમાજ માટે છે, સમાજ કાંઇ સિદ્ધાન્ત માટે નથી. કોઇ પણ સિદ્ધાન્તને મારીઠોકીને ખરો ઠરાવવા ખાતર સમાજના માનસિક દેહ પર જુલમ કરવો એ મ્હને માન્ય નથી. સમાજ આગળ તે સિદ્ધાન્ત અને ત્હેની વિરૂદ્ધના સિદ્ધાન્ત—બન્ને રજુ કરી, સમાજમાં વિચાર કરવાની 'શક્તિ' પ્રેરવી એ જ મ્હારૂં માનીતું કર્ત્તવ્ય-મ્હારો 'શોખ' (taste) છે. હું જે સિદ્ધાન્તને ખરો સ્હમજતો હોઉં અને લોકો માટે હિતાવહ સ્હમજતો હોઉં તે સિદ્ધાન્તને લોકો ન સ્વીકારવાથી દુખી થશે અને લોકો પાસે પરાણે તે મનાવવામાં આવે તો લોકો સુખી થશે, એમ હું માનતો હોઉં તો પણ, 'સુખનો ટુકડો' સુતેલા સમાજના મ્હોમા મુકવાનો ખ્યાલ મ્હને પસંદ પડી શકે નહિ. લોકો પોતાનું સુખ પોતે મેળવી લેવાને લાયક—શક્તિમાન બને એ જ મ્હને પસંદ છે અને એવી શક્તિની કિંમત મ્હારે કે લોકોને સખ્ત ભરવી પડતી હોય તો પણ હું દરકાર કરૂં નહિ. આ મ્હારી શ્રદ્ધા હોવાથી, હું હમેશ એમ જ ઇચ્છુંછું કે મ્હારા વિચારોને અનુમોદન આપનારા કરતાં પ્રમાણિક વિરોધ ધરાવનારા જેમ વધારે બહાર પડે તેમ મ્હારો આશય વધારે ફલીભૂત થાય મ્હારા પ્રકૃતિજન્ય સહધર્મીકૃત એક નૂતન શાસ્ત્રનું એક 'અધ્યયન' મ્હારી ફિકત માન્યનાના ટેકામા રજુ કરી હમણા તો હું અટકીશ અને ઇચ્છીશ કે (અ) સત્યવાદી મ્હારા પરની દાઝ નિર્દોષ 'હિતેચ્છુ'ના સમ્પાદક પર કહાડવાની અને ત્હેને નખ્ખોદભરી રીતે 'લોકોનો ઠગ'* ઠરાવવાની ચેષ્ટા ફરીથી નહિ કરે—

"By our best enemies *we* do not want to be *spared*, nor by those either whom we *love* from the very heart. So, let me tell you the truth!"

* 'સત્યવાદી' શ્રીયુત પ્રેમી પર આરોપ મૂકે છે કે, વિધવાવિવાહની હીમાયત કર્યા પછી લોકોનો ખળભળાટ થવાથી હવે શ્રીયુત પ્રેમી લોકોને ફોસલાવવા માટે વિધવાવિવાહ વિરૂદ્ધનો એકાદ લેખ પ્રકટ કરવા તૈયાર થયા છે, કે જે માત્ર ભોળા લોકોને ઠગવાનું કામ છે. સત્યવાદી કાં તો પુરેપુરૂં અસત્યવાદી છે, અગર તો પ્રેમીજીનું પુરેપુરૂં દ્વેષી છે અને દ્વેષને લીધે ત્હેની આંખો એટલી નકામી થઇ ગઇ છે કે હિતેચ્છુના જે અંકમાં મ્હારો લેખ પ્રગટ થયો છે

"My *brethren* in war! I *love* you from the very heart. *I am, and was ever, your counterpart.* And I am *also* your best *enemy.* So let me tell you the truth!

"I know the hatred and *envy* of your hearts. Ye are not 'great' enough *not to know* of hatred and envy. Then be great enough *not to be ashamed* of them!'

તે જ અંકમાં 'નવા વર્ષનું નિવેદન' નામનો સમ્પાદકનો લેખ તે આંખોથી જોઈ શકાયો નથી' આંખો વગરના કે છતી આંખે સુરદાસ બનવાના શોખવાળા લોકોને કાંઈ કહેવું નકામું છે, પણ જેઓની આંખો મોજુદ છે અને આંખોનો ઉપયોગ કરવાની જેમને દરકાર પણ છે તેવાઓ માટે 'હિતૈષી'ના સમ્પાદકના તે શબ્દો અત્રે ટાંકવાની રજા લઈશ. તે ઉદાર વિચારના વિદ્વાન મહાશય લખે છે 'જ્ઞાનવિસ્તારની સાથે અમે એ પણ ચાહીએ છીએ કે અમારા વાચનારાઓ **સ્વતંત્ર** વિચાર કરતા પણ શિખે, માત્ર **બીજાઓએ** આપેલા વિચારોના અનુયાયી ન બને. આ માટે, જરૂરનું છે કે, જ્યારે કોઈ વિષયની ચર્ચા ઉઠે, કોઈ આન્દોલન શરૂ થાય, ત્યારે તે વિષયની અનુકૂલ તેમજ પ્રતિકૂલ એમ **બન્ને** બાજુઓ વાચનાર સન્મુખ ધરવામાં આવે. એમ કરવાથી વાંચનાર દરેક વિષયને **બન્ને દૃષ્ટિઓથી** જોઈ શકશે અને છેવટ **પોતાનો** સ્વતંત્ર વિચાર સ્થિર કરી શકશે. અમો કોઈ એક **પક્ષના** નથી, પરન્તુ 'સત્ય'ના અનુયાયી છીએ, અને મનુષ્યમાત્રે 'સત્ય'ના જ અનુયાયી થવું જોઈએ છે. સંભવ છે કે, આપણે એક પદાર્થને જે સ્વરૂપમાં જોયો છે તેવો તે ન પણ હોય, કારણકે આપણે 'છદ્મસ્થ' છીએ, અને આપણાથી પ્રતિકૂલ વિચાર ધરાવનારે એ પદાર્થને વાસ્તવિક સ્વરૂપમાં જોયો હોય—એને જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ થયો હોય-એ પણ સંભવિત છે. હકીકત એવી હોવાથી, અમારાથી વિરૂદ્ધ વિચારોને પણ જગા આપવી અને એ રીતે 'સત્ય'ની પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત કરી આપવો એ શું અમારૂં કર્તવ્ય નથી ? આ કર્તવ્ય બજાવવા ખાતર 'હિતૈષી'માં એવા લેખોને પણ સ્થાન આપવામાં આવશે કે જેમાંના વિચારોથી સમ્પાદક સહમત ન પણ હોય, અરે વિરૂદ્ધ પણ હોય; પરન્તુ શરત એટલી છે કે તે લેખ કોઈ સારા **વિચારશીલ** અને

"And it ye cannot be *saints* of knowledge, *then*, I pray you, be at least its *warriors*. They are the companions and *forerunners* of such Saintship.

નિષ્પક્ષ વિદ્વાને લખેલા હોવા જોઇએ. વાંચનારાઓને પ્રાર્થના છે કે, 'જૈનહિતૈષી'ના કોઇ લેખને વાંચતી એવું ન માની લેવું કે એ વિચારોથી સમ્પાદક સહમત જ છે, તેમ એવું પણ ન માની લેવુ કે તે હેનાથી વિરૂદ્ધ જ છે. વિરૂદ્ધ તેમજ અવિરૂદ્ધ એ બન્ને વાતનો ખ્યાલ દૂર રાખી, સર્વ લેખો માત્ર વાચકોના જ્ઞાનવિસ્તારના ઉદ્દેશથી જ પ્રકાશિત કરવામાં આવશે. અત્રે યદિ અમે અમારા પાઠકોને સહનશીલતા—મતસહિષ્ણુતા રાખવાની પ્રાર્થના કરીએ તો તે અનુચિત નહિ ગણાય. + + + +પોતાથી વિરૂદ્ધના કોઇ વિચારવાળો લેખ વાંચીને ભિકેરાઇ જવુ કે અધીરા થઇ જવુ કે પ્રકાશકને શત્રુ માની લેવો એ કદાપિ ઉચિત નથી, ઉચિત એ છે કે એવા લેખો **વાંચી**, તે પર **વિચાર** કરી, પછી જો એમા દોષ જણાય તો તે વિચારોની વિરૂદ્ધ આલોચના લખવી યા લખાવવી."..... આથી વધારે પ્રમાણિક કબૂલાત, વધારે ઉચ્ચ આશય અને વધારે ઉચ્ચ કર્તવ્ય ગંધક પત્રકાર માટે બીજુ કયુ હોઇ શકે? પરન્તુ ઉત્તમના જોવાની આંખો માત્ર ઉત્તમ પુરૂષોને જ હોઇ શકે છે. 'સત્યવાદી' જેવા 'બાલકો' જો પ્રૌઢતાને પીછાની કે હેની કદર કરી શકે તેમ હોત તો, 'હિતૈષી' આજે સમગ્ર હિંદી જૈન પત્રોમાં સર્વોત્તમ મનાતા પામત નહિ અને 'જૈન ગેઝેટ' જેવા અંગ્રેજી ભાષામા નીકળતા દિગમ્બર પત્રના વિદ્વાન અધિપતિ આમ લખત નહિ કે "અમો ધારીએ છીએ કે વિધવાલગ્ન વિરૂદ્ધનો ઠરાવ સબજેક્ટ્સ કમીટીએ છોડી દીધો હોત તો કદાપણ કશું કહેવાત જો કે અમો વિધવાવિવાહની **વકીલાત** કરતા નથી, તો પણ વિધવાવિવાહ વિરૂદ્ધ મ્હોટી બુમો પાડનારા પરન્તુ વિધવાની દશા સુધારવા, હેમના દુખ અને નિરાધારતા માટે લાગણી બતાવવા અને ઘોડીઆમાં સુતેલી 'પત્ની'-ઓ ઉપર એવી આફત આવતી અટકાવવા જેઓ કાંઇ જ કરતા નથી તેઓની બેદરકાર અને નિર્લજ વૃત્તિ તરફ તો અમને ખેદભર્યું હાસ્ય આવ્યા વગર રહેતું નથી. કૉન્ફરન્સનો અગીઆરમો ઠરાવ સમાજસુધારણાના કામની ધીમી ગતિ માટે ખેદ જાહેર કરે છે

"Ye must be proud of your enemies; then the successes of your enemies are also *your* successes.

"What warrior wisheth to be spared? I spare you not, I love you from my *very* heart, my brethren in war!"

અને તે છતા આ નામના સુધારકો 'જૈનહિતૈષી' સ્હામે ટીકા કરવા તૈયાર થયા છે, કે જે 'જૈનહિતૈષી' જૈનોનુ એક જ એવું હિંદી પત્ર છે કે જે જૈનેતર વર્ગની પણ પ્રશંસા પામ્યુ છે અને જેણે હમેશા જૈન કોમના રીવાજને તેમજ જૈન ધર્મના કાનુનને **અનુકુળ રહીને** ઉદાર નીતિ અંગીકાર કરી છે. કેટલાક ધોળા વાળવાળા 'પંડિતો' અને મુંબઇ સભાના શેઠીઆઓ ત્હેમની પૌત્રી જેવી દેખાતી છોકરીને પરણવા પણ ખુશીથી તૈયાર થાય!... ...." ગરીબ બિચારૂ 'સત્યવાદી' અને ત્હેના પક્ષકારો' ગજપન્થાજીમા ધાધળ મચાવનારા, 'ટી-પૉટ'મા તોફાન જગાવનારા, 'હિતૈષી'ના ગ્રાહકો તોડવાની પ્રવૃત્તિ કૉન્ફરન્સના જ મંડપ વચ્ચે કરનારા બિચારા મગતરાઓ! અરેરે એમને ઓછીજ ખબર છે કે એમની ખટપટ તો પ્રેમીને, 'જૈનહિતૈષી'ને અને વિધવાવિવાહના આજ સુધી ઢાંકી મુકી પડેલા વિચારને ઓર વધારે જાહેરાત અને બલ આપનાર થઇ પડી છે! જેઓ આજ સુધી ગુપ્ત રીતે આ પત્રના પ્રશંસક હતા તેઓ હવે ખુલ્લી રીતે ત્હેમની પ્રશંસા કરવા બહાર પડવા લાગ્યા છે! વિધવાવિવાહના વિરોધીઓ પૈકી પણ ઘણાઓ **હવે** વિધવાવિવાહનાં હિમાયતી બન્યા છે! અને આજે આખા સમાજમા એ વિષયનાં પ્રબલ આંદોલન આપોઆપ દોડવા લાગ્યાં છે! અને 'હિતૈષી'ને તોડી નાખનારા આ જાણીને તો જરૂર બળી મરશે કે 'હિતૈષી'ના ગ્રાહકો ઘટવાના સંભવને બદલે, 'હિતેચ્છુ'ના ૪૦૦૦ ગ્રાહકોને 'હિતૈષી'ની ઉત્તમતા જાણવા મળવાથી તેઓ પૈકી ઘણાઓ ત્હેના પણ ગ્રાહક થશે અને **તેમ છતાં** 'હિતૈષી'ને નુકશાન જશે તો એવા એક બહાદુર સીપાઇના આર્થિક શરીર તેમજ કીર્તિ શરીર પર પડતા સબળા પ્રહારમાં ભાગ પડાવવાનુ 'માન' લેવા ત્હેનો જોડકે જન્મેલો ભાઇ 'હિતેચ્છુ' સદા તૈયાર રહેશે, કારણ કે બંનેનો જન્મ એક જ વખતે થયો હતો અને બંનેની ખાસીઅતો અને આશયો તેમજ નામ એકસરખાં છે.

स्वीकार अने अवलोकन.

THE 'KEY OF KNOWLEDGE,' by Brother Champat Rai Jain, Bar-at-law; published by Kumar Devendra Prasad Jain of the Central Jain Publishing House, Arrah; Demi Octavo 1100 pages; Luxurious binding in cloth with gold letters; Price Rs. 10/ or 16 Shillings.

A very useful book for a comparative study of religion No English-knowing Jain has ever attempted to gather such a mass of information on religious and philosophical subjects. Brother Champat Rai seems highly impressed by the taunt of the Bible: "Woe unto you, lawyers! for ye have taken away the *Key of Knowledge*: ye entered not in yourselves, and them that were entering in ye hindered", and appears to be attempting to make amends for the sins of his brother-lawyers by devoting his life to the study of the self and by teaching to the English-knowing world the truths he has been able to find out from Jainism and other religions. His book contains numerous—perhaps too numerous—allusions to the Bible, some to Jain and Hindu Shastras, and not a few to works on Psychology and Philosophy. I have not the slightest doubt that to the majority of Christians and Mehomedans, Jains and Hindus, this book will do immense good, though the deep Vedandist, the real Jain of

the निश्चय नय School and the instinctive follower of the great Friedrich Nietzsche will not find much in it that would improve, enlighten, strengthen or ennoble them. That eagle-view, however, is not meant for the 'many, too many', for the 'sheep'.

One can form an idea of the usefulness of this excellent volume from the following contents: the Ideal, the Creation, God, the Fall, the Redemption, the Kingdom of God, Yoga, the Resurrection, the Holy Trinity, the Siddhanta, the coming of the Messiah, the Law of Karma, the Reconciliation, Summary and conclusions. The author has successfully materialised the 'soul' of Jainism with the 'matter' of Christianity, Hinduism, Western Philosophy, Science, legendary lore and what not, with the art of a Theosophist, an art universally recognised as the most effective, most beautiful and most powerful. I am glad that he advocates Jainism—the Religion of the Victorious, I am also glad to find him at one place giving prominence, though in a mild tone, to Digamber Jainism (and I understand Digambor Jainism not in the same sense as the modern followers of that creed, but as Naked Truth which is beyond believing in a definition, a grammar, a causality, a scheme or an 'ism' of any kind as a 'Thing-in-itself'); But I would have been fully satisfied had he been able to add a chapter on the the *stern* side of Truth. I am, however, confident that an earnest seeker like our author will one day break through the 'art' of all philoso-

phies and be face to face with Life naked and grand in its frightfulness Meanwhile I wish him and his work every success and recommend it sincerely to every English-knowing Jain and non-Jain. Brother Devendra Prasad too deserves credit for undertaking such useful and cosmopolitan publications.

'CONCENTRATION,' by the late Mr. Virchand R. Gandhi B. A. (Jain delegate to Chicago Religious Parliament 1893), published by Mr. Chhotalal Kalidas Gandhi, Pleador, Ahmedabad; Price Free.

This neatly printed hand-book of 60 pages contains 12 lectures, on concentration by Mr. Gandhi as taken down by Mr. Warren Needless to say that it will serve as a good primer for the student of concentration.

THE 'ARYA SAMAJ', by Lala Lajpat Rai, with a preface by Proffessor Sidney Webb, published by Messrs Longmans, Green & Co, London. This grand work shows how and to what extent the Arya Samaj has worked for the social, moral and educational upliftment of Hindus, and how vast is the field in India for these who like the great Son of Aryavarta-Lala Lajpat Rai—sincerely want to serve the Motherland. One is simply wonderstruck to learn of the gigontic work done by the Samaj and of the spirit engendered by the leading Samajists throughout India. No, I shall not rest content with eulogizing the book and the services renred by its author and his colleagues to this most unfortunate of countries, but shall give

in the next issue the subtance of the book, in Gujarati, with a view to awaken the Gujarati-speaking Indians of all the various creeds to a sense of duty towards the Motherland, whose liberation is the real *Mukti* of her sons.

સંસ્કૃત પ્રવેશિની, પ્રથમ ભાગ, કર્ત્તા, કાવ્યતીર્થ વ્યાકરણશાસ્ત્રી શ્રીલાલજૈન, 'ભારતીય જૈનસિદ્ધાંતપ્રકાશિની' સંસ્થા તરફથી પ્રસિદ્ધકર્તા શ્રીયુત પન્નાલાલ બાકલીવાલ, ૯, વિશ્વકોષ લેન, કલકત્તા; મૂલ્ય રૂ. ૧)

સંસ્કૃત જેવી કઠીન ભાષાનું વ્યાકરણ હિંદી માતૃભાષાવાળા વિદ્યાર્થીઓને માટે સરળ બનાવવાનો આ પ્રયાસ વખાણવાજોગ છે. ગુજરાતી માતૃભાષાવાળાને આ પુસ્તક દ્વારા સંસ્કૃત શિખવાથી સંસ્કૃત તેમજ હિંદી બન્ને ભાષાનું જ્ઞાન સહેલાઇથી થઇ શકશે. ૨૦૦ પૃષ્ઠના, એન્ટીક પેપરપર સુંદર છાપવાળા, આ પુસ્તકની કિંમત પણ મધ્યમસરની છે.

સચ્ચે સુખકી કુંજિયાં, રૉયલ ૧૬ પેજી ૧૨૦ પૃષ્ઠ, મૂલ્ય બે આના; પ્રસિદ્ધ કર્ત્તા શ્રીયુત ચન્દ્રસેન જૈન, મંત્રી, 'જૈનતત્ત્વ પ્રકાશિની' સભા, ઈટાવા. આ હિંદી પુસ્તકની એક પ્રત મ્હને 'સમાલોચનાર્થ' મોકલવામાં આવી છે, પરન્તુ તે મ્હારૂં જ લખેલું પુસ્તક હોઈ સમાલોચના મ્હારાથી લખી સકાય નહિ એટલું કહેવું અયોગ્ય નહિ ગણાય કે, એ પુસ્તકની ૮ આવૃત્તિઓ થઇ છે. 'જૈનતત્ત્વ પ્રકાશિની' સંસ્થા સદ્વિચારના પ્રચાર માટે હજારો પુસ્તકો નામની જ કિંમતે ફેલાવે છે એ ખુશી થવા જેવું છે. આવાં આવાં ૩૦ પુસ્તકોની હજારો નકલોનો પ્રચાર કરવામાં આવ્યો છે, જે માટે સભાને અને ત્હેના ઉત્સાહી મંત્રીને ધન્યવાદ ઘટે છે.

ઉપવાસ-ચિકિત્સા, લેખક શ્રીયુત બાબૂ રામચન્દ્ર વર્મા; પ્રકાશક શ્રીયુત નાથુરામ પ્રેમી, હિંદી ગ્રન્થ કાર્યાલય, ગિરગામ, મુંબઇ; મૂલ્ય ૦-૧૪-૦ (પાકું પુઠું ૧-૨-૦). 'જૈનહિતેચ્છુ'-ના ગઈ સાલના ખાસ અંકમાં ઉપવાસની ઉપયોગીતા સંબંધી ઉલ્લેખ વાંચનાર ગૃહસ્થોને આ પુસ્તકની અગત્ય સ્હમજાવવાનું રહેતું જ નથી. શરીરનું બંધારણ, દરદ થવાનાં કારણો, દવાઓનાં ભોપાળાં, કુદરતી ઇલાજો, ધર્મગ્રંથ અને ઉપવાસ, ઇતિહાસ અને ઉપવાસ, પશુ અને ઉપવાસ, ચિકિત્સા અને ઉપવાસ, આયુર્વેદ

અને ઉપવાસ, પ્રકૃતિ અને ઉપવાસ, મન અને ઉપવાસ, બલ અને ઉપવાસ, કોણે ઉપવાસ કરવા અને કોણે નહિ, ક્યારે અને કેટલા ઉપવાસ કરવા, કસરત ઇત્યાદિ પ્રકરણોનાં મથાળાં જ કહી આપે છે કે દરેક સ્ત્રી-પુરૂષે આ કિમતી પુસ્તક વાંચવું જોઇએ છે. સરળ હિંદી ભાષાનું, સુંદર છાપવાળું આ પુસ્તક, વળી ચિત્રો સહિત છે. શ્રીયુત પ્રેમીના હિંદી ગ્રંથ કાર્યાલયની પુસ્તક પસંદગીનું ધોરણ પ્રાયઃ ઉચ્ચ હોય છે, તેથી હિંદી વાંચી જાણનાર દરેક જૈન—અજૈનને તે સંસ્થાનાં તમામ પુસ્તકો વાંચવાની ભલામણ કરવામાં હું લેશ માત્ર અતિશયોક્તિ કરતો નથી.

બંકિમ નિબન્ધાવલી, બંગ-સાહિત્ય-સમ્રાટ બાબુ બંકિમચન્દ્રના સાહિત્ય, ધર્મ, સમાજ અને મનોરંજક નિબંધોનો હિંદીમાં અનુવાદ કરનાર પણ્ડિત રૂપનારાયણ પાણ્ડેય, પ્રકાશક શ્રીયુત નાથુરામ પ્રેમી, મંત્રી, હિંદી ગ્રન્થ કાર્યાલય, ગિરગામ, મુંબઇ; મૂલ્ય ૦–૧૨–૦ (પાકું પુઠું ૧–૦–૦).

ધર્મ અને સાહિત્ય, જ્ઞાન, મનુષ્યત્વ શું છે ?, ચિત્તની શુદ્ધિ, સંગીત, નવા લેખકો માટે ઉપદેશ, ભારત-કલંક, ભારતની સ્વાધીનતા અને પરાધીનતા, બાહુ-બલ અને વાક્ય-બલ, પ્યારનો અત્યાચાર, અનુકરણ, જૂનું અને નવું, લોકશિક્ષા, ઇત્યાદિ ૨૪ લેખોનાં ભાષાન્તર આ પુસ્તકમાં છે. જગજાહેર બંકિમબાબુ જેવા વિદ્વાનની કૃતિની તારીફ કરવી એ સોના ઉપર ઢોળ ચ્હડાવવા સરખું ગણાય; તો પણ એટલું કહ્યા વગર નથી ચલતું કે આ મુડદાલ અને ગાડરીઆ દેશમાં નવું ચેતન પ્રેરવા અને પાશ્ચાત્ય વિચારોની માત્ર ખોટી બાજુ શિખેલા હિંદીઓમાં ખરો સુધારો દાખલ કરવા માટે આવા પુસ્તકોના બહોળા પ્રચારની અનિવાર્ય જરૂર છે. બંકિમ બાબુના વિચારો જેમ પ્રૌઢ છે તેમ ત્હેમની શૈલી પણ રમુજી અને સચોટ અસર કરે તેવી છે.

સેવાધર્મ, મી. અરૂન્ડેલ કૃત 'The way of service' નામની ન્હાની પોથીનું આ હિન્દી ભાષાન્તર કુમાર દેવેન્દ્રપ્રસાદ જૈન, 'સેન્ટ્રલ જૈન પબ્લીશીંગ હાઉસ,' આરા, એઓએ સુંદર આકારમાં બહાર પાડ્યું છે. એમાં સેવાધર્મની મહત્તા અને સેવાના માર્ગ બતાવી સેવા કરવાનો ઉપદેશ કરેલો છે. ન્હાના ન્હાના પેરેગ્રાફોની આ પુષ્પમાળામાં ખરેખર દીલખુશ સુગંધી છે. બન્ધુ દેવેન્દ્રપ્રસાદે સેવાધર્મના ઉપદેશનું આ ન્હાનું પુસ્તક ૦–૧–૦ ને

બદલે ૦-૪-૦ કિંમતમાં વેચવા ઠરાવ્યું તે, ત્હેમના પુસ્તકમાંના ઉપદેશની વિરૂદ્ધ જાય છે, એમ કહ્યા વગર ચાલશે નહિ. હું એવા અને એવડા પુસ્તકની કિંમત ૦-૦-૬ થી વધારે રાખી શકું નહિ.

ચોખેર વાલી, બંગ કવિવર ડૉ. સર રવીન્દ્રનાથ ટાગોરકૃત પુસ્તકનું ગુજરાતી ભાષાન્તર, ભાષાન્તકાર રા ધનશંકર હીરાશંકર ત્રિપાઠી, પ્રકાશક રા. જીવનલાલ અમરશી મહેતા (મેનેજર, જ્ઞાન-વર્ધક પુસ્તકમાળા) અમદાવાદ, મૂલ્ય રૂ. ૧). કવિવર ટાગોરની શરૂઆતની લેખનકલાનો આ નમુનો છે, જેમાં બંગાળી ગૃહસંસારનું ચિત્ર છે કથા હજી અધુરી છે, એટલે ચોકસ અભિપ્રાય આપી શકાય નહિ પરન્તુ ગુજરાતી ભાષાના 'ગુલાબસિંહ' કે 'સરસ્વતીચંદ્ર'ની બરાબરી આ સર્વોત્તમ બંગાળી લેખકની કથાથી પણ થઇ શકે તેમ નથી, એ ગુજરાતને ઓછું અભિમાન લેવા જેવું નથી.

શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણ, ભા. ૧ લો, મૂળ સંસ્કૃત પરથી ગુજરાતી ભાષાન્તર કરાવનાર 'મુંબઇ વેદધર્મસભા'-ની પરવાનગીથી આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરનાર 'સસ્તુંસાહિત્ય વર્ધક કાર્યાલય', કાલબાદેવી, મુંબઇ, રૉયલ આઠ પેજી ૯૦૦ પૃષ્ઠ: પાકું પુઠું, મૂલ્ય માત્ર રૂ ૨).

વસિષ્ઠ જેવા તત્ત્વવેત્તાએ રામચંદ્રજીને શોકસાગરમાંથી છૂટવાનો અને દુનિયામાં રહેવા છતાં-પ્રવૃત્તિ કરતા છતાં-મુક્ત દશા અનુભવવાનો પાઠ શિખવવાના આશયથી આ ગ્રંથ ઉપદેશ્યો કહેવાય છે. એમાં વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ અને નિર્વાણ એવાં ૭ પ્રકરણ છે, જેનો વિસ્તાર ૩૨૦૦૦ શ્લોકનો છે. હિંદુ ફીલસુફીને રસિક સ્વરૂપમાં સમજાવનાર આ ગ્રંથની જેટલી તારીફ કરીએ તેટલી થોડી છે. તત્ત્વનો સામાન્ય માણસને ખ્યાલ આપવા માટે એમાં જે જે રૂપક લખ્યાં છે ત્હેના ઉપર ઉંડો વિચાર કરનાર 'વિચારક' એમાં ગહન સત્યો છૂપાયલાં જોઇ શકશે. સ્વ૦ જૈન તત્ત્વવેત્તા રાયચંદભાઇએ પણ આ ગ્રંથની પ્રશંસા કરી છે. ૧૦-૧૨ રૂપીઆમાં મળતા આવા મ્હોટા પુસ્તકનો પ્રચાર સર્વત્ર થવા ખાતર માત્ર રૂ. ૩ જેવી નિર્માલ્ય કિંમત રાખનાર 'સસ્તાસાહિત્યવર્ધક મંડળ'ને ખરેખર ધન્યવાદ ઘટે છે.

મૃણાલિની, અનુવાદક 'બાલકવિ'-જામનગર, મૂલ્ય રૂ ૧). પ્રસિદ્ધ બંગાળી લેખક બાબુ બંકીમચંદ્રની નવલકથાનો આ અનુવાદ છે, એટલે મૂળ કથાવસ્તુ પર અભિપ્રાય આપવા જેવું રહેતું

જ નથી. મ્હને ખેદ માત્ર એ જ બાબતનો છે: 'બાલકવિ' જેવા લેખકોને બંગાલી સાહિત્યમાંથી માત્ર કથાગ્રંથોના જ અનુવાદ કરવાનું કેમ રૂચતું હશે, અને દેશને જેની વિશેષ જરૂર નથી એવી જાતનાં પુસ્તકોમાં આર્થિક સહાય મેળવવા ખાતર સામાન્ય 'બ્યાપારી' ને 'ભારતભૂમિને ખાતર સ્વાર્થભોગ આપનાર'નો ટાઇટલ આપવા જેટલી હદે 'નીચા ઉતરવું' કેમ પસંદ પડતું હશે.

યોગશાસ્ત્ર ભાષાન્તર, શ્રી હેમચંદ્રાચાર્ય કૃત ગ્રંથનું ભાષાન્તર કર્ત્તા મુનિ શ્રી કેશરવિજયજી ગણિ, પ્રસિદ્ધકર્ત્તા શ્રી માંગરોલ જૈન સભા, પૃષ્ટ ૪૦૦, પાકું પુંઠું, મૂલ્ય માત્ર ૦-૮-૦. યોગપ્રેમી મુનિનો પ્રયાસ સ્તુત્ય છે અને માંગરોલ જૈનસભાએ નજીવી કિંમતે દળદાર પુસ્તકોનો ફેલાવો કરવાની અંગીકાર કરેલી પદ્ધતિ પણ પ્રશંસાપાત્ર છે. યોગશાસ્ત્રની 'પ્રાઇમર' તરીકે-સામાન્ય ગણના ઉપદેશાર્થે-ગ્રંથ ઠીક છે, બાકી સમર્થ વેદાન્તીઓના યોગવિષયક ગ્રંથો સાથે મુકાબલો કરી શકાય એવી મહત્તા આ 'કલિકાલ-કેવલી' કહેવાતા જૈનાચાર્યના 'યોગશાસ્ત્ર' માં મ્હને તો જણાતી નથી.

'**હડી પીતામ્બરી આચાર્ય** મૂલચંદજી ઉર્ફે કૃત્રિમ **ધર્મવિજયજીસે રૂપર પ્રશ્ન**" પ્રકાશક હજારીમલ ચવાણ તથા રૂપલાલ વરશાવત, ઉદયપુર, તથા—

"**ઢુંઢી હરમ દર્પણ**", પ્રકાશક જવાહરલાલ જૈન;

આ બન્ને પુસ્તકો સ્થાનકવાસી-દેરાવાસી પંથ સંબંધી ખટપટનાં છે. પોતાના કિંમતી સમયની કિંમત સમજનારા અને આત્માર્થી મનુષ્યે તો આવા પુસ્તક મફત મળતા હોય અને ઉપરથી હજાર રૂપિયા મળતા હોય તો પણ ત્હેમનો સ્પર્શ નહિ કરવો જોઇએ. પ્રપંચ, નિંદા, જુઠ, અજ્ઞાન અને દ્વેષના સાગર રૂપ આવાં પુસ્તકો ગટરને જ લાયક ગણી શકાય. જે જે માણસો-પછી તે શ્રાવક હો વા સાધુ હો—આવા કામમાં કોઇ પણ રીતે શામેલ રહે છે તેઓ દયાપાત્ર છે, ધર્મ અને ફીલસુફીનો અક્ષર પણ હાથમાં આવ્યા પહેલા 'સચ્ચે ધર્મ કે વકીલ' બનવા કુદી પડનારાં 'બાળકો' છે.

અર્થપ્રકાશિકા અથવા '**મોક્ષ શાસ્ત્ર**' ની **ભાષાવચનિકા** ટીકા. પ્રસિદ્ધકર્ત્તા શ્રી 'ભારતીય જૈનસિદ્ધાંત પ્રકાશિની સંસ્થા'-

ના મહામંત્રી શ્રીયુત પન્નાલાલ બાકલીવાલ, ૯ વિશ્વકોષ લેન, કલકત્તા.

નય, નિક્ષેપ, જ્ઞાન-દર્શન-ચારિત્ર, લબ્ધિ, ભિન્નભિન્ન શરીર, દેવાદિની સ્થિતિ, નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, બંધ-મોક્ષ, સમકિત-મિથ્યાત્વનું રહસ્ય, ધ્યાનના ભેદ, ઇત્યાદિ જૈનશાસ્ત્રની અનેક બાબતોનું વર્ણન આપનારો, આ હિંદી ભાષાન્તર ગ્રંથ, દરેક જૈને વાંચવો જોઇએ છે. આ અમૂલ્ય પુસ્તક મળી શકતું ન હતું પરન્તુ હમણાં પણ્ડિત પન્નાલાલજીના શ્રમ અને સાહસથી મજબૂત કાગળ પર મ્હોટા સુંદર ટાઇપથી તે છપાઇ બહાર પડયું છે અને લાગત દામથી મળી શકે છે, જો કે એમાં મૂલ્ય લખવામાં આવ્યું નથી. (પૃષ્ટસંખ્યા ૫૫૦ છે.)

'જાતિ પ્રબોધક' માસિક પત્ર, ક્રાઉન સોળ પેજી એક ફૉર્મે, સમ્પાદક શ્રીયુત દયાચન્દ્ર ગોયલીય બી એ., લખનૌ. કાંઇ પણ સ્વાર્થ વગર, માત્ર સમાજસેવાના આશયથી શરૂ કરવામાં આવેલું આ ન્હાનું હિંદી માસિક લોકોમાં ઉત્સાહ અને જાગૃતિ ફેલાવવાના કામમાં ઠીક ફાળો આપશે એમ આશા રહે છે. ગ્રાહક થનારે ઓછામાં ઓછી ૪ પ્રત લેવી પડશે, જેહેનું વાર્ષિક મૂલ્ય રૂ. ૧। (પોષ્ટેજ સહિત) છે. બાકીની ૩ પ્રતો કોઇને વિનામૂલ્ય વાંચવા મળે એ હેતુથી આ નિયમ રખાયો જણાય છે. બન્ધુ ગોયલીયનો આ શુભ પ્રયાસ સફલ થાઓ !

'જૈન તત્ત્વ પ્રકાશક' માસિક પત્ર, સમ્પાદક શ્રી જૈનતત્ત્વપ્રકાશિની સભા તરફથી શ્રીયુત ચન્દ્રસેન જૈન વૈદ્ય, ઇટાવા; વાર્ષિક રૂ. ૧) ફી ભરનારને સભાના મેમ્બર બનવા ઉપરાંત આ માસિક અને સભા તરફથી બહાર પડતાં અનેક ટ્રૅકટો હક્ક તરીકે મળ્યાં કરે છે ક્ષત્રિય જેવો જુસ્સો અને વિચારસ્વાતંત્ર્ય એ આ પત્રનાં ખાસ લક્ષણો છે. જૈન પત્રોમાં આવું નિડર કોઇક જ હશે. જિનવર એને જય આપો !

કર્મસિંહજી સ્વામીનું જીવન ચરિત્ર, પ્રયોજક 'વિતાન ભિક્ષુ મંડલ', સુદા; પ્રકાશક વૈદ્ય નાનાલાલ દેવશંકર, સુદા (કચ્છ); મૂલ્ય રૂ. ૧) જૈન મુનિઓનાં જીવનચરિત્ર લખવાનો શોખ આજકાલ વધી પડયો છે; પરન્તુ એમાંનાં ઘણાંખરાં ચરિત્રોમાં વાચકને અનુકરણ કરવા જેવું કાંઇજ હોતું નથી, માત્ર એક ખૂણે પડેલી

વ્યક્તિની ‘ નબળાઇઓ ’ને વૈરાગ્યનું સુંદર રૂપ આપી ગ્રન્થસાનાં પાનેપાનાં ભરી દેવામાં આવ્યાં હોય છે. એમાં નથી હોતું ભાષાગૌરવ કે નથી હોતું વિચારગૌરવ. પરન્તુ કર્મસિંહજીનું ચરિત્ર લખનાર મુનિઓએ સાધુચરિત્રો કેવી રીતે અને કયા આશયથી લખાવાં જોઈએ તે જૈન પ્રજાને બતાવી આપ્યું છે. ચારિત્રનાયકને હું પીછાનતો નથી તેથી કંઇ કહી શકું નહિ, પણ ચારિત્રલેખકોએ ઉદાર વિચારો અને ઉત્તમ સિદ્ધાન્તો આ ચરિત્ર સાથે એવી સુંદર રીતે ગુંથ્યા છે કે એ ‘ કલા ’ ની તારીફ કર્યા વગર ભાગ્યે જ રહી શકાય. ભાષા પણ સંસ્કારી છે. મૂલ્ય જરા વધારે છે.

‘ **દશાશ્રીમાળી હિતેચ્છુ** ’ માસિક પત્ર, તંત્રી રા. મોહનલાલ નાગજી ચીનાઈ, વકીલ, ધોરાજી; વાર્ષિક મૂલ્ય ટપાલખર્ચ સાથે રૂ. ૧). પ્રયાસ ઠીક છે. રા ચીનાઇને નિરૂત્સાહી થવું ન પડે એટલું જ હાલ તો ઇચ્છીશું. પહેલા અંકમાં, સંવત્ ૧૯૦૭ માં મેંગણી મુકામે થયેલા દશાશ્રીમાળી વણિક સમ્મેલનના ધારાધોરણ છાપ્યા છે, તે વાંચવા જેવા છે. એમાં એક કલમ એવી છે કે " વરકન્યા પરણાવતી વખતે બ્રાહ્મણ કોઇ ટંટો કરે ને પરણાવવાની ઢીલ કરે તો મહાજનનો શેઠીઓ બીજા બ્રાહ્મણને લાવી પરણાવી આપે. કદાપી બીજો બ્રાહ્મણ ન આવે તો શેઠીઓ ફેરા ફેરવી આપે તે વરકન્યાને અખંડ સૌભાગ્ય છે. " આ કલમ સાક્ષી પુરે છે કે, લગ્ન એ ખરેખર ધાર્મિક જોડાણ નથી, સામાજિક રચના છે; કારણ કે ધર્મગુરૂ કે બ્રાહ્મણની હાજરી વગર સામાન્ય માણસ (layman) પણ તે કૉન્ટ્રાક્ટ કરાવી શકે છે. અને વસ્તુતઃ લગ્ન સાથે ધર્મને કશો સમ્બન્ધ છે પણ નહિ. આ પત્રમાં રા. ‘ ઓલ્યાન્તેશી ’ ના હાસ્યરસપૂર્ણ લેખો વાંચવા જેવા હોય છે; એમાંથી શિખવાનું પણ ઠીક મળે છે. ‘ હવે તો ચેતો ’ એ મથાળાનો લેખ કે જ્હેના લખનારને ‘ એક સાક્ષર વકીલ ’ તરીકે જણાવવામાં આવ્યા છે, તે લેખ ત્હેના લેખકની સાક્ષરતાને ફુલાવી દે છે !

દુઃખીને દિલાસો, ભાગ ૧૪ મો, રચનાર, મી. શોરાબજી મંચેરજી દેસાઈ, નવસારી, મૂલ્ય માત્ર ૦–૪–૦. ઇતિહાસના દાખલા, દંતકથાઓ, ઉખાણા, ઉપદેશ વચનો વગેરે વડે મનુષ્યના દુઃખને ભૂલાવી દે એવો શાન્ત ઉપદેશ આપવામાં મી. દેસાઇની કલમ ઠીક કામ કરે છે. ફારસી અને અંગ્રેજી કવિઓના ઉતારાની પસંદગી

પણ સારી કરે છે. રૉયલ આઠ પેજી ૬૪ પૃષ્ટના પુસ્તકની કિંમત ૦-૪-૦ રાખી છે, જે બતાવે છે કે પ્રકાશક સ્વાર્થી કે લોભી નથી.

મહેન્દ્ર કુમાર, હિંદી નાટક; મૂલ્ય ૦-૬-૦. જાણીતા જૈન પન્ડિત અર્જુનલાલ શેઠી બી. એ, કે જેઓ કર્મગ્રંથોના ઉંડા અભ્યાસી, સમાજસેવાના અવતારરૂપ જૈન છે અને હાલમાં જેઓ કોઈ પણ ગુન્હા વગર જયપુરનરેશની જેલની હવા ખાય છે, તેમનું આ નાટક દરેક જૈને એકવાર વાંચવુ જ જોઇએ દેશમાં એકતા, વિદ્યા અને સાહસ પ્રેરનારૂ આ નાટક હાસ્યરસમાં પણ ઓછું ઉતરે તેમ નથી. પ્રકાશક, શ્રીયુત અમીચન્દ જૈન રઈસ, ગોહાના (રોહતક) પાસેથી મળે છે.

રિવાજ રૂદન, દશાશ્રીમાળી વણિકો માટે ખાસ, લખનાર રા. પોપટલાલ હેમચંદ ગુલા, વકીલ, ગોંડળ. દશાશ્રીમાળી કૉન્ફરન્સની જે હીલચાલ મુંબઇમાં વસતા કેટલાક કાઠિયાવાડી ભાઇઓએ આરંભી હતી ત્હેને માર્ગ બતાવવા નિમિત્તે આ પૅમ્ફલેટ લખાયુ હતું. લેખક લાગણીપૂર્વક અને નિડરતાથી વિચારો જણાવે છે અને કેળવાયલા તેમજ જૂના જમાનાના વણિકોને કેટલીક હિતાવહ સલાહ આપે છે.

જૈન આત્માનંદ સભાનો સં. ૧૯૬૯ થી ૭૧ નો ત્રિવાર્ષિક રિપોર્ટ—ભાવનગરની 'જૈનધર્મ પ્રસારક સભા'ની સાથે પ્રમાણિક હરિફાઇ કરવામાં ફાવેલી આ સભાએ ૪ પેટ્રન, ૩૭ પહેલા વર્ગના લાઇફ મૅમ્બર, ૮૩ બીજા અને ૨૨ ત્રીજા વર્ગના લાઇફ મૅમ્બર અને તે ઉપરાંત ૭૧ સામાન્ય સભાસદ મેળવ્યા છે. 'આત્માનંદ જૈન પ્રકાશ' નામનું માસિક, એક ફ્રી લાયબ્રેરી, પુસ્તકો છપાવવાનું ખાતુ, વેચવાનું ખાતુ વગેરે પ્રવૃત્તિ ચાલે છે. હમણાં એક ન્હાનુંસરખું ફંડ કેળવણીના પ્રચાર માટે પણ કરવામાં આવ્યું છે. પાલીતાણામાં ભયંકર રેલ આવી ત્હારે આ સભાએ સારી મદદ પહોંચાડી હતી જયન્તિના મેળાવડા, ભાષણો વગેરે દ્વારા કોમમાં જાગૃતિ ઉત્પન્ન કરવાનું કામ પણ કરાતું જોવામા આવે છે. રિપોર્ટવાળા વર્ષોમાં ૪૧ ગ્રંથો ઉદાર ગૃહસ્થોની મદદથી બહાર પાડવામાં આવ્યાં છે; અને ૨૮ ગ્રંથોનું કામ ચાલી રહ્યું છે. એક 'જ્ઞાનમંદિર' પણ હમણાં સ્થાપવામાં આવ્યું છે. સઘળું જોતાં સભા ઠીક પ્રગતિ કરી રહી છે.

વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ, ભા. ૧ લો;—સંશોધક મુનિશ્રી વિનયવિજયજી; પ્રસિદ્ધકર્તા રા. દેવચંદ દામજી (અધિપતિ, 'જૈન') ભાવનગર; રૉયલ આઠ પેજી પ૨૪ પૃષ્ઠ; મૂલ્ય રૂ. ૨॥.

આ પુસ્તક પર 'રિવ્યુ' લખવાનો મ્હને આગ્રહ કરવામાં આવ્યો છે, અને 'રિવ્યુ' લખું તો મુનિશ્રીને ઘણુ જ કડવું લાગે એવું જ લખાઈ શકે તેમ છે, તેથી મૌન ભજવું જ ઠીક છે. પિષ્ટપેષણની સામાન્ય વાતો, અને માનપૂજાની તૃષા: આ બેથી દૂર રહેવા જૈન મુનિવર્ગને નમ્ર વિનંતિ છે. આ દેશમાં, આ કાળે, આ સમાજને શાના ઉપદેશની ખરી જરૂર છે તે શોધવા અને તે તત્ત્વો શિખ્યા પછી જ ઉપદેશ કરવાની ઇચ્છા કરવા, વળી વધારે આગ્રહપૂર્વક વિનતિ છે.

જૈન રત્ન ચિંતામણી વાર્તામાળા, ભા. ૧ લો. લખનાર, મોહનલાલ મગનલાલ, કલોલ, પ્રકાશક, પાનાચદ મોહનલાલ, કલોલ, રૉયલ સોળ પેજી ૧૨૮ પૃષ્ઠ; મૂલ્ય ૦-૪-૦. રતલામની જૈન ટ્રેનીંગ કૉલેજના એક વિદ્યાર્થીની આ પહેલી જાહેર પ્રવૃત્તિ છે. એમાં ધર્મને લગતી ૩૫ વાર્તાઓ આપી કેટલોક ઉપદેશ કરવામાં આવ્યો છે. સામાન્ય ગણ માટે ઠીક છે. લેખક એક વિદ્યાર્થી હોવા છતાં એની ભાષામા કાંઇક મીઠાશ અને જુસ્સો છે, જે શુભ-સૂચક છે.

બાલવિવાહકા એક હૃદય-દ્રાવક દશ્ય, લેખક રા. કૃષ્ણુ-લાલ વર્મા, પ્રકાશક પ્રેમમાલા કાર્યાલય, ગોહાના (રોહતક). બાલવિવાહ તરફ ઘૃણા ઉત્પન્ન કરે એવી અસરકારક કથા લખવામાં લેખક ફતેહમંદ થયા છે. એમની કલમમાં જુસ્સો અને હૃદયમાં પ્રેમ છે. સાત આના કિંમતની એમની બીજી કથા 'ચમ્પા' પણ એવી જ મનોવેધક, રસિક, ઉપદેશી અને સુયોજિત છે. આ ઉછરતા હિંદી લેખકને સમાજસુધારણાના કામમાં વિશેષતર ભાગ લેવાની શક્તિ મળો !

☞નીચેનાં પુસ્તકોનું 'રિવ્યુ' હવે પછી:—સમાધિશતકમ્, વિવાહકા ઉદ્દેશ્ય, આત્મપરીક્ષા, મહાવીરભક્ત મણિભદ્ર, The Universal Gospel, લઘુલેખસંગ્રહ ભા. ૨, શ્રીમદ્ રાજચંદ્ર, શ્રેણિકચરિત્ર, દુર્વાસા તૃપ્તિ સ્વીકારનાટક, બાલશિક્ષા, યુવાઓંકો ઉપદેશ, સૂમકે ઘર ધૂમ, જૈનમત નાસ્તિક મત નહીં હૈ, ઇત્યાદિ.

નીચેનાં પુસ્તકોનો માત્ર આભાર સ્વીકાર કરીને જ વિરમવાની રજા લઇએ:—

૧ 'પરલોક પ્રકાશ', લેખક રા. પોપટલાલ કેવળચંદ શાહ, રાજકોટ.

૨ શ્રાવક વ્રત પત્રિકા, લેખક શ્રી રત્નચંદ્રજી સ્વામી.

૩ બાળબોધ જૈનધર્મ, પ્રકાશક રા. મૂળચંદ કસનદાસ કાપડીઆ, સુરત.

૪ જૈન તત્ત્વસાર, અનુવાદક રા. તારાચંદ્ર દોસી, પ્રસિદ્ધકર્તા શ્રી જૈનજ્ઞાન પ્રસારક મંડલ, સિરોહી, મૂલ્ય ૦-૫-૦

૫ આચાર્ય શ્રી મોતીરામજી મહારાજકા જીવન ચરિત્ર, લેખક મુનિશ્રી જ્ઞાનચંદ્રજી.

૬ નવપદ માહાત્મ્ય, યોજક શ્રી કર્પૂરવિજયજી મહારાજ, પ્રસિદ્ધકર્તા શ્રી 'જૈન યુવક મંડલ' તરફથી શા. મંગળદાસ બાલચંદ, સાણંદ, મૂલ્ય ૦-૩-૦

૭ ફિજી ટાપુઓમાં હિંદીઓની સ્થિતિ, અનુવાદક રા. કુબેરભાઇ ઝવેરભાઇ પટેલ, ઉત્તરસંડા; મૂલ્ય ૦-૬-૦.

૮ વિદ્યાર્થીયોંકે કર્ત્તવ્ય (સર ચંદાવરકરના ભાષણ પરથી), લેખક શિવજીલાલ કાના, મિશન કૉલેજ, ઇંદોર; ૦-૧-૦

૯ અંજના-પવનંજય કાવ્ય, લખનાર શ્રીયુત બાબુ ભંવરલાલ સેઠી, ઝાલરા પાટણ; ૦-૨-૬

૧૦ કામઘટ કથા પ્રબંધ. લેખક શ્રી કર્પૂરવિજયજી મહારાજ, પ્રકાશક શ્રી જૈન યુવક મંડલ; ૦-૧-૦

૧૧ પાંત્રીસ બોલ, પ્રસિદ્ધકર્તા દુર્લભદાસ કાલીદાસ શાહ.

રંગુનથી મી. જે. સી. ઘ્રુવ લખે છે:—

'હિતેચ્છુ'ના 'નગ્ન સત્ય' અને 'મહાવીર કહેતા હવા' એ વગેરે લેખોએ મારા તથા મારા સ્નેહીઓના હૃદય ઉપર જબરી અસર કરી છે. આપના લેખો ખરેખર શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવે તેવા અને જૈન ધર્મનું ખરૂં રહસ્ય સમજાવનારા છે. જ્યારે તમામ જૈનોમાં આ વિચારો ફેલાશે ત્યારે જૈનસમાજ જૂદુંજ રૂપ ધારણ કરશે. મારા મિત્રો માટે નીચેને શિરનામે પાંચ પ્રતો મોકલતા રહેશો.

समयना प्रवाहमां.

CURRENT TOPICS

દશમી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ—એક 'ઉડતી નોંધ' [A Bird's-eye-view]-જોવાજોવાના અનેક ભેદ છે. નીચે (જમીનની સપાટી ઉપર) ઉભેલો મનુષ્ય જમીન પરના અને ઉંચે બનતા બનાવો જુએ અને હેનુ વર્ણન આપે એ પણ ' જોવું ' કહેવાય, તેમજ પહાડ પર કે ખુલ્લા અવકાશમા ઉભા રહીને નીચેની જમીન પર બનતા બનાવો જુએ અને હેનુ વર્ણન આપે એ પણ ' જોવું ' કહેવાય. પણ બન્ને 'જોવા'મા મહાન અતર છે. અંગ્રેજીમાં જેહેને 'Bird'- eye view' અથવા 'પક્ષીની આખથી દેખાતો દૃશ્ય' કહે છે તે, ઉંચે ચ્હડીને નીચે નજર નાખી કરાતા અવલોકનને જ લાગુ પડે છે. એ પ્રકારના અવલોકનમા ન્હાની ન્હાની નિર્માલ્ય બાબતોને મહત્વ અને ક્વચિત્ સ્થાનજ—મળી શકે નહિ; કારણ કે તે બાબતની આગળપાછળની અનેક ન્હાનીમ્હોટી બાબતો સાથે તે અમુક બાબતની તુલના-મુકાબલો થાય છે, અને જો તે બીજી આસપાસની બાબતો ઘણી મ્હોટી હોય તો આ અમુક બાબતને અવલોકનકારના અવલોકનમા મુદ્દલ સ્થાન મળી શકતું નથી અગર ઘણું નિર્માલ્ય સ્થાન મળે છે. પણ જમીન પર રહીને જોનાર તો નિર્માલ્ય બાબતને પણ મ્હોટા રૂપમા જુએ છે, કારણ કે ન્હેની દૃષ્ટિમર્યાદા વિસ્તૃત નહિ હોવાથી અને તે અમુક ચીજને આગળપાછળની—આસપાસની ચીજોના મુકાબલામાં જોતો ન હોવાથી તે અમુક ચીજ હેનુ સઘળું લક્ષ ખેંચનાર થઇ પડે છે,—તે હેને ઘણી મ્હોટી-સુંદર-મહાન લાગે છે. આ કારણથી એક જ બનાવ ઉપર અવલોકન કરનારા સેંકડો લેખકોનાં લખાણો એકબીજાથી તદન જૂદા પડતાં જોવામા આવે છે; કેટલાક જ્યહારે તે બનાવને મહાન—આશ્ચર્યજનક—કુતેહ રૂપ કે સુંદર તરીકે વર્ણવે છે, ત્યહારે બીજાઓ હેને છીછરો (shallow) —અફસોસકારક-નિરાશાજનક અને કદરૂપ આળેખે છે. ચાડર અને ગરૂડની દૃષ્ટિઓ, આ પ્રમાણે, તદ્દન ભિન્ન હોય છે, જો કે બન્ને સ્વાભાવિક છે એમ જોવામાં અને જોવા પ્રમાણે વર્ણન કરવામાં

નથી દોષ ગાડરનો, તેમજ નથી દોષ ગરૂડનો; તેઓ પોતપોતાની સ્વાભાવિક શક્તિ પ્રમાણે 'જુએ છે,'—'જુએ છે' એમ હું જ્યારે બોલું છુ ત્યારે જોવાની ક્રિયા કરે છે એમ પણ સ્હમજવાનું નથી, પણ 'દેખાવ હેમની નજરે પડે છે' અથવા 'હેમની આંખ આગળ તેવું જ કાંઇ ખડું થાય છે' એમ મ્હારા કહેવાનો ભાવાર્થ છે. ('કર્ત્તા' અને 'કર્મ'ના ભેદ પાડયા વગર ન ચલાવી શકે એવી ભાષા પોતે જ દુનિયાનાં અનેક 'જૂઠાણાં'માનુ એક 'જૂઠાણું' હોઇ 'માણસ જુએ છે' એમ બોલવુ પડે છે.)

મ્હારાથી ઉપર કહેવાયુ [નહિ કે મ્હે ઉપર કહ્યુ] તેમ, જોવા-જોવાના મુખ્ય બે ભેદ છે: ગાડર દૃષ્ટિ અને ગરૂડ દૃષ્ટિ, અથવા જમીન પર ઉભા રહીને થતું અવલોકન અને ઉંચે રહીને થતું અવલોકન, અથવા છીછરી 'વ્યવહાર' દૃષ્ટિ અને ઉંડી 'નિશ્ચય' દૃષ્ટિ. આમાંની પહેલી દૃષ્ટિએ, દશમી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઉપર ઘણાએ અત્યાર આગમચ અવલોકન કરી ચૂક્યા છે. જૈન પેપરોમાં છેલ્લા ૧ાા માસથી એ કૉન્ફરન્સને એક ફતેહ તથા હેના કાર્યવાહકોને દૂરદેશી અને કાર્યદક્ષ મહાન પુરૂષો તરીકે ફગાવનારા અનેક અવલોકનો મ્હારા વાચવામા આવ્યા છે પ્રથમ મ્હે આ કૉન્ફરન્સ સબંધે કાંઇ નખવાની 'દરકાર' ને દાબી દીધી હતી, પણ જ્યારે એ કંટાળો આપે એટલી હદ સુધી લખાતાં 'ગીત' મ્હારા ભાવ-કર્ણને અસહ્ય થઇ પડયાં ત્યારે મ્હારી instinct-આંતર્વૃત્તિ કે જે પ્રથમ મુગા રહેવામા 'મજાહ' માનતી હતી તે હવે 'બોલી ઉઠવા'માં 'મજાહ' માનવા લાગી અને સ્વભાવત કાંઇક લખવા હુ પ્રેરાયો. કેટલાકને મ્હારૂ હમણાનું કથન કટાક્ષ જેવુ લાગશે, બીજાઓ હેને અભિમાનપ્રેરિત માનશે, થોડાઓ હેને અપમાનજનક પણ સ્હમજશે એમ હેમની દૃષ્ટિને સ્વાભાવિક રીતે જ 'દેખાશે'; તેથી હુ હેમને દોષિત નહિ માનું. તેમ તેઓને મ્હારા 'દેખવા'નો ખુલાસો આપવાની—દલીલ કરવાની—પણ દરકાર નહિ કરૂ.

દશમી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ—એક દબદબાવાળા મેળાવડા અને ફતેહ રૂપ સમ્મેલન તરીકે જેના ગીતડાં મંડપમાં અને બહાર પુષ્કળ ગવાયા છે તે કૉન્ફરન્સ—મ્હને એક જૂદા જ સ્વરૂપમાં 'દેખાય' છે: કેળવાયલાઓની નૈતિક નાદારી (Moral Bankruptcy of the Educated) તરીકે, નાયક વગરના 'ગાડર' સમૂહ તરીકે,

દાતા, વક્તા અને વિચારક રૂપી હાથ, જીભ અને આંખો વગરની કદરૂપ—સુગ ચ્હડે એવી—વૃદ્ધા તરીકે, 'ફૂકા'ના 'ખેલ'માં જ જીંદગીનું સાફલ્ય માનનારા 'મૂછાળા શિશુ'ઓથી ભજવાતા નાટક તરીકે મ્હને એ કૉન્ફરન્સ 'દેખાઇ છે' અને એ 'દેખાવ' એક જૈન તરીકે મ્હને એટલો પીડાજનક થઇ પડયો છે કે જેટલો ભાગ્યે જ કોઇ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનને પણ થઇ પડયો હોય.

મ્હારી આંખ આગળ લાલનવાળો બનાવ, ફંડ, વક્તાઓનાં ભાષણ, કોમનો ત્રણ દિવસ માટે ચુંટાયલો વગર તાજનો રાજા અને પ્લૅટફૉર્મ પર બીરાજેલા ધર્મગુરૂ : આ દેખાવો હમણાં સીનેમેટોગ્રાફની ફીલ્મની માફક જોસબંધ અને ક્રમશઃ ખડા થાય છે. મ્હારા વાચકોને એ 'ફીલ્મો' જોવાની ઇચ્છા હોય તો ભલે તે પૂરી કરે.

મી લાલને (એમના નામ સાથે જોડવામા આવતો 'પંડિત'નો ખાતાબ કોઇ વિદ્વાન મંડળે જાહેર રીતે આપ્યાનું મ્હારા જાણવામા ન હોવાથી હું એમને **મી.** લાલન તરીકે જ ઓળખાવવાનું પસંદ કરીશ—અને યાદ કરાવીશ કે જગપ્રસિદ્ધ ગ્લૅડસ્ટન પોતાને **મી.** ગ્લૅડસ્ટન તરીકે ઓળખાવવામા જ માન સ્હમજતો હતો) શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ધર્મ અને સંઘનો કાંઇ પણ વાસ્તવિક અપરાધ નહિ કરેલો હોવા છતાં અને માન-પૂજાનો ઇજારો રાખી બેઠેલા બેચાર સાધુઓને લાલનની વધતી જતી લોકપ્રિયતા અસહ્ય થઇ પડવાથી તેઓએ ત્હેમના ઉપર મૂકેલાં હાસ્યાસ્પદ તહોમતોની રીતસરની તપાસ માટે કોમના સાચા પ્રતિનિધિઓની કમીટી સમક્ષ ત્હેમને બોલાવી જવાબ માગવાની દરકાર કર્યા વગર થોડા એક સ્થાનિક સંઘોએ (અલબત અમુક મુનિઓની આજ્ઞા પાળવા ખાતર જ) મી. લાલનને સંઘબહાર મુકયા હતા, તથાપિ તેથીએ કાંઇ **સમસ્ત હિંદ**ના પ્રતિનિધિઓથી બનેલી કૉન્ફરન્સમાં હમેશની માફક ભાગ લેવાનો ત્હેમનો હક ઓછો થતો નથી. તો પછી એમને કૉન્ફરન્સમા હાજર થવા ન દેવા એવી ચળવળનો અર્થ શું ?—સિવાય કે અમુક સાધુઓનું અનિયન્ત્રિત સ્વચ્છંદી રાજતંત્ર (autocracy) ? મી. 'લાલન' એક પ્રતિનિધિ તરીકે ચુંટાઇ ચૂકયા હતા, એમની ચુંટણી કૉન્ફરન્સની બેઠક પહેલા ઘણા દિવસ અગાઉ જાહેર પત્રોમા પ્રગટ થઇ ચૂકી હતી અને તે છતાં, અમુક અમુક સાધુઓના

વાડાની દુર્ગંધ વાળા સુરત, અમદાવાદ કે ભાવનગરમાં નહિ પણ સમાન ભાવની હીમાયત કરતા મુંબઈ શહેરમાં, અને તે પણ સુશિક્ષિતોની આગેવાનીથી ભરાતી કૉન્ફરન્સમાં, મી. લાલનને હાજરી આપતાં અટકાવવાની સીધી કે આડકતરી પણ ચળવળ થાય એના જેવું શરમભર્યું બીજું શું હોઈ શકે ? કેળવાયલાઓના નૈતિક બળની ખામીનો આથી વધારે મજબૂત પુરાવો બીજો કયો હોઇ શકે ? ઘણે દૂરથી થતા અને નિર્માલ્ય દબાણ સ્હામે પણ ટક્કર નહિ ઝીલી શકનારા 'કેળવાયલા આગેવાનો' પ્રબળ પ્રતિરોધના કેન્દ્ર સ્થાન ભાવનગર કે અમદાવાદમા તો શું નૈતિક બળ બતાવી શકવાના હતા ? ખુબી તો એ છે કે, દશદશ વર્ષ સુધી મી લાલન કૉન્ફરન્સના પ્લૅટફૉર્મનો 'વગર તાજનો રાજા' ગણાતો હતો, જ્યહા સુધી પાપડ પીરસવામાં આવે નહિ ત્યહા સુધી મારવાડીનુ ગમે તેવુ સ્વાદિષ્ટ ખાદ્ય પુરૂ થયુ ગણાય નહિ તેમ જ્યહા સુધી લાલનને પ્લૅટફૉર્મ ઉપર ગર્જના કરતો, હાથ અને ટેબલ ઉપર હાથ પછાડનો પ્લૅટફૉર્મ પરથી કૂદી નીચે બેઠેલા એકાદ સજ્જનને તાલી આપતો જોવામા આવે નહિ ત્યહા સુધી કૉન્ફરન્સમા બીરાજેલા હજારો શ્રોતાઓને 'તૃપ્તિ' થાય જ નહિ એટલી હદ સુધી એ વકતાની લોકપ્રિયતા અને આવશ્યકતા જોવામાં આવતી હતી તે જ લાલન, આજે તેનો તે જ હોવા છતાં, આજે ત્હેની ઉપયોગીતા અગાઉ જેટલી જ નહિ પણ એથીએ વધારે હોવા છતાં, તે અમુક સાધુઓની જોહુકમીને મુંગેમુંગો તાબે થઇ શકતો નથી એટલા જ ખાતર, એ કૉન્ફરન્સમા હાજર થવાનો બોલવાનો એક ન્હાનામાં ન્હાના જૈન જેટલો હક્ક પણ ગુમાવી બેઠો છે '

પરન્તુ મુંબઇના કચ્છીઓ આખા હિંદના જૈનોપર થોડાએક મુનિઓના અનુયાયીઓની આટલી અસીમ સત્તા સહન કરી શક્યા નહિ. મી. લાલન પરના અગત પ્રેમને ખાતર નહિ પણ અમુક વ્યક્તિઓની અસીમ સત્તા કે જે ત્હેમને પણ બીજી રીતે નડતી હતી અને નડવાનો સભવ ચાલુ હતો તે સહન નહિ કરી શકવાથી અને હમણા પ્રતિરોધનો પ્રસંગ હાથ આવી લાગવાથી તેઓ મી. લાલનની તરફેણમાં એકસપીથી આવી ઉભા. 'મી. લાલનની હાજરી નહિ, તો કૉન્ફરન્સની બેઠક પણ નહિ એવો દઢ નિશ્ચય ત્હેમનો દેખાયો 'ન્યાય જીતતો નથી, પણ બલ જીતે છે' એ સિદ્ધાતનુ સાચાપણું હવે બધાએ જોયુ અશિક્ષિત પરન્તુ ટેકીલા અને સંપીલા કચ્છીઓના પ્રબળ પક્ષ સ્હામે કાચી ઇચ્છાશક્તિવાળા આગેવાનો ટકી શક્યા નહિ. એક

રાત્રીની સબજેક્ટસ કમીટીને મી. લાલનને અમુક ઠરાવ પર બોલવા દેવાનું ઠરાવવું પડ્યુ; 'પ્રોગ્રામ'ના કાગળમાં મી. લાલનનું નામ પણ છપાઇ ચૂક્યું. તથાપિ આ પ્રમાણે સાધુ પક્ષપર લાલન પક્ષ વિજય મેળવી જાય એ કેટલાક સ્વતંત્ર વિચાર કરવાને અશક્ત આગેવાનોથી ખમાયુ નહિ અને તેઓએ કૉન્ફરન્સના હોદ્દેદાર તરીકેનાં રાજીનામાં ધડાધડ આપવા માંડયાં. ચારિત્ર બળની તથા સમાજ પ્રેમની કસોટીનો આ ખરેખરો પ્રસંગ હતો. આગેવાનો એ કસોટીમા કથીર માલમ પડયા. છેવટે ઘણી મહેનતે કેટલાકો હેમની પાસે રાજીનામાની જીદ છોડાવી શક્યા. છેક પ્રાત કાળ સુધી વિવાદ ચલાવીને સભા વિસર્જન થઇ અને પછીથી લાલનને ખાનગી રાહે વિનંતિ અને દબાણ કરવામાં આવ્યુ કે હેમણે એટલેથી સતુષ્ટ રહેવુ અને કૉન્ફરન્સમાં હાજરી આપવી નાહ. 'મ્હારે માટે કલેષ થાય તે ઠીક નહિ' એમ માની લાલને પ્રમુખને લખી મોકલ્યુ કે તે હાજર થશે નહિ. 'લાલન કદાચિત્ હાજર થશે તો ? માટે આપણે આજે મડપમાં જવુ જ નહિ' એવા વિચારથી કેટલાક લોકો ગેરહાજર રહ્યા હતા, પરન્તુ કચ્છીઓએ મડપને ભરી દીધો અને કૉન્ફરન્સનો દેખાવ નબળો ન પડવા દીધો કૉન્ફરન્સના ટાઇમમાં આગેવાનોએ મીટીંગ કરી અને આ જ ચર્ચા ચાલુ રાખી મી. લાલન માફીપત્ર લખી આપે એવો અમુક સાધુઓનો આગ્રહ હોવાથી માફીપત્ર ઘડવામાં આવ્યુ, લાલન પાસે તે મજુર પણ કરાવવામાં આવ્યુ, આગેવાનોએ તે પસદ કર્યું અને તે છતા એ માફીપત્ર સાથે અમુક માણસોને સાધુઓ પાસે—હેમની બાહાલી માટે—બહારગામ રવાના કરવામા આવ્યા. કૉન્ફરન્સ વીખરાઈ ગઇ ત્હાં સુધીમા તે સાધુઓનો જવાબ કાઇ ફરી વળ્યો નહતો, તેથી એ છેલ્લા બનાવ પર હમણા કાંઇ કહેવુ વાજબી ગણાય નહિ. માફીપત્રનુ શુ થયુ, હવે પછી લાલન સ્હામે કૉન્ફરન્સના દ્વાર ખુલ્લા છે કે બધ, એ બાબતમા કાઇ કહેવાની સ્થિતિમા આપણે નથી. એ જવાબ તો અમુક મહારાજાઓ અને હેમના પ્રધાનોના હાથમા છે અને કદાચ અગીઆરમી કૉન્ફરન્સની બેઠક વખતે તે જવાબ એક યા બીજા પ્રકારના વર્ત્તનથી —નહિ કે 'હા' કે 'ના' એવા શબ્દથી—આપવામાં આવવાનો હશે.

પ્રમુખ મહાશય આ કટોકટીના વખતે—કહો કે કસોટી થવાના પ્રસગે—કાંઇ ખાસ કાબેલીઅત કે ઇચ્છાબલ બતાવી શક્યા નહોતા. રાજપદ માટે કેળવણીની જેટલી જરૂર નથી તેટલી, ત્વરાથી નિર્ણય

કરવાની અને દ્રઢતાથી અમલ કરવાની શક્તિઓની જરૂર છે. આ શક્તિઓ એક ફતેહમદ વ્યાપારીમાં જેટલે અંશે હોવા સંભવિત છે એટલી એક વિદ્વાનમા હોવી સભવિત નથી. (અપવાદની વાત જૂદી છે.) કૉન્ફરન્સના પિતા કહેવાતા મી. ઢઢ્ઢા અને 'મહેતાજી'ના ઉપનામથી ઓળખાતા વૃદ્ધ ગ. કુંવરજી આનંદજી . એ બન્નેએ પણ 'હાજીહા'ની પદ્ધતિ વડે કૉન્ફરન્સનુ હિત બગાડવામાં ઓછો ભાગ ભજવ્યો નથી. સાચી ધર્મીષ્ટતા અને પવિત્રતા હમેશા ચહેરો, શબ્દો અને આંખો દ્વારા બોલી ઉઠયા સિવાય રહેતી નથી, એમાંથી બીજાને પોતા તરફ આકર્ષણ કરે એવી 'શક્તિ' ઉત્પન્ન થયા વગર રહેતી નથી; આ કુદરતી નિયમ જો સાચો જ હોય તો મ્હને ઉક્ત બન્ને ગૃહસ્થોને જોવાથી તેમના પ્રત્યે આકર્ષણ થવાને બદલે તેમનાથી દૂર જવાની પ્રેરણા થતી હતી તે અકારણ નહિ જ હોય મ્હને એઓમાં ન દેખાયુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનુ જ્ઞાન, ન દેખાયો નિસ્વાર્થ સેવા ભાવ, ન દેખાઇ ઉચ્ચ સહિષ્ણુતા, તેમજ ન દેખાયો 'રાજા-માર્ગી'-નો જુસ્સો, અને તેથી તેઓને 'આગેવાન' તરીકે આમતેમ ઘુમતા જોઇ મ્હને કંટાળો, સુગ અને ચ્હીડ થઇ આવતી. સ્વ૦ પ્રેમચદ રાયચંદ, સ્વ૦ ફકીરભાઇ પ્રેમચદ, સ્વ૦ મનસુખભાઇ ભગુભાઇ, સ્વ૦ લાલભાઇ દલપતભાઇ, સ્વ૦ વીરચદ દીપચદ ઇત્યાદિમાં ભલે અંગ્રેજી કે માગધી સાહિત્યનુ વિશેષ જ્ઞાન નહોતું, પરન્તુ એમની ધર્મદાઝ, કુનેહ અને ઇચ્છાશક્તિ આજે આ કોમના આગળ પડતા આગેવાનોમા ક્યહા છે? આજે તો સંકુચિતતા, ખોટુ અભિમાન, માનની પડાપડી, ભીરુતા, બહાદૂરીની જગાએ દાવપેચ, આત્મભોગનો અભાવ ઇત્યાદિ તત્ત્વોનો રંક દશ્ય જ્યહાંત્યહા નજરે પડે છે, જે જોઇ ખરેખર ખેદ અને કંટાળા સિવાય બીજી કોઇ લાગણી ભાગ્યે જ થવી સંભવે છે મ્હને સખેદ જણાય છે કે જૈન કોમમા આજે મહાન પુરુષનો --મહજ્જનોનો--દુંકાળ પડયો છે. પગારદાર 'સીપાઇ'ઓ' તો અહીંતહીં નજરે પડે છે ખરા (નહિ કે પૂર્વકાળના 'શોખ'થી લડનારા શહેરી યોદ્ધા), પરન્તુ સેનાધીશ, કૅપ્ટન, રાજા કોઇ સ્થળે મ્હારી નજરે પડતો નથી. 'ઘેટાં' ઘણાંએ નજરે પડે છે, પણ નથી જોવામા આવતો 'સિંહ' કે નથી જોવામાં આવતો 'ભરવાડ'. મ્હોટાં 'ચોગાન' ઘણાંએ જોઉ છું, પણ ઉચા 'પહાડો' અને ઉડી 'ખીણો'નો તો દુષ્કાળ જ પડયો છે. ખ્રીસ્તીઓએ શીખવેલી રાંક 'નીતિ' અને મધ્યકાલિન શાસ્ત્રકારોએ ગોખાવેલી 'પવિત્રતા'ની ખોટ પડે તેમ નથી, પણ મહાવીરની

ઉગ્રતા, ભવ્યતા, ઉંડાણુ અને ઉંચાણુ, એની અલૌકિક (ના, હરગીજ 'લૌકિક' નહિ જ, પણુ 'લોકોત્તર' જ) નીતિ : એને સ્હમજનારા પણુ આજે નથી જડતા, તો એ ગુણો વારસામાં લઇ જન્મેલાઓ તો શોધવા જ ક્યહાં ? આ છીછરા, 'દયાળુ' અને દયાજનક, અશક્ત તથાપિ શક્તિનો ફાંકો રાખતા, ધર્મહીન તથાપિ પરમાર્થી અને ધર્માત્મા તરીકેનો ઘમંડ કરતા, ઘેટાના શરીરને સિંહની ચામડીમાં છૂપાવવા મથતા નાયક વાળો એકંદર જૈન સમાજ મ્હને એક મ્હોટા કંટાળા —સુગ–નો વિષય છે.

શ્વે૦ મૂર્તિપૂજક જૈન કૉન્ફરન્સને લગતા એક મુદ્દાને ચર્ચતાં હું સમસ્ત જૈન વર્ગમા પહેલી મહત્તાની * ખોટ પર જરા વધારે ઢળી પડ્યો. અસ્તુ ! એની પણુ જરૂર હતી, એય 'નિર્માણ' (Fate) હતું. હવે આપણે આ આડકથા અહીં છોડીને ફક્ત કૉન્ફરન્સને લગતા બીજા મુદ્દાને—ફંડના મુદ્દાને—પકડીશુ.

---

* 'મહત્તા' હું કોને માનું છું એ ખુલ્લા શબ્દોમા અને તમામ મનુષ્યો સમક્ષ કહી બતાવવા હું તૈયાર નથી મહત્તાના તત્વો સાંભળીને 'ઘેટાઓ' કોલાહલ કરી મૂકે, તેથી નથી લાભ ત્હેમને કે નથી આનંદ મ્હને. માટે મહત્તાનો ખ્યાલ આપતા એક મહાન ઋષિના કથનમાથી છૂટાછવાયા ફકરા ચુટી અત્રે રજુ કરીને જ સંતોષ માનીશ એનો ગુજરાતી અનુવાદ કરવાની પણુ હું જરૂર જોતો નથી, ' અધિકારી ' ઓ ગમે તે રીતે તે સ્હમજવા કોશીશ કરશે —

"A great man,—a man whom Nature has built up and invented in a grand style—*what* is such a man? *First*, in his general course of action his consistency is so broad that owing to its very breadth it can be surveyed only with difficulty, and consequently misleads, he possesses the capacity of extending his will over great stretches of his life, and of *despising* and rejecting all small things, whatever most 'beautiful' and 'divine' things *of the world* there may be among them. *Secondly*, he is *colder, harder, less cautious and more free from* the fear of 'public opinion;' he does not possess the virtues which are compatible with respectability and with being respected, nor any of those

કૉન્ફરન્સના વાજીંત્ર 'હેરલ્ડ' પત્રમાં દશમી જૈન કૉન્ફરન્સ પ્રસંગે થયેલા ફંડની સમ્પૂર્ણ યાદી છપાઇ છે તે મુજબ, કેળવણી ફંડમાં એકંદરે રૂ. ૨૫૧૫ાાા, કૉન્ફરન્સ નિભાવ ફંડમાં રૂ. ૧૫૬૦ાાા અને સુકૃતભંડાર ફંડમા રૂ. ૭૮૦ાાા મળી કુલ્લે રૂ; ૪૮૬૭ નું ફંડ થયુ છે, જેમાંથી પ્રમુખની ખુરશીની કિમતના રૂ. ૧૧૦૦ બાદ થતાં અને વૉલંટીઅરોએ એકેક ગૃહસ્થને પકડીને આગ્રહપૂર્વક ભરાવેલા રૂ. ૧૧૮૦ તથા ખુદ * વૉલંટીઅરોએ પદરના આપેલા રૂ. ૧૦૧ બાદ

---

things which are counted among the 'virtues of the herd' If he is unable to *lead*, he walks alone, he may then perchance *grunt* at many things which he meets on his way. *Thirdly*, he has no 'compassionate' heart, but servants, instruments, in his dealings with men his one aim is *to make* something out of them. He knows that he *cannot* reveal himself to anybody he thinks it 'bad taste' to become familiar, and as a rule he is *not* familiar when people *think* he *is* When he is not talking to his soul, he wears a mask. There is a loneliness within his heart which neither praise nor blame can reach, because *he is his own judge* from whom is no appeal... ..The great man is conscious of his power over a people, and of the fact that he coincides *temporarily* with a people or with a century—this *magnifying* of his self-consciousness as *causa* and *voluntas* is *misunderstood* as 'altruism': he feels driven to *means* of communication all 'great men' are *inventive* in such means They *want* to *form* great communities in their own image; they would fain give multiformity and disorder definite shape, it stimulates them to behold chaos." × × × × " *Progress* is the strengthening of the type, the ability to exercise great will-power · every thing else is a misunderstanding and a danger. " × × × × " *Purification of taste* ' can only be the result of the

---

* આ સ્થળે કહેવું જરૂરનું છે કે વૉલંટીઅરોએ બજાવેલું કામ ખરે જ પ્રશંસાપાત્ર હતું.

જતાં ખરૂ ફંડ રૂ. ૨૧૬૬૬નું થવા પામ્યું છે. આ ફંડમાં રૂ. ૨૦૦ની એક જ રકમ અને ૧૦૦ ની ૧૨ રકમો છે, જ્યારે બાકીની બધી ૫૦, ૨૫, ૧૦ અને ૫ ની છે અને ત્હેમાં પણ કૉન્ફરન્સના હીદા. તરીકે ઘૂમનારા કેળવાયલા વકીલ-બૅરીસ્ટર-સૉલીસીટર કે ડાક્ટરોની રકમ તો જોવામાં જ આવતી નથી. આ કૉન્ફરન્સ કેળવણીના કેન્દ્રસ્થાન-મુંબઇ-મા ભરાઇ હતી, આગેવાની કેળવાયલાઓએ જ લીધી હતી, પ્રમુખ પણ કેળવાયલા લેવાની કેળવાયલા વર્ગની ધુન અમલમા મૂકાઇ હતી, ઠરાવો બધા કેળવણીને લગતા જ કરવામા આવ્યા હતા, છતા—છતા કેળવાયલાઓએ ધોળ્યુ શુ ? વકીલો, બૅરીસ્ટરો, સૉલીસીટરો, ડાક્ટરો વિવાદમા મ્હાલ્યા તો ખૂબ, પણ કોઇએ

strengthening of the type Our *society* today represents only the cultivating *systems*, the cultivated *man* is *lacking*. The great *synthetic man*, in whom the various forces for attaining a purpose are correctly harnessed together, is altogether wanting. The specimen we possess is the *multifarious* man, the most interesting form of chaos that has ever existed but *not* the chaos *preceding* the creation of the world, but that *following* it." × × × × "Of this I am convinced, that if the rise of great men had been made dependent upon the voices of the multitude (taking for granted, of course, that the latter *knew* the *qualities* which belong to greatness, and also the *price* that all greatness pays for its self-development), then there would never have been any such thing as a great man! The fact that things pursue their course *independently* of the voice of the many, is the reason why a few astonishing things have taken place on earth." × × × × "'I will have this or that', 'I would that this or that were so'; 'I know that this or that is so'—the degrees of power: the man of *will*, the man of *desire*, the man of *fate*. + + + +" "The great man *refuses* to be *praised*: he does what serves his purpose, *or* what gives him pleasure, *or* what he is obliged to do." + + + + "The great man *is*

'ચાંલ્લો' કર્યો ? કોઇએ વધારે નહિ તો એકાદ માસ જેટલી પણ પોતાની આવક પોતાના માનીતા hobby—કેળવણી—પાછળ આપવા જેટલીએ 'પ્રમાણિકતા' બતાવી ? ઘણાએ એવા હતા કે જહેમની માસિક આવક રૂ. ૫૦૦થી ૫૦૦૦ જેટલી હશે, છતાં સમસ્ત હિંદના જૈન પ્રતિનિધિઓની આ મહાસભામાં કેળવણી ખાતે માત્ર બે હજાર રૂપૈડી એકઠી થઇ અને તે પણ જીવદયા, નિરાશ્રીતોને આશ્રય, જીર્ણોદ્ધાર ઇત્યાદિ ફંડો મુલતવી રાખવા છતાં ! 'ભાઇઓ ' ત્હમે લગ્નાદિ પ્રસગે નકામાં ખર્ચો કરો છો તે મૂર્ખાઇ છે. માત્ર કેળવણી પાછળ જ નાણા ખર્ચો અને કોમનો ઉદ્ધાર કરો' એવાં ભાષણો આપનારા—પારકા છોકરાને જતિ કરનારા—પેલા બહુબોલા કેળવાયલાઓની ખરી કિમત આ વખતે અંકાઇ ગઇ છે. બીનકેળવાયલાઓ લગ્નાદિ પ્રસગે જે ખર્ચ કરે છે ત્હેનો હુ બચાવ કરવા નથી માગતો, પરન્તુ એટલુ તો સ્વીકારવુ જ પડશે કે તેઓ તે પ્રસંગે જે ખર્ચ કરે છે ત્હેમા કુટુમ્બીઓ અને જ્ઞાતિજનોને કાંઇ નહિ ને કાંઇ લાભ જરૂર પહોંચે છે, જ્યહારે અમારા કળવાયલા ભાઇઓનુ ખર્ચાળપણું તો એવી જાતનું છે કે એથી કોઇને પણ લાભ ન થાય, માત્ર સુદર ડ્રેસ, ફૅન્સી ફરનીચર અને બીજી અનેક

---

necessarily a sceptic (I do not mean to say by this that he must *appear* to be one), provided that greatness consists in this to *will* something great, together with the means thereto Freedom from any kind of *conviction* is a factor in his *strength of will* And thus it is in keeping with that 'enlightened form of despotism' which every great passion exercises. Such a passion enlists intellect in its service, it has the courage of *any* means; it *creates* without hesitation, it allows itself convictions, it even *uses* them, but it *never submits* to them. The need of faith and of anything *unconditionally* negative or affirmative is a *proof* of weakness, all weakness is weakness of will The man of faith, the believer, is *necessarily* an *inferior* species of man From this it follows that 'all freedom of spirit,' i.e. *instinctive* scepticism, is the pre-requisite of greatness."

અંગત સગવડો અને કલ્પિત મઝાઓ પાછળ જ તેઓ આંખો બંધ કરીને ખર્ચ કરે છે અને બીજાઓને—પોતા કરતાં ઓછા દોષિત એવા બીજાઓને—શિખામણ અને ઠપકો દેવા બહાર પડે છે! કેળવાયલાઓની 'મિટ્ટી પલીત ' કરનારો ખરો પુરાવો તો એ છે કે, બીનકેળવાયલાઓ ગમે તેવા ગરીબ હશે તો પણ દરેક ફંડમાં-દરેક હીલચાલમાં (કે જે તરફ હેમનો ચાહ કદાપિ નહિ પણ હોય) અને દરેક પ્રસંગમાં તેઓ તણાઇ ખેંચાઇને પણ કાંઇ નહિ ને કાંઇક રકમ જરૂર આપે છે; હેમાના કેટલાકો તો કેળવણીને ધિક્કારવા છતાં ફંડ કરવા નીકળેલાઓ પોતાના 'સ્વધર્મી' છે માટે હેમનું માન રાખવુ જ જોઇએ એ ખ્યાલથી પણ મ્હોટીમ્હોટી રકમો આપી દે છે, જ્યહારે આપણા કેળવાયલા જૈન સાહેબો તો (કેળવણી સિવા- યના બીજા વિષયમાં તો તિરસ્કાર સિવાય બીજું આપે જ શું, પણ) કેળવણી જેવા પોતાના માનીતા વિષયમા પણ કોડી આપવાના અખાડા કરે છે. આના જેવુ નૈતિક દીવાળુ બીજુ કયુ હોઇ શકે ? ચર્ચગેટથી ચીનાબાગ સુધી જેના સત્કાર માટે બાદશાહી સરઘસ અને અસાધારણ ધાધળ કરવામા જૈન કોમ ગાંડીઘેલી બની રહી હતી, મંડપમા અને બહાર જેને કોમના તારનાર, વૈદ્ય અને સુકાની તરીકેના અસાધારણ માનભર્યા ટાઇટલોથી નવાજવામા આવ્યા હતા, એવા પ્રમુખ મહાશયે—કેળવાયેલા પ્રમુખ મહાશયે-કોમને કેળવવાના કામમાં શુ ફાળો આપ્યો ? હુ સારી રીતે જાણુ છુ કે વર આંધળો હોય કે વૃદ્ધ હોય કે ગમે તેવો હોય તો પણ લગ્ન પ્રસગે હેનાં ગીત જ ગવાય, નહિ કે દોષો, અને સભાના પ્રમુખો ગમે તેવા હોય કે ગમે તેવી ભૂલ કરે તો પણ હેની તારીફ જ કરાય, ટીકા નહિ, એવો લોકપ્રસિદ્ધ સીરસ્તો છે—લૌકિક નીતિ' છે; પરન્તુ મ્હને-એક 'જૈન' અથવા 'લોકોત્તર ધર્મના પાળનાર'ને 'લૌકિક નીતિ' સેવવી એ 'મિથ્યાત્વ' લાગે છે, માટે મ્હારે એક 'જૈન' તરીકે કહેવું જોઇએ છે કે, પ્રમુખની જગા શ્રીમંતોને નહિ પણ કેળવાયલાઓને જ આપવી જોઇએ એવી માન્યતાવાળાઓને પ્રમુખ મહાશયે જૂઠ્ઠા પાડયા છે. એક રાજા પણ જે માનની અદેખાઇ કરે એવા માનની કિંમત શું ૧૧૦૦ રૂપિયા ? કોઇએ ઉતાવળા થઇ એમ માની લેવાનું નથી કે રૂ. ૧૧૦૦ ને હુ એક 'સ્થીર કિમત ' આપવા માંગુ છું; ના, વર્ષે ૧૦૦૦ ની આવકવાળાના હાથે દેશસેવા કે ધર્મસેવા પાછળ

અપાતા રૂ. ૧૦૦૦ ની કીમત દશ લાખ આંકી શકાય અને એક પહેલા વર્ગના દેશી રાજ્યના સર્વોપરી તખ્ત તરફથી એવા કામ પાછળ–અને તે પણ અગ્રગણ્ય પુરૂષ તરીકે–અપાતા રૂ. ૧૧૦૦ ની કિંમત એક પાઇ જ આંકી શકાય,–જો કે આ અમુક બનાવમાં તો હું રૂ ૧૧૦૦ની કિંમત એક પાઇ પણ પુરી આંકવામાં ઉડાઉપણાનો ગુન્હો કરનારો ગણાઉં એવો મ્હને ભય છે. પ્રમુખની પસંદગી જાહેર થયા પછી જાહેર પેપરોમાં આવેલા ખબરો જો સાચા હોય તો, ત્હેમને સ્ટેટ તરફથી રૂ. ૧૫૦૦ એનાયત કરવામાં આવ્યા હતા. આ સબંધે વધારે સ્પષ્ટ શબ્દોમાં બોલવું મ્હને સભ્યતાઇ-ભરેલું લાગતું નથી, માટે અહીં જ વિરમીશ; પરંતુ જૈન કોમની અજ્ઞાન દશા માટે પુષ્કળ રોદણાં રોનાર અને કેળવણીના પ્રચાર માટે સચોટ હીમાયત કરનાર પ્રમુખ મહાશયે જો થોડો પણ આત્મભોગ આપી બતાવ્યો હોત તો ત્હેની નૈતિક અસર બીજાઓના હૃદય ઉપર પડયા વગર રહેત નહિ, અને પરિણામે સારી આમદાનીવાળા મુંબઇ-નિવાસી કેળવાયલાઓમાંથી સારીસરખી રકમ કેળવણી ફંડને અવશ્ય મળત. કેળવણીની કિંમત અને કેળવણીની ખોટ જાણનાર ખુદ કેળવાયલો વર્ગ જો બીજાઓને શિખામણ દઇ પોતે તો 'સગવડ-પંથી' અને કર્ત્તવ્યહીન બને તો તેવા વર્ગ ઉપર ક્ષમા નહિ પણ ક્રોધ જ થવો ઉચિત છે. 'આમ કરવાની અગત્ય છે અને તેમ કરવાની અમારી ભલામણ છે, અમુકની આવશ્યકતા અમે સ્વીકારીએ છીએ અને અમુક કરવાની સલાહ આપીએ છીએ' આવા ઠરાવોનો અર્થ શું? કિંમત શું? સાર્થકતા શું? 'સલાહો' અને 'ઇચ્છાઓ' એ માત્ર રાડીરાડોના રોણાં છે, યુરપની અપૂર્ણ નકલ છે, દંભ છે, હિન્દને વધારે નકલી અને નિર્માલ્ય બનાવનારૂં તૂત છે. આખો જૈન સમાજ જાણે છે કે કેળવણી એ સારી ચીજ છે, એને કેળવણીની અગત્ય સૂચવનારા–સલાહ આપનારા 'ઠરાવ'ની કશી જરૂર નથી. ઠરાવ ઘડનારાઓ, ઠરાવ રજુ કરનારાઓ અને નાટકના તખ્તા ઉપર આવી ફાંકડે રાવની માફક આમતેમ બોલી પોતાની વિદ્વત્તા દેખાડવાની તક શોધતા અનુમોદનદાતાઓ એ સઘળાઓએ કેળવણીના પ્રચાર માટે પોતાની તીજોરીપર કેટલોક ટેક્ષ નાખ્યો? કેટલાકો એમ પણ જવાબ આપે છે કે, પૈસા આપવાને માત્ર અશિક્ષિત લોકો–વ્યાપારીઓ જ–બંધાયલા છે (જાણે કે 'વ્યાપારી'

'કરતાં એ. બી. સી. ડી ભણેલાઓ વધારે ઉચ્ચ કોટિના હોય નહિ !) અને પોતે તો એકાદ ભાષણ કે લેખ લખવા જેટલી કે સભાપતિની ખુરશી સ્વીકારવા જેટલી તકલીફ લે તો પણ સમાજ ઉપર મ્હોટી મહેરબાની કરે છે ! આવી માન્યતાવાળા 'કેળવાયલા'ઓને-ખરી કેળવણીનો ધ્વનિ જ્હેમનામાં હજી આવવા પામ્યો નથી તેવા અજ્ઞાનોને -સદ્‌ગત શ્રી વિષ્ણુશાસ્ત્રી ચીપલુંકરનું દૃષ્ટાંત સમર્પણ કરવા હું રજા લઇશ, કે જે નરરત્ન માત્ર ૩૨ વર્ષની ઉમરે મૃત્યુ પામ્યો હતો, પણ તે ટુંક જીંદગી દરમ્યાન જેણે અસાધારણ દેશસેવા બજાવી હતી. એનો જન્મ ૧૮૫૦ માં થયો હતો, કે જે વખતે હિંદમાં સ્વદેશાભિમાન મૃતપ્રાય હતું. મહારાષ્ટ્ર કે જે હાલ નેશનેલીઝમનું કેન્દ્ર સ્થાન ગણાય છે ત્હાં એ જુસ્સો પ્રથમ પ્રેરનાર અને ફેલાવનાર આ યુવાન હતો. ૩૨ વર્ષની ઉમરે મૃત્યુ પામવા પહેલાં એણે ન્યુ ઇંગ્લિશ હાઇસ્કુલ સ્થાપી કે, જેમાંથી પાછળથી ફરગ્યુસન કૉલેજ થઇ, 'કેશરી' અને 'મરાઠા' નામના પ્રથમ દરજ્જાના બે વર્ત્તમાનપત્રોને જન્મ આપ્યો, 'આર્યભૂષણ' અને 'ચિત્રશાલા પ્રેસ' ખોલ્યાં, સસ્તા સાહિત્યના પ્રચાર માટે કીતાબખાનુ સ્થાપ્યુ અને લાખો રૂપિયાની જરૂર પડે એવા આ કામો કરીને નહિ અટકતાં સમાજસુધારણાની અનેક હીલચાલોમાં ખુલ્લી કે છુપી રીતે અનેક રંગ બજાવ્યા;—અને તે સઘળુ માત્ર ૩૨ વર્ષની ઉમરમાં ! શુ હૃદયમા માતૃભૂમિ કે સ્વધર્મ કે સ્વકીય કોમ માટે 'અભિમાન'ની 'આગ' ઉત્પન્ન થયા વગર આવુ કાઇ બની શકે ? લાલા લજપતરાયે હિન્દ માટે ઘણુ એ કર્યું પરન્તુ તે એક 'જૈન' તરીકે કાયમ રહીને નહિ પણ એક આર્યસમાજી તરીકે; કારણ કે (મ્હારા માનવા પ્રમાણે) કર્ત્તવ્યયજ્ઞમાં પોતાના સર્વસ્વને હોમવાને કૂદી રહેલા એ 'આગના તણખા'ને 'ટંડાગાર' જૈન સમાજનુ વાતાવરણ પ્રતિકૂલ લાગ્યુ. ખરૂ છે કે બહાદૂરો બહાદૂરની જ સોબત ઢુંઢે છે; ક્ષત્રિયાત્માઓ વૈશ્યાત્મા કે શૂદ્રાત્માની સોબતમાં રહી શકતા જ નથી.

મહત્તા—ઉચ્ચતા-nobility-greatness કોનામા છે ?—કેળવાયલા કહેવાતાઓમાં, કે જ્હેમને તેઓ અજ્ઞાન કહે છે તેઓમાં? ...જોઇએ; એ જ મુંબઇ શહેરમા એક વખત જૈન કૉન્ફરન્સ ભરાઇ હતી, હજારો જૈનો પુતળાંની માફક બેઠા હતા, ભવ્ય નાટકશાળામાં ખાસ્સો તમાસો ચાલી રહ્યો હતો,—એકાએક તે 'મહાન નર' પ્રેમચંદ રાયચંદ વીજળીની પેઠે ચમક્યો, 'શું ચાલે છે ?' એટલુંજ માત્ર ધીમેથી

પૂછ્યું અને કેળવણીની હીમાયત ચાલે છે એમ સાંભળતાં જ 'લખો મ્હારા પાંચ હજાર' એમ એનાથી બોલાઇ જવાયું. 'ભાગ્યું ભાગ્યું તો પણ ભરૂચ'! અનેક વારાફેરી અનુભવવા પામેલા, અનેક વિટંબનામાં ઘાયલ થયેલા તે શૂરા સીપાઇએ તે વખતે જે બહાદુરી કરી તેવી આજ સુધી કૉન્ફરન્સના પ્લૅટફૉર્મ પરથી કોઇએ કરી નથી. એને મન તે વખતે પાચ હજાર તે પચાસ લાખ હતા, પણ બહાદુર ક્ષત્રિય શુ 'લેખાં ગણવા'નુ પસંદ કરે છે કે? અને એના એ સાચા શૌર્યની નૈતિક અસર સમ્મેલન પર એવી તો સચોટ થઇ કે અત્યાર સુધી મુઠી વાળીને બેઠેલા જૈનો હવે રૂપિયા અને ગીનીઓનો વર્ષાદ વર્ષાવવા લાગ્યા! શું ભાષણથી દહાડો વળે છે? ના, ના; દિલની સચ્ચાઇનો પડઘો જ—એની નૈતિક અસર જ—બલવાન છે.

શાસ્ત્રો છપાવવામાં મહાપાપ છે એવી દૃઢ માન્યતા વાળા જમાના વચ્ચે જે બાબુએ લાખોના ખર્ચે સઘળાં જૈન આગમો છપાવી વિનામૂલ્ય પ્રચાર કર્યો તે બાબુ શુ 'કેળવાયલા' હતા? ઇંદોર જૈન હાઇસ્કુલ અને ભવ્ય બોર્ડીંગ તથા પાઠશાળા, મુંબઇની જૈન હાઇસ્કુલ અને મુંબઇમાંની જૈન બોર્ડીંગો, આ સર્વ સ્થાપનારાઓ કઇ હાઇસ્કુલ કે કૉલેજમા ભણેલા હતા? આજના 'કેળવાયલા' જૈનો —સારી આમદાની છતાં મ્હો છૂપાવનારા 'સ્વાર્થસાધુ'ઓ—બીનકેળવાયલાઓના આત્મભોગ અને મહત્તા આગળ નીચું જોયા વગર ભાગ્યે જ રહી શકે.

'ફંડ'ના મુદા પર બોલતા મ્હેં ઘણો વખત લીધો છે, પણ ધ્યાનમા રહેવું જોઇએ કે, હુ 'કેળવણી ફંડ'ને ઉદ્દેશીને બોલુ છુ અને કોમમાં કરવા લાયક સઘળા સુધારાનો મૂળ પાયો કેળવણી જ છે. બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કુસંપ, ફજુલ ખર્ચ ઇત્યાદિ વિરૂદ્ધ ભાષણો આપવાથી કે ઠરાવો કરવાથી કાઇ લીલુ વળવાનુ નથી, જે અજ્ઞાનમાંથી એ સઘળી 'બલા'ઓ જન્મી છે તે અજ્ઞાનનો અભાવ થયેથી તે બલાઓ પણ આપોઆપ અને કુદરતી રીતે અદૃશ્ય થશે. માટે કૉન્ફરન્સ જો કરવી જ હોય તો કેળવણીના પ્રચાર ઉપર સઘળુ લક્ષ રોકો અને એ પ્રચાર માટે બને તેટલું મ્હોટું ફંડ કરો. એ ન બને તો, કૉન્ફરન્સ માત્ર નકામી જ નહિ પણ નુકશાનકારક છે; કારણ કે કોમના પૈસાનો તે નકામો ભોગ લે છે. કૉન્ફરન્સનો જન્મ કેળવાયલાઓ વડે થયો છે અને તે છતાં તેઓ છેલ્લાં છ વર્ષની દરમ્યાન કેળવણી ખાતે કુલ આવક માત્ર રૂ.

૨૦૦૦) ની જ કરી શક્યા છે,–બીજા શબ્દોમાં કહીએ તો ચાર લાખ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોને કેળવવા પાછળ છેલ્લાં ૯ વર્ષમાં સુમારે રૂ ૨૦૦૦) (આશરે દર વર્ષે રૂ ૨૨૨) ખર્ચવા જેટલું જ પરાક્રમ કૉન્ફરન્સે કર્યું છે, જ્યારે પાછળ પડતી અને ન્હાની સંખ્યા ધરાવતી અન્ય હિંદુ કોમોના કૉન્ફરન્સોએ એકેક વર્ષમાં બબ્બે ચચ્ચાર લાખનું ખર્ચ આ રસ્તે કર્યું છે કેળવાયલા જૈનોને ત્હેમની આ નૈતિક નાદારી માટે હજીએ પશ્ચાત્તાપ થવા પામો અને અર્થ વગરનાં ધાંધળ તથા યોગ્યતા વગરનાં માનપાન છોડી કોમને **ખરી રીતે** અને **મ્હોટા પ્રમાણમાં** કેળવવા પાછળ તેઓ કમર કસીને લાગો !

બે ન્હાના મુદ્દાઓ પર દૃષ્ટિપાત કરી આ ચર્ચાને સમાપ્ત કરીશું. આ બેમાંનો પ્રથમ મુદ્દો ભાષણોની ચિકિત્સા છે. દશમી જૈન કૉન્ફરન્સ પ્રસંગે થયેલાં ભાષણોમાં પ્રતિભા––'ઉડાણ' કે 'ઉચાણ'––છટા કે ગાંભીર્યની ખરેખર ન્યૂનતા હતી. ઘણાખરા તો તદ્દન નિર્માલ્ય બોલનારા હતા. વિષયને વળગી રહીને બોલનારા પણ બહુ જ થોડા હતા. કેટલાક લોકપ્રિયતાની ઇચ્છાથી પ્રેરાઇ 'કાચું કાપવા' પણ ચૂક્યા નહતા. એક લોકપ્રિય પંડિતે કહ્યું કે ચોટલી અવશ્ય રાખવી જોઇએ, તે તો પરમાત્માના મંદિરની ધ્વજા છે ! એકે ૧॥ કલાક સુધી માત્ર 'વૈરાગી'નો અને હટ્ટાના યશોગાન ગાનારા ભાટનો જ પાઠ પ્લૅટફૉર્મ પર ભજવ્યો હતો ! બીજાઓનું તો કહેવું જ શું, ખુદ વિદ્વાન તરીકે વખાણાયલા રા. કુંવરજી આણંદજીએ ધાર્મિક શિક્ષણવાળા ઠરાવપર બોલતાં કાચું કાપ્યું હતું ત્હેમણે (વિનાપ્રસંગે) જણાવ્યું હતું કે, **જૈન શાસ્ત્રો** માત્ર અધિકારીએ જ વાંચવા જોઇએ અને ત્હેનાં ભાષાન્તર થવાં કે છપાવાં ન જોઇએ, જ્યારે એ જ કૉન્ફરન્સે ચોથા ઠરાવ મારફત **જૈન** શાસ્ત્રોની પ્રસિદ્ધિ અને પ્રચાર કરનારાઓને ધન્યવાદ આપ્યો છે. અધિકારી–અનધિકારીનો ભેદ **વસ્તુતઃ** સાચો છે કે કેમ એ વિષય ગહન છે અને અત્રે તે આડકથામાં ઉતરવું વાજબી પણ નથી; પરન્તુ જે કૉન્ફરન્સ શાસ્ત્રોની પ્રસિદ્ધિને **અનુમોદન** આપનારો ઠરાવ કરે છે તે જ કૉન્ફરન્સમાં ત્હેના જ આગેવાન તરીકે ખપવા મથતા ગૃહસ્થે વધુ નહિ તો એ બીનજરૂરી મુદ્દાપર **મૌન સાચવવા** જેટલું તો શાણપણ અવશ્ય ધરાવવું જોઇતું હતું. ટૂંકમાં કહેવું બસ થશે કે, દશમી **જૈન** કૉન્ફરન્સે વક્તાઓની પસંદગી કરવામાં બેદરકારી બહુ રાખી હતી.

છેલ્લો મુદ્દો કૉન્ફરન્સમાં હાજરી આપનારા અમુક મુનિને લગતો છે. પ્રમુખની ખુરશી પાછળ એક પાટ મુનિઓ માટે મૂકવામાં આવી હતી, જે ઉપર અમુક મુનિ બિરાજ્યા હતા. એ જ ધર્મના પરન્તુ ભિન્ન 'સંઘાડા'ના બીજા મુનિ આવી પહોંચતાં અને પાટપરની ખાલી જગાપર બેસવાની માગણી કરતાં પ્રથમ બેઠેલા મુનિએ સાફ ના કહી હતી અને લાંબા વખત સુધી ઉભા રહી પગ થકવ્યા બાદ શ્રાવકોએ પાછળથી આવેલા મુનિને બીજે સ્થળે લઇ જઇ બેસાડયા હતા. આનો કાંઇ અર્થ થતો હોય તો તે એ જ કે, કૉન્ફરન્સ **સમસ્ત** શ્વે૦ મૂ૦ જૈન સંઘની **નથી, પણ અમુક** સંઘાડાની **માલેકીની** ચીજ છે! હસવું તો એ વાત પર આવે છે કે, ચેલાઓ ઐક્ય કરવાની કોશીશ કરે છે, જ્યહારે ગુરૂઓ ઐક્યના સ્થળે જ કુસંપનો દેખાવ અને સાર્વભૌમ સત્તાની લોલુપતાનું પ્રદર્શન કરતાં શરમીંદા થતા નથી! **અને આવા ગુરૂઓથી અમારે તરવું છે!**

ઠરાવોની બાબતમાં હું આ ચર્ચા પ્રસંગે કાંઇ જ કહેતો નથી, એનું કારણ એ છે કે ધારાશાસ્ત્રીઓનું ટોળું ઠરાવો ઘડવામાં કુશળ હોય એ તો એક સામાન્ય વાત છે, પણ નિબંધો લખવા, ઠરાવો કરવા, કાગળપર મઝાની યોજનાઓ ચીતરી કહડાવી એ તો સ્કુલ કે કૉલેજમાં જતો વિદ્યાર્થી પણ પ્રાય કરી શકે છે; લખવું એ એક ચીજ છે, કરવું (અર્થાત્ કરવાની **વૃત્તિ** હોવી, અને કરવાની **શક્તિ** હોવી) એ **બીજી** ચીજ છે. કૉન્ફરન્સની આટઆટલી બેઠકો થઇ, એમાં ઘણાએ ઠરાવો થયા; પણ એકકે ઠરાવ પર અમલ કરવાની વૃત્તિ અને શક્તિ આટઆટલા ઠરાવો ઘડનારા, ઠરાવો જાહેર કરનારા, ઠરાવોપર ભાષણ આપનારા અને ઠરાવોપર પ્રશંસાયુક્ત લાંબીચોડી એડીટોરીઅલ્સ લખનારા પૈકી કોઇએ બતાવી હોય એમ જોવામાં આવ્યું નથી. બોલવા-લખવામાં કાંઇ દોકડા બેસે છે? કૉન્ફરન્સની બેઠકની શરૂઆતમાં જ્યહારે રા. રા. **મોહનલાલ દ. દેશાઇ** કૃત હોરી ગાવામાં આવી કે—

આ પરિષદ્થી લાભ થયા છે, વિશેષ થવાની તૈયારી,
આપ સહુની પુષ્ટ મદદથી, શંકા બીક નિવારી,
લઇશું અમો લ્હાનો ભારી,
આજનો દિન આનંદકારી.

ત્હારે એ કવિતા વગરની કવિતામાંના દરેક શબ્દના ઉચ્ચાર વખતે મ્હને હસવું આવતું હતું: લાભ **થયા છે** (કલ્પનામાં જ!),

વિશેષ લાભ થવાની તૈયારી છે (કહાચ હશે, પણ ઉડી ગયું !), આપ સૌની પુષ્ટ મદદ (હજારો માણસોએ મળીને રૂ ૨-૩ હજાર —અને તે પણ કેટકેટલા આગ્રહને પરિણામે—આપ્યા, એવી જબરી પુષ્ટ મદદ !), ભારી "લ્હાવો" (હા, જાનૈયા બની ફક્કડ થઇ ફરવાનો લ્હાવો તો ખરો જ !), આજનો દિન આનંદકારી (માત્ર આજનો દિન !—અને પછી કાલ તો સોડ તાણીને સુવુ જ છે !)... તેમજ રા. નર્મદાશંકર શાસ્ત્રીનું "ભવ્ય ભારત તણા ધર્મવીરો મળ્યા, કુસુમ કરમાં ધરીને વધાવો !" એ પદ સાભળીને તો ખેદનો પાર જ રહ્યો નહિ. ભારતીમાતાનુ પવિત્ર નામ, ત્હેની સાથે જોડાયલો અભિમાન લેવા યોગ્ય 'ભવ્ય' શબ્દ, ભારતનાએ વળી ધર્મવીર ' ક્યહાં હિંદા ? જૈન સમાજમાં ? હા, દૈવ ! અમે તો ભારતી માતાને ખાનગીમાં તો શુ પણ કૉન્ફરન્સ જેવા મેળાવડામાંયે યાદ કરતા નથી અને ' ધર્મવીર ' હોવાનુ ગાઇએ છીએ. ખરેખર, થુંક ઉડાડવામાં અને બહુ તો તાલી આપવામાં અમે વાણિયા ' બહુ ' વીર છીએ ! કાં તો અમે સભા—સોસાઇટી અને ભાષણનાં પાશ્ચિમાત્ય અનુકરણ છોડી અમારા દાદાઓના સાચા પૌત્રો બનીએ અર્થાત્ આગમચેતીવાળા, થોડું બોલનારા, સાદા, કરકસરીઆ, સંપીલા, વ્યવહારકુશળ અને વ્યાપારદક્ષ 'વાણિયા' બનીએ તો અમારો ઉદ્ધાર છે, અગર તો જહેમનું ' અનુકરણ ' કરવામા અમને મઝા' પડે છે ત્હેમના જેવા સખ્ત મહેનતુ, રગેરગે સ્વદેશદાઝની ખુમારીવાળા, અભ્યાસમા ઉંડા, સાહસિક, જાહેર હિમતના પ્રેમી, પ્રશસ્ત ક્રોધ (noble indignation) થી રસબોળ, તથા વૈરાગ્ય અને નાતજાતની બેડીઓથી છુટા બનીએ તો અમારો ઉદ્ધાર છે. બન્ને આદર્શો અમારા જેવા નિર્માલ્યોને કઠીન લાગે છે તેથી અમે ભારતી અને વણિક તથા જૈન નામોના ઉચ્ચાર માત્ર વડે અભિમાન લઇએ છીએ અને પાશ્ચિમાત્યોનો 'વેશ' ભજવનારા—અને તે પણ 'થર્ડ રેટ ઍક્ટર'—બનીએ છીએ. કા તો સારા પુરૂષો, અને કાં તો સારી સ્ત્રીઓ : બન્નેને દુનિઆમા જગા છે, કર્તવ્યો છે, ઉપયોગિતા છે અને બન્નેમાં પોતપોતાની ખાસ મહત્તા (greatness) છે; પરન્તુ નહિ પુરૂષત્વ અને નહિ સ્ત્રીત્વ એવા સામે તો એક દષ્ટિ પડવી એ પણ મહાદુઃખનો વિષય છે. આજે એકંદર જૈન વર્ગમાં—શું દિગમ્બર કે શું શ્વેતામ્બર મૂર્તિપૂજક કે શું શ્વે. સ્થાનકવાસીમાં—તેમજ ઘણું-

ખરી અન્ય હિંદુ કોમોમાં-મહત્તા અને પ્રગતિ દેખાવ માત્ર છે; નથી સાચા પુરૂષો, નથી સાચી સ્ત્રીઓ; સ્ત્રી પુરૂષત્વથી હીન મુડદાંઓનાં ટોળેટોળાં દેખાય છે અને એ ટોળાં જ્યહારે 'રાજાનો વેશ' ક્હાડે છે ત્યહારે રસની કિંમતવાળા પ્રેક્ષકને એમના ઍક્ટીંગથી અસહ્ય કંટાળો અને દુર્ગંછા સહજ આવે છે.

નવા જૈન રાવબહાદુર:—મુંબઇના ઝવેરી મહાજનના પ્રમુખ સુરતનિવાસી શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈન બન્ધુ શ્રીયુત હીરાચંદ નેમચંદ જે. પી. ને નાο શહેનશાહના જન્મ દિવસની ખુશાલીમાં, 'રાવબહાદુર'નો ખીતાબ બક્ષવામાં આવ્યો છે. જૈન પત્રોના જણાવવા મુજબ આ ગૃહસ્થે ૧૯૧૩ ના દુષ્કાળ ફંડમાં રૂ ૫૦,૦૦૦ પોતાના હસ્તકના ફંડમાંથી કાઢી આપ્યા હતા. પોતાના પિતાના નામથી સુરતમાં તેઓએ 'નર્સીંગ ઇન્સ્ટીટયુટ' સ્થાપ્યુ છે. ચાલુ યુરપિય યુદ્ધની શરૂઆતમાં પણ ત્હેમણે પોતાના હસ્તકનાં ફંડોમાંથી રૂ. ૫૦૦૦) અને પદરથી પણ અમુક રકમ આપી હતી. ઑાનરરી પ્રેસીડન્સી મૅજીસ્ટ્રેટ, જસ્ટીસ ઑાફ ધ પીસ અને (હાલમા) રાયબહાદુર એવા ત્રણ હોદ્દાથી નામદાર સરકારે એમને નવાજ્યા છે. સરકાર માનચાંદ બક્ષે યા ન બક્ષે તેથી ખુશ-નાખુશ થવા જેવુ કાંઈ નથી પણ જનસમાજની સેવા બજાવવાની 'ઇચ્છા' હોવી અને 'શક્તિ' મળવી એ સેવા કરનાર તેમજ સેવા સ્વીકારનાર બન્નેને માટે સુખદાયક છે. ગરીબડા હિંદને આવી ઘણી સેવાઓની અને ઘણા સેવકોની ભૂખ છે.

મહાન સખાવત—વિદ્વાન મુનિશ્રી ચારિત્રવિજયજી મહારાજના ઉપદેશ અને સલાહથી જાણીતા શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈન ગૃહસ્થ શેઠ દેવકરણ મુળજીએ થોડા વખત ઉપર જ્યહારે કાઠિયાવાડના ગામ વનથલીમાં મંદીર બંધાવવા પાછળ રૂ. ૫૦,૦૦૦ જેવી નાદર રકમ ખર્ચી ત્યહારે ખર્ચ કરનાર મહાશયની ભક્તિ અને ઉદારતાની તારીફ થવા સાથે, જમાનાને અનુસરતો ઉપદેશ આપનાર મુનિ તરીકે મશહુર થયેલા શ્રી ચારિત્રવિજયજી મહારાજના સમ્બન્ધમાં એવી પણ ટીકા થતી સંભળાતી હતી કે, તેઓશ્રી કેળવાયલાઓના માનીતા થવા માટે જ મુંબઇ જેવા કેળવણીના કેન્દ્રસ્થાનમાં વ્યાખ્યાન આપતી વખતે નવાં મંદીરો પાછળ લખલૂટ ખર્ચ કરવાની વિરૂદ્ધ બોલતા હતા તથા કેળવણી પાછળ જ ખર્ચ કરવાની સજ્જડ હીમાયત કરતા હતા, અને જુના વિચારવાળાઓ સાથે પ્રસંગ પડતાં ત્હેમને મંદીરો બાંધવાની સલાહ આપી એમના માની-

તા થવાની તક પણ જવા દેતા નથી. એ તો ગમે તેમ હો, પરન્તુ એમની સલાહથી અને દેખરેખ નીચે મંદીર બંધાવવામાં રૂ. ૫૦૦૦૦) ખર્ચ કરનાર ભલા શેઠ દેવકરણભાઇએ હમણાં, ઉક્ત મુનિની ગેરહાજરીમાં અને એમની સલાહ વગર જ, પ્રથમથી પણ વધારે મ્હોટી રકમ કેળવણી પાછળ અર્પણ કરીને ચારિત્રવિજયજી જેવા મુનિ કરતાં પોતામાં કાંઇક વધારે ચારિત્રબળ હોવાનું પુરવાર કરી આપ્યું છે. પેપરોમાં આવેલી વિગતોથી સહમજાય છે કે, શેઠ મજકુરે રૂ. ૫૦ હજારની નાદર રકમ જુનાગઢની 'સૌરાષ્ટ્ર વીશાશ્રીમાળી જૈન-બોર્ડીંગ'ને આપવાનું જાહેર કર્યું છે, એટલું જ નહિ પણ જો જ્ઞાતિજનો આપમમાંથી રૂ. ૨૫,૦૦૦ એકઠા કરે તો બીજા ૫૦,૦૦૦ પોતાની તરફથી વધારી આપવાનું પણ કબુલ્યું છે; મતલબ કે, એ રીતે એકંદરે સવા લાખ રૂપીઆની મદદ ઉક્ત સંસ્થાને મળશે. શેઠ દેવકરણભાઇના આ કૃત્યને બેવડો ધન્યવાદ ઘટે છે; ધન્યવાદ એટલા માટે કે લક્ષ્મીના પોતે 'માલીક' નથી પણ 'ટ્રસ્ટી' છે એ વાતનું તેઓને સારી રીતે ભાન થવા પામ્યું છે અને ત્હેને જ પરિણામે આવી મ્હોટી સખાવતો કરવા તેઓ બહાર પડયા છે, અને પોતાના જ્ઞાતિભાઇઓને પણ દાન ગુણ શીખવવાનો એમણે ઘણો સુંદર રસ્તો શોધી કહાડયો છે તે માટે પણ ત્હેમને ધન્યવાદ આપ્યા વગર ચાલે તેમ નથી. તેઓને તો હરકોઇ રીતે લાખ રૂપીઆનું દાન કરવું જ હતું, પરન્તુ પોતાના જ્ઞાતિજનો દાનગુણ શિખવા ફરજયાત રીતે તૈયાર થાય એવા શુભ હેતુથી એમણે જે શરત નાખી છે તે ખરેખર તારીફને લાયક જ છે. આપણે આશા રાખીશું કે તે ઉદાર મહાશયના જ્ઞાતિબંધુઓ ત્હેમના જ જેવા આત્મબળથી પચીસ હજારની રકમ એકઠી કરવામાં ફતેહમંદ થશે. આ સ્થળે જરા વિશાળ દૃષ્ટિથી આ સખાવતના ક્ષેત્ર ઉપર નજર કરવાની જરૂર છે. હિન્દની અનેક કોમોમાંની એક વણીક કોમ, ત્હેમા પણ માત્ર વીશા શ્રીમાળી, અને ત્હેમાં પણ માત્ર સૌરાષ્ટ્રના જ વતનીમાં આવી મ્હોટી સખાવત ગોંધી રાખવા કરતાં સમસ્ત દેશના સમસ્ત શ્રીમાળી વણીકોને હકદાર થવા દીધા હોત તો વધારે ડહાપણભર્યું ગણાત અને સમસ્ત વણીક કોમ એ રકમમાંથી લાભ લઇ શકે એવું રાખ્યું હોત તો એથી પણ વધારે ડહાપણભર્યું ગણાત. ઉંચી કેળવણી દરેક માણસને માટે નથી; તે માત્ર તીવ્ર બુદ્ધિ

ધરાવનારાઓ માટે જ છે. ગમે તેવા મંદ બુદ્ધિવાળાને મદદ આપી બી. એ. કરવાથી દેશનો કે સમાજનો કાંઇ ઉદ્ધાર થવાનો નથી; ઘણાએ 'મીઠા વગરના' ગ્રેજ્યુએટો આપણી નજરે પડે છે, જેઓ કીડાની પેઠે ન છૂટકે જીવવું પડતું જીવતર જીવે છે અને સાહસ, ખંત, દીર્ઘ દષ્ટિ, ઉછળતું લોહી એમનામાં મુદ્દલ જોવામાં આવતું નથી. માત્ર યોગ્ય યુવાનોને જ મદદ આપીને આગળ વધારવાથી દેશને લાભ છે; અને એ સિદ્ધાંત જેઓ બરાબર સ્હમજે છે તેઓ એક ન્હાના પેટાવર્ગ પાછળ મ્હોટી સખાવત કરવા કરતા મ્હોટા સર્કલમાથી યોગ્ય પાત્રો શોધી શોધીને તેમને જ પોતાની સખાવતનો લાભ આપવાનું વધારે પસંદ કરે છે. જે વખતે સ્વરાજ્યની માગણીનો અવાજ હમેશ કરતાં વધારે ને વધારે બુલંદ થવા લાગ્યો છે, જે વખતે જ્ઞાતિ અને ઉપજાતિઓની બેડીઓને સ્વરાજ્યના રસ્તાના કંટક તરીકે જાહેર કરવા અને વખોડી કહાડવાના અગાઉ કરતાં વધારે પ્રમાણમા પ્રસગો નજરે પડે છે, તેવા વખતમાં હિન્દના ઉદાર પુત્રોએ પોતાની સખાવતોનાં ક્ષેત્રો સંકુચિત કરવાં એ દેશોદય માટે જરાક નાસીપાસી ઉપજાવનાર—કોમીજનોને નહિ તો રાજદ્વારી જનોને તો જરૂર—થઇ પડશે. જે કાંઇ જાહેર કરાઈ ચુક્યુ છે તે હવે ફેરવી તો શકાય નહિ, પણ રકમ આપતી વખતે ઉક્ત સંસ્થાના કારોબારીઓને સ્હમજાવીને એટલી કલમ ઉમેરાવવાનું તો શક્ય છે કે, જો કે સૌરાષ્ટ્રના વીશાશ્રીમાળી વણિક વિદ્યાર્થીને ખાસ પસદગી આપવામાં આવશે, તથાપિ તેઓની સખ્યા થોડી હશે તો હરકોઇ પ્રાંતના વિશાશ્રીમાળીને અને ત્યાર પછી 'હરકોઇ વણીક'ને પણ લાભ આપી શકાશે. બીજું, ટ્રસ્ટડીડ તૈયાર કરવામાં અને બોર્ડીંગની વ્યવસ્થા માટે નિયમો ગોઠવવામાં કોઇ અનુભવી અને વિચારકની સલાહ લેવામાં આવશે તો વધારેમાં વધારે હિત સાધી શકશે. ત્રીજુ, રકમ મ્હોટી છે એટલા માટે મકાન ભવ્ય બનાવવું અગર વિદ્યાર્થીઓને ખવરાવવા—પીવરાવવા વગેરે પાછળ જરૂર કરતાં વધારે ખર્ચ કરવાની 'ભલાઇ' કરવી એવી સલાહ કદાપિ કોઇ દિશાથી મળે તો, તેથી દોરવાઇ જેવું જોઇતુ નથી. આ બાબતમાં 'હિતેચ્છુ'નો ગયા ડિસેમ્બરનો અંક કાળજીપૂર્વક વાંચી જોવા વ્યવસ્થાપકો તથા સલાહદાતાઓ પ્રત્યે મ્હારી નમ્ર સૂચના છે.

એકી સાથે પાંચ લાખની સખાવત:—ગયા એપ્રીલ માસમાં અમદાવાદ ખાતે પ્રસિદ્ધ જૈન ગૃહસ્થ શેઠ અંબાલાલ સારાભાઇએ હેમના સ્વર્ગસ્થ કાકાની રકમમાંથી સ્થાપેલી જૈન બોર્ડીંગનો દબદબાભર્યો વાર્ષિક મેળાવડો કર્યો તે વખતે પડદા પાછળ ટીકા કરનારા કેટલાક જૈનોને જવાબ અને દીલાસો આપવા રૂપે મ્હેં પ્લેટફોર્મ પરથી જણાવ્યું હતું કે, કેટલીક વાર શ્રીમંતો બે ચાર મીંડાવાળી રકમનું દાન કરવા જેવા પ્રસંગે ચુપચાપ બેઠેલા જોવામાં આવે છે ત્યારે લોકો હેમની દાનવૃત્તિ બાબતમાં શંકા કરવા લાગી જાય છે અને ટીકા કરે છે, પણ તેઓ ભૂલી જાય છે કે પવનવેગે ઉડનાર પક્ષીઓ ખાબોચીઆં જોવાની દરકાર કરવા યોભતા નથી, વિચારશીલ શ્રીમંતો ન્હાની ન્હાની સખાવતના પ્રસંગોને–કદાચ જાણીબુઝીને પણ–જતા કરે, તથાપિ તે સર્વનું સાટું તેઓ એકાદ બાદશાહી સખાવતથી વાળી આપવાનો પ્રસંગ હમેશ શોધતાજ હોય છે. આ સામાન્ય ટીકા ઉચ્ચાર્યાને ભાગ્યે જ એક માસ થયો હશે એટલામાં તો હેની સત્યતા સાબીત કરનારો એક બનાવ બનવા પામ્યો છે. લુહાણા કોમના એક શ્રીમંત ગૃહસ્થે 'લુહાણા હાઇસ્કુલ' ખોલવા માટે રૂ પાંચ લાખની રકમ આપવાનું હમણા જાહેર કર્યું છે. શેઠ મજકુરે ધાર્યું હોત તો ઘણાં ન્હાનાં ન્હાનાં કામો પાછળ સો–પાંચસો કે હજાર–પાંચહજારની સખાવતો કરી શકયા હોત, પણ અત્યાર સુધી લોકોની ટીકાઓ ચુપચાપ સહન કરી એક સામટી લાખોની રકમ એક જ મ્હોટા કામ પાછળ ખર્ચવામાં હેમણે ખરેખર વધારે માનભર્યો દેખાવ કર્યો છે. હેમની આ સખાવત આજકાલ સર્વત્ર પ્રશંસાનો વિષય થઇ પડયો છે. મ્હને પોતાને તેથી નવો દીલાસો મળ્યો છે કે, જે જૈન શ્રીમંતો અદ્યાપિ પર્યંત દાનેશ્રી તરીકે બહાર નથી પડયા તેઓ પણ આ લુહાણા ગૃહસ્થની માફક—કારણ કે લુહાણા કે વણિક દરેકમાં કુદરત એક સરખી રીતે કામ કરે છે—એક દિવસ જરૂર મ્હોટી સખાવત વડે દુનિયાને ચકીત કરી નાંખશે. શરીરબળ, બુદ્ધિ, શ્રીમંતાઇ અને ગુપ્તજ્ઞાન: એ સર્વ 'શક્તિ'ઓ છે. શક્તિ જેમ વધારે, તેમ તે માણસના રસ્તા પણ જનસાધારણ કરતાં જૂદા જ પ્રકારના હોય—અને હોવા જ જોઇએ અસાધારણનું સર્વ કાંઇ અસાધારણ હોય છે. ભીમ દિવસોના દિવસો સુધી ઉંઘ્યા કરે, પણ જાગે ત્હારે? ત્હારે એની સ્હામે ટકી શકે એવો પુત્ર કઇ માતાએ જણ્યો છે? તેમ મ્હોટા

શ્રીમંતો ન ખર્ચે ત્હાં સુધી ન જ ખર્ચે, પણ કોઇ વખતે, દારૂને દીવાસળીના પ્રસંગની માફક, કોઇક પ્રસંગ મળતાંની સાથે જ તેઓનું લક્ષ્મીબળ ભડકો કરી ગાજી ઉઠે છે. એવા પ્રસંગો કાં તો મરણતુલ્ય બીમારીના રૂપમાં, કે કોઇના ઉપદેશના રૂપમાં, કે કોઇ અસરકારક દેખાવના રૂપમાં, અને છેવટે આંતર્સ્ફુરણાના રૂપમાં, આવે છે. જેઓને એવા કોઇ પ્રસંગ મળવા પહેલાં આ દુનિયા છોડી જવું પડે છે ત્હેમના જેવા કમનશીબ-હતભાગ્ય બીજા કોઇ નથી. લક્ષ્મી રળવા અને જાળવવાની (અને બાપકમાઇની હોય તો માત્ર જાળવવાની) તકલીફ અને ચિંતા અને ઉપાધિ વર્ષો સુધી સહન કરવા છતાં, એ લક્ષ્મી વડે જગતને એક જરા 'ઉચું' લઇ જવાના કામમાંથી મળતો ગુપ્ત આનંદ—તે મૂગી મજાહ—તે પૃથ્વી પરનું સ્વર્ગ—જેઓ ન ચાખવા પામે તેઓ દયાપાત્ર નહિ તો બીજું શું ? દાન, લેનારના સુખની દૃષ્ટિએ નહિ પણ દેનારના ગુપ્ત આનંદની દૃષ્ટિએ ઇચ્છવાજોગ છે. દુનિયા તેથી લાભ પામે પણ ખરી અને ક્વચિત ન પણ પામે, પણ દુનિયાને આજ કરતા કાંઇક વધારે ઉંચે ખેંચી જવાનો ખ્યાલ—આહ તે 'જગનિયંતા'—'ઇશ્વર'—બનવાનો ખ્યાલ – કેવો તે જીવનપ્રેરક ખ્યાલ ! કેવો તે શક્તિપ્રેરક ખ્યાલ ! જગતના નિયંતા અને કર્ત્તા તરીકે કોઇ ઇશ્વર છે એવું માનવાની ના કહેનારા જૈનો માટે આથી વધારે ઉંચો ખ્યાલ—ઉંચી પદવી પ્રાપ્ત કરાવનારો વિચાર બીજો કયો હોઇ શકે? ઉત્ક્રાન્તિક્રમના નીચલા પગથીએ ઉભેલા લોકો ભલે 'દાનવીર' કે 'રાયબહાદુર'ના ખીતાબની આશાએ દાન કરે, તેથી કાંઇક ઉંચા પગથીએ ઉભેલા લોકો ભલે લોકોની વાહવાહ ખાતર દાન કરે, એથીએ ઉંચા પગથીએ ઉભેલા લોકો ભલે કોઇનાં દુઃખ કે અગવડ જોઇ તેથી દુઃખી થઇ લાગણી (emotion) ને વશ બની દાન કરે, પણ એથીએ ઉંચા પગથીએ ઉભેલા તો 'ઇશ્વર' અથવા 'શક્તિ' રૂપ બનવાની ગુપ્ત મજાહ અને છુપા સંતોષ ખાતર જ દાન કરે છે.

સ્થાનકવાશી ક્રોડપતિની અપીલ—લુહાણા, શ્વે૦ મૂ૦ જૈન, આદિ અનેક સમાજના શ્રીમંતોની લાખો રૂપીઆની સખાવતોની હમણાં જ્યહારે નોંધ લેવાય છે ત્હારે સ્થાનકવાશી જૈન સમાજના એક ક્રોડપતિની અરજ પર દુર્લક્ષ આપવું પાલવવું જોઇતું નથી. અજમેરના ક્રોડપતિ શેઠ ચાંદમલજીએ જીંદગીમાં કોઇ સંસ્થા સ્થાપવા

પાછળ સખાવત કરી હોય તો તે હુન્નરશાળા પાછળ જ, અને એ હુન્નર શાળા પોતાના નામથી જ ચાલતી હોવા છતાં સ્થા૦ કોન્ફરન્સની માલેકીના 'જૈન વિદ્યોત્તેજક ફંડ'ની આખી મુડી ઉક્ત ખાનગી ખાતામાં નાખીને મહીને સો-દોઢસોના ખર્ચની આ નિર્માલ્ય સંસ્થા જેમતેમ નીભાવવામાં આવે છે; એટલેએ બોજો ઉપાડતાં થોડા મહીનામાં શેઠ મજકુરના પુત્ર થાકી જવાથી એ સંસ્થાને મદદ કરવા માટે હમણાં ઉપરાઉપરી જાહેર અપીલો કરવામાં આવે છે. હું આ બાબતમાં કોઇને ઠપકો આપવા માગતો નથી (કારણ કે, દીલનું દુલ્લાપણું એ આપણી 'ઇચ્છા' માત્રથી કોઇમાં આવી શકે જ નહિ અને સસ્કારી જીવ સિવાય બીજાને ત્હેનો સ્પર્શ પણ થવો સભવતો નથી); પરન્તુ આ પ્રસગ યાદ કરવામાં મ્હારો હેતુ માત્ર 'સ્થાનકવાશી જૈનોમાં ધનાઢ્ય પુરૂષો **નથી, માટે** મ્હોટી સખાવતો થતી નથી' એમ માનનારની અને કહેનારની આંખો ઉઘડાવવાનો જ છે. ક્રોડપતિઓ છે, લખોપતિઓ છે અને અધલાખ-લાખના માલીકો તો ઘણાએ છે, પૈસાનો કાળ નથી પણ 'પાણી'નો કાળ છે. 'પાણી' વગરના-મહત્તા વગરના-ઉચ્ચ શોખ વગરના-દુલ્લાદીલ વગરના લોકોથી બનેલો સમાજ જીવવાને અધિકારી નથી.

પંદર રૂપીઆમાં શ્રીમંત પિતાનું અને મહાવીરદેવનું સ્મારક કરવાનો અદ્ભૂત નુસ્કો—'સ્થાનકવાશી કૉન્ફરન્સ પ્રકાશ' પત્ર તા. ૧૬ એપ્રીલના અંકમાં લખે છે કે, સ્વર્ગસ્થ ત્રિભુવનદાસ મોણસી મોરબીનિવાસીના '**સ્મરણાર્થે**' ત્હેમના સુપુત્ર દુર્લભજી ત્રિ. ઝવેરીએ 'સંઘ સત્તા' નામનું પૅમ્ફલેટ '**મહાવીર જયંતિની પ્રભાવના તરીકે**' છપાવી વહેંચ્યું છે, કે જે પૅમ્ફલેટ 'કર્તવ્યપથપ્રદર્શક, દરેક જૈને મનન કરવા યોગ્ય, ઉત્તમ શૈલિમાં જૈનોની ફરજ સ્હમજાવનારૂ છે.' ઉક્ત પૅમ્ફલેટ મ્હને પણ અભિપ્રાયાર્થે મળેલુ હોવાથી મ્હને બોલવાની જરૂર પડે છે. પૅમ્ફલેટની શૈલિ અને વિચારો ઉપર હું અભિપ્રાય આપી શકું નહિ, કારણ કે મ્હારા પોતાના હાથથી લખેલા લેખ ઉપર હું અભિપ્રાય આપુ એ શિષ્ટાચારથી વિરૂદ્ધ ગણાય (અને ખરેખર એ મ્હારો પોતાનો જ લેખ છે, કે જે ૫-૭ વર્ષો ઉપર લખાયો-છપાયો હતો અને ફરી એ જ લેખ એક શ્વે૦ મૂર્તિપૂજક જૈન પત્રકારે પોતાની કોમની કૉન્ફરન્સના હિતાર્થે 'રિપ્રીન્ટ' કર્યો હતો.) મ્હારા વિચારો, મ્હારી

દલીલો અને મ્હારી ખાસ શૈલિ, બીજા લેખકોને પણ મ્હારા લેખ 'રિપ્રીન્ટ' કરવાની ઇચ્છા થાય એટલા જ ઉપરથી, કાંઇક નવીનતા, શક્તિ કે સૌંદર્ય ધરાવનાર હોવાનું સાબીત થાય છે; એટલે પછી મી. ઝવેરીએ તે લેખ ફરી છપાવ્યો એ માટે હું દીલગીર હોઇ શકું નહિ. ઘણા લોકોને ત્હેનો વિનામૂલ્ય લાભ કોઇ પણ પ્રકારે મળવા પામે છે એ જોઇને પણ મ્હને સંતોષ જ થાય છે. પરંતુ જે રીતે અને જે આશયથી મ્હારા લેખનો ઉપયોગ કરવામા આવ્યો છે તે તરફ મ્હને અણગમો છે. મોરબીનિવાસી મી. ઝવેરી એ લખાણ મ્હારૂ હોવાનું બરાબર જાણતા હોવા છતાં મ્હારૂં ખુલ્લુ નામ એમાં મૂક્યુ નથી, એટલુ જ નહિ પણ મ્હારા લેખને શોભાવવા ખાતર મથાળે એક મુદ્રા લેખ તરીકે એક ન્હાનો 'ઉતારો' (Quotation) મૂક્યો છે, જેની નીચે પોતાનું નામ મૂક્યુ છે. મ્હારા લેખને શોભાવવાની જરૂર જ હોત (એટલી એમા જો ખામી રહેલી મ્હને જણાત) તો હું મ્હારા કરતાં વધારે સમર્થ વિચારકોનાં લખાણોમાથી કોઇ બલવાન ઉતારો (ગુજરાતી, હિંદી, ઇંગ્લીશ કે સંસ્કૃત ભાષાના પુસ્તકોમાથી પસંદ કરીને) મૂકી શકયો હોત. મી ઝવેરી મ્હારા લેખપર મુદ્રાલેખ લખવા તૈયાર થાય એ તો ખરેખર જબરી ધીટતા જ છે. એ તો ગમે તેમ હો, પરન્તુ એક મનુષ્ય કે જે પોતાને એક કોમનો ખેરખ્વાહ કહેવડાવતો હોય અને તે સાથે વળી શ્રીમત હોય તે પંદર-વીસ રૂપૈડીના ખર્ચે પિતાનુ સ્મારક અને દેવ (મહાવીર) ની પ્રભાવના એવા બે (અને તે પણ) મહાન્ કાર્યો પતાવવા ઇચ્છે, એ ઓછુ હાસ્યાસ્પદ નથી. કદાચ મી ઝવેરી એમ સ્હમજતા હશે કે લોકો ધાવણાં બાળક છે, તે એક સાકરના ગાંગડાથી ખુશ ખુશ થઇ જશે. અને લોકો ખરેખર ન્હાનાં બાળક જ છે અને મી. ઝવેરીના આ પંદર-વીસ રૂપૈડીના ખર્ચે એક હજાર માણસોને વહેંચાયલી સાકરથી ખુશ થઇ તારીફ પણ કરતા જોવાયા છે, જો એમ ન હોત તો કૉન્ફરન્સનુ વાજીંત્ર લખત નહિ કે "કૉન્ફરન્સને જન્મ આપવામાં જે મહાશયનો મુખ્ય હાથ હતો તે મહાશયે પોતાના કર્તવ્યનિષ્ઠ પિતાશ્રીના સ્મરણાર્થે અંગીકાર કરેલી આ પ્રવૃત્તિ સમાજહિતચિંતક અન્ય મહાશયોએ અનુકરણ કરવાયોગ્ય છે." હું ધારૂં છુ કે સ્થાનકવાશી જૈન કોમનો અંત હજી એટલો બધો નજીક નથી આવી પુગ્યો કે 'પ્રકાશ'ની આ સલાહ સ્વીકારી

તેઓ શ્રીમત પિતાનું સ્મારક અને મહાવીર દાદા તરફની ભક્તિનું સ્મારકઃ એવાં બે મહાન કામો પંદર-વીશ રૂપૈડીથી ઉકેલતાં શિખે,—એવું 'અનુકરણ' કરતાં શિખે! [સ્વા૦ જૈન કૉન્ફરન્સના કહેવાતા આગેવાનોનુ ગણિત શાસ્ત્ર પિતા+દેવ= ૨ ૧૫] સ્વ૦ શ્રીયુત ત્રિભુવનદાસ ભાણસી ઝવેરી જેવા શ્રીમંત ગૃહસ્થ (જેમને વળી 'સંઘસેવા'ના મુદ્રાલેખવાળા તથા 'કર્ત્તવ્યનિષ્ઠ' ગૃહસ્થ તરીકે 'પ્રકાશ' જાહેર કરે છે)નું સ્મારક એક ન્હાનકડા પેમ્ફલેટની હજારેક પ્રતો છપાવવાથી થઇ શકે જ નહિ. મી. ઝવેરીની માનીતી કૉન્ફરન્સને અંગે ૧૦-૨૦ હજારની સખાવત કરી હોત તો, એમની શ્રીમંતાઇના પ્રમાણમા અને એમના કીર્ત્તિલોભના પ્રમાણમાં, કદાચ કાંઇક ઠીક કર્યું કહેવાત. પણ એવી કાંઇ સખાવતના સમાચાર હજી સુધી મ્હને તો મળ્યા નથી. હા, મ્હને એટલા ખબર તો મળ્યા છે કે મરહુમ પાછળ 'નુકતા' અથવા 'કારજ' કરવામાં તો થોડાક હજારની ઉદારતા અવશ્યમેવ કરવામાં આવી છે. હાનીકારક રીતરીવાજો વિરૂદ્ધ લાંબાંલાંબા ટાયલાં-લેખો અને ભાપણોદ્વારા—કરનાર યુવાન, બાપનું નામ રાખવા માટે 'કારજ' કરી શકે છે અને કોમના ખેરખ્વાંહ તરીકે ખપવાની પ્રબળ મહત્વાકાંક્ષા હોવા છતા કૉન્ફરન્સ, ટ્રેનીંગ કૉલેજ, બોર્ડીંગ હાઉસ, સ્કૉલરશીપ, શાસ્ત્રોદ્ધાર ઇત્યાદિ સમાજસેવાના કામમાં કાઇ પણ સખાવત કરી શકતા નથી, એ જાણવા પામતાં અમારા 'આગેવાનો', 'લેખકો', 'વક્તાઓ' અને 'સુધારકો'ના હૃદયની નબળાઇ, લોકોની આંખમા ધૂળ નાખી મ્હોટાઇ મેળવવાની એમની ઘેલછા તથા એક અથવા બીજા પ્રકારના સ્વાર્થને પરમાર્થ તરીકે ખપાવવાની એમની મેલી યુક્તિઓ તરફ ભારે તીરસ્કાર છૂટયા વગર રહેતો નથી. એ તીરસ્કાર એઓના પોતાના હૃદયને તો સ્પર્શી પણ શકશે નહિ (કારણ કે ઉચ્ચાશયથી પ્રેરાતો તીરસ્કાર સ્પર્શી ન શકે એવાં બેહેર મારી ગયેલાં એમનાં હૃદય હોય છે.) પરન્તુ મ્હને તો એમનાં કાર્યોની પાછળ છૂપાયલા 'આશયો' જોવાની 'આંખ' હોવી એ પણ દુઃખનો વિષય થઇ પડે છે. દુનિયા બંગજાળ છે—જંજાળ છે-માત્ર એક ચાલુ ઠગાઇ છે એમ કહેનારા શું ખોટું કહે છે?

જ્ઞાતિસંસ્થાની તૂટતી જતી બેડીઃ—ગયા ડિસેમ્બરના અંકમાં જ્ઞાતિસંસ્થા સમ્બન્ધે વિવેચન કરતાં મનુષ્ય જાતિના **સ્વાભાવિક**

ભેદ (ચાર વર્ણ) સ્વીકારવા સાથે કૃત્રીમ ભેદ (જ્ઞાતિ–પેટાજ્ઞાતિ)-થી થતી પીડાઓ હું વર્ણવી ગયો છુ, વળી સુધારાને નામે 'સગવડ-પંથી' બનનારી વ્યક્તિઓનુ અવલોકન પણ કરી ગયો છુ. તેમજ આ લક્ષ્યને નજર સ્હામે રાખીને, કેવી રીતે, અને કયા ક્રમે, સમાજ-સુધારણા થવી ઇષ્ટ છે તે પણ યથામતિ જણાવી ગયો છું. હું ઇચ્છુ છું કે એ અંકનાપૃષ્ટ ૩૩૧ થી ૩૩૮ સુધીમાં આ વિષય પરત્વે લખાયલા શબ્દો હરેક હિંદી લક્ષપૂર્વક વાચે અને ઉહાપોહ કરે. એ લખાણ પ્રસંગે રાજકોટમાં એક લગ્ન, પ્રચલિત નિયમનો ભંગ કરીને, થયું હતું, અને તેથી બનેલા ખળભળાટે મોરબીમા સમસ્ત દશા શ્રીમાળી કાઠિઆવાડીઓની એક કૉન્ફરન્સ ભરવાની હીલચાલ ઉભી કરી હતી. મુંબઇ એ હીલચાલનુ કેન્દ્ર સ્થાન હતું. પ્રાસ્તાવિક સભાઓ, દૈનિક પત્રોમાં ચર્ચા, પત્રવ્યવહાર અને છેવટે પરસ્પર તકરારો પણ પુષ્કળ થઇ અને અંતે કૉન્ફરન્સ મુલ્તવી રહી—કહો કે જન્મ્યા પહેલા જ મરી ગઇ ! આથી સ્હમજાય છે કે જ્ઞાતિ સસ્થાના હિમાયતીઓ તેમજ વિરોધીઓ: એમાથી એકેમાં 'શુભ આશય'—દેશહિતના લક્ષબિંદુનો સ્વીકાર—ન હોવાથી ત્રિશંકુ જેવી જ આપણી દશા છે અને પ્રતિદિન એ જ દશા મજબૂત થતી જાય છે. હમણા 'જૈન' પત્ર જણાવે છે, કે અમદાવાદના "દશાશ્રીમાળી આગેવાન સાગભાઇ મગનલાલના કુટુંબના ચીમનભાઇ નગીનદાસનાં પુત્રીના લગ્ન પોરવાડ કુટુબના શેઠ મનસુખભાઇ ભગુભાઇના ભાણેજ સાથે થવાના ખબર મળ્યા છે" આ પ્રકારનાં લગ્નો બાબતમા અગાઉ હુ વિવિધ દૃષ્ટિએ મ્હારા વિચારો જણાવી ચુક્યો હોવાથી અત્રે કાંઇ ખાસ લખવાનુ રહેતું જ નથી. મ્હને પોતાને તો આમા કહેવાતા સુધારકો અને જીર્ણ પુરાણપ્રેમીઓ બન્નેના મ્હોંની દુર્ગંધથી કંટાળો જ આવે છે. આ દેશને વધારે અંધાધુધી, વધારે ત્રાસ, વધારે જુલમ, વધારે ભુખમરો અને વધારે દૈવકોપની જરૂર છે, કે જેથી તેઓની આંખો દુઃખની 'સાકરીઆ ચીમટી'થી ખુલવા પામે અને 'સગવડપથ'ને છોડી 'સમાજ પથ'ના અનુયાયી બનવાની ગરજ તેઓમાં ઉત્પન્ન થાય.

અમદાવાદથી દિલ્હીનું અનુકરણ પણ થશે કે?—'સાંજ-વર્તમાન' પત્ર જણાવે છે કે, દિલ્હીમાં કાળીમાતાના મદીરમાં નવરાત્રી પર હજારો બકરાં વગેરેનો ભોગ અપાતો હતો, જે આ સાલ જૈનો અને અન્ય હિંદુઓના પ્રયાસથી બંધ થયો છે. મુસલ-

માનોની મ્હોટી સંખ્યા ધરાવતા પાયતખ્ત દિલ્હીમાં હજારો બક-રાંનો ભોગ અપાતો બંધ થયો, પણ જૈનોના પાયતખ્ત અમદાવાદ શહેરમાં દશેરાના રોજ શહેરના સૌથી વધારે જાહેર રસ્તા ઉપર આ-ભણુના હાથે બકરાનો ભોગ અપાતો હજી સુધી અટકી શક્યો નથી! દાખલો બેસાડવાનું ન બને તે તો ઠીક, પણ દાખલો લેવાનું—અનુકરણ કરવાનું પણ અમદાવાદથી બનશે કે?

એક આશા સફળ થઇ—ગઇ તા. ૩૦ મી એપ્રીલની સહવારે અમદાવાદ ખાતે થયેલા શેઠ ચીમનલાલ નગીનદાસ જૈન બોર્ડિંગ હાઉસના વાર્ષિક સમ્મેલન પ્રસંગે હાજરી આપવાના આમં-ત્રણને માન આપી હું અમદાવાદ ગયો હતો અને એ અનુકરણીય સંસ્થા સંબંધી સઘળી માહિતી મેળવ્યા બાદ મેળાવડા સમક્ષ એ સંસ્થાની ખાસ ખુબીઓ વર્ણવી બતાવી હતી. વિદ્યાર્થીઓની તન-દુરસ્તી, નીતિ તેમજ અભ્યાસ : એ ત્રણે ઉપર અનુભવી અને ઉત્સાહી સુપ્રીન્ટેન્ડન્ટ ચોવીસે કલાક સમ્પૂર્ણ લક્ષ આપે છે. જરૂર પડયે પો-તાનુ તમામ કામ વિદ્યાર્થીઓ પોતે જ કરી લે એવી તાલીમ ત્હેમને આપવામાં આવે છે. પ્રસંગોપાત પોતાને માટે પોતે જ રસોઇ બનાવી લેવાનું અને હમેશ પોતાનાં ધોતીયાં વગેરે જાતે જ ધોવાનું ત્હેમને કહેવામાં આવે છે. રજાના દિવસોમાં હિંદના જૂદાં જૂદાં જોવાલાયક શહેરોમાં વિદ્યાર્થીઓને લઇ ઑ૦ સેક્રેટરી ગ. હીરાલાલ મૂળચંદ મહેતા બી. એ. મુસાફરી કરે છે, જે વખતે ઘણી વખત પગે ચાલી મુસાફરી કરવાની, પોતાનો સઘળો સામાન પોતેજ ઉપાડીને ચાલવાની અને જોયેલા દૃશ્યોનો હેવાલ લખવાની ટેવ પાડવામાં આવે છે. અંગકસરત અને સંગીતની પણ તાલીમ આપવામાં આવે છે. સુપ્રી-ન્ટેન્ડન્ટ શ્રીયુત મનસુખરામ અને ઑ૦ સેક્રેટરી શ્રીયુત હીરાલાલની સેવાઓ કિમતી અને ખરેખર અનુકરણીય હોઇ મ્હારા મન પર એવી સચોટ અસર થવા પામી હતી કે બોર્ડિંગની કસરતશાળા અને પુસ્તકાલય ખાતે અમુક રકમ આપવાની ઇચ્છાને હું દાબી શક્યો નહતો. એ પ્રસંગે એ સંસ્થાના સ્થાપક શેઠ અંબાલાલભાઇ હાજર હતા, જ્હેમને ઉદ્દેશીને બોલતી વખતે મ્હારા જીગરમા મુખ્ય બે આ-શાઓ હતી : (૧) વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓને આ ફ્રી બો-ર્ડીંગમાં રાખવાની સવડ થાય અને (૨) બોર્ડીંગ માટે આલાયદું મકાન થાય. મેળાવડાના દિવસથી બે મહીના બાદ મ્હને આનંદ-

જનક સમાચાર મળ્યા છે કે હાલ કરતાં દોઢી સંખ્યામાં વિદ્યાર્થીઓને રાખવાની શેઠ મજકુરે મંજુરી આપી છે. ઉમેરની પહેલી આશા ફળી છે, તો સંભવ છે કે બીજી પણ ફલીભૂત થશે જ.

થોડા ખર્ચે વધારે સંગીન કામ બજાવતી આ બોર્ડીંગનું અનુકરણ દરેક સ્થળે થવું જોઇએ છે. આવા જ ધોરણ પર કન્યાઓ માટે પણ સંસ્થા ખોલવાનો પહેલો પ્રયોગ શ્રીયુત અંબાલાલ જેવા સુશિક્ષિત શ્રીમંતોએ અજમાવવો ઘટે છે.

સ્વદેશસેવામાં જૈનોનો એક ન્હાનોસરખો ફાળોઃ— ઝાલરાપાટન (રાજપૂતાના) ના એક દિગમ્બર **જૈન** ગૃહસ્થના ઘેર લગ્નપ્રસંગ પ્રાપ્ત થતા કેટલાક મિત્રોએ મળીને તે શુભ સંયોગનો શુભતર ઉપયોગ કરવાની તક લીધી હતી. તેઓએ થોડી મીનીટની વાતચીતના પરિણામે હિંદી સાહિત્ય પ્રચારક સંસ્થા સ્થાપવાનું ઠરાવી તે માટે આપસમાંથી સુમારે બારેક હજાર રૂપીઆની રકમ એકઠી કરી હતી. જૂદી જૂદી ભાષાઓમાં છપાએલાં ઉપયોગી પુસ્તકોનો હિંદી અનુવાદ કરાવી પડતર કિંમતે અગર તેથી પણ ઓછી કિંમતે ન્હેનો પ્રચાર કરવો અને એ રીતે હિંદીભાષાને સમસ્ત હિંદની રાષ્ટ્રભાષા તરીકે પ્રચલિત કરવાની કોશીશ સાથે ઉપયોગી વિષયોના જ્ઞાનનો દેશમાં ફેલાવો કરવો ' એ આ સંસ્થાનો આશય છે. એક ભાષા સિવાય હિંદમાં વિચારો અને વર્તનની એકતા થવી મુશ્કેલ છે, અને એક પ્રજા (nation) બનવાનું એથીએ વધારે મુશ્કેલ છે, એક પ્રજા બન્યા સિવાય સ્વરાજ્ય મળવાનો સંભવ ઓછો છે, અને સ્વરાજ્ય વગર વાજબી સંસારસુધારાની અને **ખરી** કેળવણીની આશા રાખવી ફોકટ છે.

આવાં લગ્નો ઘેરઘેર હોજો ' મિત્રોની આવી મુલાકાતો ઠેરઠેર હોજો !

યુવાન વિદ્યાર્થીઓની સંભાળ—દેશના નાયકોને બે બોલ—કાઠિયાવાડની એક વણિક બોર્ડિંગના સુપ્રીન્ટેન્ડન્ટને થોડા વખતપર એકાએક પાણીચું મળ્યાના ખબર મ્હને પહોંચતાં એ બનાવમાં કાંઇક ભેદ હોવાની મ્હને ગંધ આવી. કેટલીક તપાસને

પરિણામે જાણવા મળ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ કુદરત વિરૂદ્ધના ગુપ્ત દોષ કરતા માલમ પડવાથી સુપ્રીન્ટેન્ડન્ટે હેમને સજા કરી હતી અને તેથી વાતને જાહેરાત મળી હતી, અને આવી શરમભરી બાબત ખુલ્લી થવા પામવાથી સંસ્થાને એબ લાગે છે એમ કારોબારીઓને લાગવાથી સુપ્રીન્ટેન્ડન્ટને બોર્ડીંગ છોડવી પડી હતી. (વિદ્યાર્થીઓને પણ દૂર કરવામાં આવ્યા છે.) સુપ્રીન્ટેન્ડન્ટનો આ સંસ્થા સાથેનો સંબંધ ટૂટવાનુ આ જ કારણ હોય અથવા બીજું ગમે તે કારણ હોય તે સાથે મ્હને કાંઇ લેવાદેવા નથી; વિદ્યાર્થીઓમાં આ ભયંકર સડો હયાતી ધરાવે છે એ બાબત ઉપર જ હું સઘળી બોર્ડીંગોના વ્યવસ્થાપકો, સ્કુલમાસ્તરો અને માબાપોનુ લક્ષ ખેંચવા માગું છું; કારણ કે તેઓ પોતાના હાથ નીચેના છોકરાઓની પ્રકૃતિ અને ચર્યા ઉપર બારીક નજર રાખવામા પ્રાયઃ ઘણા જ બેદરકાર હોય છે, જેને પરિણામે છોકરાઓનુ ભવિષ્ય ઘણું બગડે છે. આ જાતનો ભયંકર ગુન્હો માત્ર આ અમુક બોર્ડિંગમાં જ બને છે એમ નથી, ઉછરતી પ્રજામાં એનો પગપેસારો ઘણો છે—એટલે સુધી કે ઇંગ્લંડ વગેરે સુધરેલા દેશોમાં પણ હેના સામે સખ્ત પોકાર ઉઠાવવા પડ્યા છે. બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટે વિદ્યાર્થીની પ્રકૃતિ, રીતભાત અને ચર્યા પર બારીક નજર રાખવી જોઇએ છે. ચહેરો અને આંખોમા ફીકાશ આવતાં, બોલી નબળી અને જાડી થતી જોવામાં આવતા, હીલચાલ અને યાદશક્તિ સુસ્ત થતી ભાળતાં તેણે છોકરાને બારીકાઇથી જોતા રહેવુ જોઇએ અને તપાસને પરિણામે જો ખાત્રી થાય કે એ છોકરાને ઉક્ત ચેપ લાગી ચુક્યો છે, તો હેને દૂર નહિ કરતા અગર હેના ઉપર તિરસ્કાર નહિ કરતાં એને પોતાની ખાસ દયા અને ખાસ કાળજીનું પાત્ર માની તે લતથી હેને છોડાવવાના પ્રયત્ન કરવા જોઇએ; તે સાથે બીજા છોકરાઓને એવો ચેપ ન લાગવા પામે તેવી સાવચેતીઓ પણ લેવી જોઇએ. બે છોકરાઓને એક જ પથારીમાં કદાપિ સૂવાડવા ન જોઇએ. ઇશ્કબાજીની કથાઓ અને નાટકો છોકરાઓના હાથમાં કદાપિ આવવાં દેવાં ન જોઇએ (કોઇ પણ પુસ્તક સુપ્રીન્ટેન્ડન્ટની મંજુરી સિવાય બોર્ડીંગના કોમ્પાઉન્ડમાં દાખલ થવા દેવું ન જોઇએ.) મરદાનગીભરી રમતગમત અને કુસ્તીની તાલીમ ઘણે ભાગે આવા સડાને ઉત્પન્ન થતો અટકાવી શકે છે. તેલ–મરચું ઇત્યાદિ ઉશ્કેરણી કરવાનું તત્ત્વ ધરાવતા પદાર્થોનો ઉપયોગ મુલતવી

રખાવવો જોઇએ. લાંબી મજલ, ઠંડા જળનું સ્નાન, સુપ્રીન્ટેન્ડન્ટની વધારે ને વધારે સોબત, મનુષ્યશરીરની પવિત્રતા તથા હેના ઉપયોગ અને દૂરૂપયોગ ઇત્યાદિ વિષયનું સંક્ષિપ્ત જ્ઞાન આપવાની કોશીશ: આ સર્વ ઇલાજોથી અણુજાણતાં–અજ્ઞાનવશ ખોટે રસ્તે ઉતરેલા છોકરાઓને સુધારવામાં ફતેહ મળવાનો સંભવ છે. દોષ જોવામાં આવતાં છોકરાને કહાડી મુકવો એ નીતિ સંસ્થાને અને સુપ્રીન્ટેન્ડન્ટને એબ લગાડનારી અને છોકરાનુ ભવિષ્ય બગાડનારી તથા બીજી સંસ્થાઓને નુકશાનકારક છે. પ્રયત્ન કરવા છતાં પણ જે છોકરો ન સુધરવા પામે હેને જ માત્ર દૂર કરવો જોઇએ.

શાણા અને શરમાળ દેખાતા છોકરાઓમાં પણ અજ્ઞાનતાથી આ ચેપ દાખલ થવા પામ્યો હોય છે. કોઇ માબાપે, કોઇ સુપ્રીન્ટેન્ડન્ટે પોતાના હાથ નીચેના છોકરાના શરમાળપણા કે બીજી ભલાઇઓથી છેતરાઇ આ બાબતમાં ચેતતા રહેવામાં ગફલત કરવી જોઇતી નથી, કારણ કે ન્હાની ઉમરમા લાગેલું આ દરદ તુરતમાં દબા થઇ શકે છે, પણ લાંબો વખત વીતી જતા એને જડમૂળથી ઉખેડવામાં બહુ મુશ્કેલી જણાય છે અને અંતે તે છોકરો નિર્માલ્ય, ઢોંગી, અનીતિમાન અને મરવાની આળસે જીવતા પશુ જેવો બની જાય છે. જ્યહાં સુધી સુપ્રીન્ટેન્ડન્ટો અને શિક્ષકો વિદ્યાર્થીઓના મ્હોટાભાઇ કે પિતા તરીકેનો પોતાનો સંબંધ ન સમજે ત્યહાં સુધી બોર્ડિંગો અને સ્કુલો કશો સંગીન લાભ કરી શકનાર નથી. મુડદાલ અને મંદબુદ્ધિવાળા છોકરાઓનાં દળ નજરે પડવાનુ મુખ્ય કારણ, પગારની ગરજે જ 'નોકરી' કરતા શિક્ષકો અને સુપ્રીન્ટેન્ડન્ટો છે, જેઓ દેશનુ સત્યાનાશ વાળનારા છે. દેશમાં જ્યહારથી સ્કુલો અને બોર્ડિંગો વધવા લાગી છે, ત્યહારથી નબળાઇ અને બુદ્ધિમંદતા પણ વધવા લાગી છે, એનુ એ જ કારણ છે કે છોકરાઓને તાલીમ આપવાનો 'શોખ' ધરાવતા, એ વિષયમાં 'રસ' લેતા, બાળમગજ અને શરીરના બંધારણનુ જાણપણું ધરાવતા, શિક્ષકો અને સુપ્રીન્ટેન્ડન્ટો આ દેશમાં જવલ્લે જોવામાં આવે છે. આર્યસમાજનું હરદ્વાર ખાતેનું ગુરૂકુલ અને થીઓસોફીકલ સોસાઇટીની બનારસ ખાતેની સ્કુલ તથા કૉલેજ: એ સંસ્થાઓ નમુના રૂપ હોવાનું કારણ એ જ છે કે ત્યહાં 'માસ્તરો' નથી પણ 'મ્હોટા ભાઇઓ'ના હાથ તળે 'ન્હાના ભાઇઓ' ઉછરે છે. દેશોદ્ધારની ભાવના

અને આચારની ધાર્મિક ભાવના જ્હેમનામાં નથી તેવાઓને સ્કુલો અને બોર્ડિંગો સાથે કોઇપણ જાતનો સંબંધ ન રાખવા દેવો જોઇએ. કાં તો વકીલાતનો અભ્યાસ કરનારા, કાં તો પાંચ-સાત ખાનગી 'ટ્યુશન'માં શક્તિ ખર્ચી નાખનારા, કાં તો મ્હોં ઉપર બે બદામનું પણ તેજ ન ધરાવતા, મુડદાલોને આજે શિક્ષક અને સુપ્રીન્ટેન્ડન્ટ બનાવવામાં આવે છે અને એમના વડે ભણતા છોકરાઓમાંથી 'ન્યુ ઇંડિયા' અથવા 'નવીનભારત' બનાવવાની આપણે આશા રાખીએ છીએ ! મ્હને તો લાગે છે કે, દેશની મુક્તિ માટે પ્રથમ જરૂર પ્રજાકીય ધોરણ પર ચાલતી-પ્રજાના હાથે અને પ્રજાના ખર્ચે જ ચાલતી-સરકારની જરા પણ મદદ વગર જ નીભતી-'મ્હોટા ભાઇઓ' અને 'ગુરૂ'ઓથી ચલાવવામાં આવતી-ધર્મભેદ અને જાતિભેદથી અળગી રખાયલી-આ દેશની જ જરૂરીઆતોને અનુકૂળ ધોરણ પર ચાલતી-સંખ્યાબંધ સ્કુલો અને કૉલેજોની છે. આજના તૈયાર 'ભણેલાઓ' ગમે તેવી કૉન્ગ્રેસો વડે પણ સ્વરાજ્ય નહિ જ મેળવી શકે, કારણ કે તેઓના શરીરમાં-પ્રકૃતિમાં સ્વરાજ્ય આવી શક્યુ નથી અને હવે ભાગ્યે જ આવી શકે. હિંદને કોઇ જમાનામાં પણ મુક્તિ મળવાની હશે તો તે નવી સશક્ત પ્રજાથી જ મળશે, અને એવી પ્રજા ઉત્પન્ન કરવી એ જ મુક્તિનો એકનો એક માર્ગ છે. ભાષણો અને ચળવળો, ઠરાવો અને માગણીઓ, સૂચનાઓ અને સલાહો એ બધાં 'થીગડાં' છે, એવાં લાખ નંગનું વજન એક રતિ પણ ભાગ્યે જ થવા જાય. થોડું ભણેલા પણ પાકું ભણેલા, સ્વદેશ માટે રગે રગે અભિમાન વાળા, શુષ્ક વૈરાગ્ય અથવા સુસ્તી વગરના, સાહસિક અને સાહસમાં જ મજાહ માનનારા, ઉંચેથી નીચે જોનારા-નહિ કે નીચેથી ઉંચે જોનારા, કુસ્તીબાજ અને ચંચળ, ઉભરાઇ જતી-નૃત્ય કરતી-તનદુરસ્તી વાળા, ધર્મપંથોને 'કલા' (art)-ની સુંદર રચના સિવાય વિશેષ નહિ માનમારા, ગમે તે સંજોગોમાં પોતાની જાતે પોતાનો ખોરાક મેળવી અને પકવી લેવામાં ગૌરવ સમજનારા, દ્રવ્યને નહિ ધિક્કારનારા તેમ દ્રવ્યના ગુલામ નહિ બનનારા, જીંદગીને લ્હાનો અને પવિત્ર વારસો માનનારા: એવા યુવાનો વડે જ 'નવીન ભારત' બની શકશે અને એવાઓ વડે જ મુક્તિ મળી શકશે. હિંદના લોકો 'રાજ્યના રાજા'ને માને છે, પણ 'પ્રજાના રાજા'ને માનતાં હજી શિખ્યા નથી. જ્યારે તેઓ પોતે

પોતાના 'રાજા' શોધી લેશે અને ત્હેની સલાહ પ્રમાણે દાનની પ્રથા ફેરવશે ત્હારે હિંદને કેળવવા માટે દરિયાપારની સરકાર પાસેથી નાણું માગવું નહિ પડે; કારણ કે તે વખતે હિંદના જૈનો પોતાની જૈનશાળાઓને અને જૈન હાઇસ્કુલોને તાળાં દેશે, ભાટીઆ અને મારવાડી, લુહાણા અને પારસી પોતપોતાની ખાસ સ્કુલો બંધ કરશે, અને એ સઘળા પૈસાના સરવાળાથી સઘળાઓ માટે સામાન્ય અને પ્રજાકિય ધોરણ પર ચાલતી સ્કુલો અને કૉલેજો ઉભી થશે અને લોકો દેરાં-અપાસરા-મંદિરો-યાત્રા-ભોજનસમારંભ ઇત્યાદિ પાછળ દરસાલ જે કરોડો રૂપિયા ખર્ચે છે ત્હેનો સારોમરખો ભાગ ઉક્ત પ્રજાકિય સંસ્થાઓને પોષવા-નીભાવવામાં ખર્ચશે. 'સર્વન્ટસ ઑફ ઇંડિઆ સોસાઇટી'એ દુષ્કાળાદિ ઓછા અગત્યના સવાલોને હાલ તુરતને માટે મોકુફ રાખી—મરેલા અને મરવા પડેલા (કે જે જીવશે તો પણ કાંઈ બીજાને જીવાડવા જેટલા સશક્ત થઇ શકનાર નથી), મજુરોને જતા કરી, આ 'જીવતા' સવાલને-સઘળા સવાલોના એક સવાલને-હિંદની જરૂરીઆતોને પુરી શકે એવી જાતની પ્રજાકિય સ્કુલો, કૉલેજો અને બોર્ડીંગો સ્થાપવાના સવાલને સમ્પૂર્ણ ઉત્સાહથી અને સઘળા બળથી ઉપાડી લેવો જોઇએ છે જેઓ પોતાને મદદ કરી શકતા નથી ત્હેમને કોઇ મદદ કરી શકે નહિ. રાજકીય સિવાયની બીજી બાબતોમાં જો અમે અમારૂં રાજ્ય સ્થાપી ન શકીએ તો રાજકીય હકો મેળવવાની આશા જ શી? દુઃખની વાત તો જુઓ કે લગભગ આખી દુનિયામાં ફરજ્યાત લડાયક ધોરણ દાખલ કરવું પડયું તેવે વખતે પણ હિંદના પ્રજાકીય આગેવાનો હિંદીઓની શારીરિક દુર્બળતા દૂર કરવાનો ખ્યાલ વટીક લાવી શક્યા નથી; કુસ્તીખાનાં અને કસરતશાળાઓની સંખ્યા વધારવાની હીલચાલ કરી શક્યા નથી. ઢોરો અને દુકાળીઆઓને બચાવવા માટે દોડધામ થાય છે (અને આ હતભાગ્ય દેશમાં દર ત્રીજે ને ચોથે વર્ષે દુકાળ હોય છે ને હોય છે જ), પણ હાર્યા ઢોર ('dumb driven cattle' of Longfellow) અને દુકાળીઆ જેવા હિંદીઓને નિર્બળતાની બલાથી છોડવી જવાંમર્દ બનાવવાની હીલચાલ રૂપી દયા કોઇને સુઝતી નથી. એક મહાન વિચારક કે જેને પ્રથમ જર્મનીએ અને પછી ઇંગ્લાંડે માન્યો હતો-માનવો પડયો હતો-તે થોડા પણ સચોટ શબ્દોમાં કહે છે કે-"The criterion of truth

lies in the enhancement of the feeling of power."—"The object is, not 'to know,' but to schematise,—to impose as much regularity and form upon chaos, as *our* practical needs require." —"Man ultimately finds nothing more in things than he himself has laid in them—this process of finding *again* is science, the actual process of *laying a meaning* in things, in art, religion, love, pride. In both, even if they are child's play, one should show good courage and one should plough ahead; on the one hand, to *find* again, on the other,—we are the other, —to *lay* a sense in things!" "The very notion 'living organism,' implies that there must be growth,—that there must be a striving after an extention of power, and therefore a process of absorption of other forces... ....When the *instincts* of a society ultimately make it give up war and renounce conquest, it is decadent." "The maintenance of the military state is the last means of adhering to the great tradition of the past; or, where it has been lost, to revive it. By means of it the superior or strong type of man is preserved."—"The corrupted ruling classes have brought ruling into evil odour. The state administration of justice is a piece of cowardice, because the great man who can serve as a standard is lacking. At last the feeling of insecurity becomes so great that men fall in the dust before *any* sort of will-power that commands."—"People demand freedom only when they *have* no power." "My-

'future': a severe polytechnic education. Conscription; so that as a rule every man of the higher class should be an officer, whatever else he may be besides."—"General aspect of the future Europeon. the latter regarded as the most intelligent servile animal, very industrious, at bottom very modest, inquisitive to excess. multifarious, pampered, weak of will,—a chaos of cosmopolitan passions and intelligences. How would it be possible for a stronger race to be bred from him?—Such a race as would have a classical taste? The classical taste: this is the will to simplicity, to accentuation, and to happiness made visible, the will to the terrible, and the courage for psychological *nakedness* (simplification is the outcome of the will to accentuate, allowing happiness as well as nakedness to become visible is a consequence of the will to be terrible...) In order to fight one's way out of that chaos, and up to this form, a certain *disciplinary constraint* is necessary a man should have to choose between either going to the dogs or *prevailing*. A ruling race can only arise amid terrible and violent conditions. Problem where are the *barbarians* of the twentieth century? obviously they will only show themselves and consolidate themselves after enormous socialistic crisis. They will consist of those elements which are capable of the *greatest hardness towards themselves*, and which can guarantee the most enduring will-power." આ વિચારોને હિંદના પેરષ્વાંઓ અને રાજદ્વારી

આગેવાનો તથા 'સર્વન્ટસ ઑફ ઇંડિયા સોસાઈટી' ('ફૂલર્સ ઑફ ઇંડિયન સોસાયટી' બને તો કેવું સારૂં ?) ના સભ્યો જ્યારે સ્વીકારશે ત્યારે જ હિંદનો ઉદય થશે.

મુહપતિબાઈનાં નશીબ ઉઘડયાં !—ગરીબભિખારી મુંગી મુહપતિ એક વાર બલભલાના મ્હોંપર આસન પામ્યા પછી જ્યાં-ત્યાં હાડધૂત થતી હતી, ત્હેના નશીબનું ચક્કર હમણાં ફર્યું લાગે છે ! ડાકટરોએ વાઢકાપ કરતી વખતે બેવડી ને તેવડી મુહપતિ બાંધવા માંડી, જર્મન ઝેરી ગૅસ સ્હામે રક્ષણ તરીકે ઇંગ્લંડ અને ફ્રાન્સે ખાસ્સી લાંબીચોડી મુહપતિ બાંધવી પડી, અને હમણાં—ખુદ મુહપતિ સામે ચેડાં કહાડનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વર્ગના જ એક સાધુ મુહપતિની ધ્વજા ફરકાવવા લાગ્યા છે ! કોઇએ ખરૂં કહ્યું છે કે, માણુસ કે ચીજ બલવાન નથી, સમય બલવાન છે અને સમય વહેલો મોડો સૌનો આવે છે. હકીકત એવી છે કે, શ્વે૦ મૂર્તિપૂજક વર્ગના એક ગચ્છના વડા શ્રી કૃપાચંદજી મહારાજ અને બીજા ગચ્છના વડા શ્રી આનંદસાગરજી મહારાજ વચ્ચે દ્વંદ્વ ચાલ્યું છે, યુદ્ધમાં જોડાયલા પહેલા પક્ષના એક યોદ્ધા શ્રી કમલમુનિએ એક સચોટ તીર (હૅન્ડબીલ) ફેંક્યું છે, જેનુ 'નામ અમદાવાદના સકલ સંઘને એક સવેળાની સૂચના' છે, જેમા તેઓ લખે છે કે "મુહપતિ બાંધ્યા વગર આગમ વાંચશે તે આગમવિરૂદ્ધ છે. × × × × લોહારની પોળના ઉપાશ્રયના બેસનાર સાધુઓ, ડેહેલાના ઉપાશ્રયના બેસનાર સાધુઓ, પગથીઆના ઉપાશ્રયના વિમલ ગચ્છના બેસનારા સાધુઓ, વીરના ઉપાશ્રયના બેસનાર પંડિત શ્રી ગુલાબવિજયજી તત્ત્વવેત્તા, વિદ્યાશાળાના બેસનાર શ્રાવકો ઉપર મુજબ ઉપાશ્રયના બેસનાર ચતુર્વિધ સંઘે આજ દિવસ સુધી મુહપતિ બાંધ્યા વગર આગમ વાંચ્યા સાંભળ્યા નથી......વિદ્યાશાળાના આગેવાન શેઠ સુબાજીના વખતથી ચાલતો આવતો ઠરાવ મુહપતિ બાંધ્યા વગર આગમ સાંભળવું નહિ એ મરજાદાને કેટલાક અણુસમજુ ભોળા શ્રાવકો તોડીને જે નવી રૂઢી મુહપતિ બાંધ્યા વગર આગમ વાંચવા શરૂ કરાવશે તે તો વિદ્યાશાળાને કલંક લગાવા જેવી છે. માટે જે વીતરાગની આજ્ઞામાં ચાલનાર હશે તે તો આગમ વિરૂદ્ધ મુહપતિ બાંધ્યા વગર વાંચવામાં ભાગ નહિ જ લેશે." આ બનાવથી મુહપતિબાઇ ખુશી થાય ખરાં, પણ જૈનોએ ખુશ થવાનું નથી.

દેરાં, અપાસરા, મુહપતિ એ સર્વ અને એવા હજાર બીજા પદાર્થો અને માન્યતાઓ એ અમારા પૈકી સૌથી વધારે શક્તિમાનોએ બનાવેલી 'કલા' (Art) છે—અમારી discipline કેળવણી માટે 'ઉત્પન્ન કરેલી' સામગ્રીઓ છે. અમારા ભોગે સામગ્રીઓનો વિજય થાય, એ અમારી નાલાયકી બતાવે છે; પ્રથમ સામગ્રીની સોબતથી અને પછી સામગ્રીના ભોગે, અમારો વિજય કરવાના આશયથી જ અમારા શક્તિમાન પુરૂષો—જીનો—Supermen આ 'સામગ્રી'-ઓને ઉત્પન્ન કરી ગયા છે; અને અમે તો સામગ્રીઓના જયમા જ અમારી મુક્તિ માની બેઠા છીએ! આવી ગુલામવૃત્તિવાળો સમાજ કોઇ રીતે મુક્તિ પામી શકે ખરો?

કાંઇક સ્હમજવા લાગ્યા ખરા!:—થોડા દિવસ ઉપર વિરમગામ પાસેના એક ગામના એક મ્હે॰ મૂ॰ જૈન બન્ધુ તરફથી મ્હને ખબર આપવામા આવી હતી કે, ત્હેના એક સ્નેહીના કુટુમ્બનો ૧૮ વર્ષનો છોકરો કે જેનાં લગ્ન માત્ર એક વર્ષ ઉપર તેર વર્ષની કન્યા સાથે થયાં હતાં ત્હેને તથા બીજા એક નિરાધાર વિધવાના પુત્રને તથા તે ઉપરાંત બીજા ૪ છોકરાઓને બનારસવાળા એક આચાર્યે ન્હસાડયા છે, અને મ્હને વચ્ચે પડવાની આગ્રહયુક્ત અરજ કરવામાં આવી હતી. ઘટતી તપાસ અને પગલા માટે હું મુંબઇથી અમદાવાદ ગયો, જ્યહા પહોંચ્યા બાદ બીજે જ દિવસે મ્હને પત્ર મળ્યો કે છોકરા પાછા મેળવવામાં ફતેહ મળી છે. મ્હારી મહેનત બચાવવા માટે હું ઉક્ત મુનિનો **આભારી** છુ; અને ભૂલ થવાનુ ભાન થતાં તુરતમા જ ભૂલ સુધારવાની શુભ મતિ સુઝી તે માટે હું ત્હેમને **અભિનંદન** આપુ છુ. જૈન સાધુપણું જો **વૈરાગ્ય** ગુણ માટે જ લેવાતું હોય તો, કહેવુ જોઇશે કે, સેંકડે ૯૯ ટકા સાધુઓમાં વૈરાગ્ય છે જ નહિ. તો વધુ સાધુઓ કરવાથી વૈરાગ્ય સમ્બન્ધી શું લાભ થવાનો હતો? અને ખરો વૈરાગ્ય તેઓમાં હોત તો અમે ત્હેમની સંખ્યા વધવા માટે ઇર્ષા કરત જ નહિ; કારણ કે જે વૈરાગી છે તેઓ સંસારીઓના કામમાં વચ્ચે આવતાજ નથી અને તેથી અમારી પ્રજાકીય આબાદીને વિઘ્નરૂપ થતા નથી. પણ જેઓ ગચ્છ—સંઘાડા અને ક્રિયાના ભેદોની ખટપટ કર્યા કરે છે તેઓને વૈરાગી કહી શકાય નહિ અને તેઓ **પ્રવૃત્તિમાન** (active) હોય, તથા ત્હેમની પ્રવૃત્તિ અમારા દેશના ગૌરવને બાધાકારક હોય, એવા નામના વૈરાગીઓની

સંખ્યા વધવા દેવાનું અમો હિંદીઓને હવે પાલવવું જોઇતું નથી. વાડા અને ગચ્છો અને શુષ્ક ક્રિયાઓની પાછળ 'ભોગ લેવા' કરતાં માતૃભૂમિ પાછળ ભોગ લેવાય એ શું ઓછું 'કલ્યાણ'કારી છે? અમને જોઇએ છે—કાં તો દુનિયાના તમામ પદાર્થો, ઇચ્છાઓ, લાગણીઓ તેમજ વિચારો : એ સર્વની પેલીપાર રહેલા આત્માના ઉંચા અવકાશમાં ઉડનાર તટસ્થ યોગીઓ, અથવા તો, દેશોદ્ધાર માટે ગૃહસ્થ લિંગે બાવા બનનાર બહાદૂર વીરો. ધુતારાઓને અમારે હવે ખુણેખાચરેથી પકડી પાડવા જોઇશે અને ગમે તે ભોગે ત્હેમનાથી સમાજને બચાવવા પુરતી શક્તિ વાપરવી જોઇશે. આ યુદ્ધનું પરિણામ ગમે તે આવે, પરન્તુ શક્તિ વાપરવાનો-એને કટાઇ જતી અટકાવી ઉપયોગ કરવાનો-પ્રસંગ મળવો એ જ આનંદવાર્તા છે.

એક દયાજનક હેન્ડબીલ—મેવાડ પ્રાંતના જૈનો વચ્ચે એક આચાર્યે હમણાહમણાં ધર્મયુદ્ધ બરાબર જગાવ્યું છે. યુરપના 'રાજા'ઓ જય કરવા નીકળી પડે અને જય એ જ દૃષ્ટિબિંદુ છે જ્હેનું એવા જૈન ધર્મના આચાર્ય—'મહારાજા' ચુપચાપ પડયા રહે એ તે કેના ઘરનો ન્યાય? હમણા મ્હારી પાસે એક અશુદ્ધ હિંદી કાવ્યનું હેન્ડબીલ આવ્યુ છે, જેમાં સ્થાનકવાશી જૈનોને "ભંગી, ભ્રષ્ટ, ડુક્કરના ભાઈ, ગધેડાના કાકા, ધરતી માતાને ભારે મારનાર, અઘોરી, મૂઢ" વગેરે અલંકારોથી ભલીભાંત નવાજ્યા છે અને સાથેસાથે વિજયાનંદસૂરિની પ્રશંસા કરવામાં આવી છે. આવા હેન્ડબીલ પર ટીકા કરવાનુ મ્હને પાલવી શકે જ નહિ. મ્હારે જે કાંઇ કહેવાનુ છે—અને તે કોઇ એક પક્ષ પ્રત્યે નહિ પણ સમસ્ત જૈન સમાજ પ્રત્યે—તે એ છે કે, ત્હમારો 'વિજય' મેળવવાનો શોખ ભલે આબાદ રાખો—હુ કહું છુ કે એને ઓર વધારે પુષ્ટ કરો; પણ વિજય કોના ઉપર, ક્યહારે અને કેવી રીતે મેળવવો એ બાબતનો જરા 'વિવેક' કરતા શિખો તો બહુ સારૂ. ઉલ્લુઓ! ત્હમને ઘરમાં જ અશુચિ કરતાં આવડે છે કે બીજુ કાંઇ? તાકાદ બચી હોય તો હિન્દની મુક્તિ મેળવવામાં પાણી બતાવોની? ભંગી, ગધેડા, ધરતીને ભારે મારનારા, મૂઢ ઇત્યાદિ જે શબ્દો ત્હમે પરસ્પર ગાળો દેવામાં-જીભની ખુજલી ઉતારવા માટે-વાપરો છો તે શબ્દો ખરેખર હિંદના તમામ ધાર્મિક ઝગડાના સૈનિકોને આબાદ લાગુ પડે છે. દેશનુ બળ તોડનારા તે ઝગડા હોવાથી, પક્ષકારો ખરે 'ધરતી-

ને ભારે મારનારા ’ જ છે. માણુસને ત્હેના હલકા ધંધાને લીધે ‘ ભંગી ’ કહેવાય છે તેમ નિંદા, કલેષ, દેશદ્રોહ જેવા નીચ ધંધા કરનારને ‘ ભંગી ’ શબ્દ આબાદ લાગુ પડે છે. દેવદ્રવ્યનો ઉપયોગ જૈન-જૈન વચ્ચે મંદિરની માલેકી નિમિત્તે થતા કજીઆ લંબાવવામાં -કોર્ટો, અમલદારો અને વકીલોને તાજા કરવામા-થાય છે એ શું ઓછી ‘ મહતા ’ છે ? જૈનોની સંખ્યા અને જૈનોનુ વીરત્વ પ્રતિદિન ઘટવા છતાં એનો ઇલાજ કરવા કોઇ નવરૂં થતું નથી, અને દેશોદ્ધાર તથા વિદ્યાપ્રચાર સામે આખ આડા કાન કરી મંદીર નિમિત્તે લાખો-ક્રોડો ખર્ચવાની, મદીરના ટંટાને અગે લાખો-ક્રોડો ખર્ચવાની-રે રૂશ્વતથી પણ કામ લેવાની મૂર્ખાઇ કર્યા કરવી એ શુ ‘અઘોરી’નું કૃત્ય નથી ? ઓ ‘ દેવોના વલ્લભો ’ ! દૈવત્વના શિષ્યો ! આ ‘ગદા’ ખેલ છોડી જરા મરદાનગીભર્યા (noble) ખેલના શોખીન બનો. જાણો કે દુનિયામા કોઇ પણ મત-કોઇ પણ ધર્મ-એકાંત સત્ય નથી -નથી અને નથી જ. સ્થાનકવાશી તેમજ દેરાવાશી તેમજ દિગમ્બર મત-દરેક સાચા છે અને-સાભળજો-દરેક જૂઠા પણ છે. સામાન્ય ગણે લોકવર્ગે સાચ-જૂઠની આજગડમા ઉતરવુ જોઇતું નથી-એને માટે તેઓ ‘ અધિકારી ’ નથી. એમને તો પોતાની પ્રકૃતિ (instict)ને અનુકૂળ થઇ પડે એવો કોઇ પણ ધર્મ પકડી લેવો અને એ ધર્મને પોતા માટે શ્રેષ્ટ માનવો એ જ ઇષ્ટ છે. બાકી તો સઘળા ધર્મો એ મહાન પુરૂષોની ‘ માયા ’ (કલા, art) છે, અને માયા વગર જગત જીવી શકતું જ નથી એટલા માટે મનુષ્યને પોષણ, હિમત, તથા દિલાસો મળે એ હેતુથી, ‘ માયા ’ના પડદાની પાછળ પહોચેલા સમર્થ આત્માઓએ ધર્મની માયા રચી છે. જેઓ એ ધર્મમાથી પોષણ, હિમત અને દિલાસો લઇ શકતા નથી અને (ઉલટા) ધર્મવડે ખેદ પામે છે અને ખેદ આપે છે અને એ રીતે સમાજના કીડા બને છે તેવા કુધર્મીઓને-(અમારે જોઇએ કાં તો ધર્મી અને કાં તો અધર્મી-ધર્મ વગરનો-ધર્મની જરૂરીઆતને ઉલ્લઘી ગયેલો, પણ નહિ કે કુધર્મી અથવા ધર્મને અધઃપતનનું ઓજાર બનાવનારો મનુષ્ય) તો સઘળા ધર્મવાળાઓએ અને ધર્મવગરનાઓએ એકઠા મળીને સીધાદોર કરવા જોઇએ છે.

ઇંગ્લંડ અને ફ્રાન્સ જૂનું વૈર ભૂલી એક થયા, ઇંગ્લંડ અને રશિયા પણ એવા જ ચુસ્ત દોસ્ત બન્યા: શાથી ? પ્રલયકારક યુદ્ધનું

સંકટ સ્હામે આવી ઉભું ત્હેના પ્રતાપે ! હું ઇચ્છું છું કે હિન્દને—સમસ્ત હિંદને—માથે અનેકાનેક સંકટો આવવા પામે અને એ દુઃખના કાળા વાદળમાંથી ખરા જ્ઞાનનો સૂર્ય એકવાર ફરીથી ડોકીઉં કરે !

બુઢા લાલનની જાનઃ—બુઢાના ગળામાં વરમાળા નખાવી એ આ દેશમાં કાંઇ આશ્ચર્યવાર્ત્તા નથી, તથાપિ વૃદ્ધવિવાહના વિરોધી લાલન—બ્રહ્મચારી લાલન—ની જાન જોડવાનો ખ્યાલ કેટલાકને નહિ માનવા જેવો અને કેટલાકને હસવા જેવો લાગશે. પરન્તુ જે બનાવ બન્યો છે તે કહી બતાવવો એમા કાંઇ દોષ નથી, પછી ભલે લોકો તે માને યા ન માને અગર હસે કે કૂદે. ગયા એપ્રિલની બીજી તારીખે મી. લાલનને માધવબાગમાં લાઠીમિત્રમંડળે માનપત્ર એનાયત કર્યું હતું; ચોટીલા જૈન મિત્રમંડળ, જૈન સદ્‌ગુણ શોધક મિત્રમંડળ, માસ્તર કાનજી કરમશી માંડવી જૈન વિદ્યાર્થિ મંડલ અને રત્નચિંતામણી સ્થાનકવાશી જૈન મિત્રમંડળ : એઓની એમાં સામેલગીરી હતી. પ્રમુખપદે સર પ્રભાશંકર પટ્ટનીને લાવી બેસાડવામાં આવ્યા હતા, જેમણે ખુલાસો કર્યો હતો કે તેઓ કાંઇ ખાસ આ માટે મુંબઇ આવ્યા નહતા, અને એક જૈનને માનપત્ર આપવામાં કોઇ જૈન પ્રમુખ ન મળવાથી પોતાને તે પદ લેવું પડયું છે એવો પણ ઇસારો કર્યો હતો રા. સુશીલે મી લાલનનું જીવનચરિત્ર વાંચી સંભળાવ્યુ હતું, એક બે ગૃહસ્થોએ રમુજી શબ્દોમાં ટાપસી પુરી હતી, એકે વિદુષકનો પાઠ પણ અચ્છી તરહ ભજવ્યો હતો અને છેવટે મી. લાલને માનપાનથી શરમાઇ—દબાઇ ગયા હોય એવા ભારે અને ગભીર વદને જવાબ આપતા કહ્યું હતુ કે, મ્હને બીલકુલ માન જોઇતુ નથી, હું આ માનપત્ર સાથેના ચાંદીના કાસ્કેટને ક્યહાં મુકું ? મ્હારી પાસે જગા નથી, એને તેની ગાંધીના આશ્રમને નાણું સોંપો, વગેરે, વગેરે. માનપાનના જે હજારો મેળાવડા આજકાલ થાય છે તેવા જ પ્રકારનો આ મેળાવડો શરૂ થયો, આગળ વધ્યો અને તાળીઓના ગડગડાટ અને બૅન્ડની ગર્જના વચ્ચે સમાપ્ત થયો. એક સુધારકને કે રાજદ્વારી પુરૂષને કે એક છાપાવાળાને માનપત્ર આપવાનો મેળાવડો થયો હોત તો એની ખાસ નોંધ હું લેત નહિ. તે તો બધા—ન્હાના કે મ્હોટા પણ—'દુનિયાના કીડા' છે અને ત્હેમના રસ્તા પણ તેવા જ હોય; એમાં આશ્ચર્ય પામવા જેવું કે ખેદ કરવા જેવું

કાંઈ નથી. સુધારક, પત્રકાર કે રાજદ્વારીની પ્રગતિ ઘણેભાગે દશ્ય લોકપ્રિયતા અને દશ્ય માનપાનપર આધાર રાખે છે; એ એનું પગથીઉં છે જો કે એ પગથીઆથી આગળ વધ્યા પછી ત્હેની જરૂર ત્હેને વધારે વાર રહેતી નથી. જે સુધારાને, જે રાજકીય હીલચાલને દેખતા કે આંધળા-ગમે તેવા પણ-પુષ્કળ અનુમોદનારા અને ટેકો આપનારા હોય છે તે જ સુધારો અને તે જ રાજકીય હીલચાલ ફતેહ પામે છે. અને એટલા ખાતર બુદ્ધિશાળી સુધારકો અને રાજ્યદ્વારી પુરૂષો લોકપ્રિયતા અને લોકોના વાહવાહ સ્વીકારે છે એટલું જ નહિ પણ તે મેળવવા સીધી તેમજ આડકતરી ખટપટ પણ કરે છે. આશય ઉચ્ચ હોઇ આ પ્રપંચને હું દૈપપાત્ર ગાની શકું નહિ; એટલું જ નહિ પણ રાજદ્વારી કે સુધારકનું કાર્યક્ષેત્ર કાંઈ અધ્યાત્મ વિદ્યા નથી, કે જેથી તેઓ માનકીર્તિની ઇચ્છાને દબાવવા જેટલી શક્તિ ધરાવતા હોવાની આપણે આશા રાખી શકીએ. પ્રચંડમાં પ્રચંડ રાજદ્વારી અને મહાનમાં મહાન સુધારક એક તત્ત્વવેત્તા અગર ફીલસુફ આગળ બાળક છે. એ બે વચ્ચેનુ અંતર માપી શકાય તેવુ નથી. એક તત્ત્વવેત્તા સો રાજદ્વારી અને હજાર સુધારકને ઉત્પન્ન કરી શકે, અને તે છતા એની શક્તિ કાજલ રહે અને તે પોતે, પોતે ઉત્પન્ન કરેલા સુધારક અને રાજદ્વારીના ખેલ જોઈ મુછમા જ હસ્યા કરે. કહેવાનુ તાત્પર્ય, કે એક તત્ત્વવેત્તા કે ફીલસુફ તો સમાજનો ખરેખો દાદો, સમાજની બુદ્ધિથી ન કળી શકાય એવી સમૃદ્ધિવાળો નરેશ છે. એના રસ્તા અને રાજદ્વારી કે સુધારકના રસ્તા એક હોય જ નહિ. એટલે જ કહું છું કે, તા. ૨૭ એપ્રીલે માધવબાગમા થયેલા મેળાવડાના વરરાજા તરીકે જો કોઇ સુધારક કે રાજદ્વારી પુરૂષ હોત તો એ માલારોહણ ક્રિયા સંબંધે કાંઈ બોલવાનુ હતું જ નહિ. પરન્તુ.--મુશ્કેલી માત્ર 'પરન્તુ' શબ્દની છે—આ લગ્ન તો એવા પુરૂષનાં થયાં છે કે જે પોતાને 'હુંમાં હું સમાયો છું' તરીકે ઓળખાવે છે, ધર્મોપદેશક તરીકે--ના, ના, પંચમહાવ્રતધારી ધર્મોપદેશકોને પણ નિર્માલ્ય ઠરાવી એમના કરતાંએ ઉચ્ચ કોટિના ધર્મોપદેશક તરીકે—પોતાને જાહેર કરે છે, પોતે નાણું રાખતા નથી અને નાણું રાખવાની પોતા પાસે જગા પણ નથી એટલે સુધીના વૈરાગી હોવાનો જાતે જ એકરાર કરે છે, માન-પાન એમને ગમતું નથી એમ જણાવે છે, અને 'મ્હારે મોક્ષપુરી નથી

જોઇતી, મ્હને તો તુમારી સેવા કરવા માટે ફરીફરી જન્મવું જ વધારે પસંદ છે' એમ કહી બતાવે છે. આવો માણસ-જો ત્હેનામાં કથનમાત્ર નહિ પણ ખરેખર જ ઉપલા ગુણો હોય તો-એક તત્ત્વવેત્તા છે અને તે 'ગવાવું' પસંદ કરી શકે નહિ—સહન કરી શકે નહિ. તત્ત્વવેત્તાના શબ્દ કે વર્તનથી કોઇને લાભ થવા પામ્યો હોય અને લાભ પામનારો માણસ ત્હેનો ઉપકાર માનવા કોશીશ કરે ત્હારે તત્ત્વવેત્તા મનમાં હસે છે અને બડબડે છે· " ગરીબ બિચારો ! એ તો એમ જ જાણે છે કે એના ખેતરના પાક માટે જ સૂર્ય પ્રકાશે છે ! સૂર્યના મનની મજા-એના વિચારો—આની કલ્પનામાં ક્યહાંથી આવે ? હુ કરૂં છુ તે કા તો મ્હારા મનની 'મોજ' ખાતર કરૂં છું, મ્હારાથી અમુક થવાનુ નિર્માણ છે-એ નિર્માણ (Fate) ખાતર કરૂં છું, અગર અમુક ઉચ્ચાશયની સફલતા માટે 'પાસો નાખુ' છુ. આને કે આના જેવા અગ્યારસોને સુખ થાય કે દુખ થાય એની મ્હને 'ઉડતા પખી'ને ઓછી જ પરવાહ છે ' " આવા ફીલસુફો બીજાઓને દુનિયાના કીડા તરીકે જુએ છે-અહ છે અને તેવી શ્રદ્ધાને કારણે તેઓ કીડાના હાથથી માનપત્ર કે વાહવાહ સ્વીકારી શકતા જ નથી; એમને મન એ એક અધપતન (degradation), હલકો શોખ (low taste) અને કંટાળો તથા દુર્ગચ્છાનો વિષય છે. આ લાગણી સ્વાભાવિક જ છે. એનુ કારણ વિચારતાં મ્હને માનસશાસ્ત્રમાં પ્રવેશ કરવાની એકદા જરૂર પડી: માણસો કોને માન આપે છે ? જ્હેના ગુણ જાણવામાં આવ્યા હોય ત્હેને-તત્વજ્ઞાનીના ગુણ 'દુનીઆના કીડા' થી જાણી શકાય ? અસંભવ; કારણ કે તત્વજ્ઞાનીને મન જે ' ઉચ્ચ શોખ ' તે ' દુનિઆના કીડા 'ને મન ' દુર્ગુણ ', અને કીડાને મન જે સદ્‌ગુણ તે તત્ત્વજ્ઞાનીને મન માયા કે બાળકનુ રમકડું. બન્નેનાં કાટલાં જ જૂદાં, ત્હાં કીડાથી તત્ત્વજ્ઞા-નીના ગુણની કદર થઇ શકે જ કેમ ? જે માણસ ' લોકો'થી કળાયો તે 'તત્વજ્ઞાની' હોય જ નહિ, એને 'લોકો'ની જાતનો જ માણસ સમ-જવો. લાલન કોના કળવામાં આવ્યો ? લાડી અને ચોટીલા જેવાં ન્હાનાં ગામડાંના બેચાર છોકરાઓ મુંબઇની કાપડબજારમાં 'મહેતા'-ગીરી કરતા હોય એવાઓથી, કાનજી માસ્તરના એકડા ઘુંટતા કચ્છી નિશાળીઆઓથી. હદ થઇ, સિંહ ઉંદરીઆમાં સમાઇ શકે ! સિંહ ખરેખર જ હોય તો તો ઉંદરીઆમાં સમાઇ શકે જ નહિ; અને

હુંડરીઆમાં પણ સમાઇ જવા જેવી 'લધિમ' ત્હેનામાં હોય તો પણ હુંડરીઆની અંદર જવાનો ખ્યાલ વટીક ત્હેનાથી સહન થઈ શકે નહિ. હા, પણ 'લઘુતમ લાલન' બધેય સમાય! ખરેખર આ થપ્પડ ખાવામાં–આ હીનપદ વ્હોરી લેવામાં–લાલનનો પોતાનો દોષ નથી પણ એની નીતિ અને ધર્મની વ્યાખ્યાનો દોષ છે, કે જેણે એને અને બીજા સઘળા કહેવાતા ધર્માત્માઓને 'પોતાની જાતને નીંદવી–તુચ્છકારવી–હલકામાં હલકી માનવી' એવો પાઠ શિખવીને —ગોખાવીને–એમના આત્માના ભાગ તરીકે બનાવી દીધો છે અને તેથી મહત્તાનો ખ્યાલ આપોઆપ તે ભેજાંઓમાંથી ભૂંસાઇ જવા પામ્યો છે. આવા ધર્મીઓ 'લાગણી (emotion)નાં પૂતળાં છે, વિચારભવન (Thought plane) પર એમને જમા નથી. એક માણસ સીનો દાસ બને એ દુનિયાને ગમે છે અને દુનિયાને જેથી આનંદ થાય તેથી મ્હારે પણ આનંદ કેમ ન માનવો?–એટલી (sympathy) 'લાગણી'ની સમ્મતિ કેમ ન રાખવી? આમ પંડિતો અને લાગણીવાળા નાયકો સ્હમજે છે. પણ એક 'વિચારક' પોતાના દિલને છૂટી શકે છે અને એમાં 'મજા' લઇ શકે છે, તે બીજાના આનંદમા પોતાનો આનંદ મેળવી શકે નહિ એટલુંજ નહિ પણ પણ પોતાના આનંદનો પણ ભરોસો કરી શકે નહિ. લઘુતમો તે લઘુતમ જ રહેવાના અને મ્હોટા દેખાવાની ભલે ગમે તેવી 'કલા' અજમાવે પણ લઘુતમ પ્રકૃતિ (instinct) બદલાવાની નહિ જ.

લાઠી–ચોટીલાના બે ચાર મહેતાજીઓનું માનપત્ર સ્વીકારીને શ્રી. લાલનને–વર્ષો થયાં ચૌદ લાખ જૈનોમાં વક્તા તરીકે બહાર પડેલા 'પંડિત'ને–ચૌદ લાખમાના કોઇ પણ પ્રસિદ્ધ મંડળે કે ગંભીર અવસરે માનપત્ર આપવું યોગ્ય ધાર્યું નહિ હોય એવી માન્યતાને પોતે ટેકો આપ્યો છે, અને એ રીતે પોતાની કિંમત ઘટાડી છે. વળી આ માનપત્ર માટેની હીલચાલનો ઇતિહાસ જેઓ જાણતા હશે તેઓ આગળ પણ લાલનનું નામ તેજસ્વી રહેવા પામ્યું નથી. તથાપિ આ બધું હું પ્રયત્ને પણ સહન કરી શકું, પરન્તુ માન લેતી વખતના લાલનના શબ્દો તો હું કોઈ રીતે સહન કરી શકું તેમ નથી. "મ્હને માન જોઇતું નથી" "આ કાસ્કેટને હું શું કરું? ક્યાં મૂકું?" કેવાં મજાનાં વૈરાગીનાં વેણ! વિવાહ પ્રસંગે—પછી તે ભલે સો વર્ષના બુઢ્ઢાનો વિવાહ હોય તો પણ—' ગીત ' જ ગવાય, 'છાજીઆં'

નહિ; નહિ તો મ્હારા હોઠ પર શબ્દો આવી રહ્યા હતા કે: "ભલા બાઇ, જોઇતું હતું ને મળ્યું છે—કન્યાની શોધ કરતાં ઘરડા સ્મશાન યોગ્ય થયા ત્હારે માંડમાંડ કન્યા મળી છે, હવે વળી માન શાનું ખાય છે? લે એને હાથમાં અને દાબ છાતી સાથે, કે જેથી મનને તૃપ્તિ થાય." 'હું આ કારકેટને રાખવાની જગા ધરાવતો નથી' એમ જ્યહારે ત્હેમણે કહ્યું તે જ વખતે ત્હેમના કરચલીવાળા ગળામાં ચકચકતો સોનાનો દોરો મ્હારી નજરે પડયો અને મ્હારાથી મનમાં જ બોલાઇ જવાયું "'દુનિયાના કીડા' પૈકી ઘણા એવા છે કે જ્હેમને યુવાનીમાં પણ દાગીના પહેરવાનો છોકરમતભર્યો શોખ નથી હોતો; અને આ તો 'પંડિત'જી—તત્વજ્ઞાની અને વળી વૃદ્ધ બાવા ત્હેમને આ સોનાની કંઠીથી ડોકને શોભાવવાનું કેમ ગમ્યું હશે? ખેર, જાને દો જી, એમાં પણ કાંઇ અધ્યાત્મ છુપાયું હશે!"........પણ નહિ, આ પ્રમાણે હસવામાં રહી મ્હારે લાલનને જતો કરવો જોઇતો નથી. હું જરા વધારે ગંભીર થવા કોશીશ કરીશ અને કહીશ કે, સોના-રૂપાને ન સ્પર્શે એટલો ઉંચો તે ત્યાગી કે મસ્તાની નથી જ, અને તે છતા લાગણીમાં ખેંચાવાને તત્પર એવા જનસમાજના હૃદયને પોતાતરફ પૂજ્યભાવથી જોવાની ફરજ પાડવા માટે આ એક પ્રકારની 'માયા' સેવી છે. નહિ, લાલનને ઉદરનિર્વાહની ચિંતામાંથી અમુક મહાશયે મુક્તિ આપી છે છતાં એનાથી કાઇ નોધવાજોગ—હું જ્હેની ખાસ નોંધ લેવા પ્રેરાઉં એવી પ્રવૃત્તિ ('સેવા' ખાતર કે-પછી પોતાના 'મનની મોજ' ખાતર પણ) થઇ શકી નથી. દેખાવ ઘણો થાય છે, કામ નહિ જેવું. એમના વિચારોમાં મહત્તા અને ઉંડાણ નથી. એમની વકતૃત્વકલા માટે જૈનો ભલે ખુશી થાય અને તાલીઓ પાડે, પણ એમાં છીછરાપણું-ગ્રામ્યતા-ઉપલકીઆપણું-કુદકાભૂસકા અને ગર્જનાઓ છે (કે જેની મદદ ખરા બળની ખામી પૂરવા માટે જ લેવી પડે છે). મી. લાલન એક વખતે સારી આશા આપતા, કોમને જગાડવામાં કારગત થઇ પડે એવા, 'સુધારક' હતા; તેમજ (વચ્ચે વચ્ચે કહી લેવાનું પ્રાપ્ત થાય છે કે,) મી. શીવજી પણ એક વખતે કોમને કેળવણીમાં વધારવાની હીમ્મત કરનાર 'સમાજ-સેવક' તરીકે સારી આશા આપનાર સજ્જન હતા; પણ એ સ્થિતિ એમનાથી છુપાઇ નહિ. જે કોમમાં સુધારકો અને સમાજસેવકોની પૂરી ભૂખ હતી તે કોમને, આ બન્ને તરફ, ઘણું જોઇએ તે કરતાં

પણ વધારે માન ઉપજવા લાગ્યું, અને 'લઘુતમ' બાળકોનાં માટીનાં પાત્રો ગુરૂતમ માન રૂપી સિંહણનું દુધ જીરવી ન શક્યાં. સભાઓ વચ્ચે અને લખાણોની અંદર પોતાને ' લઘુતમ ' કહેવાનું ચાલુ રાખનારાઓ મનમાં તો પોતાને જ્ઞાની અને મહાન નેતા સ્હમજવા લાગ્યા, અને દેખાવ પણ એવો જ કરવા લાગ્યા. પરિણામે સ્થાનભ્રષ્ટ થયા, અને બબ્બેચચ્ચાર છોકરાંઓ પાસેથી માન મેળવી મનરમાડા કરવાની દશામાં મૂકાયા. મી. શીવજીને મુખેથી હું જ્યારે અધ્યાત્મનાં પદ સાંભળું છું અગર અમુક જગોએ એમણે 'ઉપદેશ' કર્યો એવા ખબર મ્હારા કાને પડે છે ત્યારે મ્હને અસહ્ય કંટાળો અને વેદના થાય છે. ગરૂડો અને સિંહોનું તત્ત્વજ્ઞાન શું આ ગંદા ગરનાળામાં થઇને દુનિયાને મળવા વખત આવ્યો ? પ્રભુની ખાતર, ભાઇઓ ! ' સિંહનું ચામડું ' પાછું મૂકો અને 'સુધારક' તથા 'સમાજસેવક' તરીકે જ પ્રમાણિક પ્રવૃત્તિ કરો. તત્ત્વજ્ઞાનીના ઉંચા ગૌરવને ધુળમાં ન રોળો, એને તો નિર્મળ જ રહેવા દો. જૈનસમાજમાં હજી ત્હમારે માટે સ્થળ છે, જરૂર છે; ત્હમે એને સહાય કરી શકશો અને તે ત્હમને માન આપી શકશે—વાજબી રીતે માન આપી શકશે, અને ત્હમને માન પામતા જોઇને મ્હારા જેટલો પ્રસન્ન બીજો કોઇ ભાગ્યે જ થશે.

' હું ખરો ? ' ' તું ખરો ? ' કે ' રૂપિયા ખરા ? '— શ્વેતાંબર (મૂર્તિપૂજક) અને દિગમ્બર બન્ને સંપ્રદાયોમાં તીર્થંકરોની મૂર્તિ પૂજાય છે, પણ પૂજનવિધિમાં જરા ભેદ છે, એટલા નજીવા ભેદપરથી તેઓ એક બીજાના ધર્મને ખોટા ઠરાવવાનું નાકું પકડી બેઠા છે. ગ્રંથો, પેપરો અને ભાષણો દ્વારા એકબીજાને ખોટા ઠરાવવાના પ્રયત્નથી એમને તૃપ્તિ ન થઇ એટલે પછી રૂપિયાની મદદથી ધર્મને જીતાડવાનું શરૂ કર્યું. સમ્મેદશિખર, મકશીજી, તારંગાજી, અંતરીક્ષ પાર્શ્વનાથ વગેરે તીર્થસ્થાનોમાં પોતાનો જ હક્ક છે અને પોતાની રીતથી જ પૂજા થઇ શકે એમ દરેક પક્ષ દાવો કરવા લાગ્યો અને જાણે કે ખરેખર તીર્થંકરોના ધર્મની ' પ્રભાવના '—પ્રચાર જ ન કરતા હોય એવા દેખાવથી ભોળા ભક્તો પાસેથી હજારો નહિ પણ લાખ્ખો રૂપિયા એકઠા કરી કોર્ટની દેરડીએ ચ્હડયા. લાખો રૂપિયા દરેક પક્ષે ઉડાડયા—જે વખતે ખુદ જૈનો ભૂખે અને દુઃખે અને અજ્ઞાને મરે છે અને મદદનાં ફોકટ રોદણાં હમેશ ચાલ્યાં કરે છે તેવે વખતે—પણ કોઇ જીત્યુંએ નહિ ને કોઇ હાર્યુંએ નહિ ! હજારોના ખર્ચે એક

કોર્ટ પાસેથી જીતનું સર્ટિફિકેટ મેળવનાર પક્ષ બીજી કોર્ટમાં હરી જાય અને વળી ત્રીજી કોર્ટે દોડવા અદાલતદીથી નાણાનું બળ એકઠું કરી કમર કસે! લડાવનારા ધર્માંધ મનુષ્યો, જેહેમને 'નાગો ન્હાય શું ને નીચોવે શું?' એવી દશા વર્તે છે, તેઓ આંગળી કરી છેટા રહે છે અને ભોળા ભક્તોના પૈસાનું પાણી થાય છે—હજી થયા કરે છે. હમણાં જ મ્હારા સાંભળવામાં આવ્યું છે કે, મુંબઇમાં દિગમ્બર જૈનોએ તાત્કાલિક ઉપયોગ માટે રૂ ૫૦૦૦૦ નું ફંડ અડધા કલાકમાં કર્યું. શ્વેતામ્બરોની તો આનંદજી કલ્યાણજીની પેઢી આબાદ છે ત્યહાં સુધી કોર્ટો અને વકીલ-બૅરિસ્ટરોને આનંદકલ્યાણ જ છે. પણ એમાં જૈનધર્મનું કે શ્વેતામ્બર દિગમ્બર સંપ્રદાયનું શું વળ્યું તે કોઇ બતાવવા મહેરબાની કરશે? શું અદાલત 'ઇનસાફ' આપી શકશે! હું સમ્પૂર્ણ ખાત્રીથી કહીશ કે, એમ કોઇ કાળે નહિ બની શકે. એનું એક કારણ તો હું કહું તે કરતા જૈનો પોતે વધારે સારી રીતે જાણે છે; અને બીજું કારણ એ છે કે, 'વાળ ચીરવા જેવી' ઇનસાફપદ્ધતિમા એક જ કૃત્ય ગુન્હા તરીકે ઠરાવી શકાય અને તે જ કૃત્ય 'હક્ક' તરીકે ઠરાવી શકાય. ન્યાય ત્હમારી હકીકતો ઉપર આધાર રાખતો નથી, એટલો ત્હમારા વકીલ-બૅરીસ્ટરોની ચાલાકી અને ન્યાયાધીશના ભેજા અને 'તોર'પર આધાર રાખે છે. પોતાનો 'કેસ' તદ્દન સાચો હોવાની આંતરિક ખાત્રીવાળો પક્ષ પણ હમેશ અદાલતમાં જય જ મેળવવાની આશા રાખી શકે નહિ. તો પછી સાચ-જૂઠ આ અચોક્કસ અને ખર્ચાળ ઇનસાફપદ્ધતિ પાસે ઠરાવવાની ઘેલછા છોડી બીજો સુતરો-સરળ અને ખર્ચ વગરનો તથા ત્હમારી, ત્હમારા ધર્મની અને ત્હમારા દેશની કીર્ત્તિમાં વધારો કરે એવો માર્ગ કાં નથી લેતા? શું ત્હમારી વ્યાપારી બુદ્ધિ છેક જ કટાઇ ગઇ કે જેથી ત્હમને કાંઇ માર્ગ ન સુઝે? રાવણનું રાજ્ય રાખનારા બુદ્ધિશાળીઓના વંશજો—ત્હમે—આજે ત્હમારા રાજ્યને (અને તે પણ ધર્મ સમ્બન્ધી રાજ્યને) જાળવવામાં રાવણની મદદની ભીખ માગો છો? દેશદ્રોહીઓ! ત્હમને કુદરત નહિ જ કાર્ગવા દે, તે કથાણુ નહિ પણ ઇનસાફપ્રેમી કુદરત માતા ત્હમને હાર-જીતના દાવમાં ખુવાર કરી બીચારેહાલ અને કમજોર બનાવી મુકશે. ત્હમે શા ઉપર આટલા લખલુટ ખર્ચ કરો છો? કઇ શ્રીમંતાઇ પર? કયા ઉચ્ચ આશયની સફળતા ખાતર? ત્હમારા પૈકીનો જે એક જીતશે ત્હેનો ધર્મ શું એ જીતથી ખરેખર

સાચો ઠરશે ? ના, ના; એનો 'ધર્મ' નહિ પણ એનો 'પૈસો' જીત્યો ગણાશે; અને ધર્મની સચ્ચાઇનો ન્યાય મેળવવો તો-ક્રોડોના ખર્ચ પછી પણ—ઉભો જ રહેશે. ત્હારે વળી ન્યાયપ્રિય સજ્જનો બન્નેને અધર્મી કહેશે; કારણ કે બન્નેના માનેલા તીર્થંકરો ક્લેશ અને ક્રોધ અને પ્રપંચને અધર્મ-પાપ ગણાવે છે.

જે શ્વેતામ્બર કોમ કેળવણીના પ્રચાર માટે છેલ્લાં ૭ વર્ષથી વર્ષે બે હજાર રૂપૈડી ખર્ચતાં પણ ખેંચાય છે તે કોમ પાર્શ્વનાથ ટેકરીપર દિગમ્બરોને પૂજા ન કરવા દેવાની હઠ ખાતર બેચાર લાખ રૂપિયાનું પાણી કરી શકી છે. જે દિગમ્બર કોમ કર્તવ્યપ્રેમી પંડિત પન્નાલાલજીના શાસ્ત્રોદ્ધારના સમાજહિતકારી કાર્ય પાછળ કે જૈન સ્વયંસેવક અર્જુનલાલના છુટકારા માટે કરવી જોઇતી હીલચાલ પાછળ પાંચ-પચીસ હજાર પણ ખર્ચ કરતાં ખચકાય છે તે કોમ પણ પહાડો ઉપર લાખ્ખો રૂપિયા ફેંકી શકી છે. અફસોસ ! જૈનેતરો સમક્ષ જૈનોની કિમત કરાવવાનું જ આ કામ થાય છે કે બીજું કાંઇ ? લોકોમાં જૈનોની મૂર્ખાઇ પર થતી હાસી, જૈનોના નાણાંનું થતુ પાણી, એક બાપના બે દીકરાઓ વચ્ચે વધતો જતો અખાત અને ચીકણા કર્મોનું બંધન : આ સર્વ ગેરલાભો ગમે તેવા બદ્દા માણસની પણ આંખને ખોલવા માટે પૂરતા છે, તથાપિ એથીએ મ્હોટો ગેરલાભ તો એ છે કે જે સમયે હિંદના સપુત્રો અને વિદેશી છતા ઇનસાફપ્રેમી હોવાથી હિંદનો પક્ષ કરતા બ્રિટિશ સદ્દ્ગૃહસ્થો અને સન્નારીઓ હિંદ માટે સ્વરાજ્યની માગણી હમેશ કરતા વધારે બુલંદ અવાજે કરવા લાગ્યાં છે તેવે વખતે ૧૦ લાખ જૈનધર્માનુયાયી હિંદીઓ પોતાનું ધાર્મિક અને સામાજિક રાજ્યતંત્ર પણ પોતે નથી ચલાવી શકતા અને એમાંએ વિધર્મી સરકારને વચ્ચમાં નાખવાની ત્હેમને ગરજ પડે છે એમ બતાવનારૂં વર્તન સ્વરાજ્યની અમારી આશાઓને ફટકા સમાન થઇ પડે છે. જૈનોને જો હરકોઇ ભોગે—ધર્મના ભોગે પણ જીત મેળવવાની જ તાલાવેલી લાગી હોય તો કોર્ટથી તો જીત મળવાની નથી જ; જીતના બે જ રસ્તા છે. પહેલો એ કે, બન્ને પક્ષે તકરારી સ્થળમાં બીરાજતા ભગવાન આગળ તપસ્યા કરવા માંડવી અને ભગવાનને તપસ્યાના જોરથી બોલાવવા, ત્હેમને કહેવું કે " ઓ પ્રભુ ! ત્હારે માટે તો અમે લડીલડીને થાકી મુઆ, અને તું તો લાગણી વગરનો થઇ સિદ્ધશીલામાં ભરાઇ રહ્યો છે ! હવે મહેરબાની કરીને આવ, બાપા આવ, અને કહી દે કે આ જગાએ પૂજા

કરવાનો હક્ક કોને ? બેગાબેગું એ પણ કહી દે (કે જેથી ભવિષ્યમાં પોથીના પુરાવા શોધવાની ખટપટ બચે) કે પ્રથમ કોણ : દિગમ્બર કે શ્વેતાંબર ?" જ્યહાં સુધી ભગવાન સિદ્ધશીલા છોડીને પધારે નહિ અને ખુલાસો કરે નહિ ત્યહાંસુધી બન્ને પક્ષકારોએ તપશ્ચા છોડવી નહિ. આથી એક તો, લોકોના રૂપિયાનું પાણી થતું અટકશે અને કદાચ ભગવાન ખુલાસો કરવા આવવા જેટલો દયાળુ નહિ હોય તો તપશ્યામા ને તપશ્યામાં જેઓનું આયુષ્ય પુરૂં થશે તેઓ સર્વ તપસ્યાના પુન્યથી સ્વર્ગ પામશે. 'દ્રવ્યે' ને 'ભાવે'—બન્ને રીતે એથી લાભ થશે. અને એટલી ધીરજ જૈનોમાં ન રહી હોય અને 'તડ ને ફડ' કરવાની જ હેમની ઇચ્છા હોય તો બીજો પણ રસ્તો ખુલ્લો છે, તે એ કે, સામસામા આવી એવી રીતે લડવું કે જે લડવાથી હારનાર-જીતનાર બન્ને પક્ષોને સરવાળે લાભ જ થાય. એ લડવાની રીત બાથબાથી કે કુસ્તી નથી પણ દેરાસરમા 'આરતીનું ઘી' બોલવામા જેવી રીતે લડો છો—સ્પર્ધા-ઉદાર હરીફાઇ કરો છો—તેવી જાતની છે. અમુક સ્થળે પુજા કરવાના હક્કની 'બોલામણી' કરો, એવી શરતે કે એક લાખથી ઓછી રકમે શરૂ કરવુ નહિ અને પચીસ હજારથી ન્હાની રકમ વડે ચ્હડવુ નહિ, અને જે પક્ષ વધારે રકમ બોલે હેને પૂજાનો સ્વતંત્ર હક્ક મળે, પણ હક્કની કિંમત તરીકે આપવા કહેલી રકમ બન્ને વર્ગના યુવાનોને કેળવણીમાં આગળ વધારવાના કામમાં ખર્ચવાની શરતે બન્નેના આગેવાનોની બનેલી કમીટીને સોંપવામા આવે. આ રીત પણ જો ન પસંદ પડે તો છેલ્લે ત્રીજી —અને ઘણી જ ગંભીર તથા વજનદાર—રીત તો અવશ્ય સ્વીકારવી જ જોઇએ છે. તે એ છે કે, હિંદના પ્રસિદ્ધ નેતાઓ પૈકી ગમે તે એક અથવા બેને પસંદ કરી એમના હાથમા કેસ મૂકી દેવો અને એમનો નિર્ણય બન્નેએ હમેશને માટે કબુલ રાખવો. લોકમાન્ય તીલક, વિદુષી ઍની બીસેન્ટ, મહાત્મા ગાંધી : એમનાથી કોઇ કાળે કોઇનો પક્ષપાત થઇ શકવાનો નથી. તેઓ પક્ષકારોને સંતોષ આપી શકશે, જૈન કોમનું ગૌરવ જાળવી શકશે અને હિંદનું હિત પણ સાચવશે. આ છેલ્લી સૂચના માનવાની જેઓ ના કહેશે તેઓને ખરેખર દેશદ્રોહી કહેવા જોઇશે. જ્હેમનામાં ગાંધી અને તીલક જેવામાં વિશ્વાસ નથી—અગર હેમની સલાહની દરકાર નથી—તેઓને 'હિંદી' કહી શકાય જ નહિ. મ્હેં સૂચવેલ ત્રણે મૂર્તિઓ

ધર્મચુસ્ત છે, મૂર્ત્તિપૂજાને પણ માને છે, દેશનું ગૌરવ જાળવવા અને ખીલવવા માટે તો પ્રાણ પાથરે છે, કાયદાનું જ્ઞાન જડજો કરતાં ઓછું ધરાવતા નથી અને તે સાથે સત્યના અડગ પૂજારી હોઇ કોઇ પણ દિશામાં ઢળી પડે તેમ નથી. બન્ને પક્ષ પૈકીના સમજુ ગૃહસ્થોએ તાકીદે આ દિશામાં હીલચાલ આરંભવી જોઇએ છે. મહાત્મા ગાંધી, જ્હેમની ઉદાર અને નિર્માની પ્રકૃતિને તો આમંત્રણની પણ જરૂર રહેતી નથી, **ત્હેમને તો હું આગ્રહપૂર્વક અરજ કરીશ કે** જૈનો આપને વચ્ચે પડવા અને ન્યાય તોળવાની અરજ કરવા જેટલું ડહાપણ ઉછીનું લાવે એટલો વખત પણ થોભ્યા સિવાય આપ જાતે જ—દેશના ગૌરવ ખાતર અને દેશની એક મહાન કામની પડતી વધતી અટકાવવા ખાતર—સ્વેચ્છાપૂર્વક જ વચ્ચે પડવાની હીલચાલ કરશો. મ્હારી આ અરજ જાણીતા જૈન અગ્રેસર શ્રીયુત ગુલાબચંદ દમણીઆ સૉલીસીટર પ્રત્યે પણ છે.

'સમય એ જ રચે છે બલાબલ' એ કહેનાર સાચો જ છે. એક એવો પણ સમય હતો કે જ્યારે ગુજરાતની કીર્ત્તિ દુનિયામાં ફેલાવનાર અને મુસલમાનના ઝનુની હુમલા સ્હામે તથા માંડલિકોની ખટપટ વચ્ચે પણ ગુજરાતનું સારી રીતે જતન કરવામાં સંપૂર્ણ વિજયી નીવડનાર પુરૂષ એક **જૈન** હતો, અને તે પણ ૨૫-૩૦ વર્ષનો યુવાન જૈન ! આ યુવાન—જેનું નામ પાટણના મંત્રી મુંજાળ હતું—અનેક ટંટા, ખટપટો, સ્વાર્થજાળો અને તોફાનોને ઘણી દુરંદેશીથી અને શાન્તિથી દાબી શકતો. એક ૨૫ વર્ષના જૈન આખા ગુજરાતની શાન્તિ જાળવી શક્યો અને આજે દશલાખ શ્વેતામ્બર—દિગમ્બર જૈનોમાંથી—મ્હોટા મ્હોટા વ્યાપારકુશળ, વયોવૃદ્ધ અને ભણ્યાગણ્યા જૈનોમાંથી —એક ન્હાનીસુની અને તે પણ પોતાના ઘરની 'પંચાયત' કરી શકે એવો કોઇ 'નર' મળી આવતો નથી; **આએ અમારો** 'સમય' છે !

અંતમાં, જે **ભ**ગવાનની પૂજાના ઇજારા માટે આ સોનાની રેલ વહેવડાવવામાં આવે છે તે **ભ**ગવાન જો મુક્તિપુરિની મજા ઘડીભરને માટે મુલ્તવી રાખીને મ્હારી પ્રાર્થના સાંભળવાની દરકાર કરી શકે તેમ હોય તો, ત્હેના પ્રત્યે મ્હારી નમ્ર પ્રાર્થના છે કે "**એવો** વખત આપો કે હું મ્હારા ભાઇઓ અને પુત્રોથી હારૂં અને દુશ્મનોને હરાવું!"

કાઠિયાવાડ દશાશ્રીમાળી વણિક મિત્રમંડળ—મુંબઇ ખાતે થોડાએક સાધારણ સ્થિતિના પરન્તુ કોમી સેવાનો ઉત્સાહ

ધરાવતા યુવાનોએ કાઠિયાવાડી દશાશ્રીમાળી વણિક વર્ગની સેવા માટે એક મંડળ હમણાં ઉભું કર્યું છે. એમનો પહેલો–અને દુરંદેશીભર્યો–નિયમ એ છે કે, નાતને લગતા પ્રશ્નોમાં માથું મારવું નહિ, જુના કે નવા રીવાજો, સુધારા અને ઝગડામાં પડવું જ નહિ. એમનો ઉદ્દેશ છે કેમના માણસોમાંથી નિરક્ષરતા અને નિરાધારતા દૂર કરવાનો. કાઠિયાવાડથી જેઓ નોકરીની શોધ માટે મુંબઇમાં આવે ત્હેમને નોકરીની શોધ કરવામા મદદ કરવી, નોકરી મળતા સુધી ગુજરાનનુ સાધન કરી આપવું, નોકરી કરતા માણસને બીમારી સબબે આવક બંધ થઇ હોય તો બીમારી દરમ્યાન આર્થિક સહાય આપી નીભાવી લેવો, કેળવણી માટે મુંબઇ આવતા વિદ્યાર્થીઓને બનતી મહેનતે સગવડ કરી આપવી; એ ત્હેમના ઉદ્દેશો છે, કે જે સઘળા પ્રશંસાપાત્ર છે. આ રસ્તે તેઓ પોતાના દેશી ભાઇઓની કિંમતી સેવા બજાવી શકશે. પરન્તુ આ કામ માટે મ્હોટો સવાલ નાણાંનો છે. મુંબાઇમા તેમ જ કાઠિયાવાડમાં વસતા દરેક દશા શ્રી-માળી વણિકે (જૈન, વૈષ્ણવ દરેકે) માસિક રૂ ના ની ફી આપી આ મંડળના મેમ્બર થવુ જોઇએ છે. જો ૫૦૦ મેમ્બર થાય તો મહીને રૂ. ૧૨૫ ની ચાલુ આમદાનીમાંથી ઘણાઓને મદદ પહોંચાડ-વાનું બની શકે. એ તો સૌ કોઇ જાણે છે કે, કાઠિયાવાડમા ધંધા-પાણી કે નોકરી નહિ મળવાથી છેવટે ઘણા માણસો મુંબઇ તરફ નજર કરે છે. પણ મુંબઇમાંએ હવે કાઇ પ્રથમની માફક નોકરી–ધંધો મળવો સુગમ નથી લાગવગની ઘણી જરૂર રહે છે, એક–બે મહીના ઘરના રોટલા ખાઇ નોકરીની શોધમાં ફરવુ પડે છે, ત્યારે માંડમાંડ નોકરી મળે છે. એવા માણસોને નોકરીનો પત્તો લગાડી આપવાનુ અને નોકરી મળતા સુધી નીભાવી રાખવાનુ કામ ઓછુ પ્રશંસાપાત્ર નથી. તેમજ અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને સગવડ કરી આપવાનુ કામ પણ ઓછું જરૂરનું નથી. આ માટે કરવા જેવું એ છે કે, વાર્ષિક ૧૦૦૦ થી ઉપરની પેદાશવાળા દશા શ્રીમાળીઓનુ એક લીસ્ટ તૈયાર કરવું અને જ્યારે કોઇ વિદ્યાર્થીને મદદ કરવાનો પ્રસંગ આવે ત્યારે તે વિદ્યાર્થીના વતનની આસપાસના સારી આમદાનીવાળા જ્ઞાતિજનોનાં નામ લીસ્ટમાંથી શોધીને ત્હેમની પાસેથી ફી અને પુસ્તકો જેટલી મદદ (છુટક છુટક) મેળવવા કોશીશ કરવી. તેઓથી તે ન બને તો પછી **બીજાં** શહેરોના સારી આમદાનીવાળા જ્ઞાતિજનોને અપીલ કરવી. થોડા વિદ્યાર્થીઓની ફી તથા પુસ્તકો માટે આખા

કાઠિયાવાડના સુખી જ્ઞાતિજનોમાંથી થોડી થોડી રકમ મેળવવી એ મુશ્કેલ નથી; અને ભોજન માટે, મુંબઇમાં વસતા સારી આમદાનીવાળા દશાશ્રીમાળીઓ પૈકી કેટલાકને મળવાથી, તેઓ એકેક વિદ્યાર્થીને પોતાના રસોડે જમાડવામાં ભાગ્યે જ આનાકાની કરશે. મુંબઇના બહોળા ખર્ચવાળા ચાલુ રસોડામાં એક માણસની રોટલી ભારે પડતી નથી. જે જરૂર છે તે ઉત્સાહી માણસોની છે, કે જેઓ ઉપર સૂચવેલું લીસ્ટ તૈયાર કરી અવારનવાર મુલાકાતો લેતા રહે અને દેશમાં પત્રવ્યવહાર કરતા રહે. સુભાગ્યે મંડળના જન્મદાતાઓ એવા જ ઉત્સાહી છે. હું તેઓ પૈકીના કેટલાકને મળ્યો છું અને હેમના ઉત્સાહથી સંતોષ પામી મ્હારાથી બનતી મદદ કરવા ઇચ્છા બતાવી છે. હિંદના ઉદયમાં-હિંદને પરસ્પર સહાય અને કેળવણીના પ્રચારની જે વખતે વધારેમા વધારે જરૂર છે તેવે વખતે-આવાં મંડળો ઘણો અગત્યનો ભાગ ભજવી શકે. લાઠી, ચોટીલા, થાન, લખતર આદિ બબ્બે ચચ્ચાર મેમ્બરોવાળા ન્હાના ન્હાના મંડળોએ આવા એક વ્યાપક મંડળમાં ભળી જવું જોઇએ છે અને પરસ્પરનું બળ વધારવું જોઇએ છે. 'આર્ય નૈતિક નાટક સમાજ'ના માલેક રા. નકુભાઇ શાહ કે જેઓ એક કાઠિયાવાડી દશાશ્રીમાળી વણિક છે હેમને મ્હેં આ મંડળની ઉપયોગીતા જણાવનારો એક પત્ર લખ્યો હતો, જેના ઉત્તરમાં હેમણે કાંઇ પણ ખર્ચ લીધા સિવાય એક સારો ખેલ મંડળને આપવા કબુલ કર્યું હતું, કે જે ખેલમાંથી સુમારે હજારેક રૂપીઆની પેદાશ મંડળને હમણાં જ થઇ ચુકી છે. રા. નકુભાઇનો આ સ્વદેશપ્રેમ મુંબઇ તથા કાઠિયાવાડમાં વસતા દરેક દશાશ્રીમાળી વણિક બંધુએ અનુકરણ કરવા યોગ્ય છે. એવો પ્રેમ જે બીજાઓ જ્ઞાતિ અને દેશ પ્રત્યે રાખતા હોય તેઓ પોતપોતાની રીતે મંડળને સહાયભૂત થઇ શકે અને તે દ્વારા દેશ અને કોમનો ઉદ્ધાર કરી શકે. તેથી આ મંડળને સમ્પૂર્ણ વિજય ઇચ્છવા સાથે હું મુંબઇ અને કાઠિયાવાડના દશાશ્રીમાળી વણિક બંધુઓએ આગ્રહપૂર્વક અરજ કરીશ કે, તેઓ પૈકી જેઓ મંડળના મેમ્બર બનવાની શક્તિ ધરાવતા હોય તેઓએ મેમ્બર બનવું, પોતાના સ્નેહીસંબંધીઓને મેમ્બર બનવા સમજાવવા, વાર્ષિક રૂ. ૧૦૦૦ થી વધારે આમદાનીવાળા હરકોઇ સ્થળના દશાશ્રીમાળી કાઠિયાવાડી વણીકોનાં નામ-ઠામ (પોતાના જાણવામાં હોય તે) આ મંડળને કે 'જૈનહિતેચ્છુ' ઑફિસને લખી જણાવવાં,

અને જેઓ આબાદ સ્થિતિમાં હોય હેમણે પોતપોતાના તાલુકાના એક, બે કે વધુ વિદ્યાર્થીઓની કેળવણી પાછળ વાપરવાની સરતે પણ અમુક રકમ મંડળીને આપવા બહાર પડવું. પત્રવ્યવહારઃ— શ્રી હીરાચંદ કરમચંદ શાહ, ૩૧૭ કાલબાદેવી રોડ, મુંબઇ.

હાંકપીછેડો ક્યહાં સુધી કરશો?—આ મથાળાની એક ચર્ચા આ પત્રના ગયા ડિસેમ્બરના અંકના પૃષ્ઠ ૩૨૭-૮માં પ્રકટ થઇ હતી. ત્યાર પછી થોડા દિવસ બાદ મુંબઇના સ્થાનકવાસી જૈન સંઘના એક અગ્રેસર શ્રીયુત મેઘજીભાઇ થોભણ એઓએ મ્હને હેમના ઉપર આવેલો કચ્છનો એક પત્ર વંચાવ્યો હતો અને તે પત્રની નકલ 'હિતેચ્છુ'માં પ્રસિદ્ધ કરવા પોષ્ટદ્વારા મોકલી આપી હતી. આ દુઃખદાયક વિષયપર પડદો પાડવાની મ્હારી ઇચ્છા છતાં, એક આગેવાન ગ્રહસ્થની માગણીની છેક જ અવગણના કરવાનુ મ્હને ઉચિત નહિ લાગવાથી એ પત્ર, એમની ઇચ્છા મુજબ, આ નીચે પ્રકટ કરૂં છુ –

સવસ્તિ શ્રી કચ્છ પત્રી મહાસુભસ્થાને સાધર્મીભાઇ શ્રી ૫ શા નથુ મુરજી ત્યા શં઼ઘ સમસ્ત વગેરા શ્રી કચ્છ કાંદાકરાથી લી સાધર્મીભાઈ તેજશી ભીમશી ત્યા માગજી રોજપાર વગેરા શંઘ સમસતના ધર્મસ્નેહ વાચશો. લખવાનુ જે કાંદાકડામા પરમ દારે માજન ભેગો કરાવીકં હતું ને માગણ બંને જુઆ તે બધે જુઠા નીકલેઆ પછી ઈ બાઇને બોલાવીઉ ને કહીક જે હું ભુલી અને મને કરમે છેતરી ને હુ મહાજનની આબે છેક પગની રજ છુ એકદમ નમી પડી માફ માગીક પછે અંઘ આપના શ઼ંગનું વીચાર શીઓ જે ઇ ખોટો કાગલ ફારી નાખો અને બધે જાગે માફી કરીઉં ને કેશાજી સામી ઉપરેથી કલંક ઉતારી છે. બહુ ખુશુ થઈ છે. આખે ગામે ફટકારો દીધું છે ને નઈ તેવા વચનો સાભલેઆ છે ને એકદમ પગે પડવા લાગી પછી બંનેને દયા આવી ને મુકી દીધુ છે ને શંતોશ રાખીશં છે દા તેજશી ભીમશી શા ૧૯૭૨ના ચૈત્ર સુદ ૩ બુધે,

ઉપરે પ્રમાણેનો કચ્છ–કાંદાકરાના સંઘસમસ્ત તરફનો પત્ર, શેઠ મેઘજીભાઇની ઇચ્છાનુસાર, પ્રકટ કરીને જૈનસમાજ સમક્ષ રજુ કરૂં છુ. આ વિષય પર હું પોતે કાંઇ અભિપ્રાય આપવા ઇચ્છતો નથી, લોકો પોતે પોતાની મેળે ઇનસાફ કરી શકશે. પરન્તુ લોકોને ખરો ઇનસાફ કરવા માટે જોઇતાં સાધનો જેટલાં મ્હને મળ્યાં હોય તેટલાં હેમની સમક્ષ રજુ કરવાને તો હું બંધાયલો છું, કે જેથી એક અથવા બીજા પક્ષને, હકીકતોની ગેરહાજરીને લીધે, ગેરઇનસાફ મળવાનો સંભવ ન રહે આ કારણથી, મ્હારા ઉપર આવેલા બીજા પત્રો પણ આ નીચે રજુ કરૂં છું.

પત્ર ૧ લો:—

મહાશય,

આપના 'જૈનહિતેચ્છુ'ના ગયા અંકમાં જે ઢાંકપીછોડાની ઢોલ હતી તે વાંચતા કેટલાક ધર્મઘેલડાઓને ભારે વસમું લાગ્યું. ગામ કાંકરાવાળી બાઇને દબાવીને તેને મોઢેથી એમ કહેવરાવ્યું કે મેં કોઇના કહેવાથી તેનું નામ લીધું હતું, પણ હવે એમ નહીં કરીશ

સાહેબ, આ કામ આવી રીતે દબાણું કે તરતમાં ગામ પત્રીમાં બીજી હોળી પ્રકટી. * * * * * નો ચેલો, નામે * * * * * ની સાથેનો એક વિધવાબાઇનો સંબંધ અને પરિણામે થયેલું ભયંકર કૃત્ય સઘના જાણવામાં આવ્યું. મુંદ્રા—માંડવીવાળાએ ગુરૂને કહ્યું કે ચેલાને રજા આપો હો ગુરૂએ આ વખતે તો ડાહ્યા થઇને હા પાડી છે. પણ વચન કેટલે અંશે પળાય છે તે હવે જોવાનું છે. જો કદાચ સંઘાડાથી બાતલ નહિ કરે તો સંઘાડામાં ભારે ચળવળ થવા સંભવ છે

મહેરબાન સાહેબ, આવા બનાવો ઉપરાઉપરી બનવા છતાં પણ હજી કેટલાક અંધશ્રદ્ધાવાળા મનુષ્યો કહે છે કે એ વાત રાગદ્વેષથી થાય છે. આ તે શું? ઘેલછા કે ધર્માંધપણું?

સાહેબ, આપને લોકો પૂછવા આવ્યા હશે કે આ લેખ કોણે મોકલ્યો હતો? વળી તે લેખ સુધારવાની તમને ભલામણો પણ થઈજ હશે એ બાબતમાં ઘણી કંઈકંઈ વાતો સંભળાય છે પણ આવી બાબતમાં શરમમાં તણાશો તો ધર્મનું સત્યાનાશ જશે તે બાઇ હાલ પત્રીમાં છે તેનું નામ * * * છે (....................) આ માહેતી સિવાય વધારે માહેતી જોઇએ તો મને પુછાવશો મારૂં ચર્ચાપત્ર પ્રગટ કરો તો મારૂં નામ પ્રગટ ન કરશો, કારણકે હું * * * નો સબંધી છું. સં ૧૯૭૨ ના જેઠ સુદ ૧૨ બોમે.

પત્ર ૨ જો:—

શ્રાવકરત્ન, આપના ગયા અંકમાં ઢાંકપીછોડાવાળો લેખ વંચાતા કેટલાક ભોળા ભક્તોએ ભારે ધાંધળ મચાવી હતી. કાંડાકગવાળાને આ લેખની ખબર પડતાં ઉક્ત બાઇને બોલાવી, તેની પાસેથી તે મુનિના આવેલા પત્રો લઇલઇને, છએક જણ મળી-વાંચી-ફાડી નાખ્યા, અને બાઇને એવી ધમકી આપી કે હવે જો તું સાધુનું નામ લઇશ તો તને નાતબાહારી કરીશું અને રોટલા મળતા બંધ કરાવીશું અને દરેક રીતે હેરાન કરીશું. આ ધમકીથી બાઇ ડરી ગઇ ને એવું લખી આપ્યું કે હવેથી હું સાધુનું નામ લઇશ નહીં ને મને કોઇની શીખવણીથી એ મતિ આવી એમ કહીશ. આ કબુલાત લઇને પત્રી મુકામે પુજ્યને પત્ર લખ્યો કે, સાધુ નિર્દોષ છે ને જૈન-

હિતેચ્છુવાળા પર કેસ માંડવો. એમાં પત્રીવાળા, કાંડાકરાવાળા, મુંદ્રા-વાળા ઓશવાળ મળ્યા ને મેઘજી થોભણને લખ્યું કે તમે તે લખ-નાર ને છપાવનારની શોધ કરજો. તેમણે શું કર્યું તે મારા જાણવામાં આવ્યું નથી. આ અરસામાં વળી પત્રીમાં એક અવનવો બનાવ બન્યો. પત્રીમાં × × × × નામની ૧૭ વર્ષની બાઇને હમેલ રહ્યા. તેને × × × × ની × × × મારફતે × × × × કરાવ્યો. પાછળ-થી એ વાતની ખબર પડતાં પુછા થઇ. તેમાંથી કેટલાક લોકોને સારો તડકો પડયો. છેવટે બાઇએ કહ્યું કે × × × × × નામના સાધુ સાથે મારો છેડો હતો, તેમાંથી આ થયું. પત્રીના શ્રાવકોએ પૈસાના જોરથી આ વાત દબાવી પણ મુંદ્રા—માંડવીવાળા શ્રાવકોને ખબર પડવાથી પુજ્ય પાસે ગયા; પુજ્યને પુછ્યું, તેમણે પ્રથમ તો નાકાર દીધો પણ પછી દબાણથી પુછતાં હા કહી. પછી શ્રાવકોએ પુછ્યુ કે હવે × × × × × સાધુ માટે શુ કરવું? ત્યારે પુજ્યે કહ્યુ કે, તમે કહો તેમ. શ્રાવકે પુજ્યના હાથની સહી લીધી ને ઠરાવ કર્યો કે તે સાધુનો વેશ ઉતારવો અને કાં ફરીથી દીક્ષા આ-પવી. આ ઠરાવ કરી પોતપોતાના ગામે ગયા.

આ અરસામાં શેઠ મેઘજી થોભણ કચ્છ—માંડવી આવ્યા, ને ખાના જાણી પુજ્યને તેડવા સાતેક જણ મળી પત્રી ગયા. પૂજ્યને માંડવી પધારવા ઘણુ કહ્યુ, પણ ન માન્યુ. તેના કારણમાં એમ સંભ-ળાય છે કે પૂજ્યે કહ્યુ કે જો × × × × × સાધુનો ગુન્હો ઓછો થાય તો માંડવી આવું. આથી તેઓ ભારે દીલગીર થઇ, જમ્યા વગર, પત્રીથી માંડવી રવાને થયા.

આ બનાવથી કચ્છમાં ભારે ખળભળાટ મોટા પક્ષના સમુદાયમાં ચાલે છે. આનું પરિણામ શું આવશે તે કહી શકાતું નથી. ગુન્હેગારને હજી કાંઇ શિક્ષા થઇ સંભળાતી નથી, તેમ તેમના ભક્તો પણ હજુ વળગી રહ્યા છે. સહેરોવાળા મુગે મોડે જોયા કરે છે.

ગયા અંકના લેખ માટે અમુક ભલા મુનિપર સૌને વહેમ છે, અને એમના ઉપર વેર લેવાની વાતો ચાલે છે. કાંડાકરાની ખરી બી-નાને આવા રૂપમાં મચરડીને સાધુને બચાવવા તથા નિર્દોષ ઠરાવવા ખટપટ કરે છે ત્યારે કોઇ પૂછશે કે બાઇ જ્યારે બાળક લઇને આવી હતી તે વખતે કાંડાકરાના સાચા ભક્તો ક્યાં ગયા હતા? વખાણમાં એક એક થઇ ઠોટડીપર ચડી રવાને કાં થતા હતા? જો તમે સાચા

જ હો તો તે વખતે નાશવાની શી જરૂર? વળી મુનિ નિર્દોષ જ હોત તો પ્રભાતના નાશી કાં જાય ? વળી બાઇ ઉપર મુનિએ લખેલા કાગળો જો બનાવટી હતા તો પછી તેને ફાડી શું કામ નાખો છો? ફાડી નાખ્યા ત્યારે તો એજ સમજાય કે મુનિના ગુન્હાનો લેખીત પુરાવો હાથ લાગ્યો છે તેથી માર્યા જવાશે એમ સમજીને આંહોમાંહે વાંચી ખોટા ઠરાવી ફાડી નાખ્યા હશે. પણ પૂછનાર કોણ છે? અહીં તો, 'આંગો ગોવાળ કહે તે જ ગામ ગાભણી'! એવી વાત છે—એવો જ ન્યાય આ દેશમાં ચાલે છે.

શેઠ મેઘજીભાઇ જો કે માણસ ઉંચા વિચારના હશે તથાપિ તેમને પૂજ્ય માટે મોહ છે, અને તેને લીધે ખરી વાત સમજવા છતાં તે તેમને દબાવીને કહી શકે તેમ નથી. એ પત્રી આવ્યા ત્યારે ખુલ્લા દીલથી જરા દબાવીને કહ્યું હોત કે આમ થશે તો અમે તમારા નથી, તો પૂજ્યને પણ વિચાર કરવો પડત.

કહેવતમા કહેવાય છે કે વાણિયા બહુ ડાહ્યા. પણ હાલ તો વાણિયાનું ડહાપણ મુનિઓ ચરી ગયા છે (ભક્ષ કરી ગયા છે) ! જો અમારામાં ડહાપણ હોત તો અમારો ધર્મ અમારા દેખતા વગોવાત નહીં. પણ લાચાર કે નથી ધર્મનું સાચું અભિમાન, કે નથી શાસ્ત્રનુ જાણપણું, છે માત્ર સાધુનો પક્ષપાત. આવા બનાવો ઉપરાઉપરી બનવાથી મને ડર લાગે છે કે આ ધર્મ ટકવો મુશ્કેલ છે. આ સઘાડાના કેટલાક શ્રાવક બીજા સંઘાડામાં ને કેટલાક બીજા ધર્મમાં પણ ભળવા લાગ્યા છે, પણ તે છતા હજી સાધુઓની અને અગ્રેસરોની આંખ ઉઘડતી નથી અને ઉલટા ગુન્હેગારોના ગુન્હા દબાવતા જાય છે ને શિખામણ આપવા આવે તેને હલકા પાડવા, ધિક્કારવા ને નુકશાન કરવા તૈયાર થાય છે. મારૂં દીલ આ માટે બહુ જ બળે છે તેથી આપને આ હકીકત લખી છે. અમારા દેશની સ્થિતિ એવી છે કે અમારાથી ખુલ્લુ નામ આપવાનું બની શકે નહીં, માટે મારૂં નામ જાહેર ન કરતા હકીકત છાપશો અને બીજી જો આહેતી જોઇએ તે પુછાવશો, તેમજ મુંબઇમા ભાતબજારમાં ઘણા ભાઇઓ છે તેમને મળવાથી પણ હકીકત મળી શકશે. બાકી તો 'ભેંસનાં સીંગડાં ભેંસને ભારે છે' ને 'પાપનો ઘડો ભરાય છે ત્યારે આપોઆપ ફુટે છે.' હાલ એ જ. મુ. × × × (કચ્છ).
તા. ૨૦ જુન ૧૯૧૬.

પત્ર ૩ જો. (બધા અંકમાંના લેખમાંની ખબર આપનાર મહાશય તરફથી).

આવકરત્ન શ્રી ! ' હિતેચ્છુ 'નાં કિંમતી આધ્યાત્મિક પાનાં કચ્છની ગંદી ખટપટ વડે ભરવાની મારે આપને અરજ કરવી પડે છે તે માટે ખરેખર બહુ દીલગીર છું. પરન્તુ સમાજમાંથી સડો અને ક્લેષ કઢાવવા ખાતર આપના આધ્યાત્મિક શોખવાળા વાચકો મારા તરફ મીઠું દીલ રાખશે એમ હું માગી લઉં છું.

આપનો ડિસેમ્બર અંક બહાર પડયા પછી કચ્છમાં હોહા થઈ રહી છે. લખનારને શોધવા સૌ ફાંફાં મારે છે અને આપને પત્રો લખાયા છે એમ મારા જાણવામાં આવ્યું છે. હું કોઇનો દુશ્મન નથી, તેમ આ ચર્ચાથી મને કોઇ રીતે અંગત લાભ ,નથી, માત્ર ધર્મની પડતી બચાવવા ખાતર અને સંઘાડામાં ચાલતો ક્લેષ અટકાવવા ખાતર જ મારે આપના પત્રનું શરણ લેવું પડયું હતું. અને જ્યારે આશય નિર્મળ છે ત્યારે મારે ડરવાની કે છુપાવાની પણ જરૂર નથી. હું જાણું છું કે મારું નામ ખુલ્લું થતા મારા ઉપર કાંઇ કાંઇ વીતકડા વીતશે. પણ ધર્મ ખાતર તે મુગા મુગા સહન કરવા હું તૈયાર છું. માટે જ્યારે પણ આપને પ્રસંગ આવ્યો જણાય ત્યારે નામ ખુલ્લું કરતા જરા પણ અચકાશો. નહિ, અગર યોગ્ય લાગે તો હમણાં જ નામ પ્રસિદ્ધમા મૂકશો.

બાઇને માથે બેવડો જુલમ થયો છે. એક પતિહીન પરાધીન બનેલી સ્ત્રી, કે જેની પાસે કાંઈ પણ રહી જવા પામ્યું હોય તો તે માત્ર શીયલ રત્ન જ રહ્યું હતું, તે રત્ન પણ તેની પાસેથી લુંટવી લઇને, ઉપરથી વળી તેના ઉપર દબાણ કરી-રોટલાની મુશ્કેલી ઉભી કરવાની ધમકી આપી–' મુનિએ કુકર્મ નહોતું કર્યું પણ મ્હેં એમના ઉપર ખોટું આળ મૂક્યું હતું ' એમ બોલવાની ફરજ પાડવી, એ ' લાત ઉપર અપમાન ' કરવા બરાબર-હદપારની નિર્દયતાભરી વર્તણુક નહિ તો બીજું શું વારૂ ?

બાઈ વિધવા છે એ શું ખોટી વાત છે? એણે બાળક જણ્યું અને તે આખા ગામે જોયું તે વાત શું ખોટી છે? બાઇ તે બાળકને લઇને અપાસરે આવી અને ભરપુર મેદની સમક્ષ બધું દુઃખ રોવા લાગી તે વાત શું કોઇ રીતે જૂઠી ઠરાવી શકાય તેમ છે? (ગામ-પરગામના ઘણા માણસો એક ભોજનના પ્રસંગને લઇને તે વખતે

હાજર હતા). બાઇની સામે અપાસરાના બારણાં બંધ કર્યાં—તે બીચારી રડી—ભોળા પાથર્યા—હાહાકાર મચી રહ્યો—તે વખતે કાંદાકરાનું મહાજન ક્યાં ગયું હતું? ભલું થાય પેલા દેરાવાસી બન્ધુ શેઠ નાનજી કુરપારનું કે જેમણે બાઇને સમજાવી, મનાવી, જૈનધર્મની લાજ રાખવા ખાતર ઘેર મોકલાવી દીધી. મહાજનને શું અવસ્વાપિની નિદ્રા આવી હતી કે જેથી તે વખતે સાચ-જૂઠની પરીક્ષાના ઉપાય ન સુઝયા અને હવે રહીરહીને ત્રણ વર્ષે જ્યારે 'હિતેચ્છુ'માં ટીકા થઇ ત્યારે જ બાઇને સાચ-જૂઠ પુછવાનું સુઝયું? એમાં પણ જોવાનું છે કે, અંક બહાર પડયા પછી એક મહીને બાઇની જુબાની લેવામાં આવી છે.

બાઇને હરામી હમેશ રહ્યા બાદ સ્વશુરપક્ષે ઉદરપોષણનું ખર્ચ આપવું બંધ કર્યું હતું, તે વખતે તેને પોષણ આપવા અને વ્યવસ્થા કરવા બાબતના ભુજથી આવેલા પત્રો * કોણે લખ્યા હતા ? એ પત્રો કોના હસ્તાક્ષરના છે ? એ વગેરે બાબતની બારીક તપાસ **બીજાઓની રૂબરૂમાં** કરવા વગર જ કાગળને ફાડી નાખવાનું કારણ શું હતું ? માંડવીના સંઘને તે કાગળ કેમ ન મોકલ્યા ? યા પૂજ્યશ્રી ઉપર ? આમ બેચાર એક પક્ષના માણસો મળી બાઇને ગમે તેમ ધમકાવી એકરાર કરાવી લે અને લેખીત પુરાવારૂપ પત્રો ઘરના ખૂણે બેસી ફાડી નાખે એથી શું દોષિતને દુનિયા નિર્દોષ માની લેવાની હતી કે ?

બાઇએ સાધુ ઉપર ખોટું આળ મૂક્યુ હતુ ! આ એક કેવી વિચિત્ર વાત છે ! શુ કોઇ ખાનદાન કુટુંબની બૈરી કદાપિ એમ કહેવા જાહેરમાં બહાર પડશે કે મ્હને ફલાણા સાથે સમ્બન્ધ છે ? અને તે પણ સાધુનું નામ દે ? સાધુનું નામ દેવાથી એને ફાયદો કાંઇ નથી, જ્યારે નુકશાન દરેક છે સેંકડો માણસો—અને તે પણ પોતાની નાતના—ની રૂબરૂમાં આવીને એક ખાનદાન બાઇને જ્યારે રોઇ કૂટીને—ભોળા પાથરીને આ હકીકત કહેવાની ફરજ પડી હશે

---

* બાઇના ઉપર મુનિએ લખેલા કહેવાતા પત્રોમાંના કેટલાકની મતલબ મને આ પ્રમાણે જણાવવામાં આવી છેઃ—હું ગભરાઇશ નહિ, મેં તારા અને ફરજંદના ભરણપોષણ માટે બંદોબસ્ત કર્યો છે. આપણા ઉપાયો કામ નથી લાગ્યા; જે થયું તે થયું, પણ તું જેમ સુખી થઇશ તે પ્રમાણે કરીશ. તારા માટે મને પુરતી કાળજી છે. હું સાંભળું છું કે તારા સસરાએ ખોરાકી-પોષાકી આપવી બંધ કરી છે પણ તેની ચિંતા કે ફિકર કરીશ નહિ.

ત્યારે એના દુઃખનો કાંઇ પાર હશે ? અને એવી દુઃખીઆરી બાઇને 'દાઝયા ઉપર ડામ' દેવામાં જૈન જેવી દયાળુ કહેવાતી કોમ જરા પણ વિચાર ન કરે એ શું ઓછા ખેદનો વિષય છે ? ફક્ત પોતાના સાધુનું નાક રાખવા માટે, ધણી, શીયલ અને સ્વસુરપક્ષની સહાય એ સર્વ ગુમાવી બેઠેલી બાઈ ઉપર, સાધુને ખોટી રીતે હેરાન કર્યા બાબતના ખોટા એકરાર કરાવવા રૂપી જુલમ ગુજારવો એ તો એક નિર્દયમાં નિર્દય માણસ પણ સહન નહિ કરી શકે.

મુનિ કલ્યાણજી કે જેના બચાવ માટે આ બધી ખટપટ ચાલી રહી છે તેના આ ગુન્હાના પ્રસંગ બાબતમાં હું એક મુદ્દા ઉપર આપનું લક્ષ ખેંચીશ. સંવત્ ૧૯૭૦નું મુનિ કલ્યાણજીનું ચોમાસું કાંદાકરામાં ઠરવાનું હતું તે વખતે આગેવાનો પૈકીના એક ભદ્રિકસ્વભાવી શા. મુરૂ દેરાજે મહારાજ શ્રી કાનજી સ્વામી તથા નાગજી સ્વામીને ભાર દઇને કહ્યું હતું કે, "કલ્યાણજીને ચોમાસુ મુકતા નહિ અને મુકો તો કોઇ મોટેરા સાધુ સાથે જ મુકજો." આ સૂચના કરનારે આગળ પાછળના અનુભવને લઇને જ સૂચના કરી હતી, પણ તે ન માનવામાં આવી, મુનિને કોઇના વડપણ વગર જ ચોમાસું મુક્યા અને મુનિને આ ચોમાસામાં હમેશ કરતાં વધારે પ્રમાણમાં બાઇઓ સાથે આલાપ-સંલાપ અને એકાંતનો પરિચય કરવાની સગવડ મળી (જે માટે ઘણાઓ ચોમાસા દરમ્યાન ટીકા કરતા અને ઠપકો આપતા.) અને પરિણામ શુ આવ્યું તે ફરી કહેવાની જરૂર નથી.

જે બન્યુ તે બન્યુ. બનેલી વાત છૂપાવવા જતાં ઉલટા બેવડા ગુન્હા થાય છે અને વધારે ક્લેષ, કુસંપ અને પાપ જ નીપજે છે. શ્રી જિનરાજનો માર્ગ આપણને સ્પષ્ટ કહે છે કે, દોષ ન થાય તે સૌથી ઉત્તમ, પણ પ્રમાદાદિને લીધે થતો દોષ **સુધારી** લેવામાં જેટલું શ્રેય છે તેટલુ **છૂપાવવામાં** નથી જ. દુનિયાએ ફજેતી જોઇ-જાણી, સંઘમાં ખુદમાં ત્રણ ત્રણ વર્ષ સુધી આ બનાવને લીધે જ અસંતોષ ચાલ્યો, ખેદ-ઉદ્વેગ-ખટપટ-પ્રપંચ પથરાયા, પૂજ્ય શ્રી પોતાને પાય-તખ્ત અથવા ગાદીનું સ્થળ માંડવી છોડવું પડયુ, સાધુ-સાધ્વીનાં મન ઉંચાં થયાં:-આટઆટલું બનવા છતાં હજીએ પક્ષપાત ન છોડાય તો મારે પક્ષકારોને નમ્રતાપૂર્વક અરજ કરવી પડે છે કે, **'જેમ જેમ કાંબળ ભીંજાતી જાય છે તેમ તેમ ભારે થતી જાય છે'** માટે ધર્મશાસ્ત્રોની આજ્ઞા, ધર્મની શુભ કીર્તિ, સંઘાડાનો સંપ, અને

સાધુઓના આચારપર રખાતા અંકુશવડે એમને પોતાને તથા દુનિયાને થતો ફાયદો: આ સર્વ બાબતો ધ્યાનમાં લઇ **હુજીએ સમજો, પક્ષપાત છોડો અને તટસ્થ સજ્જનો પાસે** ન્યાય તોળાવી ગુન્હેગાર જણાય તેને ઘટતો દંડ દઇ સંઘાડાનું ઐક્ય જાળવો. આરોપવાળા મુનિને પણ મારી વિનંતિ છે કે, આપ જેમ વક્તા તરીકે પંકાઓ છો તેમ વિશુદ્ધ ચારિત્ર આરાધક તરીકે પણ પંકાઇ શકશો, અને **ખરી મુક્તિ તો તેથી જ છે**, માટે ખરેખરી નામના કરવી હોય તો આપ જ જાતે ખરી હકીકત જાહેરમાં મૂકી શુદ્ધ બનો, કે જેથી સંઘમાંનો કલેષ આપોઆપ બંધ થાય અને આપની નિર્મળ બુદ્ધિ ઉપર બુદ્ધિશાળી જનો ફીદા થાય. છદ્મસ્થ માણસ કાંઇ દોષ ન જ કરે એમ તો છે જ નહિ; પણ જે સર્જન હોય છે—બીજાઓ કરતાં ઉચ્ચ કોટિનો હોય છે તે માણસ ભૂલ કરીને પસ્તાય છે અને પોતાની જાતે પોતાની નિંદા રૂપી અગ્નિમા પેસી પવિત્ર થાય છે.

જો મુનિશ્રીથી આટલી હિમત ન ધરી શકાય તો મોટીપક્ષના અગ્રેસરો પ્રત્યે મારી વિનતિ છે કે, તેઓએ રા. પીતાંબરભાઇ હાથીભાઇ (પાલનપુરના માજી કારભારી અને સંઘના અગ્રેસર), રા. વાડીલાલ મોતીલાલ શાહ ('જૈનસમાચાર' અને 'જૈનહિતેચ્છુ'-વાળા) રા. પુરૂષોત્તમ માવજી વકીલ (રાજકોટ), રા, અભયચંદ કાળીદાસ વકીલ (જેતલસર કૅમ્પ) એ ચાર ન્યાયી અને વિચારશીલ સંઘહિતેચ્છુઓને કચ્છમા આમંત્રણ આપી તેમની પાસે ફેંસલો કરાવવો અને તે કરે તે મંજુર રાખવાની બન્ને પક્ષે સહીઓ આપવી.

એ વાત કબુલ કરતા પણ ડર લાગતો હોય તો કચ્છ—માંડવીના આગેવાન શેઠ શીવજીભાઈ દેવશી, સેક્રેટરી મી. માણેકચંદ પાનાચંદ, કચ્છ—મુંદ્રા સંઘના આગેવાન શ્રીયુત રામજીભાઇ લાલચંદ, અંજાર સંઘના રા. સાકરચંદ મોતીચંદ પ્રમુ એ ચાર ધર્મપ્રેમી ગૃહસ્થો પર પુરતો વિશ્વાસ મુકી તેમની પાસે ફેંસલો કરાવવો. મને ભરોસો છે કે, આ ગૃહસ્થો થીગડા દીધા વગર સંઘની દશા સુધારવાની લાગણી વાળા અને કોઇથી દબાવ્યા દબે નહિ એવા છે તેથી ન્યાય બરાબર મળશે. બાકી કાંડાકરા જેવા 'સુઇ સુઇને જાગે, ત્યારે ઓજો ખીચડો માગે' એવા ગામના બેચાર માણસો મળી ઢંગધડા વગરના બચાવ કરે એ કોઇ રીતે ચલાવી લેવાય તેમ નથી.

આ લખવામાં મારે કોઇ પર દ્વેષબુદ્ધિ નથી. સંઘની પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે આ લખનારને સમભાવ વર્તે છે. આ સમુદાયમાં બીજા કેટલાક સમુદાયો કરતાં અભ્યાસનું જોર વધારે છે, તેથી તે શોભતો છે, અને કુંદનમાં હીરો મળે તો વધારે દીપે તેમ જ્ઞાનમાં ચારિત્ર મળે તો વધારે કીર્તિ થાય એમ સમજીને જ મારે આ લખવું પડ્યું છે. હું કોઇના ઉપર પણ આક્ષેપ કરવા ખુશી નથી એ હું પરમાત્મ સાક્ષીએ જણાવું છુ: તથાપિ કોઇ વ્યક્તિને મારો દોષ જણાય તો તે પોતાની શુદ્ધતા કરેથી હું તેમની ક્ષમા તેમના ચરણમાં પડીને માગવા તૈયાર છુ. ૐ શાન્તિ શાન્તિ શાન્તિ:

***

બન્ને પક્ષ તરફથી મળેલા પત્રો જાહેર પ્રજાને ઇનસાફ તોળવામાં સાધનભૂત થાય એટલા માટે પ્રસિદ્ધ કરી એટલેથી જ હું વિરમીશ. મ્હારા તરફની કાંઇ ટીકા હમણા ઉમેરવાનું મુલતવી રાખીશ, અને આશા રાખીશ કે શેઠ મેઘજીભાઇ જેવા મુંબઇના ઉદાર વાતાવરણમાં વસતા કચ્છી આગેવાન પોતાના જ સમુદાયના આ કલેશનો નિવેડો લાવવામાં પોતાની સઘળી લાગવગ, અનુભવ શક્તિ અને પ્રમાણિકતાનો પુરતો ઉપયોગ કરશે. 'હિતેચ્છુ'ના કિમતી પાનાં મ્હારે આ દુ:ખજનક ચર્ચાને ધારવા પડયા છે એ માટે હું ઘણો દીલગીર છુ; પણ જગાએ જગાએ આવા અંધેર ચાલે છે તેવા વખતમાં એકાદની બરાબર ખબર લેવામાં આવે તો બીજાઓને ધડો મળે અને ભયથી પણ સીધા ચાલવા લાગે, એ વિચારથી જ 'હિતેચ્છુ'ને ઉંચા વિચારોના આસમાનમાંથી ઘડીભરને માટે નીચે ગટરમાં નાખવુ પડયુ છે; કલ્યાણજીનો તો દંડ થશે ત્હારે થશે પણ વગર ગુન્હાએ 'હિતેચ્છુ' નો દંડ થઇ ગયો છે! કલ્યાણજી તો કાઠિયાવાડમાં લ્હેર કરે છે અને કચ્છવાળા બનાવથી અજાણ્યા છાપાંઓ દ્વારા અસાધારણ બડાઇઓ છપાવે છે. ભોળા બિચારા છાપાવાળાઓ! તેઓ અજાણતાં કુલટાના દલાલ થઇ પડે છે! કાઠિયાવાડી જૈનો-સ્થાનકવાશી તેમજ દેરાવાસી (કારણ કે આ મુનિ વળી દેરાવાસી મુનિની સાથે સાથે વિહાર કરી સાથેજ ભાષણો આપતા ફરે છે અને 'સુધારક' તરીકેનો ફાંકડો દેખાવ કરી બન્ને સમુદાયને ભોળવે છે) બન્નેને વખતસરની ચેતવણી આપવાની ફરજ મ્હારે બજાવવી પડે છે કે, કચ્છમાં કલ્યાણજી મુનિ ઉપર મૂકાયલું ભયંકર આળ

જ્યહાં સુધી દૂર ન થાય ત્યહાં સુધી એમના સંસર્ગમાં ન આવવું અને સ્ત્રીઓના સહવાસમાં ત્હેમને જરા પણ આવવા ન દેવા એ આત્મરક્ષણ માટે આવશ્યક છે.

—વા. મો.* શાહ.

મોડામોડા પણ લજપત સિંહ ગાજ્યો ખરો !:—લાલા લજપતરાયને હિંદના એક સાચા, દુરદેશ તથા સમર્થ રાજદ્વારી પુરૂષ તરીકે તો માત્ર હિંદ જ નહિ પણ દુનિયા પીછાને છે, પરન્તુ તેઓ એક જૈન કુટુમ્બમા જન્મેલા—જન્મથી જૈન—છે એ વાત ઘણા થોડાઓ જાણતા હશે. દશ વર્ષ ઉપર પંજાબમાં ધાર્મિક જુસ્સો ઉત્પન્ન કરવા હું મુસાફરીએ નીકળ્યો હતો ત્યહારે મ્હને જાણવા મળ્યું હતુ કે તેઓ સ્થાનકવાસી જૈન કુટુમ્બમા જન્મ્યા છે, અને ત્હેમના વડીલો એ ધર્મના મુનિ અને આગેવાન શ્રાવક કાયમ રહ્યા છે, જ્યહારે તેઓ પોતે આર્યસમાજમા જોડાયા છે. આ બનાવ માટે ઘણા જૈનો અ દરથી દીલગીર જણાતા હતા, પરન્તુ મ્હને પોતાને એ બનાવ એક જાતનો દીલાસો આપનાર થઈ પડયો હતો. મ્હારા 'જૈનસમાચાર'મા, ત્યાર પછી, મ્હેં અનેક વખત જૈનોને મ્હેણાં મારતાં લાલા લજપતરાયની ધર્મક્રાન્તિ સમ્બન્ધી ખુલ્લો ઇસારો કર્યો હતો અને ઘેટાંઓના ટોળા વચ્ચે સિંહ રહી શકે જ નહિ એમ જણાવ્યુ હતુ. પરન્તુ જૈન કુટુમ્બમાં જન્મેલા અને વર્ષો સુધી જૈનોના સહવાસમાં રહેલા એ રાજદ્વારીએ અત્યાર સુધી આજના જૈન ધર્મ અને જૈન સમાજ સમ્બન્ધમાં પોતાનો અભિપ્રાય કેમ જાહેર કર્યો નહિ હોય એ બાબત હમેશ મ્હને આશ્ચર્ય લાગતું. આખરે વર્ષોની ચુપકી પછી આજે તે સિંહ ગર્જ્યો છે એ જાણી મ્હને તૃપ્તિ થઇ છે. આકાશમા ગડગડાટ થાય ત્યહારે જ સિંહને ગર્જના કરવાની પ્રેરણા થાય છે, મતલબ કે નજીવા બનાવનો પડઘો પાડવા સિંહ દરકાર કરતો નથી, તેમ લજપત સિંહ હમણાં ગર્જ્યો છે તે પણ જૈનો જેવા ઘેટાની આજીજી કે ઉશ્કેરણીનો જવાબ વાળવારૂપે નહિ, પણ હિંદના એક માનીતા પુરૂષ મહાત્મા ગાંધીએ અહિંસા સમ્બન્ધમાં ઉચ્ચારેલા વિચારો (કે જે જૈનના વિચારોને તદ્દન મળતા છે) તેથી ઉશ્કેરાઇને એક લેખદ્વારા હમણાં ગર્જના કરી છે, કે જે ગર્જના દ્વારા જૈનોને તેમજ મહાત્મા ગાંધીને બન્નેને—સચોટ જવાબ મળી જાય છે. આ લેખ ત્હેમણે હમણાં જૅપાનથી લખીને 'મૉડર્ન રિવ્યુ' નામના પ્રથમ પંક્તિના માસિકપત્રમાં

પ્રકટ કરાવ્યો છે, અને પ્રકટ થતાં જ તે લેખના અનુવાદ જૈન પત્રોમાં છપાઇ ગયા છે, જો કે એ માનવંતા પુરૂષપર ટીકા કરવાને હજી કોઇ જૈન પત્રકારે કે સાધુએ હિંમત ધરી નથી. બીજા દરેક સિદ્ધાન્તની માફક અહિંસાના સિદ્ધાન્તની પણ તરફેણ તેમજ વિરૂદ્ધમાં પુષ્કળ બોલાય તેમ છે. કોઇ પણ જમાનામાં, અને દુનિયાના કોઇ પણ ભાગમાં, કોઇ પણ ડાહ્યામાં ડાહ્યો માણસ એવો નથી થયો અને થઇ શકશે પણ નહિ, કે જે એવો કોઇ સિદ્ધાન્ત ઉત્પન્ન કરી શકે, કે જે સિદ્ધાન્ત એકાન્ત સત્ય ધરાવતો હોય. જ્હેને 'સત્ય' કહેવામાં આવે છે તે કોઇ 'ચીજ' નથી, પણ સમર્થ આત્માની 'બનાવટ'—'સૃષ્ટિ'—'કલા' (creation, art, *interpretation* of 'thing's) છે, એ વાત આજે સેંકડે ૯૯ ટકા વિદ્વાનો અને તત્ત્વજ્ઞાનીઓ પણ માનતાં આંચકો ખાશે. એ તો ગમે તેમ હો, 'અહિંસા'ના સિદ્ધાન્તને આજે જૈનો અને મરહુમ જૈન તત્ત્વવેત્તા રાયચંદભાઇના પ્રસંશક શ્રીયુત ગાંધી જે અર્થમાં માને છે તે અર્થ વધારે વખત ચલાવી લેવો એ હિંદને તેમજ esoteric Jainism (જૈન ધર્મની 'નિશ્ચય' દૃષ્ટિ)ને પાલવે તેમ નથી; એટલા માટે લાલા લજપતરાયે 'મૉડર્ન રિવ્યુ' મા કહાડેલા ઉભરાને હું એક જૈન તેમજ હિંદી તરીકે આભાર અને હર્ષની લાગણીથી વધાવું છું અને તે લેખને 'વખતસરની ચેતવણી' રૂપે માની આ નીચે હેનો (બીજાઓએ કરેલા ભાષાન્તરો લાલાજીને અન્યાય આપે એવાં મ્હને લાગવાથી, મ્હારા હાથે જ કરેલો) ગુજરાતી અનુવાદ રજુ કરવાની જરૂર જોઉં છું.—

'अहिंसा परमो धर्मः'—एक 'सिद्धांत' के 'घेलछा' ?

લખનાર, લાલા લજપતરાય.

'સત્યથી વધારે ઉંચો કોઇ ધર્મ નથી' અને 'અહિંસા પરમો ધર્મઃ' થી વધારે મહત્તાવાળો કોઇ જીવનવ્યવહાર નથી. આ સિદ્ધાન્તને જો બરાબર સ્હમજવામાં આવે અને સ્હમજીને વ્યવહારમાં મુકવામાં આવે તો તે વડે મનુષ્ય મહાત્મા અને વીર બને છે; ખોટી રીતે સ્હમજવામાં આવે અને ખોટી રીતે તે પર અમલ કરવામાં આવે તો તેથી મનુષ્ય બાયલો, હીચકારો, નીચ અને બુડથલ બને છે. એવો એક સમય હતો કે જ્યારે હિંદીઓ આ સિદ્ધાન્તને હેના ખરા સ્વરૂપમાં સ્હમજતા અને હેનો માત્ર સદુપયોગ જ કરતા;

અને તે વખતની હિંદી પ્રજા સત્યવાદી, મહત્તાવાળી અને બહાદુર હતી. પછી એવોએ જમાનો આવ્યો કે જ્યહારે કેટલાક ભલા માણસો, જેઓનો આશય ખરેખર શુભ હતો અને જેઓ બીજી બધી રીતે સાધુ પુરૂષ હતા, ત્હેમણે આ 'સિદ્ધાન્ત' ને એક 'ઘેલછા'નુ રૂપ આપ્યુ, અને **બીજા બધા સદ્ગુણોના શિખર પર** આ સિદ્ધાન્તને મુકયો, એટલું જ નહિ પણ, સચ્ચારિત્રની **એકની એક કસોટી** 'અહિંસા પરમો ધર્મઃ' છે એમ મનાવ્યું. બીજા બધા સદ્ગુણો કે જે મનુષ્યો અને પ્રજાઓને મહાન બનાવે છે ત્હેમને તેઓએ પાછળ પાડી દીધા (ગૌણ બનાવ્યા) અને આ ગુણને ભલાઇની સર્વોત્કૃષ્ટ કસોટી તરીકે ઠરાવ્યો. હિમત, શૌર્ય, વીરતા એ સર્વ અદ્રસ્ય થયું. ઇજ્જત અને સ્વપ્રતિષ્ઠા (સ્વમાન) પર પડદો પડયો. સ્વદેશાભિમાન, દેશપ્રેમ, કુટુંબપ્રેમ, જાતિ પ્રત્યે માનની દ્રષ્ટિ. એ સર્વ ભુંસાઇ ગયુ. 'અહિંસા'ના દુરૂપયોગને લીધે જ, બીજી તમામ બાબતોના ભોગે આ એક ગુણ ઉપર અપાતા **અતિશયોક્તિ ભરેલા મહત્વને લીધે જ,** હિંદુઓની સામાજિક, રાજકીય અને નૈતિક અધોગતિ થવા પામી. તેઓના સ્મરણમાંથી આ વાત જ ચાલી ગઇ કે **પુરૂષાર્થ (વીરતા) એ પણ અહિંસા જેટલો જ મ્હોટો સદ્ગુણ છે.** વસ્તુત પુરૂષાર્થનો અર્થ બરાબર સ્હમજવામાં આવે તો તે અને અહિંસા કોઇ રીતે પરસ્પરવિરોધી ગુણો નથી. તેઓ આ સત્યને તો વીસરી જ ગયા કે, સબળ સ્હામે નિર્બળનું રક્ષણ કરવું અને આક્રમણ કરનાર, પચાવી પડનાર, ચોર, બદમાસ, લપટ, દુષ્ટ, સ્ત્રીના શીલપર નીચ હલ્લો કરનાર, ઘાતકી અને ઠગારાને (કોઇ પર) અન્યાય અને ઇજા કરતાં અટકાવવો એ વ્યક્તિગત તેમજ રાષ્ટ્રીય હિત માટે **તદ્દન આવશ્યક છે.** તેઓ આ વાત ભૂલી ગયા કે, દુષ્ટોના હાથથી નિર્દોષને નુકશાન થતું અટકાવવા વાટે, પવિત્રતા પર બલાત્કાર થતો અટકાવવા માટે, બીજાઓના વાજબી હકોપર તરાપ મરાતી અટકાવવા માટે એવી 'માણસાઇ' **જરૂરની છે,** કે જે 'માણસાઇ'પ્રશસ્ત ક્રોધનો અને તેથી નીપજતાં પરિણામોનો ભય બતાવે. તેઓ આ સત્યની અગત્યતા અને મહત્તા વિસરી ગયા કે, દુષ્ટતા, જુલમ અને અત્યાચાર જ્યહારે બલપૂર્વક ફાવવા પ્રયત્ન કરે ત્હારે ત્હેને ફાવવા દેનારાઓ અથવા સહન કરનારાઓ એક રીતે એના સહાય કરનારા અને ઉત્તેજન દેનારા છે, અને કુકર્મીની આબાદી અને જોખમ એવાઓને જ આભારી છે.

હદપારની અને ખોટે રસ્તે પળાતી 'અહિંસા' એ એક એવો ફ્હોવાટ (સડો) છે કે જે શરીરરચનાને વિષમય બનાવે છે, માનસિક શક્તિઓ (faculties) ને ક્ષીણ કરે છે, અને ઓપુરૂષોને અર્ધ ઘેલા, હીસ્ટીરીઆવાળા, ચૈતન્યરહિત તથા મહત્તાવાળા આશય અને મહાન સદ્ગુણને ઉત્સાહપૂર્વક અનુસરવાને નાલાયક બનાવે છે. જૈન ધર્મના સ્થાપકો આત્મસંયમ અને આત્મદમનના મતવાળા મહાત્માઓ હતા. ત્હેમના અનુયાયીઓ એટલે કે જૈન સાધુઓ એવા મહાત્મા છે કે જ્હેમણે વિકારોને મારવામાં અને ઇન્દ્રિઓ તથા મનની વૃત્તિઓને જીતવામા વધારેમાં વધારે ફતેહ મેળવી છે. ટૉલ્સ્ટોયની અહિંસા તો થોડાં જ વર્ષોની પેદાશ છે; જૈનોની અહિંસા હિંદમા છેલ્લાં ૩૦૦૦ વર્ષથી પ્રસિદ્ધ છે અને પળાય છે દુનિયામાં એવો કોઇ દેશ નથી કે જ્હાં હિંદમા છે તેટલા તથા ત્હેના જેવા ચુસ્ત અને તેટલા જૂના કાળથી ચાલ્યા આવતા અહિંસા વ્રતના અનુયાયીઓ હોય, અને તે છતાં દુનીઆમા એવો પણ કોઇ દેશ નથી કે જે આજના અગર છેલ્લાં ૧૫૦૦ વર્ષો ઉપરના હિંદ જેટલો કચરાયલો અને એટલી હદ સુધી માણસાઇભર્યાં સદ્ગુણો ગુમાવી બેઠેલો હોય. કોઇ કદાચ એમ પણ કહેશે કે, આ અધ:પતન અહિંસાના પાલનને લીધે થયું નથી પણ બીજા સદ્ગુણોને છોડવાને પરિણામે થયુ છે. પરંતુ મ્હને તો આગ્રહપૂર્વક કહેવાની ઇચ્છા થાય છે કે, હિંદે સ્વમાન, મરદાનગી અને સદ્ગુણનો રસ્તો છોડયો ત્હેનું એકનું એક કારણ નહિ તો બીજા કારણો સાથેનું એક કારણ અહિંસાના સિદ્ધાન્તનુ ભ્રષ્ટ થયેલુ સ્વરૂપ જ છે. વધારે ખરાબ તો એ છે કે, જે લોકો આ સિદ્ધાન્તમાં એકાન્ત શ્રદ્ધા રાખવાનો દાવો કરે છે તેઓ પોતે જ ત્હેમના વર્તનવડે સાબીત કરી આપે છે કે, આવી જાતના સત્યનો દુરૂપયોગ મનુષ્યને દાંભિક, પુરૂષત્વ-હીન અને ઘાતકી જીદગી તરફ ખેંચી જાય છે. હું એક જૈન કુટુંબમાં જન્મ્યો હતો. મ્હારા દાદાને અહિંસામાં અખંડ શ્રદ્ધા હતી. સાપને મારવા કરતાં સાપથી પોતે મરવાનું તેઓ વધારે પસંદ કરતા. એક કીડાને પણ ઇજા કરવાને તેઓ તૈયાર થતા નહિ. ધર્મક્રિયાઓમાં તેઓ કલાકોના કલાકો ગાળતા. બધી રીતે જોતાં, તેઓ એક ઘણા સદ્ગુણી પુરૂષ હતા. ત્હેમના 'સંઘ'માં તેઓ ઉચ્ચપદ ધરાવતા અને ઘણું માન પામતા. એમના એક ભાઇ સાધુ હતા, કે જે એક ગચ્છના નાયક (આચાર્ય-પૂજ્ય)

હતા. મ્હારી આખી જીંદગીમાં જે જે સાધુઓની મ્હને મુલાકાત થઇ છે તેઓમાંના શ્રેષ્ઠ પુરૂષોમાંના આ એક હતા. તેઓ પોતાના સિદ્ધાન્તો પ્રમાણે બરાબર વર્ત્તન કરતા અને કાયાને ક્લેષ આપવામાં તથા વિકારો અને ઇચ્છાઓને દાબી દેવામાં સરસાઇ ભોગવતા. તથાપિ, નીતિશાસ્ત્રનાં સારામાં સારા ધોરણોના દષ્ટિબિંદુથી જોતાં, તેઓનું જીવન રસવગરનું અને અસ્વાભાવિક હતું.* હું તેઓ પ્રત્યે ચાહ અને માન ધરાવતો, પરન્તુ ત્હેમના પંથને અનુસરી શકયો નહિ, તેમજ તેઓ મ્હને તે પંથને અનુસરતો બનાવવાની દરકાર પણ બતાવતા નહિ. ત્હેમના ભાઇ એટલે કે મ્હારા પોતાના દાદા એક જૂદી જ જાતના માણસ હતા. તેઓ અહિંસાનો સિદ્ધાન્ત--અહિંસાનો ભ્રષ્ટ કરેલો સિદ્ધાન્ત કે જે કોઇ પણ સંજોગોમાં કોઇપણ જીવને મારવાની મના કરે છે તે--માનતા, પણ પોતાના વ્યાપારધંધામાં હરેક પ્રકારની ચાલાકી ચલાવવી ત્હેને તે વાજબી જ નહિ પણ ઠીક સ્હમજતા. એમના વ્યાપારના નીતિશાસ્ત્ર પ્રમાણે આવી ચાલાકીઓ ચલાવવાની છૂટ છે એમ તેઓ માનતા. હું એ પંથના ઘણા માણસોને જાણું છું, કે જેઓ બાળક અને વિધવાની સાથે પ્રસંગ પડતાં ત્હેમનો છેલ્લો કોળીઓ પણ ઝુટવી લે, તથાપિ એક જૂ, પક્ષી કે પશુની હત્યા અટકાવવા માટે હજારો રૂપિયા ખર્ચે. બીજા હિંદુઓ કરતા જૈનો વધારે અનીતિમાન્ છે અગર **અહિંસાને લીધે** તેઓ અનીતિમાન બને છે એવું કાંઇ કહેવાનો મ્હારો આશય નથી.

---

* સાધુ આશ્રમ પરત્વે કરાયલી લાલાજીની આ ટીકાનું અવલોકન ૫-૫૦ પૃષ્ઠો જેટલી ટુંકી જગામાં થઈ શકે તેમ નથી; કારણ કે જે 'નીતિશાસ્ત્ર' (ethics) આજે લાલાજી અને બીજા અનેકાનેક વિદ્વાનોને મન 'ઉત્તમોત્તમ' છે તે નીતિશાસ્ત્રે માનેલા પાયારૂપ સિદ્ધાન્તોની ચર્ચા 'એકડે એક'થી કરવી પડે તેમ છે ફ્રેડરીક નિત્શે જે બળતા શબ્દોમાં તમામ 'નીતિ'ઓના આત્માનો ચીતાર અને અવલોકન આપે છે તે જો અત્રે રજુ કરૂં તો જ લાલાજીનું 'સ્ટેન્ડર્ડ' ('કાટલું') કેટલું 'ખરૂં' કે 'ખોટું' છે તે કહી શકાય તેમ છે, અને ત્યાર પછી વળી માનસશાસ્ત્ર વડે હરેક જાતના asceticism 'સંન્યાસ'ની ચિકિત્સા કરવી પડે તેમ છે. માટે આ કામ બીજા કોઈ પ્રસંગ માટે જ મુલતવી રાખવું ઠીક પડશે. અત્રે એટલું કહેવું બસ થશે કે, પ્રત્યેક વર્તનની 'કિંમત' આંકવા માટે લાલાજી જે નીતિનું સ્ટેન્ડર્ડ શ્રેષ્ઠ માને છે ત્હેને આખી દુનિયા કાંઈ શ્રેષ્ઠ માનતી નથી; યુરપનો મ્હોટામાં મ્હોટા તત્ત્વવેત્તા એ 'નીતિ'ને એક 'રમકડું' માને છે. અને 'સંન્યાસ'ને 'નીતિ' કરતા વિશેષ મહત્તાવાળી 'કલા' ઠરવે છે.

એવાં બીનપાયેદાર તહોમત મૂકવાનું મ્હારાથી દૂર હો ! જૈનો, ત્હેમના પોતાના રસ્તે, એક મહાન કોમ છે; પરન્તુ, અતિથિ-સત્કારની ભાવનાવાળા, બુદ્ધિશાળી અને ધંધામાં પ્રવીણ મનુષ્યો છે, તેવી જ રીતે એ ગુણો હિંદુની બીજી કેટલીક કોમોમાં પણ છે. મ્હારા કહેવાની મતલબ માત્ર એટલી જ છે કે, અહિંસાવ્રતને હદ-પાર ખેંચીને પાળવાને પરિણામે જૈનો કોઈ બીજી કોમો કરતાં વધારે સારા કે વધારે નીતિમાન બની શક્યા નથી. ખરું કહીએ તો ખાસ કરીને જૈનોમાં શોરબકોર (hooliganism) અને જોરનાં બીજાં બાહ્ય ચિન્હો જોવામાં આવે છે; કારણ કે સ્વભાવથી જ જોરથી ડરનારા અને જોરને ધિક્કારનારા હોવાથી તેઓ બીજાઓ કરતાં વિશેષ લાચાર જ છે. તેઓ પોતાનો બચાવ કરી શકતા નથી. યુરોપ, 'બળ'ના ઇશ્વરી 'હક્ક'નો આધુનિક 'અવતાર' છે. યુરોપમાં ટૉલ્સ્ટૉય જન્મ્યો એ યુરોપ માટે ખુશી માનવા જેવું છે. પણ હિંદની વાત જૂદી જ છે. હિંદમાં આપણે જુલમ કરવાના, બથાવી પડવાના કે અતિક્રમણ કરવાના હેતુથી જોર અને સખ્તા-ઇની વકીલાત કરતા નથી. મ્હને વિશ્વાસ છે કે હિંદ એટલે દરજ્જે કદાપિ પહોંચશે નહિ. પરન્તુ, સ્વરક્ષા ખાતર તથા આપણી પત્ની, બ્હેન, પુત્રી કે માતાની ઇજ્જતના રક્ષણ ખાતર કાયદેસરનું બળ વાપરવું એ પણ પાપ છે એવું શિક્ષણ તો ખચીત જ આપણને પાલવવું જોઇતું નથી આવું શિક્ષણ અસ્વાભાવિક અને હીચકારૂં છે. આપણે રાજદ્વારી ખુનામરકીને ધિક્કારીએ છીએ, રે, આપણે એથી પણ આગળ વધીને કાયદેસરનો પદાર્થ મેળવવા ખાતર ગેરકાયદેસરનું જોર વાપરવાની રીતને પણ કદાચ ધિક્કારીએ, પરન્તુ જ્યારે કોઇ મહાન અને માનવંતો પુરૂષ આપણા યુવાનોને એવું શિક્ષણ આપે કે "આપણાં રક્ષણ તળે મૂકાયલા માણસોની ઇજ્જત જાળવવાનો રસ્તો એ છે કે દુષ્ટ હુમલો કરવા ઇચ્છનારના હાથમાં આપણું શરીર મૂકવું; પ્રહાર કરવા કરતાં આમ કરવું એ વધારે શારીરિક અને માનસિક હિંમતનું કામ છે,"—એવું શિક્ષણ આપે ત્હારે તો આપણને ચુપચાપ બેસી રહેવું પાલવી શકે નહિ. દાખલા તરીકે ધારો કે આપણી પુત્રી ઉપર કોઇ દુષ્ટ હુમલો કરે છે. અહિંસાના પોતાના ખ્યાલ પ્રમાણે મી. ગાંધી કહે છે કે, આપણી પુત્રીની ઇજ્જતને બચાવવાનો એકનો એક ઉપાય એ જ છે કે, તે છોકરી

અને હેના સતાવનારની વચ્ચે આપણે ઉભા થઇ રહેવું. પરન્તુ જો તે હુમલો કરનાર આપણને જમીનપર પટકી દઇને પછી પોતાની નીચ ધારણા પુરી કરે તો આપણી પુત્રાની શી વલે થાય ? મી. ગાંધીની માન્યતા એવી છે કે, દુશ્મનના બળ સ્હામે આપણું બળ ચલાવીને હેને અટકાવવાની કોશીશ કરવા કરતાં ગુપચુપ ઉભા રહીને દુશ્મનને હેનાથી થાય તે અનિષ્ટ કરી લેવા દેવો એમાં વધારે માનસિક અને શારીરિક હિંમત છે. મી. ગાંધી માટે ઘણું માન છતાં મ્હારે કહેવું પડશે કે, એમની આ માન્યતાનો કાંઇ અર્થ જ નથી. મી. ગાંધીની જાત માટે મ્હને ઘણું માન છે. જે મનુષ્યોની હુ માનસિક પૂજા કરૂ છુ તેઓમાંના એક મી. ગાંધી છે. એમના આશયની નિર્મળતા અને વફાદારી બાબતમાં મ્હને લેશ માત્ર શંકા નથી. પરન્તુ જે અત્યંત હાનીકારક(pernicious) સિદ્ધાંત હેમણે ઉપદેશ્યો કહેવાય છે તે સિદ્ધાત વિરૂદ્ધ સખ્ત વાંધો ઉઠાવવો એ મ્હારી ફરજ છે એમ હુ માનું છુ. આ વિષયમાં મી. ગાંધી જેવાને પણ નૂતન હિંદના મગજને ભ્રષ્ટ કરવાનુ સ્વાતંત્ર્ય મળવુ જોઇતુ નથી.

રાષ્ટ્રીય ચેતનના ફુવારાને ભ્રષ્ટ કરવાની સત્તા કોઇને પણ ન હોવી જોઇએ. બુધ્ધે—અરે ક્રાઇસ્ટે પણ કદાપિ એવો ઉપદેશ કર્યો નહોતો; ખુદ જૈનો પણ આટલી હદે જવા ખુશી હોય એમ હું નથી માનતો. અરે એ સંજોગોમાં તો ઇજ્જતભેર જીવવું પણ અશક્ય થઇ પડે. આ સિદ્ધાંતને માનનારાથી, પોતાની મરજી મુજબ વર્તનાર મનુષ્યની સ્હામે થઇ શકાય જ નહિ. આવો જ સિદ્ધાન્ત માનવો હતો તો શા માટે મી. ગાંધીએ દક્ષિણ આફ્રિકામાંથી હિંદીઓને હાંકી કહાડવાની નીતિની સ્હામે સત્યાગ્રહનો ઝંડો ઉઠાવી ત્હાંના ગોરા લોકોની લાગણીને દુખવી ? એમના પોતાના સિદ્ધાન્ત પ્રમાણે તો, દક્ષિણ આફ્રિકાના ગોરાઓએ હિંદીઓને કહાડવાની ઇચ્છા બતાવી કે તુરત જ મી. ગાંધીએ ગાંસડાપોટલા લઇને તે દેશ છોડી ચાલ્યા જવું જોઇતુ હતું અને પોતાના સ્વદેશીઓને પણ એવી જ સલાહ આપવી જોઇતી હતી. ખરેખર, હેમના મત પ્રમાણે તો કોઇપણ જાતનો પ્રતિકાર એ ' હિંસા ' જ ગણાય. શારીરિક હિંસા એ માનસિક હિંસાનુ સવિશેષ રૂપ જ છે. ચોર લુટારા કે શત્રુને હઠાવવાનો વિચાર એ જો પાપ ગણાય, તો હેની સામે બળપૂર્વક પ્રતિકાર કરવાનો વળી વધારે પાપ ગણાવું જોઇએ. આ વાત દેખીતી જ એટલી

જાહી છે કે મી. ગાંધીના ભાષણનો રિપોર્ટ કદાચ બરાબર નહિ લખાયો હોય એવી શંકા લઇ જવાનું મ્હને મન થાય છે. પણ આ ભાષણ ઉપર પત્રકારો છૂટથી ટીકા કર્યા કરે છે અને મી. ગાંધીએ કશો ખુલાસો બહાર પાડયો નથી. ગમે તે હો, જ્યહાંસુધી ભાષણનો રિપોર્ટ ખોટો હોવાનું જાહેર કરવામાં આવે નહિ ત્યહાંસુધી મ્હને લાગે છે કે મ્હારાથી ચુપ બેસી શકાય નહિ અને યુવાન હિંદ આ સિદ્ધાન્તને મહાન સત્ય તરીકે માનવા તૈયાર થાય તે મ્હારાથી સહન થાય નહિ. મી. ગાંધી કાલ્પનિક પૂર્ણતાવાળી દુનિયા ઉત્પન્ન કરવા માગે છે. અલબત તે પ્રમાણે કરવાનુ બીજાઓને કહેવાની ત્હેમને જેવી છૂટ છે તેવીજ છૂટ ત્હેમને પોતાને તે પ્રમાણે વર્તવાની પણ છે, પરન્તુ તેવી જ છૂટ–ત્હેમની ભૂલ બતાવી આપવાની છૂટ–મ્હને પણ છે એમ હું માનુ છું.

**
*

લાલા લજપતરાયનો જૈન ધર્મ અને જૈનો સમ્બન્ધી અભિપ્રાય આ પ્રમાણે છે, તે અભિપ્રાય સાચો પણ છે અને ખોટો પણ છે. આજના જૈનોની પ્રકૃતિ, રહેણીકહેણી અને માન્યતાઓ પરથી એ અભિપ્રાય બંધાયલો હોઇ, તે સાચો જ છે. જૈન ધર્મનું અસલ સ્વરૂપ અને પૂર્વના જૈનોનો બલવાન આત્મા યાદ કરીએ તો લાલા લજપતરાયનો આજે પ્રસિદ્ધ થતો અભિપ્રાય ખોટો છે. પરંતુ સંભવ છે કે, એમને પૂર્વના જૈન આત્માનું દર્શન કરાવનાર કોઇ ન પણ મળ્યુ હોય. જૈન શાસ્ત્રમા એક ચુસ્ત અને વ્રતધારી શ્રાવકનું*બયાન છે, કે જે ભોજન કરવા બેસતાં જ દેશદુશ્મનોની ચડાઇના ખબર સાંભળે છે અને યુદ્ધક્ષેત્રમાં દોડે છે; સખ્યાબંધ માણસોનો સંહાર કરતો જૈન છેવટે એક જીવલેણ તીરનો ભોગ થઇ પડે છે અને મરણ પામે છે આજે કીડીમંકોડીની દયા પાળવામાં જીંદગી ગુજા-

* શ્રી 'નિરાવલીઅ' સૂત્ર તથા શ્રી 'ભગવતી'સૂત્રમા, વરણાગનટ્ટ નામના બાર વ્રતધારી શ્રાવકની કથા છે, કે જે બે ઉપવાસ પુરા થતાં પારણું કરવા બેસતો હતો, એટલામાં રણશીંગું સાંભળીને લડવા દોડયો અને મરીને સ્વર્ગે ગયો. શ્રી મહાવીરભક્ત બારવ્રતધારી ચેડારાજાએ કુણિક રાજાસાથે બાર યુદ્ધ કર્યા, જેમાંના એક જ યુદ્ધમાં એક ક્રોડ એંસી લાખ મનુષ્યોનો સંહાર થયો હતો. બીજા પણ સંખ્યાબંધ દાખલા શાસ્ત્રોમાં મોજુદ છે.

રનાર જૈનોના પૂર્વકાળના શાસ્ત્રકારો લખે છે કે, એ યોદ્ધો મરીને સ્વર્ગમાં ગયો, કે જે સ્વર્ગ અહિંસાના ભક્તો માટે જ 'રિઝર્વ્ડ' છે. પણ શું આ યોદ્ધો 'અહિંસાનો ભક્ત નહતો ? શું એણે પોતાના અમૂલ્ય પ્રાણ હજારો સ્વદેશીઓના પ્રાણ અને ઇજ્જતના રક્ષણ ખાતર જ—અને નહિ કે કોઇને મારવાની 'મજા' ખાતર—હોમ્યા નહોતા ? જૈન લડે છે અવશ્ય; પણ તુચ્છ પ્રાપ્તિઓ ખાતર કે હિંસાબુદ્ધિથી લડવામાં હેને 'ગૌરવ' લાગતુ નથી, અને તેથી તેવી રીતે લડવામાં તે 'પાપ' માને છે.—હેને તે 'હિંસા' કહે છે. કોઇ ખાસ જરૂર પડવાથી, કોઇ મહાન આશયની સફળતા ખાતર તે જરૂર લડે છે,—અને ધૈર્યથી, અપ્રમત્ત રીતે, ઉચ્ચ ધ્યાને દૃષ્ટિબિંદુ બનાવીને લડે છે. કતલ કરવી એ જૈનનો આશય નથી, એ એની તૃષ્ણા અને જંખના નથી; પણ કતલ સ્હામે ચાલી આવતી હોય અગર આવવાનો સંભવ દેખાતો હોય તો હેને રોકવા ખાતર લડવા તે જરૂર બહાર પડે છે,—પછી એ લડાઇમાં બીજાઓ કે પોતે મરે તે હેને મન અગત્યની વાત નથી. એક ખરો જૈન શરીર પરની મમતા છોડી બેઠો હોય છે, એ શરીરના લાલનપાલનની દૃષ્ટિથી તે કોઇ કામ કરતો નથી અને કોઇ કામ કરવાનુ બંધ રાખતો નથી. જૈન શ્રાવકના અહિંસા વ્રતમા આ શરતો (conditions) મુખ્ય છે ઇરાદાપૂર્વક—મારવા ખાતર જ મારવાનો હેને ત્યાગ છે; નિરપરાધીને મારવાનો ત્યાગ છે; નિરપેક્ષ હિંસા અથવા ઉચ્ચ અપેક્ષા-આશય વગર મારવાનો ત્યાગ છે. પણ આ સર્વ 'શરતો' એવી છે કે જેમાં બુદ્ધિ, ઉચ્ચ ખમીર અને શરીરબળ: ત્રણેની હાજરી હોય તો જ તે પાળી શકાય. જૈનો નિર્માલ્ય થવા લાગ્યા, શરીરે નબળા અને બુદ્ધિએ મંદ થવા લાગ્યા એટલે પછી સ્વાભાવિક રીતે જ અક્રિય બેસી રહેવામાં, અપમાન ખમી લેવામાં, કોઇ પણ પ્રકારે અને કોઇ પણ સંજોગમાં હાથ નહિ ઉગામવામાં, અહિંસા વ્રતનું પાલન સ્હમજવા લાગ્યા. આમાં જૈન ધર્મનો કે જૈનતત્ત્વજ્ઞાનનો દોષ નથી. મનુષ્ય નામનો છોડ કોઇ ઋતુમાં ફાલેફૂલે છે અને કોઇ ઋતુમાં નબળો બને છે. આ વારાફેરા કોઇ અમુક ફીલસુફીઓને પરિણામે બને છે એવું કહેનારાઓએ કુદરતના અગમ્ય રસ્તા પર વિચાર કર્યો હોતો નથી. દેશો ચ્હડે છે અને પડે છે, પ્રજાઓ બળવાન થાય છે અને નિસ્તેજ બને છે, ધર્મો

દિગ્વિજય કરે છે અને લડે છેઃ આ સર્વ આ ગોળાકાર અને અખંડ ફર્યા કરતી દુનિયામાં બન્યા જ કરે છેઃ એનાં તાત્કાલિક કારણો બુદ્ધિમાનો ગમે તેટલાં શોધી આપે, પરન્તુ મૂળ કારણ જડવાનું જ નથી; કારણ કે બહુ ઉંડા જતાં 'કાર્ય' અને 'કારણ' વચ્ચે બુદ્ધિએ માનેલો સમ્બન્ધ જ અદૃશ્ય થાય છે—'ભ્રમણા' દેખાય છે. દેશદાઝ એ પણ એવી જ એક 'ભ્રમણા' છે, અને યુદ્ધનો સર્વોપરી હીમાયતી જર્મન ફીલસુફ ફ્રેડરીક નિત્શે પણ એમ જ કહે છે; હા, જગજ્જનોમાં 'શક્તિ' ની ભાવના (Will to Power) ખીલવવા માટે એ જરૂરની—ઉચ્ચાશયવાળી—ભ્રમણા છે અને એટલા માટે પ્રજાની સમક્ષ દેશદાઝને 'નીતિ' અથવા 'સદ્ગુણ' તરીકે જ રજુ કરવાની જરૂર છે.

મ્હને લાગે છે કે, જે વખતે જે દેશમાં એક દુર્ગુણનું જોર વધે તે વખતે તે દેશમાં તે દુર્ગુણના વિરોધી સદ્ગુણને હદપારના રૂપમાં ગોઠવીને 'નીતિ' કે 'ધર્મ' તરીકે સ્થાપવાની જરૂર પડે છે, કે જેથી બે પક્ષની ખેંચતાણને પરિણામે સમાજ મધ્યસ્થળે આવવા પામે. લાંબા વખતના જોરને હંફાવવા માટે તેથી પણ વિશેષ પ્રતિજોર ઇરાદાપૂર્વક વાપરવું પડે. ઘાતકી અને હિંસક રૂઢિઓ ચાલતી હોય તેવે પ્રસંગે દયાની હદપારની વ્યાખ્યા ચલાવવી પડે અને હદપારના દયાળુ એટલે કે નિર્માલ્ય જમાનાને બદલવા માટે સખ્તાઇને ધર્મ તરીકે ઉપદેશવી પડે. આવા ઉપદેશકોને હું 'જૂઠ્ઠા' ન માનું; કુદરતના અભ્યાસી, વિચારક અને બલવાન 'સૃષ્ટા' માનું. સૃષ્ટિ રચનારા કોઇ દિવસ "દયાળુ' હોતા નથી, તેઓ સત્યનાં જ પૂતળાં બનવાનુ પસંદ કરી શકતા નથી.

હું હજાર વખત કહી ગયો છુ અને ફરી કહું છું કે, ધર્મ એ 'ઇશ્વરો'ની (બલવત્તમ પુરૂષોની) 'કલા' છે. તેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પર દૃષ્ટિ રાખીને સામાન્ય ગણને બલવાન-મહત્તાપૂર્ણ બનાવવા માટે વ્યવસ્થા ગોઠવે છે, જેને 'ધર્મ' કહેવાય છે. આ વ્યવસ્થા ગોઠવનારાઓ જડ અને ચૈતન્યની પ્રકૃતિને—કુદરતને સારી રીતે જાણતા હોય છે. તેઓ જાણે છે કે મનુષ્યને વિજયશાલી કે મહાન બનાવવા માટે પહેલુ પગથીઉં એ છે કે ત્હેને પોતાપર વિજય મેળવતો બનાવવો, અર્થાત્ ઇન્દ્રિયવિષયક ક્ષુધા અને લાલચો

સ્હામે યુદ્ધ કરતાં અને ત્હેમાં વિજય મેળવતાં ત્હેને શિખવવું. આ આશયથી વ્રતો,તપજપ, દાનપૂન્ય ઇત્યાદિની રચના કરવામાં આવે છે, અને એ તમામમાં સ્વર્ગફલની લાલચ મુકવામાં આવે છે, કારણકે ઇન્દ્રિયજન્ય સુખો સિવાય બીજાં કોઇ સુખોનુ ભાન એ વખતે મનુષ્યને હોતું નથી. આ પ્રમાણે મનુષ્ય ક્રમેક્રમે ઇન્દ્રિયવિષયક સુધા ઉપર વિજય મેળવવા લાગે છે એટલે પછી ઇન્દ્રિઓ અને મન એને પાળેલા અશ્વ, સીકારી કૂતરા, કૃષ્ણનું વાહન ગરૂડ, ઇત્યાદિ તરીકે કામે લાગે છે, અર્થાત્ ત્હેના ઉચ્ચ મનોરથોને પાર પાડવામાં એ ઇન્દ્રિઓ અને મન આજ્ઞાકારી નોકરની માફક કામ આપે છે. એ વખતે તે મનુષ્ય વ્રતો અને નિયમોના બંધનથી છૂટો અને 'ભલા' 'બુડા'ની વ્યાખ્યાથી 'પર' પહોંચેલો હોય છે. તે નથી માનતો હિંસાને અધર્મ કે અહિંસાને ધર્મ. એ દરેક કાર્ય માટે પોતાની વ્યાખ્યા પોતે જ રચે છે.

' It is not the evil instincts which have to be overcome, the so-called good instincts must be conquered also and consecrated anew." F N

આ અધ્યાત્મ પ્રથમ ક્ષત્રિયાત્માઓને પ્રાપ્ત થયુ હતું અને ત્હેમની પાસેથી બ્રાહ્મણોને મળ્યુ હતું, ક્ષત્રિયો એવા જબરા અધ્યાત્મી હતા કે એમને અધ્યાત્મ ભજવવામાં ' મજા ' પડતી પણ એને બીજાઓ માટે અમુક આકારમા મુકી આપવાની ગરજ ત્હેમને નહોતી. તે કામ પાછળથી બ્રાહ્મણોએ કર્યું. જ્યહારે ક્ષત્રિયો ન રહ્યા અને બ્રાહ્મણો પણ ન રહ્યા ત્યહારે દેશમાં વીરત્વવાળા અધ્યાત્મનું અધઃપતન થયુ અને નબળાઇને ધર્મ તથા બુડથલપણાને ભક્તિનુ નામ મળવા લાગ્યુ. જૈન ધર્મ આજે પણ છે અને વેદ ધર્મ પણ આજે હયાત છે, નિશ્ચય નયના શાસ્ત્રો આજે મોજુદ છે અને પૂર્ણાવતાર કૃષ્ણ (The Perfect Incarnation–Superman)ની ગીતા પણ આજે હયાત છે, તથાપિ જૈનો અને હિંદુઓ પ્રાયઃ નિર્માલ્ય છે. પાંચપચાસ માનવંતા અપવાદો સિવાય આખો હિંદ આજે આધ્યાત્મિક નિર્બળતામાં સબડે છે. શક્તિ મૈયા—The will to Power—જીવનનું એ સત્વ—મનુષ્યોનો એ ' આત્મા '—આત્માનો એ ' ધર્મ '—આજે હિંદમાથી રીસાઇ ગયો છે. એમાં નથી દોષ ગીતાનો, કે નથી જૈન શાસ્ત્રોનો; કુદરતમાં શક્તિ હદ વગરની

નથી, મર્યાદિત છે, જે ઘટતી નથી અને વધતીએ નથી; પણ એક જગાએ વધે છે તો તેટલા પ્રમાણમાં બીજી જગાએ ઘટે છે. ધર્મોને ઠપકો દેવો છોડી જો આપણે હિંદમા સમર્થ પુરૂષો ઉત્પન્ન કરીએ તો એ સમર્થ પુરૂષોનું જીવન એ જ નૂતન હિંદનો ધર્મ મનાશે, તેઓ એવા વિજળીક શક્તિવાળા હશે કે એમનો દરેક શબ્દ અને દરેક કાર્ય ધર્મ તરીકે જ મનાશે અને લોકો એમની દ્વારા આધ્યાત્મિક જીવન શિખશે. ધર્મો અને ફીલસુફીઓ નહિ, મહાન પુરૂષો એ જ મુદ્દાની બાબત છે; એઓ જ નૂતન સમાજના અને નૂતન ધર્મના સ્રષ્ટા-ઇશ્વર છે અને એમની પોતાની રીતે પુરાણા ધર્મના ઉદ્ધારક છે. લાલાજી ! જવા દો જૈનીઝમને અને બીજા દરેક ઇઝમને ચર્ચવાની તકલીફ; એમા ત્હમારા જેવા મહાપુરૂષોનો નવો આત્મા મુકી સજીવન કરો એ જ જરૂરનુ છે. Tiansvaluation of all values, giving new values to all current doctrines and beliefs is what is badly needed. Commanderes and Krishnas are what the world needs and needs most badly.

ફ્રાન્સ ફ્ક્કીલાલ હતું, એક જ Superman નેપોલીઅન પાકયો અને ફ્રાન્સ આખું બદલાઇ ગયુ, જો કે એણે કોઇ 'ધર્મ' ઉપદેશવાની દરકાર કરી નહતી.

મગજ એ શરીરમા સૌથી અગત્યનો ભાગ છે, પણ એની હયાતી અને મહત્તા જાળવવા માટે હાથ, પગ અને પેટ વગેરેની પણ જરૂર છે. રાજ કરવુ એ મગજનો 'ધર્મ' છે, પણ એય ઘણુ સારૂં છે કે મુગામુગા આજ્ઞા પાળવી એને જ પેટ વગેરેએ પોતાનો 'ધર્મ' માન્યો છે. દયાળુ અને સર્વથા હિંસાને પાપ માનનારાની હયાતી હોય એ પણ 'રાજમાર્ગ'ના આશય પાર પાડવામાં જરૂરનું તત્ત્વ છે. એ તત્ત્વ સાથે ઋીડાવાને બદલે એ તત્ત્વને કામમાં લેનારા પુરૂષો ઉત્પન્ન કરવાની વધારે જરૂર છે. "None of them wish to bear the burden of the commander; but they will perform the most strenuous task *if only* thou commandest them." × × × "Oh the profound sterility of the nineteenth century ! I have not encountered a single man

who *really* had a New Ideal to *bring forward*. Apparently *everything* is decadence. We should *so direct* this movement of decline *that* it may provide the strongest with a *new form* of existence." "No leaps must be made in virtue! But everyone must be *given a different path*! Not leading to the *highest* development of *each*! Yet everyone may be a *bridge* and an example for others." * * * "To help, to pity, to submit and to renounce personal attacks with a good will,—these things may make even insignificant and superficial men *tolerable* to the eye such men *must not be contradicted in their belief* that this good will is 'virtue in itself'." × × × "The so-called morality is the concern of those who *cannot* free themselves from it for such people 'morality' therefore belongs to the *Conditions of existence*. It is *impossible* to refute *conditions of existence*."

લાલાજી કહે છે કે, અને ખરૂ જ કહે છે કે, મહાત્મા ટૉલ્સ્ટૉયની અહિંસા તો આજકાલની છે, પણ જૈનોમાં તો હજારો વર્ષથી અહિંસાના સિદ્ધાન્તની પૂજા થતી આવી છે; માત્ર છેલ્લાં ૧૫૦૦ વર્ષથી જ દેશ પુરૂષાર્થહીન થયો છે, તે પહેલાંના જૈનો અને અન્ય હિંદીઓ વીર હતા. મતલબ કે અહિંસા પહેલાં હતી અને આજે પણ છે, છતાં આજના જેવું નિર્માલ્યપણું પહેલાં ન હોતું: આનું કારણ શું? પ્રબલ આત્માઓની ન્યૂનતા અથવા ખોટ પ્રબલ આત્માઓ સિવાય બીજાઓથી મહાન સિદ્ધાન્તનું રહસ્યજ્ઞાન સમજી શકાય નહિ, અને તેઓ પોતાની નબળી પ્રકૃતિને સ્હેલું લાગે તે જ કરવા લલચાય. આ જ કારણથી જૈનશાસ્ત્રકારોએ ઠરાવ્યું હતું કે, જૈન 'સૂત્રો' માત્ર 'અધિકારી' જીવાત્માઓએ જ વાંચવાં; બીજાઓએ તો 'અધિકારી'ઓ કહે તેમ કરવું. બાકી

અથવા ગહન તત્ત્વો ગહન અને સમર્થ પુરુષો માટે છે; બીજાઓ માટે—સામાન્ય ગણ માટે—તો સમર્થ પુરુષો સમયાનુકૂળ આજ્ઞાઓ 'રચે' તે જ 'ધર્મ'! કેવું મહાન સત્ય! પરન્તુ 'અધિકારી'ઓ ભ્રષ્ટ થયા એટલે પછી લોકો બેવડા ભ્રષ્ટ થયા. આમાં શાસ્ત્રોનો શો દોષ? સમય પલટાય છે એટલે અનેક નિમિત્તો બની આવે છેઃ બુદ્ધિ માત્ર નિમિત્તને જોઇ શકે છે, ત્હેની પાછળના યન્ત્રને તે જોઇ શકતી નથી.

લાલાજી એ પણ કહે છે કે, જે જૈનો અહિંસાના સિદ્ધાન્તમાં પૂર્ણ શ્રદ્ધા હોવાનો દાવો કરે છે તેઓ પોતે જ પોતાના વર્તન દ્વારા સાબીત કરી આપે છે કે અહિંસાનો અવિચારી ઉપયોગ મનુષ્યના જીવનને દંભી, કૃતઘ્ની અને નિર્માલ્ય બનાવે છે, એમના કથનને ખુલ્લા રૂપમાં કહીએ તો, જૈનો પ્રાયઃ આવા બની ગયા છે. લાલા લજપતરાયને બદલે બીજી કોઇ વ્યક્તિની કલમથી આ શબ્દો લખાયા હોત તો જૈનો કેટલુંએ તોફાન કરવા મંડી પડ્યા હોત! પણ જૈન કુટુમ્બમાં જન્મેલા લાલાજીના આ કથનને એ જ કુટુમ્બમાં જન્મેલો હું અનુભવથી ટેકો આપી શકીશ. જૈનોની બેહદ સેવા બજાવનાર પંડિત અર્જુનલાલ શેઠીને કાંઇપણ તપાસ વગર મર્યાદા વગરની મુદત માટે જેલમાં હડસેલી દેવામાં આવ્યો, તે છતાં આ 'દયાળુ' હોવાનો દાવો કરનારી જૈન કોમે ત્હેને છોડવવાના કે ઇનસાફ અપાવવાનાં ક્યાં પગલાં ભર્યાં? શું આ કૃતઘ્નતાની અવધિ નથી? દયાના સિદ્ધાન્તની પોક મુકનારાઓનો દંભ નહિ તો આ બીજું શું છે? નમાલાપણાની ખાત્રી કરાવનાર આના જેવો બીજો કયો પુરાવો મળી શકે? મ્હને યાદ છે કે શરૂઆતમાં જ્યારે મ્હેં આ સમ્બન્ધમાં વિચાર કરવા માટે ત્રણે જૈન ફીરકાની એક સભા મુંબઇમાં બોલાવવા કોશીશ કરી તે વખતે એક દિગમ્બર પત્રે "અર્જુનલાલને છોડાવવાનો યત્ન કરવો એ 'ધર્મ' નથી" એવું લોકોને સ્હમજાવવા માટે ચાંપીચોડી ઠોકસુઝી ડોંગી હતી અને નિર્દયતા તથા હીચકારાપણાની અવધિ કરી હતી. હમણાં હું જ્યારે આ લખું છું ત્હારે મ્હને ખબર મળ્યા છે કે એક આગેવાન શ્વેતામ્બર મૂર્તિપૂજક આગેવાને અર્જુનલાલના છુટકારા બાબતમાં એ કોમના અમુક પત્રમાં કાંઇ ન લખવા દેવું એવી સલાહ

બીજા આગેવાનોને લખી જણાવી છે. ડીચકારી પ્રકૃતિ હમેશ ઉચ્ચતમ ફીલસુફીને પણ ડીચકારૂં સ્વરૂપ જ આપે છે. આ માત્ર કુદરતનો કાનુન છે; ધર્મનો એમાં શું દોષ છે? હું ઇચ્છું છું કે આવા લોકોને —આવી 'ધર્મની પુંછડીઓ'ને લૂટારા, ધાડપાડુઓ અને જુલમી રાજાઓનો પ્રસગ મળે અને એમાંથી તેઓ નવું અને ખરૂં શિક્ષણ પામે ! જૈનો 'દંભી' નથી એમ જો કોઇ હિમતથી કહેવા બહાર પડે પડે તો એના જવાબમાં એક નહિ પણ અગ્યારસો દાખલા આપવા હું તૈયાર છું. આખા હિંદે અર્જુનલાલ વાળા બનાવ પર ટીકા કરવા માંડી ત્યારે પોતામાં કાંઇક દૈવત છે ખરૂ એવો દેખાવ કરવા માટે દિગમ્બર જૈનોએ પોતાની કૉન્ફરન્સમાં ઠરાવ કર્યો (કરવો પડયો) કે આ બાબતમા એક ડેપ્યુટેશન ના. વાઇસરૉય પાસે મોકલવુ. આ ઠરાવ હજી પડયો પડયો સડયા કરે છે અને નિર્દોષ અર્જુન પણ જેલમાં સડયા કરે છે. જૈનો ઉપર હું છાસવારે ને છાસવારે બખાળા કહાડું છુ તે અમસ્થા જ કહાડુ છુ એમ કયો વિચારવાન મનુષ્ય છાતી પર હાથ મૂકીને કહી શકશે?

હિંદી મહાત્મા ગાંધી રશિયન મહાત્મા ટૉલ્સ્ટોયના સિદ્ધાન્તનું અનુકરણ કરે છે એ બાબતમાં પણ લાલાજીએ વાજબી જ 'પ્રોટેસ્ટ' ઉઠાવ્યો છે. 'Passive Resistance' એ એક સદ્ગુણ ખરો, પણ સઘળા સંજોગોમાં તો નહિ જ. ખરો જૈન એટલે એક સમ્પૂર્ણ મનુષ્ય કોઇ ચીજની કિંમત એક જ દૃષ્ટિથી આંકી શકે નહિ : તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એવાં ચારે તત્ત્વો પર નજર રાખીને કિંમત આંકે. સચ્ચારિત્ર હોવું એ અતિ દુષ્કર મનાયુ છે એનુ કારણ જ એ છે કે કયે વખતે અને કયા સંયોગોમાં કેવું વર્તન ચલાવવું એ બાબતનો નિર્ણય કરવામાં એણે પુષ્કળ 'વિવેક' (discrimination) કરવો પડે છે, અનેક 'નય' અને 'નિક્ષેપ'—અનેક દૃષ્ટિબિંદુઓથી વિચાર કરવો પડે છે. વિચાર જેમ વધારે દૃષ્ટિબિંદુઓથી કરાય અને તે સાથે વળી નિર્ણય જેમ ત્વરાથી કરાય, તેમ માણસનું ચારિત્ર વધારે ઉંચુ ગણાય. એક જ ચીજને હમેશને માટે વળગી રહેવામાં ચારિત્રની મહત્તા નથી. રશિયા જેવા ક્રૂરતામાં મજા માનનારા દેશ-કાળમાં હદપારની દયા પ્રબોધનાર ટૉલ્સ્ટોય અવશ્ય ધર્મમૂર્ત્તિ ગણાવો જોઇએ, જીવતા માણસને વિનાકારણે ખીલા મારવામાં મજા માનનારા દેશ-કાળમાં ક્રાઇસ્ટ તથા મૂર્ખાઇથી

પશુઓને હોમવામાં મજા લેનારા દેશ-કાળમાં બુદ્ધ ખરેખર ધર્મ-મૂર્તિઓ—પરમેશ્વરો—ગણાય અને ગણાવા જોઇએ. જૈન શાસ્ત્રોમાંના એક 'વિપાકસૂત્ર'ના ત્રીજા અધ્યયનમાં તે વખતની પીશાચી પ્રકૃતિનો ખ્યાલ આપતી એક નોંધ છે, જે આ પ્રમાણે છે: "શ્રમણ ભગવાન મહાવીરના વડા શિષ્ય ગૌતમ, ભગવાનની આજ્ઞા માગી, ગામમાં ગોચરી માટે ગયા, જ્યાં ત્હેમણે રાજમાર્ગમાં નીચે મુજબનો દેખાવ જોયો· એક પુરૂષને બે હાથે બાંધીને, ઘણા હાથી-ઘોડા અને હથિયારબંધ માણસોની વચ્ચે, રાજાના માણસો પહેલા ચકલે બેસાડીને, ત્હેની સમક્ષ ત્હેના આઠ કાકાઓને મારી, તેઓ તરફડતા અને દયાજનક શબ્દો કરતા હોવા છતાં, તેઓના શરીરના માસના કાકણી સરખા કકડા કરી ત્હેને ખવરાવે છે બીજા ચકલે, આઠ કાકીઓને ત્હેની સમક્ષ મારીને ત્હેમનું માંસ ત્હેને ખવરાવે છે. ત્રીજા ચકલે, આઠ વડા કાકાઓને અને ચોથા ચકલે આઠ વડી કાકીઓને મારીને ત્હેમનુ માંસ તે બદીવાનને ખવરાવે છે. પાંચમા ચકલે ત્હેના પોતાના આઠ પુત્રો, છઠ્ઠા ચકલે આઠ પુત્રવધુઓ, સાતમા ચકલે આઠ જમાઇ, આઠમા ચકલે આઠ પુત્રીઓ, નવમા ચકલે આઠ પુત્રીના પુત્રો, દસમા ચકલે આઠ પુત્રીની પુત્રીઓ અગીઆરમા ચકલે આઠ પુત્રીની પુત્રીઓના પતિ, બારમા ચકલે આઠ પુત્રીના પુત્રોની વહુઓ, તેરમા ચકલે આઠ ફુઆ, ચૌદમા ચકલે આઠ ફોઇઓ, પંદરમા ચકલે આઠ માસા, સોળમા ચકલે આઠ માસીઓ, સતરમા ચકલે આઠ મામા, અને અઢારમા ચકલે બાકી રહેલા મિત્રો, સહજાતિ, સગોત્ર, દાસ-દાસી તથા માતાપિતાને મારીને ત્હેમના કાકણી સરખા માસના ટુકડા કરી ખવરાવે છે અને તેઓનુ લોહી પાય છે." આ વર્ણન વાંચતા કોને નહિ લાગે કે નિર્દયતા અને નિરર્થક ક્રૂરતાની અવધિનો એ જમાનો હશે? ધ્યાનમાં રહે કે, એક માણસના માની લીધેલા કે ખરા ગુન્હા માટે ત્હેને એકલાને જ નહિ પણ ત્હેના માતા-પિતા, પુત્ર-પુત્રીઓ, અને માતા-પિતા તથા પુત્ર-પુત્રીઓના કુલ સગાસંબધીઓ અને છેવટે ગોત્રીઓ તેમજ નોકરોને પણ રીબાવીરીબાવીને મારવામાં આવતા અને તે પણ જાહેર રસ્તા ઉપર મારવામા આવતા, અને રાજાને કે લોકોને તે આશ્ચર્યરૂપ લાગતું નહિ. આવા કાળમાં એટલી જ 'ટોચી'ની દયા મનુષ્યોને Standard Virtue અથવા આદર્શ

સદ્ગુણ તરીકે શિખવવાની 'કલા' વાપરનાર ખરે જ ધર્મમૂર્તિ-ઇશ્વર કહેવાવો જોઇએ. પણ આજે હિંદમાં કયાં છે એવી ક્રૂર પ્રકૃતિ? સ્વરક્ષણનો વિચાર પણ જ્હેમને હિંસા તુલ્ય લાગે છે એવા આ દેશના આ સમયમાં હદપારની દયાના અને Passive Resistance-ના સદ્ગુણને આદર્શ ઠરાવવામાં આવે તો ઉલટી વધારે ખરાબી થવાની.

મહાત્મા ગાંધી એક સાચા, પ્રમાણિક આશયવાળા, સ્વાર્થને તિલાંજલિ આપી ચુકેલા નર છે; પણ માનસ શાસ્ત્ર અને જગતના ઇતિહાસનુ અધ્યયન કરવાનુ હેમને હજી બાકી રહે છે. અલબત તેઓ સત્યાગ્રહી છે, દુરાગ્રહી નથી, તેથી અનુભવ વધતાં ભૂલ જણાય તો તે કબુલ કરવામાં કદાપિ અચકાય તેવા નથી. હેમના સત્યાગ્રહમઠમાં દૂધઅને ઘી ખાવાની મના કરાયલી હતી, કારણ કે એમાં એમણે 'હિંસા' માની હતી, પરન્તુ પાછળથી એ મના દૂર કરી હતી. અસ્પર્શ્ય જાતિ સાથે રહેવા અને જમવાની રીત એ આશ્રમમા શરૂ કરી હતી, પણ પાછળથી એક જાહેર ભાષણમા નાત-જાતની હિમાયત કરી હતી. તાત્પર્ય કે, હિંદીઓએ એમ નથી માનવું જોઇતું કે મહાત્મા ગાંધીના વિચારો છેવટના છે. તેઓ હજી અવલોકન કરે છે અને જેમ જેમ વિશેષ દૃષ્ટિબિંદુથી વિચારવાની હેમને તકો મળતી જાય છે અને જશે તેમ તેમ તેઓ વધારે પ્રૌઢ નિશ્ચયપર આવતા જશે. તેઓ ઉત્ક્રાન્તિના રસ્તાપર છે અને એ રસ્તાપર વેગથી કુચ કરવામા પડતી દરેક આપત્તિ ધૈર્યથી સહન કરે છે. કિંમત ભરનારને ચીજ અવશ્ય મળે છે, તેમ હેમને પણ સત્ય અવશ્ય મળશે. સુભાગ્યે લાલા લજપતરાયે પોતાના વિચારો જાહેર કરીને એક અતિ અગત્યના સવાલની ચર્ચા અને ઉહાપોહ માટે લોકોને અને લોકોના આગેવાનોને જગાડયા છે. આપણે ઇચ્છીશું કે લોકો અને લોકોના આગેવાનો પોતાની પ્રમાણિક માન્યતાઓ સંબંધમાં—તે માટે બીજાઓ ગમે તેમ માને તો પણ—ખુલ્લી રીતે બોલવામા અને હૃદયને પ્રમાણિક રહીને હેનો બચાવ કરવામાં તેમજ તે અસત્ય જણાય તો (ભીરૂ કે ચંચળ તરીકેની ટીકા સહન કરીને પણ) તે માન્યતાને છોડવામાં, શરમાશે નહિ.

જૈનોએ બ્રાહ્મણોની ક્રિયાઓ જૈન શાસ્ત્રોમાં ઘુસાડી છે:—ધર્મ વિષય પર સ્વતંત્ર વિચાર કરવાની પ્રાથમિક સ્થિતિમાં-

સુમારે દશેક વર્ષ ઉપર–મ્હેં એક ન્હાનો ઇતિહાસ ગ્રંથ લખ્યો હતો, કે જેને પાછળથી અંગ્રેજી 'જૈન ગૅઝીટ' ના વિદ્વાન દિગમ્બર અધિપતિએ અંગ્રેજીમાં અનુવાદ કરીને એ પત્રમાં પ્રગટ કર્યો હતો. એ લેખમાં મ્હેં જણાવ્યું હતું કે, જૈનોએ ઘણીખરી ક્રિયાઓ એક અથવા બીજા કારણથી બ્રાહ્મણો પાસેથી ઉછીની લીધી છે અને એવી રીતે ઉછીની લેવાની કે નકલ કરવાની ખરી વાતને છૂપાવી જ્ઞાનીઓના અસલ ફરમાન તરીકે એ ક્રિયાઓને મનાવી છે. મ્હારી એ માન્યતાને પુષ્ટિ આપનારો એક ઉલ્લેખ 'જૈન હિતૈષી' (જુન, ૧૯૧૬)માં શ્રીયુત ઉદયલાલ કાશલીવાલના દક્ષિણ પ્રવાસ વર્ણન-વાળા લેખમાં જોઇ મ્હને હર્ષ થાય એ સ્વાભાવિક છે. તે મહાશય લખે છે. " મ્હૈસુરથી શ્રીયુત પંડિત દૌર્બલિ જિનદાસ શાસ્ત્રીની સોબત મળી ગઇ, કે જે એ પ્રાન્તમાં શ્રેષ્ઠ વિદ્વાન અને સાહિત્ય-નિપુણ પંડિત છે. એમની સાથે વાર્તાલાપ કરવાથી એક મહત્વની વાત જાણવામાં આવી. એમણે કહ્યું કે, જૈન ધર્મમાં સંધ્યા, આચમન, તર્પણ, યજ્ઞોપવિત આદિ જે જે બાહ્ય આચાર છે–સંસ્કાર છે–તે સર્વ જૈન ધર્મમાં પાછળથી દાખલ કરાયલા છે. એનું કારણ એમ છે કે, પ્રથમ અહીં બ્રાહ્મણોનું બહુ જોર હતું અને જૈનોના તેઓ કટ્ટર દ્વેષી હતા. જૈનોને તેઓ નાસ્તિક, શૂદ્ર વગેરે કહી અપમાન કરતા હતા. તેઓએ એ વખતના રાજાઓને એટલે સુધી પોતાના કાબુમાં લીધા હતા કે જૈન વિદ્વાનોના આશિર્વાદ લેવાનું પણ તે રાજાઓ સ્વીકારતા નહતા. આ વખતે જૈન ધર્મમાં સમર્થ વિદ્વાનો મોજુદ હતા; પરન્તુ યજ્ઞોપવિત આદિ બાહ્ય આચાર તે વખતે જૈન ધર્મમાં નહતા, તેથી ત્હેમને શૂદ્ર માનવામાં આવતા. ભગવાન જિનસેન સ્વામી એ જમાનામાં થઇ ગયા; ત્હેમણે તે વખતની પરિસ્થિતિઓને જોઇને અને જૈનોના માથેથી શૂદ્રત્વનું કલંક દૂર કરવા ખાતર કેટલીક બ્રાહ્મણ ધર્મની વાતોને પોતાના ધર્મમાં દાખલ કરી અને થોડોઘણો ફેરફાર કરીને એ ક્રિયાઓને જૈન ધર્મનું રૂપ આપ્યું. આદિપુરાણનો જરા ઉંડી દષ્ટિથી અભ્યાસ કરવાથી જણાય છે કે, જેવી રીતે બ્રાહ્મણોએ પોતાના રાજાઓને જૈન વિદ્વાનોના આશિર્વાદ સ્વીકારતાં વાર્યા હતા તેવી જ રીતે આદિપુરાણમાં જૈન રાજાઓને બ્રાહ્મણોના આશિર્વાદ નહિ સ્વીકારવાનો ઉપદેશ કરાયો છે. શાસ્ત્રીજીએ કહ્યું, એ જ કારણથી

આદિપુરાણથી પહેલાંનો, આ વિષયનો કોઇ 'ગ્રંથ' નથી મળતો."... ધાર્મિક ક્રિયાઓમાં મોહાંધ થયેલા અને પોતાના વર્ગમાં ચાલી આવતી ક્રિયાની ' સચ્ચાઇ ' બતાવવા ખાતર કોર્ટદરબાર અને ગાળાગાળીનુ હથીઆર લેનારા લોકોએ પંડિત દૌર્બલિ જિનદાસ શાસ્ત્રીના આ કથન પર પુરતો વિચાર કરવો ઘટે છે. કેટલીક વખતે તદ્દન પ્રાથમિક સ્થિતિના જીવોને એક પગથું આગળ વધારવાનું સાધન પુરૂં પાડવાના શુભ (નહિ કે 'શુદ્ધ') આશયથી, કેટલીક વખતે ધર્મનો ક્ષય થવાની ધાસ્તીને લીધે તાત્કાલિક જરૂરીઆત પુરી પાડી શકે એવા સિદ્ધાન્તો અને ક્રિયાઓ ' ઉત્પન્ન કરવા 'ની ફરજ પડવાથી, કેટલીક વખતે સામાન્ય ગણને રૂચિકર થઇ પડી હોય એવી બીજા ધર્મોની ક્રિયાઓનુ અનુકરણ કરવાની લાલચ બલવાન થઇ પડવાથી, કેટલીક વખતે બીજા ધર્મના વિદ્વાનો જૈન ધર્મમાં ભળતાં તેઓના લોહીમા ભળી ગયેલા પૂર્વ સંસ્કારોની અસર —તેઓ પોતે પણ ન જાણે તેવી રીતે—હેમના હાથે પાછળથી લખાયલા જૈન ગ્રંથોમાં પડી જવાથી, કેટલીક વખતે કોઇ નવિન ક્રિયા કે નવિન સિદ્ધાન્ત દ્વારા સમાજ પર પોતાનું બલ જમાવવાની કોઇ બલવાન આત્માને ઇચ્છા થવાથી, અને કોઇ વખત તો માત્ર અજ્ઞાનતા કે મૂર્ખાઇના કારણથી જ, ક્રિયાઓ જન્મી છે અને પોષાઇ છે. એનુ આ જાતનું મૂળ જાણ્યા પછી કયો ડાહ્યો પુરૂષ એના ઉપર મુગ્ધ થઇ ખુવારી માગી લેશે ?

આ પ્રસંગે બીજી પણ એક સૂચના કરવાની જરૂર જણાય છે: જૈન નરેશોએ કદાપિ બ્રાહ્મણ પંડિતના આશિર્વાદ સ્વીકારવા નહિ એવું ફરમાન જે વખતે સમકિત પ્રબોધનાર શાસ્ત્રના વચન તરીકે લિખ્યુ હશે તે વખતના જૈન નરેશો બિચારા, નરકની બ્હીકથી, ગમે તેવા પવિત્ર બ્રાહ્મણના આશિર્વાદ (ઇચ્છા હોવા છતાં) લેતાં અટક્યા હશે. સામાન્ય અક્કલ (common sense) અને શાસ્ત્રકારોએ કલ્પેલું નરકનું હથીઆર. એ બે વચ્ચેના યુદ્ધમાં હમેશાં નરક જીતે છે ! એ વખતના જૈન નરેશો જો બ્રાહ્મણના આશિર્વાદ લેત તો નરકમાં જાત અને આજે તો નરકનો કાયદો બદલાઇ ગયો: આજે બ્રાહ્મણના આશિર્વાદ લેનાર જૈન રાજા કે પ્રજાને નરકની સજા મળતી બંધ થઇ ગઇ ! મતલબ કે સ્વર્ગ—નરકના કાયદા હમેશાં બદલાતા રહે છે, અને સ્વર્ગ—નરકને ' ઉત્પન્ન કરવા 'ની તેમજ

' તોફાના 'ની શક્તિ ' બાડરા 'ના ' બરવાડા 'માં છુપાયલી છે. શીવ અને વિષ્ણુ ભગવાનનું જે વખતે જોર હતું તે જમાનામાં જો હું જૈન ' ભરવાડ ' હોત તો હું એવું શાસ્ત્ર રચત કે શીવ અને વિષ્ણુની માફક મહાવીરની પણ મૂર્ત્તિ પૂજવી અને જેઓ ન પૂજે તે જૈન ધર્મના વિરાધક હોઇ 'નરક 'માં જશે. આજે જો હું ' ભરવાડ ' નો પાઠ ભજવવા ઇચ્છું કે એમ કરવાની જરૂર જોઉં તો એવું શાસ્ત્ર રચું કે, હાજરાહજુર તીર્થંકર પોતાના ભક્તિમાન ગણધર જેવાને પણ (હમેશ સાથે રહી ભક્તિ કરવા છતાં) મુક્તિ આપી શક્યા નહતા અને એમનો વિયોગ જ શિષ્યને મુક્તિદાતા થઇ પડયો હતો, તો પછી એ દેવના સજીવ કે નિર્જીવ પ્રતિનિધિને પૂજવાથી મુક્તિ મળવાની આશા રાખવી એ ખાલી ફાંફાં છે; 'મુક્તિ'ની જ જેઓ ગરજ રાખતા હોય ત્હેમણે તો એ ' મિથ્યાત્વ ' થી બચવું જોઇએ છે.

' પાટણની પ્રભુતા ' વિરૂદ્ધ જૈનોનો પોકાર—' જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ ' પત્રના જુન માસના અંકમાં ' પાટણની પ્રભુતા ' નામના એક પુસ્તક વિરૂદ્ધ ઉઠાવવામાં આવેલો પોકાર વાંચતાં એ પુસ્તક જોવાની મ્હને સહજ ઇચ્છા થઇ. પોકાર ઉઠાવનાર મ્હારા વિદ્વાન મિત્ર પાસેથી પુસ્તક માગી લઇ એક અહોરાત્રિ ત્હેનું અધ્યયન કરવાને પરિણામે પોકાર ઉઠાવનાર તંત્રી મહાશયનો આભાર માનવાની મ્હને પ્રેરણા થઇ; કારણ કે જો પોકાર ન ઉઠયો હોત તો આવા એક પ્રતિભાશાલી પુસ્તકથી હું કદાચ છેક જ અજાણ્યો રહેવા પામત. હું તે પુસ્તકને ફરી ફરી વાંચવાની પ્રેરણાને દાબી શકયો નહિ: એટલું તે બલદાયક, ખુબીદાર, સુવ્યવસ્થિત ઘટના વાળું, ભિન્ન ભિન્ન માર્ગે સામર્થ્ય ધરાવતી પ્રકૃતિઓનુ આબેહુબ ચિત્ર આલેખવામાં સફલ નીવડેલું, ' કલા 'ના નમુના રૂપ, તેજસ્વી સૃષ્ટિ રચવામાં નિપુણ, સુંદર પુસ્તક હતું. પુસ્તક વાંચી રહ્યા બાદ મ્હને ઇચ્છા થઇ કે મ્હારે ત્હેના લેખક રા. ' ઘનશ્યામ 'નું પુરૂં નામ-ઠામ મેળવી ત્હેમને મળવું અને આવી એક ભવ્ય 'સૃષ્ટિ'ના 'બ્રહ્મા' બનવામાં ત્હેમને મળેલી ફત્તેહ માટે ત્હેમને અભિનંદન આપવું. મુછનો દોરો પુરો ફુટયો નથી એવા એ નવજવાનને મળતાં મ્હારૂં હૃદય એવી નૂતન આશાથી નાચવા લાગ્યું કે, " ગુજરાતમાં નવ જીવનનો સંચાર થવા લાગ્યો ખરો ! હિંદમાં શક્તિ દેવીના—ભાવના

પ્રાકૃમી ધર્મનાં-પનોતાં પગલાં થવા લાગ્યાં ખરાં!" પરન્તુ થોડા જ વખતમાં આ આશાઓને ફટકો લગાવનાર એક સમાચાર મ્હને મળ્યા કે, જે પુસ્તકને હું આટલું ઉત્તમ માનું છું ત્હેના વિરુદ્ધ કાયદેસર પગલાં લેવાને 'જૈન એસોસીએશન ઑફ ઇન્ડિઆ' દ્વારા કેટલાક હીલચાલ ચલાવે છે. અલબત, જૈનોની નિર્બલ બુદ્ધિપર, વિવેકશક્તિની પામરતા પર, તલવારોને ત્યજી ત્યારથી કોર્ટદરબાર અને છાપાં-પુસ્તકો દ્વારા બલ બતાવવાની ત્હેમને લાગેલી વિજયધુન પર મ્હને બહુ લાગી આવ્યું. રા. 'ધનસ્યામ' જેવી એકાદ બે વ્યક્તિઓ હારે કે જીતે એની મ્હને ઓછી જ પરવા હતી, પરન્તુ જૈનોનો 'જય'નો શોખ આટલો પતિત થયો એ ખ્યાલ તો મ્હને ઘડીભરને માટે સ્તબ્ધ બનાવવાને પુરતો હતો. તથાપિ, એ ખેદની 'લાગણી' પર પણ હું કર્મવાદની મદદ વડે વિજય પામ્યો. દુનિયામાં જે કાંઈ બને છે તે કશા માટે ખેદ કરવાની જરૂર નથી. શક્તિ ગુમાવી બેઠેલા દેશમા-મહત્તાને વિસરી જઇ 'હલકા' 'શોખો'માં ગબડી પડેલા સમાજમાં જેટલી જરૂર શક્તિદાયક વિચારોની પ્રેરણાની છે, તેટલી જ જરૂર એ વિચારો સ્હામે થતા યુદ્ધાની પણ છે. યુદ્ધ નથી ત્હાં ઉત્તમની ઉત્તમતા જાહેરમા આવતી નથી, અને એવી જાહેરાત વગર ઉત્તમ ભાવો બહોળા વિસ્તારમાં ફેલાવો પામી શકતા નથી. રા. 'ધનસ્યામ'નું ગમે તે થાઓ, પણ એમણે 'રચેલી' 'પ્રભુતા'નો વિજય જ છે અને એ વિજય વિશેષત થોડાએક જૈનોએ અજ્ઞાન અને મોહ વશ ઉઠાવેલા પ્રતિરોધને જ આભારી છે.

જેઓ તે પુસ્તક સ્હામે અવાજ ઉઠાવે છે તેઓ કહે છે કે, આ પુસ્તક જૈન સમાજ અને જૈન ધર્મની ઇજ્જતને નુકશાન કરનારૂં છે. એમનો મુખ્ય વાંધો આનંદસૂરિ નામના જૈન જતિના પાત્ર સંબંધમાં છે, કે જહેને રાજ્યપ્રકરણી બાબતોમાં ભાગ લેતો બતાવવામાં આવ્યો છે. અરેરે, આજના જૈનો-રાજ્યપ્રકરણી બાબતોથી પોતાને અભડાતા માનનારા જૈનો-ગચ્છ, વાડા અને તડમાં જ પોતાની સઘળી પ્રવૃત્તિઓને ગોંધી રાખવામાં 'રસ' લેતા જૈનો પોતાના જેવા જ નિર્માલ્ય સઘળા જમાનાના જૈનોને, બનાવવા ઇચ્છે છે! ગુજરાતનું ગૌરવ જૈનોને આભારી હતું એ વાતથી હું તો 'અભિમાન' લઉં છું, અને જૈન ધર્મના અર્ધસાધુઓ અર્થાત્ 'જતિ'ઓ (કે જેઓ પંચમહાવ્રતધારી 'સાધુ' ન હતા) એ મહત્વપૂર્ણ પ્રવૃત્તિના

'નાયક' બન્યા હોય તો એનાથી વધારે આનંદદાયક વધામણી મ્હારે માટે બીજી કઇ હોઇ શકે? લોકોના છોકરા ઉઠાવી જવા કે ખરીદવા, દોરાધાગા કરી મૂર્ખ સ્ત્રીઓને ફસાવવી, જૈનોમાં અંદરોઅંદર કલહનાં બીજ રોપવાં, ઇન્દ્રિયતૃપ્તિમાં તલ્લીન રહેવું, એ સર્વ પૂર્વકાળના અને હાલના પણ ઘણાએક જતિઓમાં જોવામાં આવે તે જૈનોથી સહન થાય, અને ઇન્દ્રિય સુખોની લેશ પણ દરકાર વગરનો, સ્વાર્થથી પર થયેલો, મુસલમાનોના વારંવાર થતા હુમલા સ્હામે ગુજરાતને હમેશને માટે ટકાવી રાખવાનો મહામંત્ર સાધવામાં અડગપણે લાગેલો, જૈન ધર્મને દેશધર્મ-રાજધર્મ બનાવવાની દીવ્ય 'આગ'થી બળતો એક આનંદસૂરિ આજના જૈનોથી જોઇ શકાતો નથી! ક્યાંથી જોઇ શકે? ઘેટાથી સિંહ જોયો જાય? માણસ પોતપોતાનો દેવ પોતાના જેવો જ કલ્પે છે-બનાવે છે; અને તે છતાં મનાવે છે એમ કે એ દેવે અમને બનાવ્યા છે!

'પાટણની પ્રભુતા' પુસ્તક લખનારે—જાણતા કે અજાણતાં—જૈનોની જ પ્રભુતા ચીતરી છે. પોતાના અસાધારણ બુદ્ધિબળથી, રાજપ્રપંચની અલૌકિક શક્તિથી, દેશપ્રેમની કદાપિ નહિ બુઝાય તેવી આગથી, રાજ્ય તરફની પૂર્ણ વફાદારીથી, પ્રજાનું હિત કરવાની તીવ્ર જિજ્ઞાસાથી, પોતાનાં પ્રિય સગાંઓના અને પોતાની સત્તાના ભોગે પણ દેશનુ રક્ષણ કરવાની અડગ વૃત્તિથી, જળહળી રહેલું મુખ્ય પાત્ર મુંજાલ મંત્રી છે, કે જે એક 'જૈન' છે. ભલભલા ક્ષત્રિઓ પણ જ્હેની અદેખાઇ કરે એવી-કદી ન વાળી શકાય એવી-ઇચ્છા શક્તિ (will power) વાળી રાણી મીનળદેવીનું પાત્ર પણ જૈન છે. 'એક ધર્મ સિવાય પ્રજાકીય એકતા નથી અને પ્રજાકીય એકતા વગર સ્વદેશરક્ષણ સંભવિત નથી' એવો એક સિદ્ધાંત જ્હેની રગેરગે વ્યાપી રહ્યો હતો અને એ સિદ્ધાન્તની સફલતા માટે જ્હેણે પોતાના સુખો, આરામ, કીર્ત્તિ સુદ્ધાંને તિલાંજલિ આપવામાં 'મજા' માની હતી તથા સર્વોપરિ બુદ્ધિ ધરાવતા મુંજાલ મંત્રી જેવાને પણ જ્હેણે એકવાર થપ્પડ ખવરાવી હતી, એટલુ જ નહિ પણ ભવિતવ્યતા(Fate)એ એના પુરૂષાર્થ(Effort)ને યારી નહિ આપવાથી થયેલા પોતાના પરાજય વખતે પણ જ્હેણે પોતાનો સિદ્ધાંત તિલમાત્ર અડગ્યો નહિ અને પછી અને ધૂર્ત્તની લાલચો સ્હામે જ્હેણે તિરસ્કારયુક્ત હાસ્ય કર્યું, એવા આનંદસૂરિનું પાત્ર પણ

જૈન છે. શાન્તુ શેઠ, ઉદો, વગેરે જૈન પાત્રો પણ ગુજરાતની કીર્ત્તિમાં ઉમેરો કરનારાં છે.

એવી જ રીતે, અલબત, બ્રાહ્મણ ધર્માનુયાયી ત્રિભુવન, મંડલેશ્વર, પ્રસન્ન, સામળબારોટ, ઇત્યાદિ પાત્રો પણ પોતપોતાની રીતે મહાન છે. દરેક પાત્રમાં જૂદી જ જાતનું લક્ષણ છે, પણ ખુબી એ છે કે દરેક પોતાના લક્ષણને વફાદાર છે.

પુસ્તકમાથી થોડાએક નમુના અત્રે રજુ કરવાની લાલચને હું રોકી શકીશ નહિ.

(૧)

[રાજમહેલમાં છૂપી રીતે દાખલ થયેલા મંડલેશ્વર અને એવી જ રીતે આવેલા જતિ આનંદસૂરિ બન્નેનો એકાએક ભેટો થતા તે બેઉ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થાય છે—]

"જતિજી! એકએકની વાત જાણવામાં હાલ માલ નથી. પણ તમે કહો છો તે ખરૂં લાગે છે: આપણે મિત્રો થઇશું એમ લાગે છે, કે પછી કાં તો કટ્ટા વેરી!"

"હમણા આ ભૂમિમાં વૈરનો જ ધ્વનિ સભળાય છે."

"તે શ્રાવકોનો પ્રતાપ," રજપૂતે ઉતર વાળ્યો.

"કે પછી રાજપૂતોનો," જતિએ જવાબ આપ્યો.

"એ તો કર્ણદેવ મરશે ત્યારે ખબર પડશે."

"હવે એ વાત જવા દો.

"ત્યારે દોસ્તીની વાત કરીએ," મૂછપર હાથ નાંખી રજપૂતે કહ્યું; "તમારૂં નામ શું?"

"આનંદસૂરિ. તમારૂં?"

"લોકો," જરા વિચાર કરતાં રજપૂતે કહ્યું; "મને દેવીસિંહ કહે છે."

"મંડલેશ્વર જૂઠું બોલે છે, તે મેં આજે જ જાણ્યું," જરા હસતાં જતિ બોલ્યો.

દેવીસિંહ ચમક્યો. ત્હેનો હાથ અજાણતાં તરવારપર ગયો. "તું કોણ છે?"

"તરવાર કહાડવાની જરૂર નથી, મંડલેશ્વર! અહિંયાં ધાંધળ થશે તો ભારે તમને પડશે, મને નહિ," શાન્તિથી જતિએ કહ્યું.

રજપૂતે નિસાસો નાંખી પોતાની સ્થિતિનું ભાન આણ્યું, અને તરવારથી હાથ છોડયો.

"આનંદસૂરિ ! તમે કોણ છો ? મને અત્યારે છતો કરવો છે ?"

"ના, રાજા ! તમને દુઃખ દેવું, તે મારૂં કામ નથી. પણ તમારી ઉપર હાલ તો દૈવ કોપ્યો છે."

"જતિ ! એવો દૈવ તો બહુવાર કોપ્યો અને રીઝયો. મને તેનો હિસાબ નથી."

"મંડળેશ્વર ! રાજા રાવણનું અભિમાન પણ ઉતર્યું છે હોં ! તમારૂં નસીબ આવી રહ્યું છે. અત્યારે દુશ્મન તરીકે નહિ, પણ મિત્ર તરીકે કહું છું: જે દિવસો રહ્યા છે, તેનો સદુપયોગ કરો."

(૨)

[પાટણથી સ્વતંત્ર બની ચંદ્રાવતીનું પ્રજાસત્તાક રાજ્ય સ્થાપનારા જૈનો હતા, જેઓ સંઘસત્તાથી કામ ચલાવતા. આનંદસૂરિ ત્યહાંના નગરશેઠનો પત્ર લઈ પહેલપ્રથમ પાટણના મંત્રી મુંજાલની મુલાકાત લે છે, એ વખતની વાતચીતપરથી આ જૈન મંત્રીની ઉદાર ધર્મભાવના તેમજ તેજસ્વી બુદ્ધિનો ખ્યાલ આવશે:—]

"બોલો, કેમ આવ્યા છો ? તમે જાણો છો, અત્યારે મને ફુરસદ નથી."

"હા. હું આપના કામમા વિઘ્ન નાખવા નથી આવ્યો; મદદ કરવા આવ્યો છું."

મંત્રી જરાક તિરસ્કારભર્યું હસ્યો અને મુગો રહ્યો.

"જીન ભગવાનની કૃપાથી ગુરૂદેવનું વચન છે કે, આ સમયે મારે હાથે અનેક કાર્યો થવાનાં લખાયાં છે, અને આપને આ પ્રસંગે ખપ લાગવા માટે જ હું અહિંયાં આવ્યો છું."

"જુઓ સૌભાગ્યબાઇ લખે છે કે, તમે વિદ્વાન્ અને બાહોશ છો. એટલે કામ તો ઘણા જ લાગશો. પણ ખરૂં જુઓ તો એક જ કામ કરો."

મંત્રીએ જરાક બેદરકારીથી કહ્યું.

"શું ?"

"મહેરબાની કરી પાટણના રાજ્યતંત્રમાં ચંદ્રાવતીનું તોફાન આણશો નહિ," ધીમેથી, દ્દઢતાથી મુંજાલે કહ્યું.

જતિ ચમક્યો. 'મુંજાલે કેમ જાણ્યું કે, આ માટે તે આવ્યો હતો ?'

"હું કાંઇ તોફાન કરવા નથી આવ્યો. અમારા નગરશેઠે લખ્યું છે તે પ્રમાણે આપને મળી, પછી મીનળબાને મળીશ, અને કાંઇ મારે લાયક કામ જડશે ત્યાં સુધી અહિંઆં રહીશ."

આ શબ્દો જાણે નહિ માનતો હોય તેમ, મુંજાલ થોડીવાર તેની સામે જોઇ રહ્યો પછી તે બોલ્યો—"આનંદસૂરિજી ! મને લાંબી વાતો પસંદ નથી. ચંદ્રાવતીના શ્રાવકોની સત્તાના પ્રતિનિધિ તરીકે તમે આવ્યા છો, પણ **ધર્મની ઝનૂન મારે પાટણની ખટપટમાં નથી લાવવી;** અને તે લાવવા મથશો તો મારે ને તમારે નહિ બને. એટલુંજ કહું છુ કે, એવું કરશો તો મારે તમને દુશ્મન* લેખવા પડશે."

"ના, તેમ કરવાની જરૂર નથી હું હમણાં તો મિત્ર થઇને આવ્યો છું, અને તેનો પુરાવો જોઇએ તો હમણાં આપુ."

"શું ?" "એક ખાનગી વાત કહું ?"

"શી ?" "કર્ણદેવનો ભત્રીજો દેવપ્રસાદ અહિંયાં છે."

મુંજાલ ખડખડ હસી પડયો. "આનંદસૂરિજી ! ચંદ્રાવતીમાં આવો જ રાજ્યકારભાર ચાલે છે કે ?" "કેમ ?"

"આ ખાનગી વાત ?! પાટણ બહાર બપોરે તમે તેને મળ્યા; અત્યારે છજામાં નીરાતે વાતો કરી. અને એ વાતો મારી જાણ બહાર છે ? જતિજી, **લોકોને મોક્ષ તમે અપાવ્યાં કરો, અને મારૂં કામ મને કરવા દો.**" **

['પ્રજાસત્તાક રાજ્ય, અને સમસ્ત પ્રજામાં એક જ ધર્મ' એ સિદ્ધાન્ત ખાતર યતિ મથતો હતો; બીજી તરફ, 'રાજાનું રાજ્ય અને ધર્મની સ્વતંત્રતા' એ સિદ્ધાન્ત ખાતર યતિનો સહધર્મી મુંજાલ મંત્રી મથતો હતો. બન્ને મહાન આત્માઓ હતા, બન્ને મહાન સિદ્ધાન્તોના 'અવતાર' હતા. એમાંથી કયો સિદ્ધાન્ત

---

* પોતાના ધર્મગુરૂને પણ, પોતાના માનેલા સત્યથી વિશેષ માન આપવાને મુંજાલ તૈયાર નથી, એ ત્હેની મહત્તા બતાવે છે.

** પારલૌકિક બાબતોમા ધર્મગુરૂ સત્તા સમાન છે, અને ઐહલૌકિક બાબતોમાં રાજમંત્રી સત્તા સમાન છે, એમ મુંજાલ કહેવા માગે છે; પરન્તુ એનો જવાબ આગળપર યતિશ્રી ખુબીદાર શબ્દોમાં આપે છે

વધારે સાચો, એનો નિર્ણય સહજમાં થઇ શકે તેમ નથી; મ્હોટામ્હોટા રાજદ્વારીઓ આ નિર્ણય કરી શકયા નથી. ફ્રાન્સે પ્રજાસત્તાક રાજ્યનો અખતરો અજમાવ્યો હતો અને ફતેહ મેળવી હતી, પણ એ પ્રયોગમાં સંખ્યાબંધ પ્રજાનાયકોનો અને કેટલાક રાજવંશીઓનો ભોગ અપાયો હતો. અમેરિકાએ પણ એ પ્રયોગ સફળતાપૂર્વક અજમાવ્યો હતો. ઇંગ્લંડ એ સિદ્ધાન્તને નાપસંદ કરે છે અને જર્મની તો વળી એક રાજાના 'ઇશ્વરી હક'ની તરફદારી કરે છે. મતલબ કે, કલમના બે ગોદાથી આનંદસૂરિના સિદ્ધાન્તને કે ત્હેના પ્રતિસ્પર્ધી મુંજાલ મંત્રીના સિદ્ધાન્તને હલકો ઠરાવવાની કોશીશ કરવી એ માત્ર મૂર્ખતા ગણાય. એક જ ધર્મની સ્થાપનાનો સિદ્ધાંત મુસલમાનોએ ફતેહમંદીથી અમલમા મુકયો હતો એ કોણ નથી જાણતું ? અને આનંદસૂરિ પણ જૈન ધર્મને રાજ્યધર્મ તરીકે સ્થાપી તથા રાજ્યમદદથી એનો સમસ્ત ભૂમિમાં પ્રચાર કરી, ત્યાર બાદ અન્ય ધર્મો તરફ ઉદાસીન વૃત્તિ ન રાખત એમ કોણ કહી શકે ? ગમે તેમ હો, એક ધર્મના બળથી ભયંકર થઇ પડેલા મુસલમાનોના નિરંતર હુમલાઓથી દેશને બચાવવા જેવા **એક મહાન આશયથી** એક અર્ધસાધુ (નહિ કે 'સાધુ') રાજપ્રકરણી મામલામા ઝીપલાવે એ એક મહત્વાકાંક્ષા-પ્રેરક બનાવ છે, જેને માટે જૈનોને અભિમાન જ ઉદ્ભવે, નહિ કે શરમ અથવા ખેદ. યતિશ્રીનો આશય કેવો મહત્તાભર્યો હતો અને ત્હેમનો આત્મા કેટલો બધો બલવાન હતો, સ્વસુખ અને માનકીર્તિની લાલસા કે જેણે મ્હોટાસ્હોટા વિરાગી કહેવાતા સાધુઓને પણ નાચે કર્યા છે ત્હેના ઉપર યતિનો વિજય કેટલે દરજ્જે હતો, તે આ નીચેના બેત્રણ પ્રસંગો પરથી જણાશે :—]

(૩)

" આપનું નામ ? " " આનંદસૂરિ. "

" આપ અહિંયાં કેમ આવ્યા છો ? કાંઇ ખાસ કામ છે ?"

" મહારાણી ! ખરૂં કહું ? " જતિની આંખમાં જૂદું જ તેજ આવ્યું. મુંજાલની હાજરીમાં જે ક્ષોભ હતો, તે ચાલ્યો ગયો. ધીમે ધીમે તેનો પ્રભાવ દેખાવા લાગ્યો. " મારૂં જીવન મેં જીનપ્રભુજીને અર્પણ કર્યું છે. "

" ત્યારે રાજખટપટમાં પડો છો શા માટે ? "

" રાજનીતિ એ શું ધર્મ નથી ? ધર્મ અને જીવન અભિન્ન છે, દેવી ! અને આપણી અવનતિ એ ભિન્નતાએ જ આણી છે. "

" મહારાજ ! શિખામણ દો છો ? " જરા ગર્વથી મીનળે પૂછ્યું.

" દઉંછું, શા માટે નહિ ? તમારા કરતા ગીજનીના યવનો વધારે ડાહ્યા છે. "

" મુંજાલ મંત્રીનો અભિપ્રાય જૂદો જ છે."

" તેથી જ તે ખત્તા ખાય છે. "

" તમે શુ ધારો છો ત્યારે ? " આતુરતાએ મીનળે પુછ્યુ.

" મત્રીએ અમારી ચન્દ્રાવતીની રાજપદ્ધતિ વિષે બહુ બોલવાની મને ના કહી છે, અને વળી આપ ચિન્તાતુર છો; પછી વાત કરીશુ."

" નહિ, મારે હમણાં જ સાભળવું છે. પાટણની સ્થિતિ હમણાં કઢંગી છે, અને તમારા જેવા વિદ્વાન અનુભવીના અભિપ્રાયો મને ઘણા કામ લાગશે. "

" મુજાલ મત્રી સિવાય બીજાનો અભિપ્રાય કામ નહિ લાગે; પણ હું માનુ છુ કે, એક ધર્મ વિના એકતા નથી, એક ધર્મના પ્રભાવ વિના પ્રજા નથી, તેના ઉત્સાહ વિના વીરતા નથી."

" તમે અત્યારે પાટણના પ્રધાન હો તો શુ કરો ? "

' હું ? મારૂ ચાલે તો જૈન ધર્મને મારી રાજનીતિનો પહેલો મત્ર કરીને સ્થાપું, તેના અનુયાયીઓમા-તેને નામે-ઉત્સાહ અને એકતા પ્રેરૂં, તેના રક્ષણ માટે લોકોમાં વીરતા પ્રકટાવું, અને તેના પ્રચલન માટે દેશેદેશમાં જીન ભગવાનનો ભગવો વાવટો ઉડતો કરૂ "

" તમારી વાત ઠીક તો લાગે છે, પણ રાજપૂતોનુ શુ ? "

" રાજપૂતો સત્તાના અને શૌર્યના સેવકો છે, અને ધર્મને જ્યાં તેનો પ્રતિનિધિ દેખશે, એટલે તરત તેને આધીન થશે....... મુજાલ મંત્રીની નજરે જુવે છે, રાજાની નહિ "*

---

* If Friedrich Nietzche had lived to read this sentence, he would probably have said "Munjal was *after all* a 'human, an'all-to-human' being; Anand Suri was *to some extent* a 'superman', a Dionysian Spirit, one 'beyond good and evil', one who believed in 'becoming'

[યતિના જવાબમાં ગૌરવ તેમજ સત્ય છે. ક્ષત્રિયો કોઈ શાસ્ત્રને યાને 'જ્ઞાન'ને માનતા નથી, પણ સત્તા, શૌર્ય, શક્તિને અર્થાત્ કર્મયોગને પૂજનારા છે * જૈન ધર્મ જો પોતાને શૌર્યનો પ્રતિનિધિ બનાવી બતાવે તો ક્ષત્રિયો જૈન ધર્મને ખુશીથી સ્વીકારે ;—અને પૂર્વે હજારો શુરા ક્ષત્રિયોએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો એમ ઇતિહાસ સાક્ષી પુરે છે.]

---

and not in 'being', a Creator of new Tables of Ethics, a posthumous philosopher who was naturally *misunderstood* even by the highest intellect of man like Munjal,—in short, he was an imperfect incarnation of 'Will to Power' which is the sole purpose of life."...And mind, Nei*tz*sche is to-day the supreme High Priest of *the* whole of Europe.

* સર્વોત્તમ બંગાળી લેખકોમાના એક— દ્વીજેન્દ્રલાલરાય—ના 'ભીષ્મ' નાટકમા મહારથી ભીષ્મ અને મહાન તત્ત્વવેત્તા વ્યાસ ગુરૂ વચ્ચે નીચે પ્રમાણે રહસ્યપૂર્ણ સંવાદ છે, જે, આનંદસૂરિના અભિપ્રાયના સુંદર દૃષ્ટાંતરૂપ છે—

વ્યાસ :

સુખસુખ કરીને ભમે છે
માનવ,
ખોળે છે તે ત્હેને
ખાવા—પીવામાં
સુવા—બેસવામા
ગાડી—ઘોડે
હરવા—ફરવામા
માનપાનમા
અને
વિવિધ જાતની
મોજમઝા માણવામાં,
પણ
સુખ તો છે સદા
આપણા હાથમાં જ,
બહુ સ્હેલું
ને
અનાયાસ લભ્ય.

ભીષ્મ :

તે કેવી રીતે ?

વ્યાસ :

ના હોય ભલે
વિધવિધ સામગ્રીઓ
આપણા હાથમા,
પણ
સંકોચી શકીએ
આપણે
આપણી જરૂરિયાતો;
આયની વૃદ્ધિ
ભા ન થતી હોય
પણ
ઘટાડી શકીએ છીએ
આપણો વ્યય
ને
આ
મ્હારી
નિરીહ પર્ણકુટીર !
આસન પાથરેલું છે
જેમાં
સુખચર્યનું,

(૪)

"પણ ધર્મની ધ્વજા આગળ ટેકનો હિસાબ શો? એકલી ટેકે કોઈ દિવસ રાજ્ય રચ્યું છે? ક્ષત્રિયની ટેકોએ તો આખા ગુજરાતને, આખા ભરતખંડને છિન્નભિન્ન કરી મૂક્યું છે; અને જો વેળાસર એક ધર્મની સત્તા પ્રબળ નહિ થશે તો એકધર્મી યવનો કાલે સહવારે તમને દાસના પણ દાસ બનાવી મૂકશે. હજુ વિચાર કરો; આવી તક નહિ ગુમાવો. સૃષ્ટિ પર ચક્રવર્તી થવું હોય તો આ જ રસ્તો છે, અને તે શા માટે છોડો છો?" જતિએ કહ્યું.

પડ્યા છે તૈયાર વસ્ત્રો
વૃક્ષની છાલના,
ખાવાને છે
ફલ-ફુલ,
અને
વહે છે નિરંતર
નિર્ઝરિમાં
મ્હારે માટે
નિર્મલ
અખૂટ જલ!
કહે તો હવે
કમી શી છે મ્હને?
નથી શું હું
સમ્રાટ
આ મ્હારી
પર્ણકુટીરમાં?

ભીષ્મઃ

સમ્રાટનાએ સમ્રાટ—
આપ તો
મહર્ષિ છો, પ્રભો!
શાસન કરો છો
બેસીને આ કુટીરમાં
ભારતનું,
માટે જ
હસ્તિનાનો યુવરાજ
વીર પરશુરામનો શિષ્ય
સ્વયં ભીષ્મ
હું ઉભો છું
આપના જ્ઞાનદરવાજા પર
કૃપાનો થઈને ભિખારી!

વ્યાસ

ના થઇ દૂર
હજીએ
ત્હારી આ જ્ઞાનતૃષા,
દેવવ્રત?

ભીષ્મઃ

છીપતી હશે,
પ્રભો,
જ્ઞાનપિપાસા
કદીએ?

વ્યાસ:

વિષપાન કર્યું છે ત્હેં,
ઓ દેવવ્રત!
ઔષધ સેવન કર.

ભીષ્મઃ

તે કેમ, પ્રભો?

વ્યાસઃ

ક્ષત્રિયનો ધર્મ નથી
જ્ઞાનવિચાર;
કર્મભૂમિ
ક્ષત્રિયની છે
રણક્ષેત્ર!
જા,
'વિચાર' છોડ,
કર્મ કર!
બેઠો છું હું
પોતે
સદાય જાગૃત
વિચાર કરવા માટે.

" આનંદસૂરિજી ! " મીનળે કહ્યું " તમારા સમ્પ્રદાયમાં મને હવે શ્રદ્ધા નથી. ચક્રવર્તીપણું મળે તો તે પ્રજાના ઉત્સાહથી, તેમની મહત્વાકાંક્ષા સજીવન કરવાથી. "

" એ મહત્વાકાંક્ષા અત્યારે જૈન મત જ લાવે એમ છે,"

" આખી પ્રજા તે સ્વીકારવા તૈયાર નથી; એટલે મારે પણ તે નહિ જોઇએ "

" નહિ સ્વીકારવા તૈયાર હોય તો તેમને તૈયાર બનાવવા એ રાજાઓનું કામ " કહી જતિએ પોતાની કેડે બાંધેલી તરવાર પર હાથ ઠોક્યો.

" ' अहिंसा परमो धर्मः ' જતિજી ! જે હોય તે, પણ મારો નિશ્ચય નિશ્ચલ છે જીવીશ તો પાટણની મરજીથી, મરીશ તો પાટણનું ગૌરવ વધારવા. " + + +

" ધર્મના વિજયની વચમાં સ્વાર્થી હૃદયની પ્રેરણાઓ આણવાથી જ આ દુનિયાનો અધઃપાત થયો છે. * " તિરસ્કારમાં આનંદસૂરિ બોલ્યો.

જા,
ફરી જા;
જા,
જલદી જા !
શૌર્ય અને શક્તિની
કર્મભૂમિ
પોકારે છે
ત્હને;

વિજયનો ધર્મ
હાક મારે છે
વીર ભીષ્મને;
કાન દે,
હૃદય દે,
જા
દોડ એ ધર્મમાં !

* નિત્શેની ફીલસુફી કદાપિ નહિ વાંચવા પામેલા શા. ઘનશ્યામની કલમથી આ શબ્દો લખાય એ મ્હને સાનંદાશ્ચર્ય ઉત્પન્ન કરે છે. એ વાર્તાલાપના અક્ષરેઅક્ષરમાં માનસ શાસ્ત્રનાં ગૂઢ રહસ્યો સમાયલાં છે, કે જે અત્રે ટુંકમાં સ્હમજાવવાનું બની શકે તેમ નથી. રાણી પોતાનું રાજપાટ પોતાના હાથમાંથી ચાલ્યું ન જાય એટલા ખાતર 'સોકે'ની ઇચ્છાને તાબે થાય છે અને તક આવ્યે યતિને તથા ત્હેના સિદ્ધાન્તને તિલાંજલિ આપે છે; બીજા હાથપર, સ્થૂલ રાજ્યની કે તેથી મળતા વૈભવોની લેશમાત્ર દરકાર નહિ કરનારો યતિ પોતાના સિદ્ધાન્તને જ વળગી રહે છે. પોતામાં અને બીજી લૌકિક વ્યક્તિઓમાં અસાધારણ આત્મબળ ખીલવા પામે એની કિંમત તરીકે રાજ્યનાં રાજ્યો ઉથલપાથલ થઇ જાય અને પોતે પણ રીબાઇ રીબાઇને મરે તો પણ એ આ Supermanને દરકાર કશા જેવી બાબત

(૫)

[છેલ્લી ઘડીએ જ્યારે રાણી ગભરાઈ જાય છે અને મુંજાલની સલાહ પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરે છે ત્યારે આનંદસૂરિને એકાન્ત મુલાકાત માટે બોલાવે છે. તે વખતનો દેખાવ મ્હને એક જૈન Superman તરફના માનથી હર્ષઘેલો કરવાને પુરતો છે:—]

થોડી વારે આનંદસૂરિ આવ્યો; તેનું મ્હોં તિરસ્કારમાં મરડાઇ ગયું હતું; જાણે તે સૃષ્ટિનો સમ્રાટ્ હોય તેમ રાણી સામું જોઇ રહ્યો.

“ જતિજી ! હું તો પાટણ જાઉં છું અને વિજયપાલજી તમારૂં લશ્કર પાછું લઇ જાય છે. તમે શું કરવા ધારો છો ? ”

નહોતી. નિત્શે કહે છે. “The ascertaining of ‘Truth’ and ‘Untruth,’ the ascertaining of facts in general, is fundamentally different from the creative *placing*, forming, moulding, subduing, and *willing* which lies at the root of *philosophy*. *To give a sense to things*—this duty always remains over, provided *no sense already lies in it*. The same holds good of sounds, and also of the *fate of nations*; they are susceptible of the most varied interpretations and turns, *for different purposes*. A higher duty is to *fix a goal* and to *mould facts* according to it: *that is*, the *interpretation of action*, and not merely a *transvaluation* of concepts ’..................” The fundamental phenomena: *innumerable individuals are sacrificed for the sake of* a *few*, in order to make the few *possible* —One must not allow one's self to be deceived; the case is the same with *peoples* and *races* they produce the ‘body’ for the generation of isolated and valuable *individuals*, who continue the great process ” ‘ક્ષત્રિયોની ટેક’ના સમ્બન્ધમાં આ મહાન વિચારક નિત્શે આનંદસૂરિને ટેકો આપનારી ફિલસુફી લખે છે કે “The *blind yielding* to a passion, whether it be generosity, pity, or hostility, is the cause of the greatest evil. *Greatness of charactor* does not consist in not possessing these passions—on the contrary, a man should possess them to a terrible degree. but he should lead them by the *bridle*.........and even this he should not do out of love of control, but merely because ......” પરન્તુ આ અને બીજા અગ્યારસો કથનોમાં રહેલું સત્ય એવું

"શ્રીનલદેવી ! મહાવીરની કૃપાથી તમને કાલાન્ત સુધી એક નામ અમર કરવાની તક મળી હતી; આખરે તમે પણ આવાં નીવડયાં એ ખેદભરી વાત છે."

"એ વાત કરવા મ્હેં તમને બોલાવ્યા નથી," જતિની ધૂન જોઈ હસતા રાણીએ કહ્યું; તેને આવા બાહોશ માણસની આવી કઢંગી એકાગ્રતા જોઈ દયા આવી; "પણ તમારે જો શાન્તિથી જીવન ગુજારવું હોય તો મોઢેરામાં મારા અપાસરા છે, ત્યાં ગોઠવણ કરી આપુ. ત્યાં તમને પુરેપુરૂં માન મળશે."

"મને માન ! રાણી ! આનંદસૂરિ માનનો ભૂખ્યો નથી."

"ત્યારે શું જોઈએ છે ?"

"અર્હંતોનુ વચન જ મારે માત્ર બસ છે. તમારાં ક્ષણભંગુર માન અને અકરામનો મારે મન હિસાબ નથી."

"પણ મ્હે સાંભળ્યુ છે કે, ચંદ્રાવતીનો સંઘ તમને કહાડી મૂકે છે."

"હા, હા હા !" ખડખડ હસતા જતિ બોલ્યો, "બિચારા... ક્ષુલ્લક...જન્તુઓ ! રાણી, મારા જીવનના આદેશ આગળ મને કોઇનો હિસાબ છે ? તેને જ માટે તો હુ તમારી બધાની ખુશામત કરવા નીકળ્યો હતો. હવે જોયુ, કે, બધા નમાલા છે; મહાવીરનો મંત્ર મૂર્તિમન્ત કરવાની કોઈનામાં હિંમત નથી. હું એવા 'જન્તુ'ઓ જોડે કેમ ભળું ?"

"ત્યારે શુ કરશો ?"

"તમારી નાનીનાની રમતોથી મારી માન્યતા ગઈ છે શું ? ફરી વખત આવશે ત્યાં સુધી વાટ જોઇશ. મારા સિદ્ધાન્તોમાં મને શ્રદ્ધા છે; અને એક દિવસ, ધર્મનો વિજય કરી આવતા ચક્રવર્તિને પડખે, મને જોશો."

---

* મહાન અને સાથે જ એવું ભયંકર છે કે, યુરપના મહાન તત્ત્વવેત્તાઓ પણ એ સત્ય લખનારને આજ સુધી ગાળો દીધા પછી હજી હમણાં જ એને કાંઈક કાંઈક સમજવા લાગ્યા છે; હિંદમાં જો કે એ સત્યો પૂર્વકાળના ઋષિઓમાં તો રગેરગે રમી રહ્યાં હતાં. પરન્તુ અત્યારે તો પશ્ચિમની પાછળ પાછળ ચાલતો હિંદી સમાજ આ સત્યોને સમજતાં હજી કદાચ સૈકાઓ આવશે.

" જતિજી ! મીનળબા સાચી સલાહ આપે છે. પાટણનાં રાણી બની, જે જે તે કરે, તેમાં સામેલ થવાથી જ રાજ્યનું ગૌરવ વધશે."

" વિજયપાલ ! તું તો ' બાળક ' છે, " તુચ્છકારથી જતિએ કહ્યું; " તું શું સમજે ? જાઓ, રાજ્યનું ગૌરવ વધારો; તમારી 'ભ્રમણા'ની અંધારીમાં ભમ્યા કરો. આખરે મારા જ સિદ્ધાન્તોમાં જયવારો છે; નહિ તો, પરધર્મી યવનો આગળ વધે છે. ભારતખંડની પતિતપાવિની ભૂમિ તેમના પગ નીચે કચડાવા માંડી છે. પાનીપતની, સિન્ધુ દેશની ભૂમી ગઈ છે; અને હવે તમારી જવાની. 'ધર્મ'વિના ' સામ્રાજ્ય ' સ્થાપ્યો, તમારા મુંજાલોની મહેનત આખરે ધૂળ મળશે; તમારા દીકરાદીકરીઓ ગીજનીના બજારમાં વેચાશે. તમે બધા મને મૂર્ખો ગણો છો; પણ એક દિવસ ધૂળ ચાટતા થઇ મારૂં ડહાપણ સ્વીકારશો. મને તમારા માનની કે રાજ્યની પરવા નથી. 'આંધળા'ઓ અને ' અક્કલવગરના 'ઓ સાથે હવે મારો સબંધ પુરો થયો, " એમ કહી, જાણે ભવિષ્યવેત્તાની દિવ્ય આંખોએ ભવિષ્યનું દુઃખ જોઇ રહ્યો હોય, તેમ તે ઉભો રહ્યો. રાણી અને વિજયપાલ કાંપી ઉઠયા. બીજી પળે આનંદસૂરિ ત્યાંથી રાણી તરફ એક તિરસ્કારભરી નજર નાંખી ચાલ્યો ગયો.

***

' રાણી અને વિજયપાલ કાંપી ઉઠયાં; '......કેમ ન કાંપે ? ભવિષ્યવેત્તા આગળ કોણ નથી કાંપતું ? તે ' સ્વાર્થના કીડા 'ઓ પ્રત્યે ' તિરસ્કારભરી નજર ' નાખી આનંદસૂરિ ચાલી નીકળ્યો; ચાલ્યો તે ચાલ્યો જ, પછી 'પાટણની પ્રભુતા'માં ત્હેનો ઉલ્લેખ આવતો જ નથી. મૃત્યુલોક, પાતાળ અને સ્વર્ગની ભૂગોળ તથા ઇતિહાસ જાણનારો, જડ–ચેતનની પ્રકૃતિના ભેદાનુભેદો શિખેલો, મનુષ્યની ઇચ્છાઓ, બુદ્ધિ અને પ્રવૃત્તિ ક્યાં ક્યાં 'બંધનો' તળે છે ત્હેનું માનસશાસ્ત્ર જાણનારો અને એ જાણપણાને પોતાના મહાન આશયની સફલતામાં કામે લગાડવાની કુનેહ ધરાવનારો, પૌદ્‌ગલિક પ્રાપ્તિઓ તથા માનકીર્તિની ઇચ્છા અને જરૂરને ' ઓળંગી ' ગયેલો, અપમાન, કષ્ટ તથા નિરાશા ઉપજાવનાર બનાવોને 'શક્તિ' ખીલવનારાં 'સાધન'માં ફેરવી નાંખવાનો ' કીમીઓ ' જાણનારો, ' દુનિયા 'ના અને ' વિદ્વાનો 'ના રસ્તાને તોડી–ફોડી પોતાનાં ઇશ્વરી પગલાં માટે પોતાનો ખાસ ઇશ્વરી માર્ગ પોતે જ બનાવી લેવાની ' શક્તિ ' કે 'લબ્ધિ'

ધરાવતો : એવો એ આનંદસૂરિ શું ચંદ્રાવતીના 'સંઘ'થી કળી શકાય કે સહન કરી શકાય ? શું એ 'મરદનો મરદ' મીનળ જેવી 'વૈરી' થી સહન થાય ? અફસોસ તો એ જ છે કે, ચંદ્રાવતીના કહેવાતા પ્રજાસત્તાક રાજ્યની આણ પાટણ પર પ્રથા પામી હોત અને જૈન ધર્મના મુખ્ય ગુરૂ તરીકે સમસ્ત દેશને આનંદસૂરિએ પોતાની સત્તામાં લીધો હોત, તો તેવે વખતે તે પ્રબલ આત્મા જૈન ધર્મને કેવું સ્વરૂપ આપત, એ જોવાની તક રા. ઘનશ્યામે વાચકોને આપી નથી. 'દેશમાં એ મહત્વાકાંક્ષા અત્યારે જૈન મત જ લાવી શકે તેમ છે' એવા આનંદસૂરિના શબ્દોનું સ્થૂલ રૂપમાં પ્રકટીકરણ થતું જોવાની ફી તરીકે જે કાંઇ આપવું પડે તે થોડું જ ગણાય. પરન્તુ, અફસોસ ! રા. ઘનશ્યામે નથી અભ્યાસ કર્યો જૈન ધર્મનો, કે નથી અવલોક્યાં નિત્શેના મહાસૂત્રો; તેમજ વળી એમને એક તદ્દન કાલ્પનિક નૉવેલ લખવાનું નહતું, પણ ઐતિહાસિક નૉવેલ લખવાનું હતુ, જેથી ઇતિહાસના મુખ્ય મુખ્ય બનાવોને વળગી રહીને વસ્તુસંકલના કરવી પડી હશે. નહિ તો, આનંદ-સૂરિની ભવિષ્યની પ્રવૃત્તિનુ કોઇ અવનવું જ ચિત્ર તેઓ દોરી શક્યા હોત અને એમાંથી એકવીસમી સદીનો નૂતન જૈન ધર્મ ઉદ્દભવવા પામત. પરન્તુ, એ નવી જૈન સૃષ્ટિ ઉત્પન્ન થવા પામે તે પહેલાં કેટલીએ જૂની 'સૃષ્ટિ'ઓનો 'પ્રલય' થશે, કેટલાએ 'બ્રહ્મા'ઓ થાકશે અને પદચિન્હ મૂકીમૂકીને મરશે. દરમ્યાનમાં એટલું જ કહીને હું સંતોષ લઇશ કે, "All heil to 'Ghanshyam' and his 'creation,' to Anandsuri the Prophet of the Religion of the Future!"

જૈનો, હિંસા અને યુદ્ધ:—'પાટણની પ્રભુતા' નામના પુસ્તકમાં એક જૈન યતિને રાજ્યપ્રકરણી બાબતોમાં ભાગ લેતો બતાવ્યો છે તે વિરૂદ્ધ જૈનોએ ઉઠાવેલો પોકાર તથા જૈનોના 'અહિંસા પરમો ધર્મઃ' નાસિદ્ધાન્ત બાબે લાલા લાજપતરાયે 'મૉડર્ન રિવ્યુ' પત્રમાં કરેલી ટીકા : એ બે બનાવો સ્વાભાવિક રીતે જૈન પૂર્વાચાર્યોના અભિપ્રાયો તથા પૂર્વના પ્રસિદ્ધ જૈનોનાં જીવનચરિત્રો તપાસવાની પ્રેરણા કરે છે. એવી થોડીઘણી અને તાત્કાલિક તપાસને પરિણામે મળી આવેલી હકીકતો અને વિચારો આ નીચે રજુ કરૂંછું.

પ્રાચિન દિગમ્બરાચાર્ય વિદ્યાનન્દ સ્વામી (આપ્તપરીક્ષા,

અષ્ટસહસ્ત્રી, શ્લોકવાર્તિક ઇત્યાદિ ઉત્તમ શાસ્ત્રોના રચનાર) કૃત ' પાત્રકેસરી સ્તોત્ર ' કે જે અતિ દુર્લભ્ય છે હેમાંનો આ નીચેનો શ્લોક મનન કરવા યોગ્ય છેઃ—

दिगम्बरतया स्थिताः
    स्वभुजभोजिनो ये यदा
प्रमादरहिताशयाः
    प्रचुरजीवहत्यामपि
न बन्धफलभागिन-
    स्त इति गम्यते येन ते
प्रवृत्तमनुबिभ्रति ।
    स्वबल योग्यमध्याप्यमी ।

દિગમ્બર વૃત્તિ (દિગમ્બર સાધુપણું અથવા 'નગ્ન સત્ય' વૃત્તિ) વડે જેઓ સ્થિત રહ્યા છે, (ઉચ્ચતમ શ્રીલસુરીવડે જીવન ટકાવી શક્યા છે), પોતાની ભુજા વડે જ જેઓ હમેશ પેટ ભરે છે, અને જહેમના આશયો 'પ્રમાદ' રહિત છે (કોઇ પદાર્થ કે વૃત્તિના ગુલામ થઇને કે ગફલતથી જેઓ કાંઇ પ્રવૃત્તિ કરતા નથી), તેઓ પ્રચુર (ઘણી) જીવહત્યા કરવા છતાં, હેમને ' કર્મબંધ ' થતો નથી,* એમ સમજાય છે. કારણ કે, આ કાળે પણ એવા પુરૂષો 'प्रवृत्तम्' અર્થાત્ જે કાર્ય આગળથી નક્કી થયું છે હેને પોતાની શક્તિ પ્રમાણે અનુસરે છે-ભોગવે છે.

* * *

તે જ આચાર્ય તે જ સ્તોત્રમાં લખે છે કે,

न चासुपरिपीडनं नियमतो शुभायेष्यते
त्वया न च शुभाय वा नहि च सर्वथा सत्यवाक् ।
न चापि दमदानयोः कुशलहेतुतैकांततो
विचित्रनयभंगजालगहनं त्वदीयं मतं ॥

પ્રાણીપીડા (હિંસા) એ નિયમપૂર્વક જ (as a rule) અશુભને માટે છે, એમ કાંઇ નથી; તેમજ, એ નિયમપૂર્વક શુભને

* ઉચું જ્ઞાન ધરાવનારાઓ હિંસા કે અહિંસાને 'દૃષ્ટિબિંદુ' માનીને વર્તતા નથી, ઉચ્ચાશયની સફળતા એ એમનું 'દૃષ્ટિબિંદુ' ('સાધ્ય') હોય છે અને હિંસા કે અહિંસા જેમાં સમાયલી હોય એવાં ' સાધનો ' અપ્રમત્તપણે-નિર્મોહપણે-તેઓ વાપરે છે

માટે હોય, એમ પણ નથી. તેવી જ રીતે, ઇન્દ્રિયદમન અને દાન એ બન્ને પણ એકાન્તથી (અર્થાત્ હમેશ, નિયમપૂર્વક) કુશલના હેતુ છે એવું કાંઇ નથી. ત્હારો મત તો, હે ભગવન્! વિચિત્ર 'નય'ની બારીકીઓથી ગહન છે. [અર્થાત્ મનુષ્યોએ માનેલા નીતિસૂત્રને જ 'પ્રમાણ' (Standard]) માનીને તદનુસાર વર્તન કરવાનું તું ફરમાવતો નથી, પરન્તુ અનેક દૃષ્ટિબિંદુઓ—અનેક નયો—ની કસોટી વાપરવા અને પરિણામે જે કાર્યસાધક લાગે તે જ કરવા તુ સલાહ આપે છે. આજે આખી દુનિયા અને ખાસ કરીને 'દયાળુ' મનુષ્યો કોઇ પણ સિદ્ધાંત, કાર્ય કે બનાવની 'કિંમત' માત્ર **નીતિસૂત્ર** (morality)ની એકમાત્ર કસોટી વડે મુકરર કરે છે, તેઓ જાણતા નથી કે નીતિસૂત્ર એ ઘણી કસોટીઓમાંની એક છે, પણ એથીએ વિશેષ મહત્તાવાળી બીજી ઘણી કસોટીઓ-ઘણાં દૃષ્ટિબિંદુઓ-ઘણા ' નયો ' હયાતી ધરાવે છે. આ જબરજસ્ત જૈન તત્ત્વવેત્તા એટલે સુધી કહેવાની હિંમત ધરે છે કે, હિંસા, ઇન્દ્રિયદમન, દાન અને સત્ય કથન જેવી સર્વમાન્ય થઇ પડેલી 'નીતિ'ઓ પણ **સર્વદા અને સર્વથા** અર્થાત્ **નિયમ તરીકે** કુશલહેતુ નથી; કોઇ સંજોગમા તેથી અકુશલ પણ થાય. Jainism is really '*beyond* good and evil' !]

***

શ્વેતામ્બરાચાર્ય શ્રી સોમદેવસૂરિ કૃત સુપ્રસિદ્ધ ' યશસ્તિલક ચમ્પુ 'માં ધર્મ તેમજ રાજનીતિ, યુદ્ધનીતિ ઇત્યાદિનો ઉપદેશ કરાયલો છે, જેમાંથી થોડાએક શ્લોકો અત્રે આપવા ઠીક થઇ પડશે:-

> यस्मादभ्युदयः पुंसां निःश्रेयसफलाश्रयः ।
> वदन्ति विदिताम्नायास्तं धर्मं धर्मसूरयः ॥
> स प्रवृत्तिनिवृत्यात्मा गृहस्थेतरगोचरः ।
> प्रवृत्तिर्मुक्तिहेतौ स्यान्निवृत्तिर्भवकारणात् ॥

જે ધર્મગુરૂઓને સંપ્રદાયોનું સારૂં જ્ઞાન છે તેઓ ' ધર્મ ' ત્હેને કહે છે કે જેથી પુરૂષોનો અભ્યુદય થાય અને પરંપરાએ મોક્ષફલ મળે. તે ધર્મ, પ્રવૃત્તિ તેમજ નિવૃત્તિ રૂપે, ગૃહસ્થ તેમજ ત્યાગીમાં નજરે પડે છે. **પ્રવૃત્તિથી મુક્તિ પણ મળે અને નિવૃત્તિથી ભવવૃદ્ધિ પણ થાય.**

> पुंसामसारसत्वानां किं कुर्याद्विक्रमक्रमः ।
> भस्मीभवन्ति काष्ठानि तेजसानुगतान्यपि ॥

નિર્માલ્ય સત્ત્વવાળા મનુષ્યોને પરાક્રમની રીતિ શું કરવાની હતી? તેજ ત્હેમની પાછળ છે એવાં કાષ્ઠોની ખાખ જ થાય છે! (અર્થાત્, તેજને લીધે લોખંડ લાલચોળ પ્રકાશિત બને છે, પરન્તુ કાષ્ઠ તો પ્રકાશિત બનવાને બદલે ખાખ થઇ જાય છે! શક્તિ નિર્માલ્ય માણસોને વધારે નિ:સત્વ બનાવે છે, સશક્ત મનુષ્યોને-'અધિકારી'ઓને-વધારે તેજસ્વી બનાવે છે. હથામાં ઉંચો ધર્મ તુચ્છ આત્માઓને મળવાથી તેઓ ઉલટા વધારે નમાલા, હીચકારા અને રેંજીપેંજી બને છે, એટલુ જ નહિ પણ ધર્મને પોતાની પ્રકૃતિને અનુકૂળ એવું કંગાળ સ્વરૂપ આપી દે છે, કે જેથી તે ધર્મ નિંદનીય બને છે. એ જ ધર્મ બહાદૂરોના હાથમાં આવતાં ઓર વિશેષ દીપી ઉઠે છે અને ત્હેના અનુયાયોને વિશેષતર બલવાન—સિંહ અને ગરૂડ જેવો—બનાવે છે.)

शूरोऽपि सत्त्वयुक्तोऽपि नीतिं वेत्ति न यो नरः ।
तत्र संनिहिता नित्यमापदः शरभोपमे ॥

બહાદૂર હોય, તેમજ સત્ત્વવાળો પણ હોય, તથાપિ જે માણસ રાજ્યતંત્રની નિપુણતા ન ધરાવતો હોય, ત્હેના ઉપર, શરભ અથવા શાર્દૂલની માફક હમેશા આપત્તિ આવ્યા કરે છે. (શાર્દૂલ અથવા સિંહ સત્ત્વવાળું પ્રાણી છે તથાપિ, બુદ્ધિવૈભવ ન હોવાથી, આકાશમાં થતી ગર્જનાને કોઇ હરીફની ગર્જના માની શિર પટકીને મરણશરણ થાય છે, તેમજ યુક્તિ પ્રયુક્તિ નહિ જાણનાર માણસ બલવાન અને હિંમતવાન હોવા છતા પોતાનું અશ્રેય જ કરી બેસે છે)

धूर्तेषु मायाविषु दुर्जनेषु स्वार्थैकनिष्ठेषु विमानितेषु ।
वर्तेत य: साधुतया स लोके प्रतार्यते मुग्धमतिर्न केन ॥

ધૂર્ત, માયાવી, દુર્જન, સ્વાર્થમાં તલ્લીન, અને અપમાન પામેલા માણસો . એટલાઓ સાથે જે મનુષ્ય 'ભલાઇ'નું વર્તન કરે તે મૂર્ખ મનુષ્ય કોના હાથમાં નહિ સપડાય? [આવી જાતના લોકો સાથે કામ પડતાં પ્રમાણિકપણું અને દયા તથા ભલાઇ વગેરેને વેગળાં મૂકવાં જોઇએ, એમ આ જૈનાચાર્ય સૂચવે છે. કાઉન્ટ ટૉલ્સ્ટોય અને મહાત્મા ગાંધીની 'Passive Resistance'વાળી નીતિને આ જૈનાચાર્ય 'મૂર્ખ' એવું વિશેષણ આપે છે એમના હિસાબે, જો દુષ્ટોની દુષ્ટના આપણી સજ્જનતાને લીધે જ વિજયવંતી નીવડે તો એથી દુનિયામાં સજ્જનતાની પ્રતિષ્ઠા ઓછી થવા પામે અને દુષ્ટતા વધારે ફેલાવો અને તાકાદ પામે. તેઓ કહે છે કે:—]

दण्ड एव हि नीचानां विनयाय न सत्क्रिया ।
ऋजुत्वे विप्रकाष्ठस्यनाग्नेरस्ति परो विधिः ॥

નીચ માણુસોને સીધા કરવા માટે સત્કાર કામ લાગતો નથી; ત્હેમને માટે તો "દંડ" એ એક જ રસ્તો છે. લાકડાનો 'વાંક' દૂર કરવાનો એક સિવાય બીજો રસ્તો નથી, અને તે એ કે ત્હેને બાળી નાંખવું.

* * *

શ્રી વાદિચન્દ્રસૂરિ નામના દિગમ્બર જૈનાચાર્યે ભિન્ન ભિન્ન ધર્મોની ચર્ચા કરનારો 'જ્ઞાનસૂર્યોદય' નામનો નાટકગ્રંથ લખ્યો છે, જેમાં શ્વેતામ્બર જૈન સમ્પ્રદાયના એક શાસ્ત્રમાં નીચેની ગાથા હોવાનું જણાવ્યું છે—

देवगुरूणं *कज्जे चूरिज्जइ चक्कवट्टिसेणंपि ।
जो ण विचूरइ साहू सो अणंतसंसारिओ होदि ॥

દેવ અને ગુરૂને માટે ચક્રવર્તીની સેનાને પણ ચૂર્ણ કરવી જોઇએ: જે સાધુ (એમ કરવાની શક્તિ છતાં) એમ ન કરે તે અનંતસંસારી થાય.

અને દિગમ્બર જૈનસમ્પ્રદાયના આચાર્યોએ પણ કાંઇ મણા રાખી નથી. કર્ણાટકમાં નાગવર્માચાર્ય ઇ. સ. ૧૦૭૦ ની આસપાસમા થઇ ગયા, તેઓ ઉદયાદિત્ય રાજાના 'સેનાનાયક' અને 'સંધિવૈગ્રહિક મંત્રી' હતા. મુનિચંદ્ર કે જે રાજા રટ્ટરાજ કાર્તવીર્યના ગુરૂ હતા (ઇ. સ. ૧૨૨૯ ની આસપાસમાં) ત્હેમણે રટ્ટરાજના કુમાર લક્ષ્મીદેવને શસ્ત્રવિદ્યા તેમજ શાસ્ત્રવિદ્યા બન્નેનું શિક્ષણ આપ્યું હતું અને પાછળથી લક્ષ્મીદેવને ગાદી મળી ત્હારે તે ત્હેના મંત્રી થઇ ઘણાં પરાક્રમનાં કામો કરતા રહ્યા, એમ રૉયલ એશિયાટિક સોસાઇટી (મુંબઇ શાખા)ના મુખપત્રમાં છપાયલા સૌંદત્તિના શિલાલેખોપરથી સ્પષ્ટ સમજાય છે. વળી જૈન કવિ જન્નની માતા ગંગાદેવીના ગુરૂ

* બીજે એક સ્થળેથી દેવ ગુરુધમ્મકજ્જે એવો પાઠ મ્હને મળ્યો છે; જેનો અર્થ એવો છે કે 'દેવ, ગુરૂ તથા ધર્મને માટે'. આ ગાથા શ્વેતામ્બરોના કયા સૂત્રગ્રંથમાં છે તે વાદિચન્દ્રસૂરિએ બતાવ્યું નથી. કદાચ શ્વેતામ્બર સમ્પ્રદાય હિંસક પ્રવૃતિને સહાયક છે એમ બતાવવા ખાતર પણ આ પ્રતિસ્પર્ધી પક્ષના આચાર્યે આમ લખ્યું હોય. સૂત્રોના અભ્યાસી કોઇ મહાશય આ ગાથાનું સ્થાન બતાવશે તો કૃપા થશે

રામચન્દ્ર દેવ નામના મુનિ હતા અને રાજા જગદેકમલ્લના દરબારમાં કટકોપાધ્યાય હતા (ઇ. સ ના બારમા સૈકામાં). આ ઉપરાંત શ્રાવક તરીકે મંત્રીપણું, લશ્કરનું ઉપરીપણું અને ખુનખાર લડાઇમાં યોદ્ધાપણું કરનારાઓ તો ઘણાએ થઇ ગયા છે. જન્ન કવિ (ઇ.સ. ૧૨૦૯)ના પિતા શંકર, હુયશાલવંશના રાજા નરસિંહના દરબારમાં કટકોપાધ્યાય હતા અને જન્ન કવિ પોતે તે રાજાનો મંત્રી અને સેનાનાયક હોવા સાથે કેટલાક જૈન ગ્રંથોનો કર્તા અને અનન્તનાથ તથા પાર્શ્વનાથના મંદિરોનો બંધાવનાર હતો. અર્હદ્દાસ (ઇ. સ ૧૩૦૦ ની આસપાસમાં) નામનો જબરજસ્ત જૈન કવિ પોતાને 'ગિરિનગરાધીશ્વર' લખતો, તેથી જણાયછે કે તે કોઇ સ્થળનો નરેશ હતો. મંગરાજ (ઇ. સ. ૧૫૦૯) નામના જૈન પંડિત કે જેહેમણે સમ્યક્ત્વ કૌમુદી, શ્રીપાલચરિત આદિ પ્રસિદ્ધ ગ્રંથો લખ્યા છે તે, હોયસળ દેશના હોમવૃત્તી પ્રાન્તના હુલ્લહલ્લી રાજ્યના રાજા હતા. બૂચિરાજ (ઇ. સ. ૧૧૭૩) એ જૈન કવિ હતા [illegible] વીર બલ્લાલ રાજાના મંત્રી હતા. ઉદયાદિત્ય (ઇ. સ. ૧૧[illegible] એક માણ્ડલિક રાજા હતો અને 'સાહિત્ય વિદ્યાધર' જે[illegible] ૧૦૧ ધરાવતો પંડિત જૈન હતો. કીર્તિવર્મા (ઇ. સ. ૧૧૨૫) એ સોલંકી વંશના મહારાજા ત્રૈલોક્યમલ્લનો પુત્ર હતો અને એક વીર યોદ્ધો તેમજ સાહિત્યપ્રેમી જેથી પંડિત હતો. હેની માતાએ સેંકડો જૈન મંદિરો બંધાવ્યા હતા, જેનાં ખંડેરો હજી વિદ્યમાન છે. ચામુંડરાય (જન્મ ઇ. સ. ૯૭૮) એ રાજા રાચમલ્લના મંત્રી અને સેનાપતિ હતા, અને ગોવિન્દરાજ, એકાંકુરાજ વગેરે કેટલાએ રાજાઓને હેણે હરાવ્યા હતા, જેથી 'સમરપરશુરામ' 'વીરમાર્તણ્ડ', 'સમરધુરન્ધર' એવાં પદ મળ્યાં હતા; અને 'ત્રિષષ્ઠિલક્ષણ મહાપુરાણ' નામનો જૈન ગ્રંથ પણ હેણે જ રચ્યો છે. આદિ પંપ (જન્મ ઇ. સ. ૯૦૨), પુલિગેરીના ચાલુક્ય રાજા અરિકેસરીનો સેનાપતિ હતો. નૃપતુંગ (ઇ. સ. ૮૧૪–૮૭૭) એ રાઠોડ વંશનો રાજા હતો અને જૈન કવિ હતો (એની રાજધાની મલખેડ.) એવી જ રીતે રાજા દુર્વિનીત (ઇ. સ. ૪૯૮–૫૧૩) પણ જૈન રાજા અને જૈન પંડિત હતો.

છેક સત્તરમા સૈકાના ઇતિહાસ તરફ નજર કરીએ છીએ તો પણ જૈનોની લડાયક વૃત્તિ, જુસ્સો, ટેક, ડંશીલાપણું અને મક્કમ

દાખલા મળી આવે છે. શ્રીયુત ઉમરાવસિંહજી ટાંક બી. એ. એલ. એલ. બી. એઓએ બીકાનેરના બહાદુર જૈન બચ્છાવત વંશનો ઇતિહાસ શોધીને લખ્યો છે, જેમાં કરમચન્દ બચ્છાવતના પુત્રોની બહાદુરીનો નીચેનો હેવાલ ધ્યાન ખેંચે છે—

વિ. સં. ૧૬૧૩માં સૂરસિંહ ગાદિએ આવ્યો અને કરમચન્દ બચ્છાવતના પુત્રોને બીકાનેરમાં પાછા બોલાવી મારી નાખવાની જે આજ્ઞા હેના પિતાએ હેને મરણ વખતે કરી હતી હેનો અમલ કરવા ખાતર દીવાનને રજા આપીને એવી અફવા ફેલાવી કે હેની જગાએ ખરો હક્ક ધરાવતા પૂર્વના દીવાનના પુત્રોને દીવાનપદ આપવાનું છે, એટલું જ નહિ પણ પોતે દીલ્લી જઇને બચ્છાવતોને મીઠી વાતો કરી દેશમાં આવવા સમજાવ્યા. આખરે તેઓ બીકાનેર આવ્યા પરન્તુ પુરા બે માસ પણ થવા નહિ હોય એટલામાં એક દિવસે પ્રાતઃકાળમાં બચ્છાવતના મકાનને ૩૦૦૦ સીપાઇઓથી ઘેરી લીધું. બચ્છાવતપુત્રોએ જાણ્યુ કે હવે છુટવું તો અશક્ય છે, છેવટ મરવું પણ એ શરમભર્યું અને હીચકારૂં કામ હોઈ ન જીવતાં...કરવું જ નહિ એવો નિશ્ચય કર્યો. પોતાના વફાદાર પાંચસો રાજપુતો સહિત તેઓ ઘેરો ઘાલનાર ૩૦૦૦ સીપાઇઓ સાથે મરણીઆ થઇને લડયા. જ્યારે અંત નજીક દીઠો ત્યારે ઓશવાળ જૈન કુળના આ બે બહાદુર અને ટેકીલા ભાઇઓએ અગ્નિની ચીતા તૈયાર કરાવી, જેમાં કુટુમ્બની સઘળી સ્ત્રીઓ, બચ્ચાઓ, વૃદ્ધ પુરૂષો પોતાની મેળે કુદી કુદીને બળી મુઆ, કે જેથી દુશ્મનના હાથમાં જઇ દીન વદન કરવું પડે નહિ; કેટલાક તો એક બીજાની તરવારથી કપાઇને મુઆ. એક બાજુ જમીનપર લોહીનો પ્રવાહ વહેવા લાગ્યો, અને બીજી બાજુ આકાશમાં અગ્નિની જ્વાળા અને ધુમાડો ફેલાયો. ત્યાર બાદ સઘળા કિમતી પદાર્થો કુવામાં નાખીને, અર્હંત્ ભગવાનને નમસ્કાર કરીને, એક-બીજાને છાતી સાથે છેવટનું આલિંગન આપીને, કેશરીઆ વાઘા પહેરેલા બન્ને ભાઇઓ, દરવાજા ખોલીને, હાથમાં તલવાર ફેરવતા, દુશ્મનોની મ્હોટી સંખ્યા વચ્ચે તૂટી પડયા અને વીરતાથી લડતાં-મારતાં-કાપતાં આખરે ગરમ લોહીમાં કપાઇ મુઆ.

કોણ કહેશે કે જૈન ધર્મનો 'આત્મા' નિર્માલ્ય છે? કોણ કહી શકશે કે પૂર્વના જૈનો રાજ્યપ્રકરણી બાબતોમાં અને યુદ્ધક્ષેત્રમાં

આગેવાનોએ ભાગ નહોતા લેતા ? આજના જૈનોના વેવલા-પણા પરથી કે વેવલા વર્ગમાંથી જ બનેલા જૈન ઉપદેશકોની ધર્મ-વિષયક વ્યાખ્યાઓ પરથી પૂર્વના જૈનો અને જૈન ધર્મને નિર્માલ્ય ઠરાવવા તૈયાર થવું એ ન્યાયવિરૂદ્ધ નથી એમ કોણ કહેશે? અરે, જૈન નામ જ, એ નામનો જી ધાતુ જ, વિજયસૂચક છે અને એ ધર્મના 'ઇશ્વરો'–'અરિહંતો' અરિ (દુશ્મન)ને હણવામાં હેમની અસીમ બળને લીધે જ એ નામથી ઓળખાય છે.

જૈન 'ક્ષત્રિય'નું મૃત્યુ—આગેવાનો, સાધુઓ અને કેળવા-યલાઓ પર કડવી ટીકા હિમતથી કરનારો જૈન 'ક્ષત્રિય' મી. નથુ મંછાચંદ એપ્રીલ માસમા ગુજરી ગયો છે. કશા પણ શિક્ષણ વગર અને દ્રવ્ય વગર યુરોપ–અમેરિકાની મુસાફરી કરીને જાદુગર તરી-કેની નામના મેળવનાર અને જાહેર જૈન મેળાવડાઓમાં સિંહની પેઠે ગર્જનાર 'પ્રોફેસર' નથુ મંછાચંદની જૈન કોમને ખોટ જ પડી છે.

છાપાંનાં નસીબ ઉઘડ્યાં!:— મુંબઇના ગવર્નર અને (વિલિંગ્ડનને મુંબઇની કોર્પોરેશનના પ્રમુખ તરફથી અપાયેલા [illegible])એ પ્રસંગે તે નામદારે મુંબઇ ઇલાકાનાં છાપાંને ઉદ્દેશીને કહ્યું હતું કે "એક મ્હોટી કોમના જૂદા જૂદા ભાગોના મન પર અસર કરવાને અને વિચારો ઘડવાને વર્તમાન પત્રો એક બલવાન અંશ છે તે વર્તમાનપત્રોનો હું આજે અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું."...મહાત્મા ટૉલ્સ્ટૉય કહે છે કે, દરેક સુધરેલા કહેવાતા રાજ્યમા છાપાનો આત્મા બળ કે કળથી વશ કરી લેવાની શક્તિ રાજકર્તાઓ સારી રીતે ધરાવે છે

જબરજસ્ત દાનવીરનું મૃત્યુ:—અમદાવાદના નાગર, સર-દાર બહાદૂર ચીનુભાઇ માધવલાલ માર્ચ માસમા ગુજરી ગયા છે. હેમની સખાવતો જૈનોએ કાન દઇને સાંભળવા જેવી છે, અને એટલું પણ ધ્યાનમા રાખવાનું છે કે, એ સર્વ સખાવતો પોતાની જીંદગી દરમ્યાન અને સ્વહસ્તે કરાવલી છે, નહિ કે મરતી વખતે યમદૂતને રૂશવત આપવા રૂપે ! સાયન્સ કૉલેજમા રૂ. ૨ લાખ, ગુજરાત કૉલેજમાં રૂ. ૩ લાખ, ટૅકનીકલ સ્કુલમાં સુમારે ૧ાા લાખ, બૈરાની ઇસ્પીતાલમાં સુમારે ૧ાા લાખ, નર્સસ્કુલમાં ૧ લાખ ૧૫ હજાર, કૉમર્સ્યલ કૉલેજમાં રૂ. ૧ લાખ, બીજી મ્હોટી સખાવતો ૨ાા લાખની, અને પરચુરણ સખાવતો પાર વગરની. એમના પિતા

અને દાદાએ જે સમ્પાવલો કરી છે તે જો આ સફળો સાથે ઉમેરવામાં આવે તો એમ બોલ્યા સિવાય ભાગ્યે જ રહી શકાય કે સ્વ૦ ફણીભોડલાલ ઓટાલાલે ગુજરાતના ઉદયમાં આપેલા ફાળા જેવો ફાળો કોઇ આપી શક્યું નથી.

જૈનો કોઇ ધડો લેશે?—ખાસ કરીને લોભી સ્થાનકવાસીઓ!

ભારત જૈન વિદ્યાલય, પુનાઃ—શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ભાઇઓએ 'મહાવીર જૈન વિદ્યાલય' પુના ખાતે ખોલવાનું ઠરાવ્યા બાદ તે સંસ્થાને મુંબઇ ખાતે ફેરવવાની જરૂર જોઇ, તેથી પુના ખાતે કેટલાક જૈન ભાઇઓ 'ભારત જૈન વિદ્યાલય' ખોલવાના ઠરાવ પર આવ્યા હતા, જ્હેની સ્થાપના પણ થઇ ચુકી છે. પહેલા અંગ્રેજી ધોરણથી એમ. એ. સુધીના વિદ્યાર્થીઓ માટેની બોર્ડીંગ તરીકે હાલ તો કામ શરૂ કરવામાં આવ્યુ છે. સુમારે રૂ. ૨૫ હજારનું ફંડ થયું છે. વ્યવસ્થા અને બંધારણની બાબતમાં પુરતી દૂરંદેશી રખાશે તો પરિણામ સારૂં આવશે.

વિલાયતમાં જૈન સાહિત્યઃ—જૈન સાહિત્યનો અભ્યાસ કરવા માટે વિલાયતમાં એક સભા સ્થપાઇ છે, જેના અધ્યક્ષ 'ઇંડિયા ઑફિસ'ના લાઇબ્રેરીઅન મી. એફ. ડબ્લ્યુ. થોમાસ છે. ઇન્દોર હાઇકોર્ટના જજ શ્રીયુત જગમંદરલાલ જૈની M. A. Bar-At-Law એઓએ 'જૈનધર્મનાં મૂળતત્ત્વો' નામનું પુસ્તક અંગ્રેજીમાં રચ્યું છે, જેમાં પ્રસ્તાવના ઉમેરીને ઉક્ત અંગ્રેજ ગૃહસ્થે તે પુસ્તક કેમ્બ્રીજ યુનીવર્સીટી પ્રેસમાં છપાવી બહાર પાડ્યું છે. આ ઉપરાંત હિંદમાં બીજા ૨–૩ સુશિક્ષિત જૈન મહાશયો જૈન ફીલસુફીપર અંગ્રેજી પુસ્તક લખવામાં રોકાયલા સંભળાય છે. કાંઇક જીવન આવવા લાગ્યુ ખરૂ!

રાજ્યસત્તાનો પ્રભાવઃ—ખંભાતના એડમીનીસ્ટ્રેટરે એક જાહેરનામું કહાડ્યું છે કે, હાલમાં કોલેરા હોવાથી, કોઇએ નાતવરા અને જમણો કરવાં નહિ; માત્ર ધાર્મિક ક્રિયા ખાતર પચ્ચીસેક માણસોને જમાડવા હશે તો તે માટે વાંધો નથી. સુધારકોની વર્ષો સુધીની ચળવળથી જે નથી બનતું તે રાજ્યની કલમના બે ગોદાથી સહજમાં બની જાય છે; પણ દેશીરાજ્ય કે સ્વરાજ્ય વગર આવી કુમક કરીને લોકોને સુધારવાની દરકાર કોણ કરે?

જ્ઞાતિભોજન પર કેળવણીનો ટેક્ષઃ—પાટણના જૈનોએ

કચ્છમાં દુરદેશીભર્યો ઠરાવ કર્યો છે કે, લગ્નાદિ શુભ પ્રસંગે નોકારસી કે ગ્નાતિભોજન પાછળ દ્રવ્યવ્યય કરવા જેઓ તૈયાર થાય ત્હેમની પાસેથી તે ખર્ચના પ્રમાણમાં રૂ. ૧૦૧ અથવા ઓછાવધારે રૂપિયા કેળવણી ફંડ'માં લેવા. સઘળી ગ્નાતિઓ અને સંઘોએ આ ધારાનું અનુકરણ કરવું જોઇએ છે.

ચેતવણી:—'જૈન' પત્ર ચેતવણી આપે છે કે, મુનિશ્રી બુદ્ધિસાગરજીનો શિષ્ય મોહનવિજય પીળાં કપડાં પહેરી, રેલ મારફતે, દક્ષિણ પ્રાંતમાં ભટકે છે અને લોકોને ઠગી પૈસા લઇ ખોટે રસ્તે વ્યય કરે છે. થોડા દિવસ ત્હેણે ગદગ મુકામે હોટેલ ક્હાડી હતી! .. ...તેમજ વળી વીરવિજય નામનો સાધુ કે જેણે સ્થાનકવાસી તેમજ દેરાવાસી બન્ને સમ્પ્રદાયના સાધુ તરીકે લોકોને ઠગ્યા પછી સન્યાસીનો વેશ પણ લીધો હતો અને ગૃહસ્થ વેશે પણ ઘણાએ ઢોંગ કર્યા છે ત્હેનાથી પણ ચેતવાની એ પત્ર સલાહ આપે છે.. ... આજકાલ અજબગજબની વાતો વાંચવા–સાંભળવામાં આવે છે! અને એટલું છતાંએ લોકોનો શ્રદ્ધારોગ ટળતો નથી'

વૃદ્ધલગ્નોનો રાફડો!:—છેલ્લાં ૭ માસમાં પ્રગટ થયેલાં સઘળાં જૈનપત્રોમાંથી જાણવા જોગ જૈન ખબરો ચુંટવાનો પ્રયાસ કરતાં જે એક બાબતે મ્હારા મન પર સૌથી વધારે અસર કરી છે તે બાબત વૃદ્ધલગ્ન અને કન્યાવિક્રયના પ્રસંગોની અધિકતા છે. દરેક વીકના જૈન પત્રોમાં ઉપરાછાપરી એવા બનાવોની નોંધ વાંચવામાં આવે છે કે, ફલાણાએ ૭૦ વર્ષના બુઢ્ઢા સાથે પોતાની ૮ વર્ષની બાળકીનું લગ્ન કર્યું, ફલાણા કૉન્ફરન્સના આગેવાને ૬૦ વર્ષની વયે બે ઉપર ત્રીજી સ્ત્રી કરી, ફલાણી બાળકી પરણીને બીજે જ દિવસે રાંડી, ફલાણી કન્યાને વીશ હજાર રૂપીઆ માટે વેચવામાં આવી, ઇત્યાદિ. આ કાળોત્રાપત્રો વાંચતાં ગમે તેવા કઠણ હૃદયના માણસનું પણ દિલ બરાબ આવ્યા સિવાય રહે નહિ. અન્ય જાહેર પત્રોમાં વિધવાના હાથે થતાં બાળકોનાં ખુનના સમાચારો પણ પુષ્કળ વાંચવામાં આવે છે. આ વિધવાઓ ઉપર તો મરદો તિરસ્કાર કરે છે, અને ઉપરથી કોર્ટો જન્મદેશનીકાલની સજા કરે છે, પણ ત્હેમને વિધવા બનાવનાર માબાપ અને ગ્નાતિઓ અણિશુદ્ધ બચી જાય છે! એ ગધેડાઓ એટલી ઉમરે પરણવાનો લ્હાવો છોડી શકતા નથી તો પછી આ બાળકીઓને નીતિમાન અને ધર્મપરાયણ સાધ્વી બનવાની આશા કેવી

રીતે સખે છે તે સમજી શકાતું નથી. ઇન્દ્રિયોના વેગ ઉપર અંકુશ મૂકવાની વાતો કરનારા 'ઇન્દ્રિયોના ગુલામો'ના પૂતારા શબ્દો પર ક્રોધ અને હસવું બન્ને આવે છે. 'જૈન' પત્ર જણાવે છે કે, કચ્છમાં આવેલા આડે ગામના એક જૈને રૂ. ૭૦૦૦ માટે પોતાની બાળકીને બુઢ્ઢા સાથે પરણાવવાની ગોઠવણ કરી હતી, પરન્તુ કન્યાના મામાએ વેળાસર ચેતીને કોર્ટમાં ફર્યાદ કરવાથી પરિણામ એ આવ્યું કે તે ચર્મવ્યાપારીએ લેખીત કબુલાત આપવી પડી કે તે પોતાની ૧૨ વર્ષની બાળા ૫૩ વર્ષના બુઢ્ઢા સાથે નહિ પરણાવે! આવી હિંમત કેટલા થોડામાં હશે?

આ અભાગીઆ દેશમાં ૧૫ વર્ષથી ઓછી ઉમરની વિધવાઓની સંખ્યા ૩, ૩૫, ૯૦૦ છે! પંદરથી વધારે ઉમરની તો વાત જ ન પૂછશો......અને દેશને સુખી થવું છે!......

સીધાસીધા ગંગાજળ નહિ પીએ, વાંકા રહીને ગટરનું પાણી પીશે!:—ફેબ્રુઆરી માસમાં મુંબઈ ખાતે શા. કૃષ્ણલાલ વકીલ નામના વણિક ગૃહસ્થના લગ્ન સવિતા નામની બ્રાહ્મણ કન્યા સાથે અને દહેગામમાં શા. ચુનીલાલ નામના વણિક ગૃહસ્થનાં લગ્ન ચંચળ નામની બ્રાહ્મણ કન્યા સાથે થયાં છે. આવા બનાવો પર ટીકાની શું જરૂર રહે છે? હજીએ હિંદુસમાજ કાંઈક સમજવા લાગશે કે?

જૈન પત્રકારો વિવેક શીખશે?:—એક જાણીતા જૈન પત્રમા એક કચ્છી બંધુ લખે છે કે, "આ પ્રતિમા જુની લાખો-ક્રોડો વરસની છે......મંદિર આકાશ માર્ગે ઉડાવીને લાવેલું છે." વગેરે, વગેરે. મૂર્તિ અગર મંદિરની સુંદર કારીગરી માટે તારીફ કરવી અગર જેઓ મૂર્તિપૂજામાં ધર્મ માને છે તેમને અમુક મૂર્તિ કે મંદિરનો લાભ લેવાની વિનંતિ કરવી, એ વાંધાભર્યું નથી; પરંતુ ક્રોડો વરસો સુધી મૂર્તિ કે દેશ પણ કાયમ રહેતા હશે કે કેમ એટલી સામાન્ય બુદ્ધિ એક પત્રકારે એવા સમાચારો દાખલ કરવા પહેલાં વાપરવી જોઈએ છે.

પુનામાં સ્થાનકવાસી જૈન બોર્ડીંગની જરૂર જણાવાથી પિંપળગાંવવાળા શ્રીયુત પુનમચંદજીએ પોતાના ખર્ચે એક વરસથી બોર્ડીંગ ખોલી છે. પુના શહેરના શ્રીમંત સ્થા૦ જૈનો ચુપચાપ બેસી રહે એ શરમાવા જેવું છે. મદદ નહિ મળે તો એક સાધારણ

માણસ, એકલો, કેટલો વખત બોજો ઉઠાવી શકવાનો હતો? દક્ષિણ પ્રાન્તમાં બધી કોમો કેળવણીમાં આગળ વધવા લાગી છે, ફક્ત સ્થાનકવાસી જૈન કોમ જ પાછળ પડી રહી છે, અને તે છતાં આખા પ્રાંત માટે એક ન્હાનુ સરખું બોર્ડીંગહાઉસ સ્થાપવા—નીભાવવા જેટલું પણ 'પાણી' એ પ્રાંતના ધનાઢ્ય સ્થાનકવાસીઓ ન બતાવે એ શુ ઓછુ શરમાવા જેવું છે?

ખબરદાર, બિચારા બુકસેલર!:—જૈન સાધુઓને લોકોએ મહારાજાધિરાજ નામ આપવા માંડ્યું તેમ તેમ તેઓ પૈકી કેટલાકો પોતાને ખરેખર જ મહારાજા – કોઇ દેશના માલેક—માનવા લાગ્યા છે હમણાં પ્રસિદ્ધ વક્તા શ્રી ચારિત્રવિજયજી મહારાજે તે જ સંપ્રદાયના બુકસેલર મેઘજી હીરજીના એક નમ્ર જવાબથી છેડાઇ પડી 'જૈન પત્રના તા. ૧૧ જુનના અંકમાં ઉક્ત બુકસેલર જોગ એક ખુલ્લો પત્ર પ્રગટ કરાવ્યો છે, જેનો ટુંક અર્થ કરીએ તો તે એટલો જ છે કે, "ખબરદાર! બિચારા બુકસેલર! ત્હારા જેવા તુચ્છ પ્રાણીઓ શુ અમ સરખા 'મહારાજા'ઓને જવાબ—ગમે તેવી નમ્ર ભાષામાં પણ જવાબ—આપવાને લાયક હોઇ શકે?" મ્હને તો લાગે છે કે, જ્યારે પંડિત મહારાજની પંડિતાઇ એક સામાન્ય શ્રાવકથી પરાજય પામી ત્યારે બીજો જવાબ વાળવાની અશક્તિએ ક્રોધનુ સ્વાભાવિક સ્વરૂપ ધારણ કર્યું છે, બીજુ કાંઇ નથી. મુનિશ્રી લખે છે: ' 'શ્રી મહાવીરના ચિત્ર સામે પોકાર' એ મથાળા નીચે તમોએ 'મહાવીર જીવન વિસ્તાર'ના પુસ્તકનાં ચિત્રો બાબત બીજાઓ તરફથી હિતપૂર્વક કરવામાં આવેલી સૂચના સામે ટીકા કરી તમોએ તમારા કાર્યને સત્ય અને ડહાપણભરેલું મનાવવા પ્રયત્ન સેવ્યો છે, તેમજ ટીકા કરતાં આક્ષેપ કરનારી ભાષા વાપરી સૂચના કરનારાઓ તરફ મગજનું સમતોલપણું સાચવી શક્યા નથી, એમ તમારી બેદરકાર ભરેલી લેખન પદ્ધતિથી સમજી શકાય છે. વળી એક બુકસેલરના ધંધા કરનાર માણસે પુસ્તકના અભિપ્રાય આપનારા જૈન મુનિઓ માટે કેવી ભાષા વાપરવી જોઇએ તે પણ લેખન શૈલીમાં વિવેક દૃષ્ટિથી જોવાયું નથી." મુનિશ્રી જેવા મ્હોટા પુરૂષ એક બુકસેલર જેવાની ભાષાની પણ ખરી કિમત આકી શકતા નથી એ એક આશ્ચર્યનો વિષય છે. બુકસેલરની ભાષામા મુનિશ્રી કહે છે તેમ 'બે દરકાર ભરેલી લેખન

પદ્ધતિ,' મગજના સમતોલપણાની ગેરહાજરી, આક્ષેપ કરનારી ભાષા અને વિવેક દૃષ્ટિની ખામી એ સર્વ દોષો અગર એમાંનો એક પણ દોષ નથી એમ હરકોઇ વિદ્વાન જોઇ શકશે. મુનિઓની 'વિવેક'ની વ્યાખ્યા કયા પ્રકારની હોય છે ત્હેનો જાહેર પ્રજાને ખ્યાલ આપવા ખાતર જ હું અત્રે મી. મેઘજી ખુકસેલરનો (મુનિશ્રીને દોષિત લાગતો) લેખ આ નીચે પ્રકટ કરવાની અગત્ય જોઉં છું. હું ઇચ્છું છું કે જ્હેને તે મુનિ એક વિવેકરહિત, મગજના સમતોલપણારહિત, સામાન્ય 'જીવ' માને છે ત્હેના જેટલા વિવેક, વિનય અને બુદ્ધિપૂર્વક લખતાં તેઓ શિખે.

શ્રી મહાવીરના ચિત્ર સામે પોકાર.

શ્રીયુત સમ્પાદક 'જૈન'.

હું જાણીને ખુશી થયો છું કે મ્હારા તરફથી પ્રકટ થયેલા "મહાવીર જીવન વિસ્તાર" નામના નવીન પુસ્તકમાંના આધ્યાત્મિક વિચારોની ચોતરફથી સારા શબ્દોમાં આલોચના થવા લાગી છે; અને એથીએ વધારે ખુશાલી મ્હને એ જોઇને થઇ છે કે એ પુસ્તકમાંનાં ચિત્રો બાબતમાં કેટલીક ચર્ચા જન્મ પામી છે. ચર્ચા જાગવી એ સમાજની તન્દુરસ્તીનું ચિન્હ છે, સત્ય શોધવા-સમજવાની જીજ્ઞાસાનું લક્ષણ છે; અને એ કારણથી હું સઘળા ટીકાકારોને-તેઓ મ્હારી અને તે પુસ્તકના લેખકની વિરૂદ્ધમાં પોકાર કરે છે તો પણ આનંદથી વધાવી લઉં છું. તે જ વખતે હું તેઓની ટીકાનું અવલોકન કરવાની પણ જરૂર જોઉં છું.

શ્રી 'મહાવીર જીવન વિસ્તાર' માંનાં ચિત્રો સાથે તે પુસ્તકના મૂળ લેખકને કશો સબંધ નથી એ તો મ્હારે પ્રથમથી જ કહી દેવું જોઇએ છે. ચિત્રો નાખવાનો વિચાર મ્હને જ સુઝયો હતો અને તે પણ મહાવીરજીવનના અમુક ચીરસ્મરણીય પ્રસંગોને વાચકના મગજમાં સજ્જડ ચ્હોંટાડવાના શુભ ઇરાદાથી જ સુઝયો હતો. ચિત્રના 'ડિઝાઇન' સબંધમાં હું સ્વધર્મી વિદ્વાનોની સલાહ અને મદદ લેવાનું પણ ચુક્યો ન હતો. મતલબ કે, એક તરફ જેમ મ્હારો આશય નિર્મળ હતો અને મ્હારી પ્રવૃત્તિ શ્રી મહાવીર પિતા તરફના સમ્પૂર્ણ ભક્તિભાવમાંથી જન્મી હતી, તેમજ બીજી તરફથી, ઉપાડેલા શુભ કામમાં ખામી આવવા ન પામે એટલા માટે યોગ્ય જનોની સલાહ પણ મ્હેં લીધી હતી. તથાપિ હું

કદાપિ એમ ન કહી શકું કે, શુભ આશય, ભક્તિભાવ અને વિદ્વાનોની સલાહ છતાં પણ કોઇ કામમાં ભૂલ ન જ થવા પામે. ભૂલવું એ છદ્મસ્થોનો સ્વભાવ છે અને ભૂલ જાણ્યા પછી એ પ્રમતિ માટે ઇષ્ટ છે. પરન્તુ જોવાનું એ છે કે મ્હારા પુસ્તકમાંનાં ચિત્રો બાબતમાં જે દોષો બતાવવામાં આવે છે તે ખરેખરા દોષો છે કે કાલ્પનિક દોષો છે–ભ્રમણા છે.

એ ચિત્રો બાબતમાં કરાયલી ટીકાઓનો બે મુદ્દામાં સમાવેશ કરી શકાય: (૧) મુંબઇમાં મળેલી સભા વખતે અમુક મુનિશ્રીએ તથા કેટલાક ગૃહસ્થોએ કહ્યું હતું તેમ, તીર્થંકરોનાં ચિત્રો બીજા ધર્મવાળાઓ છપાવે છે ત્હેમને પણ આપણે કોર્ટે ઘસડીને અટકાવીએ છીએ તો ખુદ જૈનોએ તો ચિત્રો છપાવવાં જોઇએ નહિ જ, કારણકે તેથી મહાપુરૂષોનો અવિનય થાય છે. (૨) તા. ૧૬ જાન્યુઆરીના 'જૈન' માં આ પુસ્તકની સમાલોચના કરતાં વિદ્વાન મુનિ શ્રી ચારિત્ર-વિજયજી કહે છે તેમ, "આપેલા ચિત્રો શ્વેતામ્બર જૈનોને ભડકાવનારાં છે."

પહેલા વાંધાના સબંધમાં હું કહીશ કે, ચિત્રો અને મૂર્તિઓ એ ભક્તિને પ્રેરનાર અને પુષ્ટિ કરનાર સાધન છે એમ આપણે મૂર્તિપૂજક જૈન વર્ગે દ્રઢપણે માનેલું છે. આ પદાર્થો સામે વાંધો સ્થાનકવાસી જૈનો કે આર્યસમાજીઓ લઇ શકે, પણ ભક્તિના પ્રથમ પગથીઆ તરીકે મૂર્તિ સ્વીકારનાર આપણા વર્ગથી મહાપુરુષોનાં ચિત્રો તરફ વાંધો બુદ્ધિપૂર્વક લઇ શકાય નહિ, એમ મ્હારૂં આભિમત છે. આપણા કલ્પસૂત્ર વગેરેની જુની પ્રતોમાં પણ ભગવાનના પોતાનાં અને ત્હેમનાં માતુશ્રીના અનેક ચિત્રો આળેખેલાં આપણે જોઇએ છીએ. (અને જો તુલનાત્મક દૃષ્ટિએ ન્યાય આપવા આપણે તૈયાર હોઇએ તો તો કહેવું જ પડશે કે એ જુની પ્રતોમાંનાં કેટલાંક ચિત્રો ઉચ્ચ ભાવ ઉત્પન્ન કરે તેવા નથી, જ્યહારે મ્હારા પુસ્તકમાંનાં ચિત્રો શ્રી મહાવીર ભગવાનની વીતરાગતા, ક્ષમા, અચલવૃત્તિ અને આત્મ-શક્તિ ઉપર અગાધ ભક્તિ અને પૂજ્ય ભાવ ઉત્પન્ન કરાવે તેવાં છે, એમ જૈનેતર પ્રેક્ષકોએ પણ સ્વાનુભવથી મ્હને ખાત્રી આપી છે.) અહીં એવો સવાલ કદાચ ઉઠાવવામાં આવશે કે, કલ્પસૂત્ર આદિનાં ચિત્રો કલમથી દોરાયલાં છે, પણ છાપેલાં નથી; મતલબ કે, છાપવા બાબતમાં સોહો વાંધો છે, તો એ એક જુદો જ સવાલ થાય છે, કે

જેનો ઉપર જૈન શાસ્ત્રો નહિ છપાવવાં જોઇએ એવી જુની માન્યતાને વેગળી મૂકી હમણાં પોતે જ એ કામ ઉપાડી બેસનારા વિદ્વાન્ અને માનવંતા જૈન આચાર્યો મ્હારા કરતાં વધુ આબાદ રીતે આપી શકશે. હું માત્ર એટલું જ ઉમેરીશ કે, કલ્પસૂત્રની જૂની પ્રત જર્મનોએ ચિત્રો સાથે (અસલ પ્રમાણે જ) ઘણો વખત થયાં છપાવી બહાર પાડી છે, અને તે માટે જૈનોએ કાંઇ વાંધો દર્શાવ્યો નથી.

બીજા ધર્મવાળાઓને જૈન મહાત્માઓનાં ચિત્રો છપાવતાં રોકવામાં આવે છે તે કારણથી જૈનોને પણ તેમ કરતાં રોકવા જોઇએ એ દલીલમાં મ્હને કાંઇ ન્યાય દેખાતો નથી. પ્રથમ તો કૃષ્ણ વગેરે તરફ હિંદુ ધર્મના અનુયાયીઓનો એટલો જ ભક્તિભાવ છે, કે જેટલો આપણ જૈનોને મહાવીર પ્રત્યે છે, અને તે છતાં હિંદુઓ કૃષ્ણ, રામ વિગેરેનાં ચિત્રો છપાવવામાં કે અન્યધર્મીઓને છાપવા દેવામાં કાંઇ દોષ જોતા નથી. ખુદ જૈનો પણ હિંદુ ધર્મના દેવો અને મહાત્માઓનાં ચિત્ર છાપે છે, વેચે છે અને કેટલાક જૈનોએ તો હિંદુ ધર્મના દેવોનાં નાટકો પણ રચ્યાં અને ભજવ્યાં છે. અને તે છતાં જૈનો કાંઇ પણ બુરા આશય વગર જૈન મહાત્માઓનાં ચિત્ર છપાવે તે સામે જૈનો અદાલતમાં દોડે એ મ્હને તો ન્યાય માર્ગ જણાતો નથી, પછી પક્ષમોહને લઇને કોઇ ગમે તે કહે કે કરે તે જૂદી વાત છે. તેમ છતાં દલીલ ખાતર માની લ્યો કે, અન્યધર્મીઓ જૈન મહાત્માઓને માનતા ન હોવાથી ત્હેમના હાથે આળેખેલાં જૈન ચિત્રો ભક્તિપ્રેરક ન પણ હોય, અને તે કારણથી ત્હેમને રોકવામાં આવતા હોય. તથાપિ એક જૈન, જૈન મહાત્માઓનું ચિત્ર છપાવે ત્હેમાં તો એ શંકા પણ હોવી સંભવતી નથી; કારણ કે ત્હેનામાં તો ચિત્રના નાયકમાં સમ્પૂર્ણ ભક્તિભાવ હોય છે. એ તો ગમે તેમ હો, એટલું તો હું કહીશ કે, વાંધિક ચિત્રો કહાડવા કે છપાવવાની પ્રવૃત્તિ સામે ન હોવો જોઇએ, પણ ચિત્રમાં કાંઇ અપમાનકારક તત્ત્વ હોય તે સામે જ હોવો જોઇએ.

આ ટીકા મ્હને બીજા વાંધા ઉપર લાવે છે. મ્હારા પુસ્તકમાંનાં ચિત્રોમાં અનિષ્ટ તત્ત્વ છે એમ વિદ્વાન મુનિશ્રી ચારિત્રવિજયજી ફરમાવે છે. જો ખરેખર જ એમ હોય તો હું ખુશીથી સઘળી પ્રતોનો નાશ કરવા તૈયાર થાઊં. પરન્તુ આપણે શાન્તિથી આ બાબત વિચાર કરવો જોઇએ છે. મુનિશ્રી કહે છે કે "(૧)

ચિત્રો શ્વેતામ્બર જૈનોને ભડકાવનારાં છે; (૨) કેટલાંક ચિત્રો સશાસ્ત્ર નથી, જેમકે ચંડકોશિક નાગે વીર પ્રભુ કાયોત્સર્ગ ધ્યાને ઉભા છે ત્યારે દંશ કરેલ છે, પણ આ ચિત્રમાં તેમ નથી; (૩) જો કે વીર પ્રભુને શ્વેતામ્બર-દિગમ્બર બન્નેએ અચેલક એટલે વસ્ત્ર-રહીત માન્યા છે, પણ શ્વેતામ્બરો સાથે સાથે વસ્ત્રલબ્ધિ માને છે, જે લબ્ધિ વડે પ્રભુ નગ્ન છતાં બીજાઓની દૃષ્ટિએ નગ્ન દેખાતા નથી."

આ ત્રણે વાંધા કાલ્પનિક છે, અને પક્ષમોહને લીધે જ ઉઠાવેલા છે એમ વગરમુશ્કેલીએ બતાવી શકાય તેમ છે.

(૧) ચિત્રો શ્વેતામ્બર જૈનોને ભડકાવનારાં છે:–કેવી રીતે? શું એમાં શ્રી મહાવીર પિતાના મુખારવિંદની રૂપરેખા માપ વગરની, સૌંદર્ય અને શૌર્ય વગરની કે ગ્લાનિ ઉપજાવે તેવી છે? એ ચિત્રથી કોઈ પણ માણસ ભડકે એવું કયું તત્ત્વ એમાં છે એ હું વિનય-પૂર્વક પણ આગ્રહપૂર્વક જાણવા માગું છું. હું હિંમતથી કહીશ કે, જૂના હસ્તલિખિત ગ્રંથોમાં અને કેટલાક શીલા પ્રેસમાં છપાયલાં જૈન શાસ્ત્રોમાં જે ઢંગધડા વગરની બેડોળ આકૃતિ મહાપ્રતાપી મહાવીરની આપેલી છે તે કરતાં અનંત ગુણી લાવણ્યતા, અનંતગુણો પ્રકાશ, અનંત ગુણી શાન્તિ અને અન્યાન્ય ઉચ્ચ ભાવો મ્હારા યોજેલા ચિત્રમાં છે એમ હરકોઇ 'Fine arts' લલિત કળાનો અભ્યાસી કબુલ કરશે. મ્હને આ પુરાણપ્રેમી (orthodox) વૃત્તિ જોઇ આશ્ચર્ય થાય છે કે, પરમ પૂજ્ય તીર્થંકરની માતાના ગર્ભાશય-માંથી ગર્ભહરણ કરવાનો દેખાવ લોકોની સમક્ષ (અને તે પણ ચિત્રકળાના અનુભવ વગરના હસ્ત વડે) રજુ કરનારા પુરાણા ચિત્રકારને ધન્યવાદ આપવામાં આવે છે અને કામસેનાથી ઘેરાવા છતાં એ તરફ દૃષ્ટિ પણ નહિ કરતાં આત્મસ્થીરતા અનુભવતી પ્રશાન્ત મૂર્ત્તિ આળેખનાર આધુનિક ચિત્રકારને ભયંકર કે વિનયહીન માનવામાં આવે છે. હું આગ્રહ કરૂં છું કે દુનિયાનો કોઇ પણ કારીગર કે કોઇ પણ અધ્યાત્મવેત્તા મ્હારાં ચિત્રોમાં 'ભયંકરપણું' બતાવી આપે. તેમ છતાં કોઇ શ્વેતામ્બર જૈન સ્વેચ્છાપૂર્વક ભડકી ઉઠે તો એમાં મ્હારો દોષ નથી.

(૨) ચિત્રો સશાસ્ત્ર નથી:–પુરાવો શો? ચંડકોશિક નાગે ડંશ કર્યો તે વખતે ભગવાન કાયોત્સર્ગ ધ્યાને ઉભેલા હોવાનું શાસ્ત્ર કથા કહે છે અને મ્હારા ચિત્રમાં તેમ નથી એવો આરોપ મુકાય

છે, જે હું ટીકાકારની ગેરસમજનું પરિણામ માનું છું. મ્હારા ચિત્રમાં ડંસ થવાની ક્રિયાનો ' સીન ' નથી, પણ ડંસ થયા પછી શ્રી મહાવીર નાગને ઉપદેશ દે છે તે વખતના 'સીન'નું મ્હેં ચિત્ર આપ્યું છે. ઉપદેશ આપનારી આકૃતિ ધ્યાનવસ્થામાં બતાવી શકાય નહિ એટલી સાદી વાત ધ્યાનમાં રાખી હોત તો આવી નિષ્કારણ-મહત્વ વગરની ટીકા કરવાના શ્રમથી ટીકાકારો બચવા પામ્યા હોત.

(૩) **પ્રભુ નગ્ન દેખાવા ન જોઇએઃ**—શું આ બાબતમાં મ્હેં ખરેખર ભૂલ કરી જ છે ? મ્હારૂં હૃદય તો ઉલટું મ્હને મુબારકબાદી આપે છે કે મહાવીર પિતાના બે ભિન્નભિન્ન માન્યતાવાળા પુત્રો પૈકી એકેની શ્રદ્ધાને—માન્યતાને આઘાત ન થાય એવી રીતે ચિત્ર આળેખવામાં મ્હારો ચિત્રકાર ફતેહમંદ થયો છે. દિગમ્બર ભાઇઓ તીર્થંકરો નગ્ન હોવાનુ જ સ્વીકારે છે, શ્વેતામ્બર ભાઇઓ પણ શ્રી ચારિત્રવિજયજી જેવા શાસ્ત્રરસિક ધર્મગુરૂ સ્વીકારે છે તેમ તીર્થંકરોને વાસ્તવમાં ' વસ્ત્રરહીત ' હોવાનું માને છે પણ એટલુ ઉમેરે છે કે ત્હેમની અમુક શક્તિના પ્રતાપે તેઓ લોકોની દૃષ્ટિએ નગ્ન દેખાતા નથી. હવે હું દિગમ્બર શ્વેતામ્બરની માન્યતાની ચિકિત્સા કરવાનુ બાજુએ રાખીને પૂછુ છુ કે—મ્હારા ચિત્રોમાં શ્રી મહાવીર નગ્ન છે કે વસ્ત્રસહિત છે એમ કોણ કહી શકે છે ? જ્યહાં જ્યહાં શ્રી મહાવીરની આકૃતિ આળેખી છે ત્યહાં ત્યહાં વૃક્ષો પહાડ આદિ કાંઇ પણ ઓડું ચીતરીને એવી ખુબી વાપરી છે કે તે આકૃતિને કોઇ તદ્દન નગ્ન પણ ન કહી શકે તેમ વસ્ત્રસહિત પણ કોઇ ન કહી શકે. મ્હારા ચિત્રકારની આ કાળજી કે દુરંદેશી માટે, ક્ષુલ્લક મતભેદોને ભૂલી તત્ત્વ ઉપર પ્રેમ જોડવાના અને ઐક્ય કરવાના જૂદા જૂદા જૈન ફીરકાના સારગ્રાહી અનુયાયીઓ તો, ઉલટા વધારે ખુશી થાય, અને તેમજ થયુ છે એમ હું જોઇ પણ શક્યો છું.

હું ધારૂં છું કે, ચિત્રોની વિરૂદ્ધમાં કરાતા પોકારમાં સમાયલા સઘળા મુદ્દાઓનો જવાબ આટલા શબ્દોમાં સમાઇ જાય છે અને મ્હને આશા છે કે તેથી બુદ્ધિશાળી જનો સંતુષ્ટ થશે જ. તથાપિ, કોઇને કાંઇ શંકા રહેતી હશે તો યથાશક્તિ ખુલાસો કરવા ખુશી થઇશ.

આપનો

મેઘજી હીરજી, જૈન બુકસેલર.

વિનીત પ્રુફ્રેસર આખા લેખમાં જગાએ જગાએ 'વિદ્વાન મુનિ શ્રી ચારિત્રવિજયજી' એવા શબ્દો લખે છે, એ શું અપમાનજનક છે? "મ્હારા પુસ્તકમાંનાં ચિત્રોમાં અનિષ્ટ તત્ત્વ છે એમ વિદ્વાન મુનિશ્રી ચારિત્રવિજયજી ફરમાવે છે" 'ફરમાવે છે' એ શબ્દ શું વિનયની હદ નથી કરતો? "જો ખરેખર જ એમ હોય તો હું ખુશીથી સઘળી પ્રતોનો નાશ કરવા તૈયાર થાઉં" શું આ ઓછી નમ્રતા છે? "પરન્તુ આપણે શાન્તિથી આ બાબતપર વિચાર કરવો જોઇએ છે." ના, શાન્તિથી કે અશાન્તિથી ગમે તેમ પણ 'મહારાજાધિરાજ'ના અભિપ્રાય ઉપર વિચાર કરવો એ જ મહારાજાધિરાજને મન અપમાન અને અવિનયપણું લાગે છે! અને એ માની લીધેલા અવિનયનું વૈર લેવા એ ઐક્યની હિમાયત માટે પંકાયલા મુનિ કેવો ભયંકર અને ક્ષુદ્ર માર્ગ ગ્રહણ કરે છે તે પણ જોવાનું છે. મી. મેઘજી ઉપરના ખુલ્લા પત્રમાં મહારાજશ્રી લખે છે "તમોએ તમારા ચિત્રોમાં આડા પાંદડા વગેરેનું આચ્છાદન કરી બન્નેને સમજાવવા પ્રયત્ન કર્યો છે, પણ તે તમારી કલ્પિત કલ્પનાથી તમોએ બન્નેને એક રીતે છેતર્યા છે એમ અમારે શું કામ કહેવું ન જોઇએ?" (કહ્યા કરો, એક વાર નહિ પણ હજાર વાર, શરીરમાં લોહી ફરતું રહે ત્યાં સુધી અને મ્હોટા અવાજથી કહ્યા કરો 'જૈન સમાજ હવે ત્હમારી દોરીથી નાચતા પુતળા તરીકે વધારે વાર રહેવાને તૈયાર નથી એ પણ ભેગુંભેગું યાદ રાખજો! ત્હમારા ચ્હડાવ્યા ચ્હડી જાય અને શ્વેતામ્બરો-દિગમ્બરો લડી પડે એ આશામાં હવે ઠગાશો નહિ) "કેમકે શ્વેતામ્બરોને કછોટાનો દેખાવ માન્ય છે. દિગમ્બરોને કછોટાનો ભાવ માન્ય છે. પાંદડાથી પ્રભુના શરીરનો ભાગ ઢાંકી શ્વેતામ્બરોને રાજી કરવા ફાંફાં માર્યાં છે કે પ્રભુ નગ્ન નથી અને દિગમ્બરોને એમ સમજાવવા યત્ન કર્યો છે કે પ્રભુ નગ્ન છે, પણ આડા પાંદડાઓ હોવાથી નગ્ન દેખાતા નથી. આ દહીં-દૂધમાં પગ રાખવાવાળી તમારી યુક્તિ શ્વેતામ્બરો અને દિગમ્બરો સમજ્યા નથી અને સન્તોષ પામ્યા છે એમ જો તમો માનતા હો તો તમો તમારી સમજમાં છેતરાઓ છો."

મહારાજશ્રીના આ શબ્દો તદ્દન નિરર્થક જ નહિ પણ વૈરની તૃપ્તિ ખાતર લોકોને ઉશ્કેરવાના ઇરાદાથી લખાયલા છે એમ, મી. મેઘજીનો આ બાબતને લગતો જવાબ વાંચનાર હરકોઇ વિદ્વાન

જોઇ શકશે. મી. મેઘજી પ્રથમથી જ કહે છે કે "મહાવીર પિતાના બે ભિન્નભિન્ન માન્યતાવાળા પુત્રો પૈકી એકેકની શ્રદ્ધાને-માન્યતાને આઘાત ન થાય એવી રીતે ચિત્ર આળેખવામાં મ્હારો ચિત્રકાર ફતેહમંદ થયો છે." મી. મેઘજી બે કોમને રાજી રાખવા કે પ્રસન્ન કરવાની ઇચ્છા ધરાવતા નથી, પણ નાહક કોઇને આઘાત ન થાય એવી ઇચ્છા ધરાવે છે, કે જેમ કરવું એ દરેક સજ્જનનીઆધ્યાત્મિક ફરજ છે. ભગવાનને વસ્ત્રરહિત કે વસ્ત્રસહિત બતાવવાથી કોઇને પણ આઘાત થશે જ એમ મી. મેઘજીએ કરેલી આગાહીને આ ઉદાર વિચારના કહેવાતા વિદ્વાન મુનિએ પોતાની ટીકાથી જ સાચી પાડી છે! તેથી ભગવાનનું ચિત્ર વસ્ત્રરહિત પણ ન દેખાય અને વસ્ત્રસહિત પણ ન દેખાય એવી રીતનું બનાવરાવવામાં મી. મેઘજીએ ખરેખર ડહાપણ અને ભલાઇ જ વાપરી હતી. આ ભલમનસાઇને, 'સ્વાર્થી પ્રપંચ' ઠરાવવો એ તો માત્ર ચારિત્રવિજયજીના જ ચારિત્રને છાજે.

ચારિત્રવિજયજીનો તા. ૧૧ જુનના 'જૈન'ના અંકમાં પ્રસિદ્ધ થયેલો ખુલ્લો પત્ર એવો તો ઉંધે રસ્તે દોરનારો અને તર્કશાસ્ત્રના જ્ઞાનની ગંધ વગરનો છે કે ત્હેની એકેક તુચ્છતાની ચિકિત્સા કરવી એ માત્ર સમય અને સ્થળનો દુરૂપયોગ કરવા બરાબર જ ગણાય. જે કોમના વિદ્વાનમાં વિદ્વાન અને સુધરેલા વિચારના કહેવાતા મુનિઓના પણ આવા હાલ હોય તે કોમના બીજાઓનું તો કહેવું જ શું?

'બોલે ત્હેનાં બોર વેચાય':—મુંબઇની શ્રી 'ગોકળભાઇ મૂળચંદ જૈન બોર્ડીંગ' બાબતમાં મ્હારા તરફથી કરાયલી ટીકાઓ અને હિતાવહ સૂચનાઓ ગતાંકમાં પ્રકટ થઇ ચૂક્યા પછી એ તરફ શેઠ મજ્કુરનું લક્ષ ખેંચાવા પામ્યું છે અને હમણાં સુપ્રીન્ટેન્ડન્ટ પણ બદલવામાં આવવા ઉપરાંત બીજી કેટલીક જાતના સુધારા દાખલ થવા પામ્યા છે. શેઠ મજ્કુરની આવી કાળજી માટે ધન્યવાદ!

સૂત્રનો વરઘોડો!:—અમુક ગામમાં શ્રી દશવૈકાલિક સૂત્રનો વરઘોડો કહાડવામાં આવ્યાના સમાચાર એક જૈન પત્રમાં વાંચતાં મ્હને ખેદ થયો કે જૈનોને વીશમી સદીથી પાછા હઠવાની ઇચ્છા કેમ થતી હશે? પાલખીમાં સૂત્રને 'બીરાજમાન કરી' ઠાઠમાઠથી આખા શહેરમાં વરઘોડો ફેરવવો એ તે જમાના માટે જરૂરનું હતું કે જ્યારે અમુક સૂત્રપર વ્યાખ્યાન શરૂ કરવાનું છે એવી જાહેર

ખબર આમલોકોમાં ફેલાવવાનો કદાચ એ એક જ રસ્તો હશે. એ જાહેર ખબર આજે બીજા એથીએ સહેલા અને ઓછા ખર્ચાળ રસ્તે ફેલાવી શકાય છે તો પછી આ દ્રવ્ય અને સમયના નિરર્થક વ્યયની શી જરૂર ? તેવી જ રીતે વળી, અમુક સૂત્ર વાંચવા માંડતાં રૂપીઆ મુકાવાય છે એ પણ આ જમાના માટે હાસ્યાસ્પદ ગણાય તેવો રીવાજ છે. પૂર્વે યતિઓ જ્યારે સૂત્રો વાંચતા ત્યારે પોતાના ઉદરનિર્વાહ માટે જોઇતાં નાણાં આવે આવે રસ્તે મેળવી લેતા. પરન્તુ અકિંચન સાધુજી વડે સૂત્ર વંચાય અને તે છતાં રૂપિયા ધરવાનો રીવાજ ચાલુ રહે એ તો આપણી બુદ્ધિવિષયક નબળાઇ જ સાબીત કરે.

'ખોટો' નહિ, પણ 'ઘણો વહેલો'!:—'કૉન્ફરન્સ પ્રકાશ' જણાવે છે કે, પૂજ્ય દેખરાજજી મહારાજની સંપ્રદાયનો મુનિ લખમીચંદજી લોકોને ઠગી ખાય છે; દાખલા તરીકે વરોરા મુકામે તેણે ચાતુર્માસ કરીને સૂત્ર નિમિત્તે રૂપીઆ પડાવ્યા, અત્તર, ઘડીઆળ, સુરમો વગેરે પરિગ્રહ રાખ્યો, ગૃહસ્થ વેશમાં રાત્રીસમયે ફરવા નીકળી પડતો અને અનેક અવગુણનું દિગ્દર્શન કરાવતો, ઇત્યાદિ 'જૈનસમાચાર' અને 'હિતેચ્છુ'ના વાચકોને આ ખબરથી કાંઇ **આશ્ચર્ય** લાગશે નહિ સવાલ માત્ર એટલો જ છે કે, આવા બદમાશોને ખુલ્લા કરવાની અને સમાજને ચેતવવાની જરૂર વાડીલાલને સોળ વર્ષ ઉપર જણાઇ હતી અને કૉન્ફરન્સને સોળ વર્ષે **પછી** જણાઇ ' તે વખતે વાડીલાલને કૉન્ફરન્સના ચાલકોએ ફરમાન કર્યું હતું કે સાધુ સમ્બન્ધમાં કંઇ છાપવું નહિ, આજે તે જ કૉન્ફરન્સ પોતે છાપું કહાડીને સાધુઓનાં પોગળ બહાર પાડી લોકોને ચેતવવાની પ્રવૃત્તિ સેવે છે ' સાબીત થાય છે કે, વાડીલાલ તે વખતે ' ખોટો ' નહોતો, પણ ' ઘણો વહેલો ' હતો, કાં તો વાડીલાલને લાયક સમાજ ન હતો અગર તો સમાજને લાયક વાડીલાલ ન હતો ! ખેર, મરતામરતાંએ લોકોની આંખો ઉઘડી એટલુંએ ઠીક છે, કારણ કે આ નહિ તો બીજા ભવમાંએ સુધારો થવા પામશે ! બાકી હું તો હવે સુધારો થવાની આસ્થા રાખતો જ નથી, પ્રતિદિન તમામ ફીરકાના જૈન સાધુવર્ગમાં ભ્રષ્ટતા વધતી જ જશે એમ મ્હને તો 'દેખાય' છે. આશ્ચર્યની વાત એ છે કે, ગાય મરવા પડે છે ત્હારે જ કૃપણ કાકા કહે છે કે 'જાઓ, એ તમને દાનમાં આપી !', તેમ કોઇ બદમાસ સાધુ જ્યારે પકડાઇ જાય છે ત્યારે જ એના ગુરૂ વગેરે 'સતા' થાય છે અને જાહેર કરે

છે કે એને અમે સમુદાયથી બાતલ કર્યો છે ! ત્યાં સુધી તો પોતે જાણવા છતાં–નજરે એનાં કુકર્મો જોવા છતાં–ગુરૂઓ 'આંખ આડા કાન' કરે છે અને કેટલાક તો વળી એમનો બચાવ પણ કરે છે. નૂતન હિંદને આવા ગુરૂઓ અને ચેલાઓથી હરકોઇ ભોગે બચાવવાની જરૂર છે, સ્વર્ગનો ઇજારો રાખનારા પાખંડીઓને દેશપાર કરવાની જરૂર છે, સૌકોનું ખૂન પીનારી અને એમને નિર્માલ્ય બનાવનારી ઉધાઇઓને જહાનમની ખાઇમાં મ્હોં છૂપાવવાની ફરજ પાડવી જોઇએ છે.

જૈનોની સંખ્યા ઘટતી જવાની બૂમઃ—બ્રાહ્મણોને 'પાછળમતીઆ' અને વણિકોને 'આગમબુદ્ધિ' તરીકે લોકો કહેતા આવ્યા છે, પરન્તુ એ કહેવત કદાચ જૈન સિવાયના વણિકોને માટે હશે ! કારણકે, જૈનો હમેશ લૂટાઇ ગયા પછી જ જાગીને પોક મૂકવાની આદતવાળા છે. હમણાં હમણાં જૈનોની સખ્યા ઘણી જ ઘટવા લાગી છે, અને નવા જૈનો મુદ્દલ થતા નથી, એવી બુમ ચોતરફથી થવા લાગી છે. દેરાવાશીમાંથી સ્થાનકવાશીમાં અને સ્થાનકવાશીમાથી દેરાવાશીમાં 'ઘેટાં'ઓને ખેંચી જવામા બળબુદ્ધિ-લક્ષ્મીનો ફોકટ વ્યય કરવામાં મરદાનગી સમજનારા જૈનો હવે આ જાણીને કદાચ ચમકશે કે, પંજાબમાં ઘણા જૈનો આર્યસમાજી થવા લાગ્યા છે. નજફગઢ (દિલ્લી)થી લાલા જ્યોતિસ્વરૂપ જૈન લખે છે કે, "મુકામ કાસન (ગુડગાંવ)માં ૩૦–૩૫ જૈન કુટુંબો વસે છે. એક જૈનના ઘેર નજફગઢથી જૈનની જાન આવી; બન્ને પક્ષ આર્યસમાજી હતા અને લગ્નવિધિ આર્યસમાજની રીતે થઇ. સાંભળવામા આવ્યું કે અત્રે સર્વ જૈનો એમ જ કરે છે. વળી અહીંની આસપાસનાં ૫–૭ ગામોમાં પણ જૈનો આર્યસમાજી થવાની તૈયારીમાં છે." વધતી જતી મૃત્યુસંખ્યાના કારણથી, વધતી જતી વિધવાઓની સંખ્યાના કારણથી અને અજૈનમાંથી જૈન બનાવવાની શક્તિને અભાવે, તેમજ જૈનમાથી અજૈનમાં જવા લાગેલા મનુષ્યોની વધતી જતી સંખ્યાના કારણથી જૈનોની સંખ્યા પ્રતિદિન ઘટતી જાય છે. મોડા મોડા પણ દિગમ્બરો—શ્વેતામ્બરો હવે આ રોગ સમજવા લાગ્યા છે અને શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કૉન્ફરન્સે તો મુંબઇ ખાતેની છેલ્લી બેઠક વખતે એક ઠરાવ પણ–જો કે સાધુઓથી ડરતાં ડરતાં–પસાર કર્યો છે કે, ઉચ્ચ હિંદુઓના માણસોને જૈન બનાવવા (જો કે સાધુઓની 'મંજુરી' લઇને !). આમાં સાધુઓની ડખલની શી જરૂર હતી તે સમજાતું નથી; સાધુઓ પ્રાયઃ એવા નમાલા

થયા કે જૈન ધર્મનો પ્રચાર કરવાની એમની પહેલામાં પહેલી ફરજ અદા કરવાને બદલે જૈન જૈનમાં ટંટા વધારી જૈન સમાજનું બળ ઘટાડવાના કારણ રૂપ બન્યા, અને તેથી જ સાધુઓએ બજાવવાનું ધર્મપ્રચારનુ કાર્ય શ્રાવકવર્ગે માથે લેવાનો વિચાર કરવો પડયો, એ સાધુવર્ગને માટે ઓછું શરમાવા જેવું નથી. પણ એથીએ વધારે શરમાવા જેવું તો એ છે કે, શ્રાવકોને આ ઠરાવ કરતાં સાધુઓની ડખલની ધાસ્તી રાખવાની જરૂર જણાઇ છે. દિલ્હીના એક ઉત્સાહી શ્વેતામ્બર બન્ધુ લાલા શ્રી ટુમલ હમણાં આ પ્રકારના પ્રચાર માટે મુસાફરીએ નીકળ્યા છે અને ગુજરાતી, મારવાડી જૈનોની સમ્મતિ મેળવવા કોશીશ કરે છે એ પ્રશંસાપાત્ર છે. જૈનોની સંખ્યા ઘટતી જાય છે તે અટકાવવા તરફ તેમજ બીજી તરફથી નવી ભરતી કરવા તરફ: એમ બન્ને બાબત .તરફ પુરતું લક્ષ આપવાની જરૂર છે. જે શરીર નવો ખોરાક લેતું નથી તે જીવી શકતું નથી. આ ધર્મ ખરો અને આ ખોટો એવા વિવાદ ખાતર નહિ, .પરન્તુ પોતાના અસ્તિત્વના નિભાવ ખાતર પણ દરેક સમાજે નવી ભરતી કરવી જ જોઇએ છે. અને આર્યસમાજમા આજે જે ચૈતન્ય જોવામાં આવે છે ત્હેનાં ઘણાં કારણોમાં મુખ્ય આ પણ છે કે, તે સમાજ 'જીવતો' છે, જ્હેમાં પ્રતિક્ષણ નવો ખોરાક લેવામાં આવે છે. શરીરશાસ્ત્રનો આ નિયમ કોઇ સમાજે ભૂલવો જોઇતો નથી, કારણ કે મનુષ્યશરીર અને મનુષ્યસમાજ બન્નેની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં કારણો એકસરખા જ છે. જૈનોની સંખ્યા ઘટતી અટકાવવા માટે મુખ્ય રસ્તા આ છે: (૧) આ અંકમાં અન્યત્ર આપેલા આંકડાથી જણાય છે તેમ લાખો જૈન યુવતીઓ અને યુવાનો સંતાનોત્પત્તિ કરવાની શક્તિ હોવા છતા અવિવાહિત રહી જાય છે, ત્હેમને પુનર્લગ્નની છૂટ આપવી, (૨) આરોગ્યશાસ્ત્રનું જ્ઞાન ફેલાવવા કોશીશ કરવી, (૩) સમગ્ર જૈન જાતિ માટે લાખો રૂપિયાનું સંયુક્ત કેળવણી ફંડ કરીને કેળવણીનો બહોળો પ્રચાર કરવો, કે જેથી સમર્થ જૈનોની સંખ્યા વધારે થવાથી બીજાઓ ઉપર જૈન ધર્મનો પ્રભાવ પડી શકે. અને અજૈનમાંથી જૈન બનાવવા માટે: (૧) જૈન સાધુઓએ ધર્મના નામથી જ અજાણ્યા એવા જે ઘણા પ્રદેશો છે ત્હાં વિહાર કરી લોકોમાં જૈન ધર્મ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવો, (૨) અજૈનોને જૈન બનાવવામાં આવે ત્હેમની સાથે જૈનોએ રોટી-બેટી વ્યવહારમાં-અલબત પોતપોતાના દરજ્જાની અનુકુળતા પ્રમાણે-ભેળાવું,

(૩) જૈન સંપ્રદાયોની 'માન્યતા'ઓને નહિ પણ જૈન ફીલસુફીને આધુનિક વ્યવહારુ રૂપમાં ગોઠવીને જૂદી જૂદી ભાષાના ગ્રંથો બહાર પાડી લોકોમાં હેનો બહોળો ફેલાવો કરવો, (૪) જૈન ફીલસુફીનો અભ્યાસ કરવા ગ્રૅજ્યુએટો લલચાય એ માટે અમુક જૈન ગ્રંથોની પરીક્ષા અને ઇનામોની રચના કરવી, (૫) 'હિંદુ યુનીવર્સીટી'માં જૈન સાહિત્યને સ્થાન અપાવવા કોશીશ કરવી., (૬) 'મુંબઇસમાચાર' તથા 'સાંજવર્તમાન' નામનાં જાહેર પેપરોમાં, હેમના માલેકો પારસી હોઇ, દર અંકે કોલમના કોલમો પારસી ધર્મ અને સમાજને લગતી બાબતોનાં આવે છે, તેવી રીતે એક ગુજરાતી અને એક હિંદી ભાષાનું એમ બે સામાહિક પત્રો સમર્થ જૈન વિદ્વાનોની પાસે કઢાવવાં, કે જેમાં પ્રજાકીય ચર્ચાની સાથેસાથે જૈન ધર્મને લગતી ખબરો, ઉપદેશ, ચર્ચા વગેરે પણ આવે, અને એ પત્રો પાણીના મૂલ્યે ફેલાવવાં. આ માત્ર જૈનસમાજના રક્ષણ અને અભિવૃદ્ધિ માટે defensive અને offensive યુદ્ધની સામાન્ય યોજના-માત્ર રૂપરેખા-બતાવી છે, પરન્તુ એ યોજના અમલમાં મૂકવા માટે ત્રણે ફીરકાની સંયુક્ત કમીટી હોવી જરૂરની છે, કે જે બુદ્ધિમાન અને શ્રીમાન સભ્યોની બનેલી હોય.

હિન્દુ યુનીવર્સીટી અને જૈનો—બનારસમાં હમણાં સ્થપાયલી હિન્દુ યુનીવર્સીટીમાં જૈન ધર્મને પણ સ્થાન મળે એવી આશા જૈનો વાજબી રીતે રાખી શકે. દિગમ્બર જૈનો સૌથી પહેલાં ત્યાં પહોંચી ગયા છે અને ઇંદોરવાળા શેઠ હુકમીચંદજીએ તો ત્યાં એક જૈન મંદિર બનાવવા માટે રૂ. ૧૫૦૦૦) આપ્યા છે. વળી જૈન બોર્ડિંગ સ્થાપવા પણ હીલચાલ ચાલે છે. યુનીવર્સીટીના કોર્ટમાં પાંચ જૈનોનો સમાવેશ કરવાનું ઠર્યું છે, જેમાંનાં ૨ નામો દિગમ્બર જૈનોએ આપ્યાં છે અને બાકીનાં ૩ નામો પસંદ કરવાનાં હતાં અને તે ૩ નામો શ્વેતામ્બર મૂર્તિપૂજક અને સ્થાનકવાશી એમ બન્ને વર્ગમાંથી પસંદ કરવાનાં હતાં, પરન્તુ શ્વે૦ મૂર્તિપૂજક કૉન્ફરન્સે ત્રણે નામ પોતાના ફીરકામાંથી જ ચુંટી મોકલ્યા હતાં, જાણે કે ૪।। લાખની સંખ્યા ધરાવતા સ્થાનકવાશી જૈન સંઘ સમસ્તની હયાતી નાબુદ જ થઇ ગઇ નહોય ! શ્વે૦ મૂર્તિપૂજક કૉન્ફરન્સના કેળવાયલા કાર્યવાહકો પણ આવા નિશ્ચયમાં કેમ શામેલ થઇ શક્યા હશે, એઓ પણ પોતાનાં હલકા સ્વાર્થ અને દ્વેષના લાગણીઓને કેમ ધારી શક્યા હશે એ સમજવું મુશ્કેલ છે. સ્થાનકવાશી કૉન્ફરન્સની ઉપેક્ષી નબળાઇ માટે તો કહેવું જ શું ?

પુરુષોત્તમને પ્રાર્થના.

'ગીતાંજલી'ના એક કાવ્યનું અનુકરણ.

જ્યાં ભીરૂપણું ન હોય
માનવોના મનમાં,

રમી રહી હોય
સારી પેઠે
નિર્ભયતા,

નમેલાં નહોય મસ્તકો
પુરૂષોના,

સફલ કરતા હોય જનો
પોતાની
સદભિલાષો,

કોઇ પણ જાતની ન્હોય
બાધા
જ્ઞાનના સ્વતન્ત્ર
વિહારમાં,

પ્રાન્તીય ભેદોથી
ખંડખડ ન થયા હોય
દેશભૂમિના,

ને

મનુષ્યોની નસેનસમાં
વહેતું હોય
ગરમ ગરમ
લોહી
એકતાની મહાશક્તિનું,

અંતઃકરણથી પ્રકટતી હોય
ગંભીર અને ઉત્તમ
ધ્વનિઓ,

દોડતા હોય
પૌરુષના
મહાન સ્રોતો,

વહેતી હોય
જ્યાંથી
દિશાદિશાઓમાં

ઉત્તમોત્તમ સહસ્ર સહસ્ર

ફલ આપનારી
પવિત્ર કર્મધારાઓ,

ન કરતી હોય મેલું
વિચાર-ગંગાજલને
કુરીતિઓની
રૂઢીઓની
ગટરો,
અને

તું-એક માત્ર તું જ
મ્હારા પરમપરાક્રમશાલી
પ્રિયતમ
નેતા હોય

લોકોના વિચારોનો
કામોનો
આમોદોનો
ને

પ્રમોદોનો :

એવા

સ્વતન્ત્રતાના સ્વર્ગમાં

પરિવર્તન કરી દે
ઓ પુરૂષોત્તમ !
અમારા દેશ
આ
આર્યાવર્તને !

ઝાલરાપાટન (રાજપૂતાના) } પંડિત ગિરિધર શર્મા.

जैन सूत्रोनुं दिग्दर्शन.

શરૂઆતઃ—શ્રી આગમવાણી અનંત પ્રકારના અર્થને દર્શાવે છે. જેમણે સમ્યગ્પ્રકારે આત્મા જાણ્યો છે તેમને જ તે પરમ પવિત્ર વાણી ભોગ પડી શકે છે; બીજાઓને ભોગ પડે ખરી પણ તે નહિ જેવી જ. શ્રી આગમવાણી કેવલ અધ્યાત્મજ્ઞાનમય છે, પણ કેવલ ખગોળભૂગોળાદિના હેતુભૂત નથી. ચૌદ રાજલોક આ પિંડમાં છે, તેની પેલીપાર સિદ્ધશિલા અર્થાત્ અજરામર ચક્ર છે, તે ઉપર પરમ જ્યોતિસ્વરૂપ અનંત-સર્વજ્ઞાનમય સાક્ષાત્ આત્મારામ બિરાજમાન છે; તે પરમજ્યોતિનું જે આવડે તે નામથી પ્રતિપાદન થઇ શકે એમ છે. એ જ્યોતિની જ્ઞાનમય સત્તા સમગ્ર પિંડમાં છે. પિંડ અને બ્રહ્માંડની એકતા છે. બ્રહ્માંડના નિમિત્તથી પિંડમાં સમજવા માટે શ્રી પરમકૃપાળુ વીતરાગદેવોએ આગમવાણીમાં પુનઃ પુનઃ સમજાવવા પ્રયાસ કરેલો છે. નમસ્કાર તે વીતરાગદેવને કે જેમણે ભવ્ય જીવોના ઉપકારને અર્થે અલૌકિક આગમવાણીનો વિસ્તાર, આ વિશ્વમાં કરેલો છે.

સૂત્રનું લક્ષણ:—સૂત્રનું લક્ષણ આપતાં ભગવાન સૂત્રકાર ઉપદેશે છે કે,

अप्पगंथ महत्थं बत्तीसादोसविरहिअं जं च ।
लक्खणजुत्तं सुत्तं अट्ठेहिअगुणेहि उववेअं ॥

અર્થઃ—ગ્રંથ નાનો હોય પણ તેનો અર્થ મહાન્ થતો હોય, તથા બત્રીસ દોષ રહિત હોય તથા લક્ષણયુક્ત આઠગુણ ઉપેત હોય તે 'સૂત્ર' કહેવાય છે.

ભગવાન સૂત્રકારના ઉપરના લક્ષણ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે, સૂત્ર એટલે જેમાં ટૂંકામાં ઘણી બાબત કહી દીધી હોય તે. સૂત્રમાં લાંબીલાંબી વાતો હોઇ શકે જ નહિ. લાંબીલાંબી વાતોનો સમાવેશ 'વાર્તિક' વગેરેમાં થઇ શકે છે. મૂલ સૂત્ર તો તદ્દન ટૂંકામાં જ હોવું જોઇએ. વાક્ય ટૂંકું હોય પણ તેનો અર્થ ઘણો જ વિસ્તીર્ણ હોવો જોઇએ. ઉપરાંત સૂત્રમાં બત્રીસ દોષ કે જે હવે પછી કહેવામાં આવે છે તે નહિ હોવા જોઇએ તથા સૂત્ર આઠગુણયુક્ત હોવું જોઇએ.

સૂત્રના બત્રીસ દોષ—સૂત્રો બત્રીસ દોષોથી રહિત હોવાં જોઇએ. જો બત્રીસમાંથી એક પણ દોષ દેખાય તો તે 'સૂત્ર' નથી પણ સૂત્રના નામથી કોઇએ ઘુસાડી દીધું છે એમ સમજી શકાય તેવું છે; માટે સૂત્રમાં બત્રીસમાંથી એકે દોષ નહિ હોવો જોઇએ. ગણધર ભગવંત ભાષિત સૂત્રોમાં કદિપણ એક પણ દોષ હોય જ નહિ. જો દોષયુક્ત કોઇ સૂત્ર દેખાય તો તે ગણધરરચિત નથી, પણ ગણધરના નામથી કોઇએ રચેલ છે એ તો સર્વ સુજ્ઞજનો સમજી શકે તેવુ ખુલ્લુ છે. ભગવાન્ સૂત્રકાર બત્રીસ દોષો ગણાવતાં ફરમાવે છે કે " अलिअ, मुवघाय जणयं, निरत्थय मनवत्थयल, छुहिलं, निस्सार, महिअ, मूलं, पुणरुत्त, वाहत मजुत्तं ॥ कम-भिन्न, वयणभिन्न, विभत्तिभिन्नं च, लिंगभिन्नं च, अणभिहिअ, मपदमेवय, सहावहीणं च वहिअंच, काल, जति, च्छविदोसो, समयविरुद्धं च, वयणमित्तं च, अत्थावत्ती दोसो, नेउअ-समासदोसो अ ॥ उवमा, रुवगदोसो, निद्देस, पयत्थ, संधिदो-सोअ, एए असुत्त दोसा बत्तीसाहु तिणाअव्वा " અલિકમાં એક તો અછતા ભાવનુ બોલવુ, બીજુ છતા ભાવનો નાશ કરવો. ઉપઘાતજક—જીવહિંસા જેમાં હોય તે. નિરર્થક—અસબંધાર્થ. અનવસ્થા દોષ;—અવાછિનાર્થ સભવવડે વિવક્ષિતાર્થનો ઉપઘાત કરી શકાય તે સ્થલદોષ, જેમ કે નરકબલો દેવદત્ત; અક્ષરનું નિરર્થકત્વ અને તેથી પાપવ્યવહારનુ પોષણ જેવડે થાય તે છુહિલદોષ; નિસ્સાર, અક્ષરપાદાદિક વડે અતિ માત્ર તે અધિકદોષ; અક્ષર ભેદે હીણું તે ઉન-હેતુદ્રષ્ટાંતમાં ખામીવાળું તે ઉન કહેવાય છે; પુનરૂક્ત દોષ-તેના બે ભેદ છે, શબ્દથી અને અર્થથી; પૂર્વના વચનવડે ઉત્તરનુ વચન હણાય તો વ્યાહતદોષ; જે વચન યુક્તિથી મળતું ન આવે તે અયુક્ત; અનુક્રમરહિત તે ક્રમભિન્ન દોષ; વચનનો વિપરિત ભાવ તે વચનભિન્નદોષ; જ્યાં વિભક્તિ વિપરીત હોય ત્યાં વિભક્તિભિન્નદોષ; લિંગ વિપરીત હોય ત્યાં લિંગભિન્નદોષ; સિદ્ધાંતનું નહિ ઉપદેશેલું બોલવું તે અનભિહિત-દોષ, એક પદને સ્થાને બીજું પદ વાપરવું તે અપદદોષ; જે વસ્તુનો જે સ્વભાવ હોય તેથી અન્યથા ઉપદેશવું તે સ્વભાવહીનદોષ; પ્રાર ભેલુ સવિસ્તર વખાણીને વળી પાછું વખાણવું તે વ્યવહિતદોષ; કાલત્રયના પ્રયોગમાં ભૂલ કરવી તે કાલદોષ; નહિ અટકવાની જગોએ

અટકાય તે યતિદોષ; અલંકાર રહિત તે છવિદોષ; સિદ્ધાંત વિરુદ્ધ ભાખવું તે સમયવિરુદ્ધદોષ; હેતુવિના વચન આવે તે વચનમાત્રદોષ; અર્થાપત્તિદોષ; એક સમાસને સ્થાને અન્ય સમાસ કરવો તે અસમાસદોષ; વધુઓછી ઉપમા આપવી તે ઉપમાદોષ; પર્વતના અધિકારમાં સમુદ્રના અવયવો વર્ણવવા તે રૂપકદોષ; બોલેલા શબ્દોનું એકવાક્યપણું ન કરે તે નિર્દેશદોષ; વસ્તુના પર્યાયને બીજો પદાર્થ ગણી લેવો તે પદાર્થદોષ; સદોષ સંધિ કરવી તે સંધિદોષ.

ઉપર ગણાવેલા દોષોનો સરવાળો બરાબર બત્રીસ થાય છે. એ દોષોનું વિવેચન કરીએ તો ઘણું વિસ્તીર્ણ થાય તેમ છે, માટે એનો વિસ્તાર જાણવાની જિજ્ઞાસાવાળે શ્રી 'અનુયોગ દ્વાર સૂત્ર' ઉપરની સંસ્કૃત ટીકા વાંચી જવી. ટીકા વાંચી ગયા બાદ સ્વબુદ્ધિથી તેનો વારંવાર વિચાર કરી જવો. જો અનુયોગદ્વાર સૂત્રની ટીકા વાંચતા પહેલાં ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવશે તો ઉપર ગણાવેલા બત્રીસ દોષનું યથાર્થ સ્વરૂપ ગુરુગમથી સુખેથી સમજી શકાશે. સૂત્રનો અભ્યાસક થનારને ન્યાયશાસ્ત્ર ઘણુંજ મદદ રૂપ થઇ પડે છે. જો સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ અને ઉત્તર મીમાંસા સભાષ્ય વાંચી ગયા પછી સૂત્રોનો અભ્યાસ કરવામાં આવશે તો સૂત્રના અભ્યાસકને બીજા અભ્યાસકો કરતાં અલૌકિક આનંદ આવ્યા વગર રહેશેજ નહિ. ઉપરોક્ત બત્રીસ દોષ ઉપરથી એટલું તો સામાન્ય સમજવાળો માણસ પણ સમજી શકશે કે સૂત્રો બહુજ ટૂંકા હોય અને અર્થ ઘણો હોય, સૂત્રો સિદ્ધાંતથી અવિરુદ્ધ હોય, સૂત્રોમાં પુનરુક્તિ દોષનો અભાવ હોય, વ્યાકરણ દોષનો અભાવ હોય, નકામા શબ્દ પ્રયોગો તેમાં હોયજ નહિ, પરસ્પરવિરુદ્ધ વર્ણન તેમાં હોય નહિ, વગેરે. શ્રી પ્રાતઃસ્મરણીય ગણધર રચિત સૂત્રોમાં તો એ દોષો પૈકીનો એક પણ દોષ હોવોજ નહિ જોઇએ. આ બત્રીસ દોષનું યથાર્થ સ્વરૂપ સમજવા માટે વ્યાકરણનું અધ્યયન કરવું જરૂરનું છે. વ્યાકરણ અને ન્યાય શાસ્ત્રના અભ્યાસ વગર સૂત્રના દોષો સમજી શકાશે નહિ; દોષો નહિ સમજવાથી સૂત્ર કયું અને ઉત્સૂત્ર કયું તે સમજી શકાશે નહિ; સૂત્ર અને ઉત્સૂત્રને નહિ સમજનાર ધર્મને શી રીતે પામશે? માટે આ બધું સમજવા સારૂ વ્યાકરણ અને ન્યાયના અભ્યાસની ખાસ જરૂર છે. જે લોકો

વ્યાકરણ અને ન્યાયાદિનો અભ્યાસ નથી કરતા અને પાધરા જ સૂત્રાદિ વાંચવા મંડી પડે છે ને લોકો ઘણી વખત સૂત્રોના અર્થ કરતાં કરતાં ભૂલો કરી બેસે એ સંભવિત છે. સૂત્રો ઉપર જે 'ટબ્બા' પુરાયા છે તે પૈકી કેટલાક ટબ્બા તો વ્યાકરણથી દૂર નાસનારા અજ્ઞાન જનોએ પૂરેલા હોવાથી તેમાં સાડલાને બદલે સુંડલો લખવા જેવી અનન્ત સંસાર સ્વપરને વધારવા જેવી અસત્ય ભૂલો થયેલી છે. ભાવાર્થ એવો છે કે વ્યાકરણ અને ન્યાયશાસ્ત્ર ભણવાની જરૂર છે. આવા પ્રકારના અભ્યાસ દ્વારા જ* ઉપરોક્ત બત્રીસ દોષોનું યથાર્થ સ્વરૂપ સમજી શકાશે.

સૂત્રમાં ઉપરોક્ત બત્રીસ દોષો નહિ હોવા જોઇએ, ઉપરાંત તે સૂત્ર આઠ ગુણવડે ઉપપેત-યુક્ત હોવું જોઇએ. સૂત્રના આઠ ગુણ માટે ઉપદેશ છે કે—

निद्दोस सारवं तं च हेउजुत्तमलंकियं ।
उवणीयं सोवयारंच मियंमहुरमेवच ॥

અર્થઃ—નિર્દોષ, સારવત, અન્વયવ્યતિરેક રૂપ હેતુયુક્ત, અલંકૃત, ઉપનિત-ઉપનયદૃષ્ટાંતયુક્ત, સોપચાર એટલે ગ્રામ્ય ભાષા રહિત અને સંસ્કૃત ભાષાસહ, મિત એટલે અક્ષરાદિ પ્રમાણ સહ અને મધુર, એ આઠ ગુણ સહિત 'સૂત્ર' હોય.

આ આઠગુણો ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે સૂત્રમાં કેવલ નિર્દોષ એટલે કુદરતી બાબતો હોવી જોઇએ, એટલે કે સૂત્ર વાંચવાથી કુદરતનુ નિર્દોષ ભાન થવાની સાથે કુદરત તરફ નિર્દોષ પ્રેમ જાગૃત થવો જોઇએ વળી સૂત્ર વાંચવાથી અંદરથી નવિન-ચમત્કારિક બાબતો સમજાવી જોઇએ. સૂત્રની ભાષા અન્વયવ્યતિરેકહેતુયુક્ત હોવી જોઇએ. વખતે વખતે સૂત્રમાં અલંકાર પણ આવવા જોઇએ. કેટલાક રૂઢ હઠાગ્રહીઓ સૂત્રમાં અલંકારિક ભાષા વાપરી હોય છે તેને અલંકારિક ભાષા તરીકે સમજતા નહિ હોવાથી તથા તેને મુળ ભાષાવસ્તુ સમજતા હોવાથી ઘણી વખત ભૂલ ખાઇ જાય છે. સૂત્રમાં અલંકારો આવે તેને અલંકારો જ સમજવા, પણ તે રૂપકોને મુળ-

* સૂત્રોનો ખરો અર્થ સમજવો અને લખવો એ માટે માત્ર વ્યાકરણ અને ન્યાયશાસ્ત્રનું જ્ઞાન આવશ્યકીય છે એમ નથી; તે ઉપરાંત સહજ બુદ્ધિપ્રાબલ્ય અને શુદ્ધ આશય એ બે પણ અનિવાર્ય આવશ્યકતા ધરાવે છે.—V. M Shah.

રૂપે હતાં એમ માની ભૂલ ખાવી નહિ. અલંકાર શાસ્ત્રને નહિ જાણનારો તથા સૂત્રના લક્ષણને સંપૂર્ણ રીતે નહિ સમજનારો જરૂર તેવી ભૂલ ખાય છે. વળી સૂત્રમાં ઉપનિત-ઉપનય દૃષ્ટાંત પણ હોય છે. ઉપનયને તો સમાજનો ઘણો ભાગ નહિ સમજતો હોવાથી સૂત્રમાં રહેલા, અત્યારથી એટલે હાલમાં જે અર્થો પ્રચલિત છે તેથી જુદા જ પ્રકારના અર્થોને (ઉપનયથી અજ્ઞાત માણસો) જાણી શકતા નથી. ઉપનયનો રંગ તો ઓર જ છે ! જ્યારે ઉપનયની દૃષ્ટિથી સૂત્રોનો વિચાર કરવામાં આવે છે ત્યારે શ્રી કૃપાળુ વીતરાગ દેવના અનંતજ્ઞાનની અનંતી ખુબીઓ તરફ અપૂર્વ પૂજ્યબુદ્ધિ જાગ્રત થાય છે. દરેક સૂત્રોના જેમ શબ્દાર્થો પ્રમાણે અર્થ કરવામાં આવે છે અને તે અર્થો સત્ય અને પૂજનીય છે તેમજ દરેક સૂત્રોના અર્થો ઉપનય દૃષ્ટિથી પણ થઇ શકે છે, પણ ઉપનય ઘટાવીને અર્થ કરવા એ એક કઠિન બાબત છે. એ કઠિન બાબતને પણ માણસ ધારે તો પહોંચી શકે છે. જ્યારે જૈન સમાજમા ઉપનય દૃષ્ટિથી ઘટાવેલા સૂત્રાર્થોનો પ્રચાર થશે ત્યારે જૈન કોમ એક અલૌકિક સૃષ્ટિનો અનુભવ પામશે એમાં શક નથી. હાલમા સૂત્રોના સામાન્ય અર્થો જ મુખ્યત્વે પ્રચલિત છે. કોઇક વિરલ પુરૂષ જ સૂત્રના અર્થોને ઉપનય દૃષ્ટિથી જુએ છે સૂત્રોનું ઉપનય દૃષ્ટિથી અવલોકન કરી, જગતમાં તેનો પ્રચાર કરવાની જરૂર છે. એક અપેક્ષાએ આધ્યાત્મિક અર્થ અને ઉપનય અર્થ એ બન્ને સમાન છે. સૂત્રોનું આધ્યાત્મિક દૃષ્ટિએ અવલોકન કરવાથી વિશેષ વિશેષ વીતરાગ ભાવના વૃદ્ધિ પામે છે. એ પ્રમાણે સૂત્રોમાં ઉપનયની જરૂરીઆત છે. સૂત્રમાં ગામડીઆ ભાષાનો એટલે વ્યાકરણના નિયમ વિરૂદ્ધ ભાષાનો ઉપયોગ નહિ હોવો જોઇએ, પણ સંસ્કૃત, માગધી વગેરે નિયમબદ્ધ ભાષાનો-ઉપયોગ થવો જોઇએ. એ નિયમબદ્ધ ભાષાના ઉપયોગને જ સોપચાર ગુણ કહેવામાં આવે છે. સોપચાર ગુણવાળી ભાષા એટલે શિષ્ટો વાપરે છે તે ભાષા. વળી સૂત્રો અક્ષરાદિ પ્રમાણ સહ તથા મધુર હોવાં જોઇએ. સૂત્રોમાંથી શાન્તિરૂપ મધુરતા ઝરવી જોઇએ. બીજાને અપ્રીતિ ઉપજે, ખોટું લાગે, દુઃખ ઉપજે, દ્વેષ આવે, એવા શબ્દો જેમાં હોય તે શ્રી ગણધરરચિત સૂત્રો નથી એમ સમજવું. શ્રી વીતરાગદેવની વાણી સાંભળીને દરેક શ્રોતાને અપૂર્વ શાન્તિ ઉપજે એવી મધુરતા સૂત્રોમાં હોય છે.

કોઇ કોઇ સ્થળે સૂત્રોના ૭ ગુણો પણ ગણાવેલા જણાય છે, તે આ પ્રમાણે છે—

अप्पक्खरमसंदिद्धं सारवं विस्सओमुहं ।
अत्थोभमणवज्जं च सुत्तं सव्वण्णु भासियं ॥

અર્થઃ—અલ્પાક્ષર, અસંદિગ્ધ એટલે સંદેહ રહિત, સારવત્, વિશ્વતોમુખ એટલે પ્રતિસૂત્ર ચરણાનુયોગાદિ ચાર અનુયોગ વ્યાખ્યાયોગ્ય, અસ્તોભ તે ચકારવાકારાદિક નિપાત રહિત, અનવદ્ય એટલે વ્યાપારાદિની પ્રરૂપણા રહિત, એ ૭ ગુણોપેત સૂત્ર શ્રી સર્વજ્ઞ વીતરાગ દેવે પોતાના અભેદ માર્ગમાં ભાખ્યાં છે.

ઉપર બતાવેલા શ્લોકને લગતો શ્લોક વેદાતામ્નાયમાં નીચે પ્રમાણે સંસ્કૃતમાં આપેલ છેઃ—

अल्पाक्षरमसंदिग्धं सारवद्विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥

અર્થઃ—જેમાં થોડા અક્ષર હોય, સંશયયુક્ત જેમાં કાંઇ ન હોય, જેમાં સાર રહેલો હોય, જે સર્વત્ર લાગુ પડે, જેમાં અર્થનો અટકાવ ન થાય અને જેમાં અપૂર્ણતા ન હોય તેને સૂત્રવિદો 'સૂત્ર' કહે છે.

સૂત્રાગમમાં સકલદોષરહિત અને સંપૂર્ણલક્ષણયુક્ત સૂત્ર જાણ્યા પછી સમજાશે કે અમુક પદ તો સ્વસમય પદ છે, એટલે કે સ્વસમયગત જીવાદિક અર્થને કહેનારૂં છે તથા અમુક પદ પરસમયપદ —પરગત પ્રધાનાદિકના અર્થને કહેનાર પદ છે, તથા અમુક સ્વસમય અને પરસમય પદમાં પરસમય પદ છે તે બહિર્દષ્ટિવાળું કે જગદ્‌-ભિમુખ કે આત્મવિમુખવૃત્તિવાળું હોઇ કુવાસનાના હેતુભૂત જન્મ-મૃત્યુના કારણભૂત એટલે બંધ પદ છે અને સ્વસમય પદ તે આત્માભિમુખવૃત્તિવાળું કે અંતર્દષ્ટિવાળું કે સમ્યગ્જ્ઞાનવાળું હોઇ મોક્ષપદ છે. દેહાદિક, કર્માદિકનું વ્યાખ્યાન કરનારૂં પદ તે પરસમય-પદ છે અને કેવલ આત્માનું વ્યાખ્યાન કરનારૂં પદ તે સ્વસમયપદ છે.

સૂત્રની વ્યાખ્યાનું લક્ષણ—સૂત્રની વ્યાખ્યાનું લક્ષણ શ્રી ગ્રંથકારો નીચે મુજબ આપે છે—

संहिता य पयंचेव पयत्थो पयविग्गहो ।
चालणापयसिद्धिय छव्विहं विद्धिलक्खणं ॥

અસ્ખલિત સૂત્રનું ઉચ્ચારવું તે સંહિતા. યથા કરેમિ ભયાંત સામાયિકમિત્યાદિ. પદભેદ તે કરેમિ એ એક પદ, ભયાંત બીજું પદ વગેરે. પદાર્થ એટલે પદના જૂદા અર્થ કરવા તે, જેમકે કરેમિ પદ અંગીકાર કરવા માટે પ્રવર્તે છે અને ભયાંત પદ ગુરૂની આમંત્રણાને અર્થે પ્રવર્તે છે તથા સમ એટલે રત્નત્રય અર્થાત્ આત્મિક ગુણોનો આય એટલે લાભ તે સામાયિક. પદવિગ્રહ એટલે પદનો સમાસ છોડવો તે; જેમકે 'भयस्य अन्तो भयान्त' ભયનું જે અંત તે ભયાંત. પાંચમુ ચલના છે. ચલના એટલે સૂત્રના અર્થ જાણવાની યુક્તિ પંચાવયવરૂપ હેતુ પ્રકારે અથવા અનુપપાતિ રૂપ કારણવડે તેમજ સ્થાપવામાં આવે તે પ્રસિદ્ધિ એટલે પ્રત્યવસ્થાન. આમ છ વિધિએ એટલે પ્રકારે સૂત્રની વ્યાખ્યાનું લક્ષણ જાણવું.

ઉપરોક્ત કથનથી ઘણું સમજવાનું મળે છે. જેમ જૈનમા સંહિતા શબ્દ છે અને તે અસ્ખલિત સૂત્રોચ્ચારને જ કહેવામાં આવે છે, તેમ વેદમાં પણ સંહિતા શબ્દ છે જે મૂળ ઇશ્વરી વાણી તરીકે વેદના ભાગને ગણવામા આવે છે તેને સંહિતા કહે છે, જેમકે ઋગ્વેદ સંહિતા, યજુર્વેદ સંહિતા, સામવેદ સંહિતા અને અથર્વ વેદ સંહિતા. વેદના સંહિતા ભાગનું પણ અસ્ખલિત ઉચ્ચારણ કરવામાં આવે છે. સૂત્રોચ્ચારણ પણ અસ્ખલિત થવું જોઇએ. અસ્ખલિત રીતે વાંચનાર વક્તા તો શ્રોતા ઉપર અલૌકિક છાપ પાડી શકે છે. અસ્ખલિત ઉચ્ચારણની સાથે પદભેદ જાણવાની જરૂર છે. પદભેદ જાણ્યા વગર પદચ્છેદ થઇ શકશે નહિ. પદભેદ જાણવાથી જુદા જુદા પદો ખ્યાલમાં આવી જાય છે. પદભેદ સાથે પદાર્થનું જ્ઞાન પણ હોવું જોઇએ. પદાર્થ જાણ્યા વગર સૂત્રાર્થ સમજી કે સમજાવી શકાય જ નહિં. પદના અર્થ બરાબર કરવા માટે પદવિગ્રહ જાણવાની જરૂર છે. પદવિગ્રહનું જ્ઞાન સમાસ જાણ્યા વગર થઇ શકે નહિ અને સમાસનું જ્ઞાન વ્યાકરણ શિખ્યા વગર થઇ શકે નહિ; માટે પદવિગ્રહનું જ્ઞાન મેળવવા સારૂ વ્યાકરણ ભણવાની જરૂર છે. વ્યાકરણનું અધ્યયન કરવાથી જ સમાસ, સમાસનો વિગ્રહ કે પદ વિગ્રહ, પદના અર્થ, પદના ભેદ તથા અસ્ખલિત શુદ્ધ ઉચ્ચારણા થઇ શકશે, અને વ્યાકરણ નહિ ભણવાથી એ કશું માત્ર ટબ્બા વાંચી જવાથી બની શકશે નહિ, માટે વ્યાકરણનું અધ્યયન કરવું

આવશ્યક છે. વ્યાકરણશાસ્ત્રના પુરતા જ્ઞાન વગર કોઇ પણ માણસ સૂત્રોનો યથાર્થ ઉચ્ચાર અને યથાર્થ અર્થ કરી શકશે નહિ. વ્યાકરણ શાસ્ત્ર ભણીને ગુરૂગમથી સૂત્રના અર્થ કરવાની યુક્તિઓ પણ શિખવાની જરૂર છે; કારણ કે સૂત્રના એકેક શબ્દના અનંતા અર્થ થઇ શકે છે અને કાંઇક બુદ્ધિશાળી હોય છે તે પણ સૂત્રના એકથી વધારે અર્થ બેસાડી શકે છે. માટે કયે સ્થળે કયો અર્થ કરવો અને તે શા કારણથી અને કયા નિયમથી વગેરે યુક્તિઓ શીખી લેવી જોઇએ. સુત્રોમા સર્વ વાતો લખી હોય પણ તેમાંથી ખાસ અગત્યની વાત તો મહાત્મા ગુરૂઓ દ્વારા જ જાણી શકાય છે; માટે સુત્રનું રહસ્ય જાણવા માટે કેટલીક યુક્તિઓ હોય છે તે ગુરૂગમથી જાણવાની જરૂર છે. સુત્રનું **રહસ્ય** નહિ જાણનાર અને માત્ર **દેવલોકનાં અંતરદર્શક માપોનું** જ કે **ભંગજાળનું** જ પોપટના પેઠે વિવેચન કરી જનાર 'પોથાપંડિત' પોતે જ સૂત્રના દિવ્ય રહસ્યથી અજ્ઞાત હોઇ બીજાઓને તે શી રીતે સુત્રના રહસ્યનો અમૃતમય સ્વાદ ચખાડી શકશે ? સુત્રની વ્યાખ્યાનું છઠ્ઠું લક્ષણ 'પ્રસિદ્ધિ' છે, જે સ્પષ્ટ ઉપદેશે છે કે સુત્રના વક્તા થનારે અને સુત્રનો અભ્યાસ કરનારે **ન્યાયશાસ્ત્ર** ભણવું જ જોઇએ. ન્યાયશાસ્ત્ર જાણ્યા વગર કોઇ પણ બાબતનું ચોકસ સ્થાપન થઇ શકશે નહિ. વ્યાપ્તિ, વ્યાપ્ય, વ્યાપક, સાધન, લિંગ, હેતુ, પક્ષ, પંચાવયવ (પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન,) અજહલ્લક્ષણા, અજહત્સ્વાર્થ લક્ષણા, જહલ્લક્ષણા, જહત્સ્વાર્થ લક્ષણા, વગેરે વિષયો ન્યાયશાસ્ત્રમાંથી ખાસ અધ્યયન કરવા યોગ્ય છે. તે વિષયોનુ અધ્યયન કર્યા વગર અને વ્યાકરણ શાસ્ત્ર શિખ્યા વગર સુત્રનું સંપૂર્ણ વક્તા તરીકેનું કાર્ય કદિપણ **યથાર્થ** બજાવી શકાશે નહિ માટે સુત્રના વક્તા તરીકે મહાન્ પવિત્ર કાર્ય કરનારે ઉપરના છએ લક્ષણોનો સંપૂર્ણ વિચાર કરીને વ્યાકરણ તથા ન્યાયશાસ્ત્રનું જ્ઞાન મેળવીને અને આત્મજ્ઞાનના આરાધક વીતરાગદશાધારક બહુસૂત્રી ગુરૂમહાત્મા પાસેથી સૂત્રના પરમ પવિત્ર **રહસ્યને** સમજી લઇને ત્યાર બાદ પોતાનું પવિત્ર કાર્ય શરૂ કરવું જોઇએ. જે સૂત્રવક્તાઓ આ પ્રમાણે કરે છે અને કરશે તે સ્વપરનું હિત અવશ્ય સાધવા ભાગ્યશાળી બનશે જ. શ્રી પરમ કૃપાળુ વીતરાગ દેવના એકેક શબ્દનો વિચાર કરીએ છીએ ત્યારે તેમાંથી અનંત જ્ઞાનદર્શક રહસ્ય મળી આવે છે. ધન્ય છે તે વીતરાગ દેવને !

સૂત્રોની ગુંથણી ગણધરો કરે છે:—શ્રી તીર્થંકર દેવ તો માત્ર ઉપદેશ જ આપે છે. તે ઉપદેશને ગણધર મહાત્માઓ સંક્ષેપમાં એટલે સૂત્રરૂપે ગુંથે છે. શ્રી તીર્થંકરોનો ઉપદેશ એ જ સૂત્રોના અર્થ જાણવા. ભગવાન સૂત્રકાર ઉપદેશે કે ' **अत्थं भासइ अरहा सुत्तं गुथंति गणहरा** ' શ્રી અરિહંત દેવ અર્થ કહે છે અને તે ઉપરથી ગણધરો સૂત્ર ગુંથે છે. ઘણા સૂત્રોનું અવલોકન કરતાં એમ સ્પષ્ટ સમજાય છે કે શ્રી ગણધરદેવોએ તો દ્વાદશાંગી જ રચી હતી. સર્વ તીર્થંકરોને સમયે ગણધરો દ્વાદશાંગી જ રચે છે. એ દ્વાદશાંગીને સૂત્રના મૂળ પાઠોમાં ગણિની પેટી કે ગણિનો ભંડાર કહેલ છે. " **दुवालसंगं गणिपिडगं तंजहा आयारो सूयगडो ठाणं सम-वाओ विवाहपणत्ती नाता धम्मकहाओ उवासगदसाओ अंतगड दसाओ अणुत्तरोववाइअदसाओ पण्हावागरणाइं विवाग सुअं दिट्ठिवाउअ** " જ્ઞાની પુરૂષના અંગરૂપ દ્વાદશાંગ છે. ગણ એટલે ગચ્છ, તેના પતિ એટલે ગણિ અર્થાત્ આચાર્ય, તેમનો પિટ એટલે સર્વસ્વ તે દ્વાદશાંગી વાણી જ છે. આચાર્યોનું સર્વસ્વ દ્વાદશાંગી વાણી છે. દ્વાદશાંગી વાણી શ્રી ગણધરોએ ગુંથેલ છે. શ્રી તીર્થંકરોએ જે અર્થો સમજાવ્યા હતા તે અર્થોનો અનંતમો ભાગ શ્રી ગણધરો સમજી શકવા હતા. જે સમજ્યા હતા તેનો અનંતમો ભાગ ગણધરોએ સૂત્રરૂપે ગુંથેલ છે. આ ઉપરથી એટલું તો સમજી શકાય તેવું છે કે, ભલે શ્રી ગણધરોને કેવલજ્ઞાન થયુ ત્યારે સર્વ વાત સમજી ગયા પણ જ્યારે શ્રી ગણધર મહાત્માઓએ સૂત્રો ગુંથ્યાં ત્યારે તેઓ શ્રી અનંતજ્ઞાની કૃપાળુ વીતરાગ દેવના સત્ય અને અચળ સિદ્ધાંતને **સંપૂર્ણ રીતે** સમજી શક્યા નહતા, પણ અનંતમો ભાગ સમજી શક્યા હતા અને તેનો પણ અનંતમો ભાગ ગુંથી એટલે લખી શક્યા હતા. જ્યારે ગણધરો જેવા મહાન પુરૂષો પણ શ્રી તીર્થંકરના સત્ય આશયને સર્વાંશે સંપૂર્ણ સમજી શક્યા નહિ ત્યારે સામાન્ય મનુષ્યોનું તો ગજું જ શું ? તે સમયની આવી સ્થિતિનો વિચાર કરતાં ઘણું જ સુંદર શિક્ષણ મળે છે. આજના જમાનાના ક્રિયા અને વાડાના કદાગ્રહીઓ પૈકી પોતાને પોતાની મેળે ' જ્ઞાના ધારી ' તથા ' ધર્મના થાંભલા ' માનવાવાળાઓ જો એમ પોતાના મનમાં સમજી બેઠા હોય કે અમે સૂત્રોને બરાબર સમજી ગયા છીએ, અને સ્વચ્છંદી સૂત્ર વિરૂદ્ધ અર્થ કરે છે, તો

તેઓ એવા પ્રકારનો દાવો કરનારા, ખોટે રસ્તે છે; કારણ કે સૂત્રના એકેક શબ્દના અનંતા અર્થ થઇ શકે છે. અનંતા અર્થમાંથી માત્ર એક જ અર્થને અંધપરમપરાથી વળગી રહી બીજા અર્થોનો નિષેધ કરવાવાળા ખરેખર સત્યથી દૂર જ રહી જાય છે. તેવા લોકોનો કદાગ્રહ નહિ ગએલો હોવાથી તેઓ શ્રી વીતરાગના અભેદ-ભાવદર્શક ધર્મને પામ્યા જ નથી, કિંવા તેમને તથાપ્રકારનું 'સમકિત' ફરસ્યું જ નથી. સમકિતને નહિ પામનારા અભવિ પણ નવ પૂર્વ સુધી તો ભણી શકે છે. જેમના ગર્વનું ખંડન થઇ ગયું હતું એવા ગણધરો પણ માત્ર અનંતમો ભાગ સમજી શકયા હતા અને જે સમજ્યા તેનો અનંતમો ભાગ ગુંથી શકયા હતા, વળી જે ગુંથી ગયા હતા તેના ઉપર અનેક વિપત્તિરૂપ સંસ્કારો થઇ ગયા, સમુદ્રવિચ્છેદ ગયો, અને એક બિંદુરૂપ શ્રુતજ્ઞાન અવશેષ રહ્યું, તે શ્રુતજ્ઞાનને પણ સંપૂર્ણપણે નહિ સમજનારા અને કોઇએ બતાવેલા અમુક અર્થને 'પરંપરા' માની તેને કદાગ્રહ–મમત્વ–દુર્મમત્વ–થી વળગી રહેનારાઓ કેવડી મોટી ભૂલ કરે છે ! જેઓ સાચા છે, સાચી વાત અનુભવપૂર્વક સમજ્યા હોય, તેમનો અનુભવ અખંડિત હોય, તો તેવા પ્રજ્ઞાન, નિર્મમત્વી, આત્માનુભવી મહાત્માઓને આ લખાણની સાથે કશો સંબંધ નથી.

દ્વાદશાંગી સિવાયના સૂત્રોની રચના કરનારા:—દ્વાદશાંગીનો આધાર લઇને અથવા તેમાંથી ઉદ્ધાર કરીને શ્રી મહાવીર પ્રભુની પાટે થનારા મહાન્ પવિત્ર અને પ્રતિભાશાલી આચાર્યોએ કેટલાંક સૂત્રો રચેલાં છે. દશવૈકાલિક સૂત્ર શ્રી શિય્યંભવસૂરિએ રચેલ છે, પનવણાસૂત્ર શ્રી કાલિકાચાર્યે (તેવીશમી પાટે) રચેલ છે, શ્રી નંદીસૂત્ર શ્રી મહાવીરનિર્વાણ પછી ૯૮૦ વર્ષે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે રચેલ છે. ઉપાંગોની રચના પણ જુદાજુદા આચાર્યોએ કરી છે. સૂત્ર રચનારા સર્વ આચાર્યો મહાન પ્રતિભાશાળી હતા, માટે તેમના વચનમાં શંકા કરવા જેવું છે જ નહિ. દ્વાદશાંગી સિવાયના સર્વ સૂત્રો દ્વાદશાંગીમાંથી ઉદ્ધાર કરીને જ જુદા પાડેલા છે; જેમકે શ્રી કલ્પસૂત્રને ભદ્રબાહુસ્વામીએ દશાશ્રુતસ્કંધમાંથી ઉદ્ધાર કરીને જુદું પાડયું. દરેક શાસ્ત્રોની ભાષા જુદાજુદા પ્રકારની એટલે એકેક-ની ભાષાથી કાંઇક તફાવતવાળી હોવાથી એમ પણ સમજી શકાય છે કે તે સૂત્રો એક જ સમયમાં રચાએલાં નથી, પણ ભિન્ન-

ભિન્ન પવિત્ર આચાર્યોએ દેશકાળને જરૂર જણાઇ તે પ્રમાણે દ્વાદશાંગીમાંથી ઉદ્ધાર કરીને રચેલ છે. આચારાંગ સૂત્રના બને શ્રુતસ્કંધોની ભાષામાં તફાવત છે. આચારાંગથી સૂયગડાંગ સૂત્રની ભાષા જુદી છે. સૂયગડાંગથી પ્રશ્નવ્યાકરણની ભાષા કાંઇક અટપટી છે. અંગ કરતાં ઉપાંગોની ભાષા કાંઇ જુદા જ પ્રકારની છે. જો કે દરેકમાં માગધીના જેવી દેશભાષા છે, તોપણ તેમની સરળતા વગેરેમાં કેટલાક ભેદો છે. વળી મૂળસૂત્રોમાં શ્રી તીર્થંકર દેવોના ઉપદેશ ઉપરથી ગણધરોએ દ્વાદશાંગી રચી એમ અનેક ઠેકાણે પાઠ ચાલ્યા છે, પણ ચોરાશી રચી, પીસતાલીશી રચી કે બત્રીશી રચી એવા પાઠો દ્વાદશાંગી મૂળમાં કોઇપણ ઠેકાણે ચાલ્યા નથી. દ્વાદશાંગીમાંથી ઉદ્ધાર થઇને જ સર્વ વિદ્યમાન સુત્રો રચાયાં છે, તોપણ મૂળ તો દ્વાદશાંગી જ છે. દ્વાદશાંગી સિવાયના સુત્રો પરમપવિત્ર પ્રતિભાશાળી આચાર્યોએ રચેલ છે.

સૂત્રોનો સંક્ષેપ ઇતિહાસ:—શ્રી મહાવીર પ્રભુએ જે ઉપદેશ આપેલ હતો તે ઉપદેશનો અનંતમો ભાગ શ્રી ગૌતમાદિ ગણધરો માંડમાંડ સમજી શક્યા હતા; જે સમજ્યા હતા તેનો અનંતમો ભાગ ભવ્યજીવોના ઉપકારને અર્થે સૂત્રરૂપે—દ્વાદશાંગી રૂપે—ગુંથી શક્યા હતા, સૂત્રોની ગુંથણી ગણધરોને 'લબ્ધિ' રૂપે હતી. દ્વાદશાંગીના પદોની સંખ્યા એટલી બધી હતી કે તે લખી શકાય જ નહિ, પણ લબ્ધિરૂપે જીહ્વાગ્રે ઘણા કાળ સુધી તે વાત ચાલી હતી. જેમ જેમ દેશકાળ ફરતા ગયા તેમ તેમ પવિત્ર આચાર્યોને સૂત્રોની પરિપાટીમાં ફેરફાર કરવાની જરૂર જણાઇ, તેથી પ્રથમ ભદ્રબાહુસ્વામીએ સૂત્રોનો ઉદ્ધાર કર્યો તથા નિર્યુક્તિઓ રચી. સૂત્રોમાં માણસના નામો, ગામના નામો વગેરે દાખલ કરીને સૂત્રોની રચના ફરી રચાઇ આગળ, જતાં સ્કંદિલાચાર્યજી થયા, તેમને સૂત્રોની રચના ઘણી જ કઠિન લાગવાથી તેમણે ફરીથી દેશકાળને અનુસરીને સૂત્રોની સહેલી ભાષામાં રચના કરી. આ ફેરફારને માથુરીવાચના કહેવામાં આવે છે, ત્યાર પછી ઘણા દુષ્કાળો વગેરે આપત્તિઓ શાસન ઉપર આવી ગઇ, તેને પરિણામે પવિત્ર વિદ્યાનો લોપ થવા લાગ્યો. ચૌદપૂર્વો વગેરે નષ્ટ થઇ ગયાં, માત્ર એક પૂર્વમાં પણ દેશે ઉણું જ્ઞાન હતું જેમને, એવા શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ શ્રીમહાવીર પ્રભુના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે થયા; તેમણે દેશકાળને અનુસરીને ઘણા સાધુઓને

બોલાવીને તેમની સાધુપરિષદ્ શ્રી વલ્લભીપુરપાટણ (વાળા પાસે) બનાવી. આ પરિષદ્ ૯૮૦ થી ૯૯૩ સુધી ચાલી અને તેમાં જે જે મહાત્માઓને જે જે સંસ્કારો યાદ હતા તે તે સંસ્કારોને સૂત્રોના આકારમાં લખાવી લીધા. જેમને જે સંસ્કારો યાદ હતા તે સંસ્કારો તથાપ્રકારના સૂત્રરૂપે પદ્ય તથા ગદ્યમા લખી લેવરાવ્યા. હાલમાં જે પીસતાલીસ અને તે ઉપરાંત સૂત્રો ઉપલબ્ધ થાય છે તે શ્રી મહાન્ ઉપકારી પ્રાતઃસ્મરણીય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને આભારી છે ૧૪૪૪ ગ્રંથના રચનાર શ્રી હરિભદ્રસુરિજી કે જેમણે દશ-વૈકાલિક સૂત્ર ઉપર ટીકા લખી છે તેઓ પણ સાધુપરિષદ્ ભરનાર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલિન હતા. પરિષદ્મા કેટલીક વાતો સૂત્રના નામથી લખાણી અને કેટલીક વાતો ગ્રંથના નામથી લખાણી. ગ્રંથ અને સૂત્રો માત્ર પર્યાય શબ્દો જ છે. આને માટે ભગવાન સૂત્રકાર ઉપદેશે છે કે 'सुअसुत्त गंथ सिद्धंत' આત્મનિષ્ઠ અને તત્ત્વવેત્તા મહાત્મા સમીપેથી સાભળ્યુ તે શ્રુત, અર્થના સૂચનથી સૂત્ર, પ્રકીર્ણગ્રથનથી ગ્રંથ, સિદ્ધ એટલે પ્રમાણના પ્રતિષ્ઠિત અર્થના અંતસંવેદનને નિષ્ઠારૂપ લઇ જાય તે સિદ્ધાંત, આપ્તવચન તે આગમ, પ્રશસ્ત અથવા પ્રથમ જે વચન તે પ્રવચન, આચાર્યપરંપરાએ ચાલ્યું આવે છે માટે પણ આગમ કહેવાય છે. "सुअसुत्तं गंथ सिद्धंत सासण आणत्ति वयण उवएसे पन्नवण आगमेअ एगट्ठा पज्जवासुत्ते" શ્રુત, સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, શાસન, આજ્ઞાપ્તિ, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપના, આગમ, એ એકાર્થ પર્યાય શબ્દો છે. આ ઉપરથી સમજાય છે કે, વલ્લભીપુર સાધુપરિષદ્માં લખાયલા સૂત્રો અને ગ્રંથો બંને પરમ પવિત્ર અને પરમ માનનીય છે. વર્તમાન સમયમાં જે સૂત્રો દેખાય છે તે તો સમુદ્રમાં બિંદુ જેટલા જ અવશેષ રહેલા છે. અસલ તો આચારાંગ સૂત્રમાં અઢારહજાર પદ હતા. એક પદમાં પંદર કરોડ શ્લોકો હોય છે. આ હિસાબે આચારાંગ સૂત્રમાં ૧૮૦૦૦×૧૫૦૦૦૦૦૦૦=૨૭૦૦૦૦૦૦૦૦૦૦૦ આટલા શ્લોકો જોઇએ પછી ઠામ બમણા શ્લોકો આચારાંગ પછીના સૂયગડાંગાદિમાં જોઇએ. હાલમાં આચારાંગ સૂત્રમાં તો માત્ર ૨૫૦૦ પચીસેં જ શ્લોક અવેશષ રહ્યા છે. સૂત્રોની આવી સ્થિતિ છતાં જે યાદ હતું તે શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે જાણે હાલનાં સૂત્રો કેમ પુરેપુરાં હોય એવી રીતે ઉપકાર અર્થે રચી કાઢેલ છે. ઉપાસક દશાંગ

માંથી તો બીજાની પેઠે ઘણુંજ વિચ્છેદ ગયું છે, છતાં બીજા સૂત્રોની પેઠે જ આ સૂત્ર જાણે કેમ પુરેપુરૂં હયાત હોય એવી રચના દેખાય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે શ્રી કૃપાળુ દેવર્દ્ધિંગણી ક્ષમાશ્રમણે હાલના સૂત્રોની રચના અસલના સૂત્રોની રચનાની માફક જાણે સૂત્રો કેમ પુરેપુરાં હોય એમ બતાવવા પ્રયાસ કર્યો છે; અને તેમાં શુભ હેતુ એ છે કે, ખંડિત પુસ્તકો વાંચવાથી સામાન્ય જીવોને આનંદ આવતો નથી માટે ખંડિત સૂત્રોને શ્રી પ્રાતઃસ્મરણીય દેવર્દ્ધિંગણિ ક્ષમાશ્રમણે અખંડિત જેવાં રચેલ છે. હાલના તમામ સૂત્રો એકઠાં કરીએ તો પણ મૂળ સૂત્રના એક પદના, એટલે ગૌતમાદિ ગણધરોએ જે સૂત્રો રચ્યાં હતા તે મૂળ સૂત્રના એક પદના, એક લક્ષાંશ ભાગ જેટલાં પણ નથી. આવી સ્થિતિ છતા પણ હાલ જે સૂત્રો હયાતી ધરાવે છે તે સૂત્રો ખરેખર ઘણાં જ ઉપકારક છે, અને એ ઉપકાર શ્રી દેવર્દ્ધિંગણિ ક્ષમાશ્રમણને આભારી છે, હાલના સૂત્રોમા શ્રીગૌતમાદિ ગણધરોના જ વિચારો છે. આ સૂત્રોમાં આચાર્યોએ પ્રભુની વાણીના યાદ રહેલા સંસ્કારોનો જ સંગ્રહ કરેલો છે. હાલ જે સૂત્રસંગ્રહ છે તેટલું સમજાય તો પણ કામ થઇ જાય તેવું છે. પ્રશ્નવ્યાકરણમા મંત્ર વગેરે વિદ્યા હતી તેને બદલે હાલ પાંચ આશ્રવ અને સંવર છે તે કાલક્રમનું પરિણામ છે. હાલના સર્વ સૂત્રો મૂળ સૂત્રના અવશેષ રહેલા સંસ્કાર જ છે. પણ તે પરમપવિત્ર અને મનનીય તથા અનુકરણીય છે.

શ્રી અભયદેવસૂરિ વિક્રમ સંવત્ ૧૧૨૦ માં થયા, તેમણે નવાંગી સંસ્કૃત ટીકા લખી છે. મલયગિરિજી તથા શિલગાચાર્યજી વગેરે પણ અપૂર્વ ટીકાકારો થઇ ગયા છે. હાલમાં જે સૂત્રો વિદ્યમાન છે તે નિર્યુક્તિ, ટીકા, ભાષ્ય, ચૂર્ણિ વગેરે સહિત વાંચવાથી જ મૂળ સૂત્રનો સત્ય આશય સમજી શકાય તેવું છે. પૂર્વાચાર્યોએ બહુ બહુ વિચાર કરીને જ પંચાંગીવાણી રચેલ છે. જે આચાર્યને ઓછામાં ઓછું દશ પૂર્વનું જ્ઞાન હોય તે શ્રુત કેવલી ગણાય અને તેનું વચન પ્રમાણ ગણાય. દશ પૂર્વથી ઓછા જ્ઞાન વાળાનું જ્ઞાન સર્વથા પ્રમાણ ગણાય નહિ; કારણ કે શ્રુતિ કેવલી સિવાયના માણસો વખતે ભૂલ પણ ખાઇ જાય તો ના કહેવાય નહિ. છદ્મસ્થોની નજરે જોયેલી વાત પણ ઘણી વખત જૂઠી પડે છે. ત્યારે કાને સાંભળેલી વાત કદાચ જૂઠી પડી જાય તો તેમાં નવાઇ જેવું

નથી, આવી જૈન ધર્મની પરિપાટી છે અને તે ખાસ મનન કરવા જોગ છે. શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને એક પૂર્વમાં પણ દેશે ઉણું જ્ઞાન હતું, છતાં પણ એમણે ભવ્ય જીવોના ઉપકારને અર્થે જે પ્રયાસ સેવીને સૂત્રો પુસ્તકારૂઢ કરાવ્યાં છે તે શુભ પ્રયાસ માટે શ્રી જૈન શ્વેતાંબર સંપ્રદાય સદાને માટે તે મહાત્માના ઉપકાર તળે દબાએલી રહેશે જ. હાલમાં લગભગ ચોરાશીએ આગમો જુદા જુદા ભંડારો-માંથી મેળવી શકાય છે. એ, ભંડાર મંડાવનાર શ્રી તપગચ્છાધિપતિ-ઓને આભારી છે. બીજા ગચ્છોનો પણ આભાર છે ખરો.

જૈન સૂત્રોની યાદી:—ઉત્કાલિક સૂત્રો એટલે ૩૨ અસઝાય ટાળીને જ વાંચી શકાય તેવાં સૂત્રો નીચે પ્રમાણે છે—

(૧)દશવૈકાલિક-આમા સાધુના આચારોનું વર્ણન છે.(૨)કપ્પિ-યા કપ્પિય—આમાં થાવરના આચારની હકીકત છે. (૩) ચુલકલ્પ-સૂત્ર—આમાં થીવરના આચારની હકીકત છે. (૪) મહાકલ્પસૂત્ર—આમાં ચોવીશ તીર્થંકરોનો સવિસ્તર આચાર છે. (૫) ઉવવાઇ—આમાં દેવ, નારક, સિદ્ધ, ગમન, ઉપજવું-ની હકીકત છે. (૬)રાયપ્પસેણી-સૂર્યાભદેવ તથા પ્રદેશી રાજાની હકીકત છે. (૭) જીવાભિગમ-આમાં જીવ અજીવનો વિચાર છે. (૮) પન્નવણા-આમાં જીવ અજીવની પરૂ-પણા છે. (૯) મહાપન્નવણા—આમા જીવ અજીવની વિશેષ પરૂપણા છે.(૧૦)પમ્માયપ્પમાય-આમાં પ્રમાદના ફળનો વિચાર છે.(૧૧) નદી-આમા પાંચ પ્રકારના જ્ઞાનની હકીકત છે.(૧૨) અનુયોગદ્વાર—આમાં નય નિક્ષેપા, સાત સ્વર, આઠ વિભક્તિ, રસ વગેરેની હકીકત છે.(૧૩) દેવેંદ્રસ્તવ—આમાં દેવતા ઇન્દ્ર વગેરેનુ વર્ણન છે. (૧૪) તંદુલવેયા લીય—આમાં જીવની ગર્ભમાં ઉત્પત્તિ, તેની સ્થિતિ વગેરેનુ વર્ણન છે. (૧૫) ચંદાવિજય-આમા ચંદ્રમાનું ચાલવુ (૧૬) સૂર્યપન્નતિ—આમાં સૂર્યનુ ચાલવુ(૧૭) પોરસીમંડલ-આમાં હસ્તવિહસ્તે કરીને પોરસીના માપનુ વર્ણન છે. (૧૮) મંડલ પ્રવેશ—આમાં સૂર્યચંદ્રના માંડલાનું ચાલવું છે. (૧૯) વિદ્યાચારણ વિણિછીઇ—આમાં વિદ્યાચારણની લબ્ધિ-નુ વર્ણન છે (૨૦) ગણિ વિદ્યા—આમા જ્યોતિષ વિષય છે.(૨૧)ધ્યાન વિભત્તિ—આમા ધ્યાનનું વિવરણ છે. (૨૨) મરણ વિભત્તિ— આમાં સત્તર પ્રકારના મરણનો અધિકાર છે. (૨૩) આતમવિસોહી—આમાં આચારને વિશુદ્ધ કરવાના ઉપાય-પ્રાયશ્ચિતના ભેદ છે. (૨૪) વીતરાગ સૂય-આમાં સરાગીથી વીતરાગી થવાનો અધિકાર છે. (૨૫) સંલેહણા

સૂત્ર—આમાં સંલેખણાનો અધિકાર છે. (૨૬) વિહારકપ્પો—આમાં વિહારના ભેદનું વર્ણન છે. (૨૭) ચરણવિસોહી—આમાં ચારિત્ર મહાવ્રતનો અધિકાર છે. (૨૮) આઉરપચ્ચખાણ—આમાં દિનદિન પ્રતિ પચ્ચખાણ કરવાનો વિધિ છે. (૨૯) મહાપચ્ચખાણ-આમાં મોટા પચ્ચખાણનો વિધિ છે. (૩૦) દૃષ્ટિવાદ-એમાં ચૌદપૂર્વોની હકીકત છે. આને કેટલાક ઉત્કાલિકમાં ગણે છે અને કેટલાક નથી ગણતા. નંદીસૂત્રમાં નામ નથી. (૩૧)વિણ્હિઉણ્હિયસ્સ. (૩૨)ચરણવિસોહી (૩૩) આયવિભતિ.

કાલિકસૂત્રો—દિવસ અથવા રાત્રિના પહેલા અને ચોથા પહોરમાં ભણી શકાય. આમાં નીચે પ્રમાણે સૂત્રો આવી શકે છે.—

૧ ઉત્તરાધ્યયનજી—આમાં વિનયાદિ ૩૭ અધ્યયન છે અને તેમાં મૃગાપુત્ર, નમિરાજ, કેશી-ગૌતમસંવાદ વગેરે ઉત્તમ હકીકત છે. ૨ દશાકલ્પ. ૩ વ્યવહાર—આમાં આલોયણારૂપ વ્યવહાર છે. ૪ નિશીથ—આમા પ્રાયશ્ચિતનુ સ્વરૂપ છે. ૫ મહાનિશીથ—આમાં પ્રાયશ્ચિતનું સ્વરૂપ છે. ૬ ઋષિભાષિત. ૭ જંબુદ્વિપપન્નતિ. ૮ દ્વીપ સાગર પન્નતિ. ૯ ચંદ્રપન્નતિ. ૧૦ ખુડીયાવિમાન વિભત્તિ—આમા વિમાનોની પક્તિ વિષે હકીકત છે. ૧૧ મહાલીયા વિમાન વિભતિ—આમાં વડા વિમાનિક દેવોની હકીકત છે. ૧૨ અંગચૂલિયા—આ અંગોની ચૂલિકા છે. ૧૩ વગ્ગચૂલિયા—આમાં અંતગડાદિ વર્ગની ચૂલિકા છે. ૧૪ વિવાહ ચૂલિયા—ભગવતીની ચૂલિકા. ૧૫ અરૂણોવવાઇ—અરૂણદેવતા પ્રગટ કરવાની હકીકત છે. ૧૬ વરૂણોવવાઇ—વરૂણદેવતા પ્રગટ કરવાની હકીકત છે. ૧૭ ગુરૂલોવવાઇ—અરૂણોવવાઇ તથા વરૂણોવવાઇની પેઠે આ સૂત્રનું પણ એકાગ્રપણે પઠન પાઠન કરવાથી વ્યંતર દેવતા પ્રગટ થાય છે. ૧૮ ધરણોવવાઇ—આનું પઠન કરવાથી ધરણ નામે દેવ પ્રત્યક્ષ થાય છે. ૧૯ વેસમણોવવાઇ—આનું પઠન કરવાથી વૈશ્રમણ નામે દેવ પ્રગટ થાય છે. ૨૦ વેલંધરોવવાઇ—આનું પઠનપાઠન કરવાથી વેલંધર દેવતા પ્રગટે છે. ૨૧ દેવિંદોવવાઇ—આના પઠનથી દેવેન્દ્ર દેવતા આવે છે. ૨૨ ઉટ્ઠાણસુયે—જે ગ્રામ ઉપર છર્ચો રાખી આ ભણે તે ગ્રામ આકુલવ્યાકુલ થાય. ૨૩ સમુટ્ઠાણસુએ—સૌમ્યદૃષ્ટિ રાખી ભણે તો ગામલોક સુખી થાય. ૨૪ નાગપરિયાવલિઆઓ—આનું પઠન કરવાથી નાગકુમાર દેવતા પ્રગટ થાય છે. ૨૫ નિરયાવલિયાઓ. ૨૬ કપ્પિયાયો.

